# પાયાની કેળવણી

ખંડ ૧

## પુનર્ઘટનાનો સિદ્ધાંત

૧

# કેળવણીની પુનર્ઘટનાની જરૂર

['બુદ્ધિવિકાસ વિ૦ બુદ્ધિવિલાસ' એ લેખ]

ત્રાવણકોરના ને મદ્રાસના ભ્રમણમાં વિદ્યાર્થીઓ તથા વિદ્વાનોના સહવાસમાં મને લાગ્યું કે, હું જે નમૂનાઓ જોઈ રહ્યો હતો તે બુદ્ધિવિકાસના ન હતા પણ બુદ્ધિવિલાસના હતા. આધુનિક કેળવણી પણ આપણને બુદ્ધિના વિલાસો શીખવે છે ને બુદ્ધિને આડી લઈ જઈ તેના વિકાસને રોકે છે. સેગાંવમાં પડયો હું જે અનુભવી રહ્યો છું તે આ વાતની પૂર્તિ કરતું દેખાય છે. મારું અવલોકન તો હજુ ચાલી જ રહ્યું છે. એટલે તે અનુભવો ઉપર આ લખાણમાંના વિચારોનો આધાર નથી. એ વિચારો તો જ્યારથી મેં ફિનિક્સ સંસ્થાની સ્થાપના કરી ત્યારથી છે, એટલે કે ૧૯૦૪ની સાલથી.

બુદ્ધિનો ખરો વિકાસ હાથ પગ કાન ઈત્યાદિ અવયવોના સદુપયોગથી જ થઈ શકે. એટલે કે, શરીરનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરતાં બુદ્ધિનો વિકાસ સારામાં સારી રીતે ને વહેલામાં વહેલો થાય. આમાંય જો પારમાર્થિક વૃત્તિ ન ભળે તોય શરીર ને બુદ્ધિનો વિકાસ એકતરફી થાય છે. પારમાર્થિક વૃત્તિ એ હૃદયનું એટલે આત્માનું ક્ષેત્ર છે. તેથી એમ કહી શકાય કે, બુદ્ધિના શુદ્ધ વિકાસને સારુ આત્માનો અને શરીરનો વિકાસ સાથે સાથે ને એકસરખી ગતિએ ચાલવો જોઈએ. એટલે કોઈ કહે કે આ વિકાસો એક પછી એક થઈ શકે, તો તે ઉપરની વિચારશ્રેણી પ્રમાણે બરોબર ન હોવું જોઈએ.

હૃદય, બુદ્ધિ અને શરીર વચ્ચે મેળ ન હોવાથી જે દુ:સહ પરિણામ આવ્યું છે તે પ્રસિદ્ધ છે. છતાં અવળા સહવાસને લીધે આપણે તે જોઈ નથી શકતા. ગામડાંના લોકો પશુઓમાં ઊછરી માત્ર શરીરનો ઉપયોગ યંત્રવત્ થઈ કરે છે; બુદ્ધિનો ઉપયોગ કરતા જ નથી, કરવો

પડતો નથી. હૃદયની કેળવણી નહીં જેવી છે; એટલે નહીં તાંબિયાના, નહીં ત્રણના, નહીં તેરના, ને નહીં છપ્પનના મેળના, એવું તેઓનું જીવન વહે છે. બીજી તરફથી આધુનિક કૉલેજ લગીની કેળવણી જોઈએ તો ત્યાં બુદ્ધિના વિલાસને વિકાસને નામે ઓળખાવવામાં આવે છે. બુદ્ધિના વિકાસની સાથે શરીરને કંઈ મેળ નથી એમ ગણાય છે. પણ શરીરને કસરત તો જોઈએ જ, તેથી ઉપયોગ વિનાની કસરતોથી તેને નિભાવવાનો મિથ્યા પ્રયોગ થાય છે. પણ ચોમેરથી મને પુરાવો મળ્યા જ કરે છે કે, નિશાળોમાંથી પસાર થયેલાઓ મજૂરોની બરોબરી કરી શકતા નથી, જરા મહેનત કરે તો માથું દુખે છે, ને તડકામાં રખડવું પડે તો ચક્કર આવે છે. આ સ્થિતિ સ્વાભાવિક મનાવવામાં આવે છે. હૃદયની વૃત્તિઓ, વણખેડાયેલા ખેતરમાં જેમ ઘાસ ઊગે છે તેમ, એની મેળે ઊગ્યા ને કરમાયા કરે છે. ને આ સ્થિતિ દયાજનક ગણાવાને બદલે સ્તુતિપાત્ર ગણાય છે.

આથી ઊલટું, જો બચપણથી બાળકોનાં હૃદયની વૃત્તિઓને જોઈતું વલણ મળે, તેઓને ખેતી રેંટિયા ઇ૦ ઉપયોગી કામમાં રોકવામાં આવે, અને જે ઉદ્યોગ વડે તેમનાં શરીર કસાય તે ઉદ્યોગની ઉપયોગિતા ને તેને અંગે વપરાતાં ઓજારો વગેરેની બનાવટ વગેરેનું જ્ઞાન આપવામાં આવે, તો બુદ્ધિનો વિકાસ સહેજે સધાય ને નિત્ય તેની કસોટી થાય. આમ કરતાં જે ગણિતશાસ્ત્ર ઈત્યાદિના જ્ઞાનની આવશ્યકતા હોય તે આપાતું જાય ને વિનોદાર્થે સાહિત્યાદિનું જ્ઞાન આપાતું હોય, તો ત્રણે વસ્તુની સમતોલતા સધાય ને અંગ વિકાસ વિનાનું ન રહે. મનુષ્ય માત્ર બુદ્ધિ નથી, માત્ર શરીર નથી, માત્ર હૃદય કે આત્મા નથી. ત્રણેના એકસરખા વિકાસમાં મનુષ્યનું મનુષ્યત્વ સધાય. આમાં ખરું અર્થશાસ્ત્ર છે. આ પ્રમાણે જો ત્રણે વિકાસ એકસાથે થાય તો આપણાં ગૂંચવાયેલાં કોકડાં સહેજે ઉકેલાય. આ વિચાર કે એનો અમલ સ્વતંત્રતા મળ્યા પછી થવાનો છે એમ માનવું ભૂલભરેલું હોવાનો સંભવ છે. કરોડો માણસોને તો આવાં કામમાં રોકવાથી જ સ્વતંત્રતાનો દિવસ આપણે નજીક આણી શકીએ છીએ.

હ૦ બં૦, ૧૧–૪–'૩૭

## ૨

# કેટલાક પ્રશ્નો

['સાપ્તાહિક પત્ર'માંથી]

[૧૯૩૭ના મે માસની ૨૨મી તારીખે તીથલમાં ગુજરાતની રાષ્ટ્રીય શાળાઓના શિક્ષકોનું એક નાનું સંમેલન થયું હતું. એ સંમેલન બોલાવનારે આમંત્રિત શિક્ષકોને નીચેની પ્રશ્નાવલિ અગાઉથી મોકલી રાખી હતી:

૧. આપણાં ગામડાંને અનુકૂળ અને લાભદાયી થઈ શકે એવી કેળવણી કઈ ગણાય? ખરી કેળવણી ગામડે ગામડે પહોંચાડવાની યોજના.

૨. આમવર્ગનાં નિરક્ષરતા અને અજ્ઞાન ફેડવાના ઉપાયો.

૩. સંપૂર્ણ બૌદ્ધિક વિકાસને સારુ અક્ષરજ્ઞાનની અનિવાર્ય આવશ્યકતા છે શું? અક્ષરજ્ઞાન દ્વારા શિક્ષણનો પ્રારંભ કરવાની પદ્ધતિ બૌદ્ધિક વિકાસને રોકે છે કે?

૪. ઔદ્યોગિક શિક્ષણને મધ્યબિન્દુએ રાખીને આખી કેળવણીની વ્યવસ્થા કરવાની આવશ્યકતા.

૫. અત્યારે ચાલતી રાષ્ટ્રીય શિક્ષણ-સંસ્થાઓના ભાવી કાર્યક્રમનો વિચાર.

૬. સ્વભાષા દ્વારા બધી જ કેળવણી આપવાની શક્યતા અને સાધનોનો વિચાર.

૭. આજની પ્રચલિત શાળાઓમાં રાષ્ટ્રીય કેળવણીનાં કયાં કયાં તત્ત્વો દાખલ કરવાં આવશ્યક છે?

૮. આપણી શાળાઓમાં, ખાસ કરીને પ્રાથમિકનાં છેલ્લાં તથા માધ્યમિકનાં શરૂઆતનાં વર્ષોમાં, હિંદી-હિંદુસ્તાનીનું શિક્ષણ ફરજિયાત રાખવા વિષે.

આ મુદ્દાઓ વિષે ગાંધીજીને એમના વિચારો પ્રદર્શિત કરવાનું કહેવામાં આવ્યું, તેના જવાબમાં એમણે જે વિવેચન કર્યું તે વિવેચનનો સાર હું અહીં આપું છું. — **મહાદેવ દેસાઈ**]

આપણે જો ગામડાંને અનુકૂળ અને લાભદાયી એવી કેળવણી આપવી હોય, તો વિદ્યાપીઠને ગામડાંમાં લઈ જવી જોઈએ. આપણે

એને એવા અધ્યાપનમંદિરનું રૂપ આપવું જોઈએ, કે જેમાં આપણે શિક્ષકોને ગ્રામવાસીઓની હાજતોને અનુકૂળ એવું શિક્ષણ આપવાની તાલીમ આપી શકીએ. શહેરમાં અધ્યાપનમંદિર રાખીને ગામડાંમાં ગામડાંને અનુકૂળ એવી ઢબે શિક્ષણ આપનારા શિક્ષકો તૈયાર ન કરી શકાય. શહેરમાં રહેનારા માણસોને ગામડાંના પ્રશ્નોમાં રસ લેતા ને ગામડાંમાં રહેતા કરવા એ કંઈ સહેલું કામ નથી. આનો પુરાવો મને સેગાંવમાં રોજ મળ્યા કરે છે. અમે સેગાંવમાં એક વરસ રહ્યા એથી ગ્રામવાસી બની ગયા છીએ કે ગામડાના લોકો સાથે સાર્વજનિક હિતની બાબતોમાં તાદાત્મ્ય સાધી શકયા છીએ, એમ હું ખાતરીપૂર્વક તમારી આગળ કહી શકતો નથી.

પછી પ્રાથમિક શિક્ષણની વાત. મારો તો દૃઢ અભિપ્રાય છે કે, કક્કા અને વાચનલેખનથી બાળકના શિક્ષણનો આરંભ કરવાથી તેની બુદ્ધિનો વિકાસ કુંઠિત થાય છે. બાળકોને ઈતિહાસ, ભૂગોળ, લેખાં ને કાંઈક કળા (દા. ત. કાંતવાની)નાં મૂળતત્ત્વો ન આવડે ત્યાં લગી હું એમને કક્કો ન શીખવું. આ ત્રણ વસ્તુઓ મારફતે હું એમની બુદ્ધિનો વિકાસ સાધું. તકલી કે રેંટિયા વાટે એમની બુદ્ધિનો વિકાસ શી રીતે થઈ શકે, એ પ્રશ્ન કદાચ પુછાય. કાંતવાનું જો જડ યંત્રવત્ ન શીખવવામાં આવે, તો એ વાટે તો બુદ્ધિનો અદ્‌ભુત વિકાસ થઈ શકે. દરેક ક્રિયા કેમ ને શા માટે થાય છે એ બાળકને સમજાવતા જાઓ, તકલી કે રેંટિયાની રચના સમજાવો, રૂનો અને સંસ્કૃતિ સાથેના એના સંબંધનો ઈતિહાસ એને સંભળાવો, કપાસ જ્યાં ઊગતો હોય એ ખેતરમાં એને લઈ જાઓ, એ કાંતે એ તાર ગણતાં શીખવો, તો તમે એને એમાં રસના ઘૂંટડા આપી શકો ને મનને કેળવણી પણ આપી શકો. આ પ્રારંભિક શિક્ષણને માટે હું છ મહિના આપું. તે પછી બાળક કદાચ વાંચવા ને કક્કો શીખવા તૈયાર થઈ રહે. એને ઝપાટાબંધ વાંચતાં આવડે એટલે તે સાદાં ચિત્રો દોરવાનું શીખવા તૈયાર થાય. ભૂમિતિની આકૃતિઓ ને પંખી વગેરેનાં ચિત્રો દોરતાં આવડે એટલે પછી એ જે મૂળાક્ષરો શીખશે તે ભૂંડા ભૂખ જેવા નહીં કાઢે, પણ સુંદર ચિત્રની પેઠે દોરશે. મને બચપણમાં કક્કો શીખવવામાં આવેલો એ દિવસો મને યાદ છે. એ

શીખતાં મને કેટલી મુસીબત પડેલી એ હું જાણું છું. મારી બુદ્ધિ કેમ કટાઈ જતી હતી એ સમજવાની કોઈને પરવા નહોતી. હું માનું છું કે લેખન એ એક સુંદર કળા છે. આપણે નાનાં બાળકોને પરાણે કક્કો શીખવીને અને એનાથી જ શિક્ષણનો આરંભ કરીને એ કળાનો ઘાત કરીએ છીએ. આમ આપણે જ્યારે બાળકને કવેળાએ કક્કો શીખવવા મથીએ છીએ, ત્યારે લેખનકળાને હણીએ છીએ અને બાળકનો વિકાસ થતો રોકીએ છીએ.

હું તો ચોક્કસ માનું છું કે, આપણે દુઃખી થવાનું ને શરમાવાનું છે તે આપણી પ્રજાની નિરક્ષરતા માટે નહીં પણ તેના અજ્ઞાનને માટે. તેથી પ્રૌઢશિક્ષણને માટે પણ હું અજ્ઞાન દૂર કરવાનો ઉગ્ર કાર્યક્રમ યોજું, અને કાળજીપૂર્વક શિક્ષકો પસંદ કરી તેમના હાથમાં એટલી જ કાળજીપૂર્વક યોજેલો અભ્યાસક્રમ મૂકું, ને તે પ્રમાણે પ્રૌઢ વયના ગ્રામવાસીઓને કેળવણી આપવાનું તેમને કહું. આનો અર્થ એ નથી કે, હું એ લોકોને કક્કો ન શીખવું. અક્ષરજ્ઞાનની કિંમત હું પૂરેપૂરી સમજું છું, એટલે કેળવણીના વાહન તરીકે અક્ષરજ્ઞાનની જે ઉપયોગિતા છે તેને હું ઉતારી પાડવા માગતો નથી. કક્કાનું શિક્ષણ સહેલું કરવાને પ્રો. લોબાશે જે અથાગ પરિશ્રમ લીધો છે તેની મને કદર છે, તેમ જ પૂનાવાળા શ્રી ભાગવતે એ દિશામાં જે શ્રમ કર્યો છે ને એનો વ્યવહારમાં અમલ કરી બતાવ્યો છે એની ઉપયોગિતા પણ હું બરાબર સમજું છું. શ્રી ભાગવતને તો મેં કહ્યું પણ છે કે, તમે જ્યારે આવી શકો ત્યારે સેગાંવ આવો ને તમારી કળા સેગાંવનાં સ્ત્રી-પુરુષ-બાળકો પર અજમાવો.

ગામડાંના ઉદ્યોગોને શિક્ષણના મધ્યબિંદુ તરીકે ગણવા જોઈએ, એ વિષે મને તો લવલેશ શંકા નથી. હિંદુસ્તાનની નિશાળોમાં જે પદ્ધતિ ચાલે છે તેને હું કેળવણી — એટલે કે મનુષ્યમાં રહેલું હીર બહાર લાવવું — કહેતો નથી; એ તો બુદ્ધિનો વ્યભિચાર છે. બાળકોનાં મગજમાં ગમે તેમ હકીકતો ઠાંસવામાં આવે છે. જ્યારે આરંભથી ગ્રામઉદ્યોગ કેંદ્રમાં રાખીને મનને કેળવવાની પદ્ધતિ મનનો સીધો અને વ્યવસ્થિત વિકાસ

સાધે છે, અને તેની બુદ્ધિશક્તિ તેમ જ પરોક્ષ રીતે આત્મશકિત પણ એળે જતી અટકાવે છે ને એ શક્તિમાં વધારો કરે છે. અહીં પણ એમ ન સમજવું કે, હું લલિત કળાઓને ઉતારી પાડવા માગું છું. પણ હું એમને અયોગ્ય સ્થાને ન મૂકું. કોઈ પણ ચીજ અસ્થાને મૂકો એટલે કચરો ગણાય, એ વર્ણન સાચું છે. હું કહું છું એનો પુરાવો જોઈતો હોય તો જે ખાંડીબંધ નકામું, એટલું જ નહીં પણ અશ્લીલ સાહિત્ય ધોધની પેઠે પેદા થઈ રહ્યું છે તે જ જુઓ. એનાં જે પરિણામ આવી રહ્યાં છે તે પણ નરી આંખે જોઈ શકાય એવાં છે.

હ૦ બં૦, ૯–૯–’૩૭

## ૩

# ત્યારે કરીશું શું

## ૧

['ટીકાનો જવાબ' એ લેખમાંથી]

કેળવણીના પ્રશ્નનો ઉકેલ કેમ કરવો, એ સવાલ દુર્ભાગ્યે દારૂની આવક બંધ થઈ જવાના સવાલની સાથે સંકળાઈ ગયેલો છે. નવા કર ઉઘરાવવાના રસ્તા તો અવશ્ય છે જ. અધ્યાપક શાહ અને ખંભાતાએ બતાવ્યું છે કે, આ ગરીબ દેશમાં પણ હજુ નવા કર ભરવાની શક્તિ છે; ધનિકોના ધનની ઉપર હજુ પૂરતા કર નથી નખાયા. દુનિયામાં સૌથી વધારે આ દેશમાં અમુક વ્યક્તિઓએ પોતાના હાથમાં અઢળક ધન જમા કરી રાખવું, એ હિંદી માનવસમાજ સામે ગુનો છે. એટલે અમુક હદથી વધારેની દોલત પર ગમે એટલા કર નાખો તોયે કરની સીમા આવી ગઈ ન ગણાય. મેં સાંભળ્યું છે કે, ઈંગ્લંડમાં અમુક હદથી વધારાની આવક પર આવકના સિત્તેર ટકા જેટલો કર નાખવા સુધી પહોંચ્યા છે. હિંદુસ્તાન એથી મોટા આંકડા લગી શા સારુ ન પહોંચે? એક માણસના મરણ પછી બીજાને વારસો મળે તેના ઉપર કર શા સારુ

ન નંખાવો જોઈએ? લખપતિઓના છોકરા પુખ્ત ઉંમરના થાય છતાં તેમને બાપની દોલતનો વારસો મળે તો એ વારસાને લીધે જ તેમને નુકસાન થાય છે. રાષ્ટ્રને તો એ રીતે બમણી હાનિ થાય છે. કેમ કે એ વારસા પર યોગ્ય રીતે જોતાં તો પ્રજાની માલિકી ગણાવી જોઈએ. અને તે ઉપરાંત એ દોલતના વારસોની પૂરેપૂરી શક્તિ, દોલતના બોજા તળે કચડાઈ જવાને લીધે, ખીલવા પામતી નથી. એથી પણ રાષ્ટ્રને તો એટલું નુકસાન જ થાય છે. આવો વારસાવેરો નાખવાની પ્રાંતિક સરકારોને સત્તા નથી એ હકીકતથી મારી દલીલમાં કશો બાધ આવતો નથી.

પણ આપણે પ્રજા તરીકે કેળવણીમાં એટલા પછાત છીએ કે, એ વિષયના કાર્યક્રમનો આધાર જો પૈસા પર રહેવાનો હોય, તો આપણે એ બાબતમાં પ્રજા પ્રત્યેના આપણા કર્તવ્યનું પાલન કરવાની આશા કદી ન રાખી શકીએ. એટલે મેં મારી રચનાકાર્ય કરવાની શક્તિ વિષેની સઘળી પ્રતિષ્ઠા ગુમાવી બેસવાનું જોખમ વહોરીને પણ કહેવાની હામ કરી છે કે, કેળવણી સ્વાવલંબી હોવી જોઈએ. કેળવણી એટલે બાળક કે મનુષ્યનાં શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર આણવા. અક્ષરજ્ઞાન એ કેળવણીનું અંતિમ ધ્યેય નથી તેમ તેનો આરંભ પણ નથી. એ તો સ્ત્રી અને પુરુષને કેળવણી આપવાનાં અનેકમાંનું એક સાધન માત્ર છે. અક્ષરજ્ઞાન એ સ્વતંત્રપણે કંઈ કેળવણી નથી. એટલે હું તો બાળકની કેળવણીનો આરંભ તેને કંઈ ઉપયોગી હાથઉદ્યોગ શીખવીને અને તેની કેળવણીનો આરભ થાય તે ક્ષણથી એને કંઈક નવું સર્જન કરવાનું શીખવીને જ કરું. આ રીતે દરેક નિશાળ સ્વાવલંબી થઈ શકે. માત્ર શરત એ છે કે, એ નિશાળોએ તૈયાર કરેલી ચીજો રાજ્યે ખરીદી લેવી જોઈએ. હું માનું છું કે, આ શિક્ષણપદ્ધતિમાં મન અને આત્માનો ઊંચામાં ઊંચો વિકાસ સાધવો શક્ય છે. માત્ર દરેક હાથઉદ્યોગ આજે શીખવાય છે તેમ જડ યંત્રવત્ નહીં પણ શાસ્ત્રીય રીતે શીખવાવો જોઈએ. એટલે કે બાળકને દરેક ક્રિયા શા માટે કરવામાં આવે છે તે સમજાવવું જોઈએ. આ હું કંઈક આત્મ-વિશ્વાસપૂર્વક લખું છું, કેમ કે એની પાછળ મારો અનુભવ પડેલો છે. જ્યાં જ્યાં મજૂરોને રેંટિયા પર કાંતતાં શીખવવામાં આવે ત્યાં બધે

આ પદ્ધતિ ઓછીવત્તી દાખલ કરવામાં આવી છે. મેં જાતે એ પદ્ધતિએ ચંપલ સીવતાં ને કાંતતાં પણ શીખવ્યું છે, ને તેનાં સારાં પરિણામ મેળવ્યાં છે. આ પદ્ધતિમાં ઇતિહાસ, ભૂગોળના જ્ઞાનનો બહિષ્કાર નથી. પણ હું જોઉં છું કે, એ વિષયો મોઢામોઢ સામાન્ય માહિતી આપવાથી જ સારામાં સારી રીતે શીખવી શકાય છે. વાચનલેખનના કરતાં આ શ્રૌત પદ્ધતિથી દસ ગણું જ્ઞાન આપી શકાય છે. બાળક કે બાળા જ્યારે સારાસારનો ભેદ પાડતાં શીખે ને તેની અભિરુચિનો કંઈક વિકાસ થાય પછી તેને કક્કો શીખવવો જોઈએ. આ સૂચના આજની શિક્ષણપદ્ધતિમાં ક્રાંતિ કરવાનું સૂચવનારી છે, પણ એથી પાર વિનાની મહેનત બચી જાય છે, અને વિદ્યાર્થીને જે વસ્તુ શીખતાં ઘણો વધારે વખત લાગે તે આ રીતે એક વરસમાં શીખી શકે છે. આને પરિણામે બધી રીતની બચત થાય છે. બેશક વિદ્યાર્થી હાથઉદ્યોગ શીખતો જાય તેની સાથે સાથે ગણિતનું જ્ઞાન તો મેળવે જ.

પ્રાથમિક શિક્ષણને હું સૌથી વધારે મહત્ત્વ આપું છું. મારી કલ્પના પ્રમાણે એ શિક્ષણ અત્યારના મૅટ્રિકમાંથી અંગ્રેજી બાદ કરીએ એના જેટલું હોવું જોઈએ. બધા કૉલેજિયનો એકાએક એમનું ભણતર ભૂલી જાય તો થોડાક લાખ કૉલેજિયનોની સ્મૃતિ આમ એકાએક ભૂંસાઈ જવાને લીધે જે નુકસાન થાય તે એક બાજુ મૂકો, ને બીજી બાજુ પાંત્રીસ કરોડ માણસોની આસપાસ જે અંધકારનો સાગર ઘેરાઈ વળેલો છે તેને લીધે રાષ્ટ્રને જે નુકસાન થયું છે ને હજુ થઈ રહ્યું છે તે મૂકો, તો પહેલું નુકસાન બીજાની આગળ કશી વિસાતમાં નથી. દેશમાં જે નિરક્ષરતા વર્તે છે તેના આંકડા પરથી લાખો ગામડાંમાં પ્રવર્તી રહેલા ઘોર અજ્ઞાનનો પૂરતો ખ્યાલ આવી શકે એમ નથી.

હું તો કૉલેજની કેળવણીમાં ધરમૂળથી પલટો કરું ને એનો દેશની જરૂરિયાતોની સાથે મેળ સાધું. યંત્રશાસ્ત્રના ને બીજા ઇજનેરોને માટે પદવીઓ રખાય. એમને જુદા જુદા ઉદ્યોગોની જોડે જોડી દીધેલા હોય, ને એ ઉદ્યોગોને જે ગ્રૅજ્યુએટો જોઈએ તેમને તાલીમ આપવાનું ખરચ એ ચલાવનારા જ આપે. દાખલા તરીકે, ટાટા કંપનીની પાસે એવી

અપેક્ષા રખાય કે, તેમને જે ઇજનેરો જોઈએ તેમને કેળવવાને માટે તે રાજ્યની દેખરેખ નીચે એક કૉલેજ ચલાવે. તે જ પ્રમાણે મિલમાલિકોનાં મંડળ મળીને પોતાને જોઈતા ગ્રેજ્યુએટો કેળવવાની કૉલેજ ચલાવે. એવું જ બીજા અનેક ઉદ્યોગોને વિષે. વેપારને માટે પણ કૉલેજ હોય. પછી 'આર્ટ્સ', ડાકટરી ને ખેતીવાડી રહ્યાં. આજે કેટલીયે ખાનગી 'આર્ટ્સ', કૉલેજો સ્વાવલંબનપૂર્વક ચાલી રહેલી છે. એટલે રાજ્ય પોતાની આસસ કૉલેજો ચલાવવી બંધ કરે. ડાકટરી કૉલેજો પ્રમાણપત્રવાળાં ઇસ્પિતાલોની સાથે જોડેલી હોય. એ કૉલેજો ધનિકોમાં લોકપ્રિય છે, એટલે તેઓ એ કૉલેજોને નભાવવા માટે સ્વેચ્છાએ પૈસા આપે એવી અપેક્ષા રખાય. અને ખેતીવાડીની કૉલેજો સ્વાવલંબી હોય તો જ એનું નામ સાર્થક થાય. મને કેટલાક ખેતીવાડીના ગ્રેજ્યુએટોનો કડવો અનુભવ થયેલો છે. એમનું જ્ઞાન છીછરું હોય છે. એમને વ્યવહારુ અનુભવ હોતો નથી. પણ જો તેમને સ્વાવલંબી ને દેશની જરૂરિયાતો પૂરી પાડનારી વાડીઓમાં ઉમેદવારી કરવી પડી હોય તો તેમને પદવી મેળવ્યા પછી ને જેની નોકરી કરતા હોય તેને ખરચે અનુભવ મેળવવાની જરૂર ન રહે.

આ કાલ્પનિક ચિત્ર નથી, ગગનવિહાર નથી. આપણે જો ફક્ત આપણા મનનું એદીપણું કાઢી નાખીએ, તો કેળવણીનો જે સવાલ મહાસભાવાદી પ્રધાનોની અને તેથી મહાસભાની સામે આવી ઊભેલો છે તેનો આ બહુ જ વાજબી અને વહેવારુ ઉકેલ છે એમ જણાઈ આવશે. થોડા વખત પર બ્રિટિશ સરકાર તરફથી જે જાહેરાતો કરવામાં આવેલી તેનો અર્થ જેવો કાનને લાગે છે એવો ખરેખર હોય, તો પ્રધાનોને સિવિલ સર્વિસની સંગઠિત કાર્યશક્તિનો ઉપયોગ - તેમની નીતિનો અમલ કરવા માટે મળવો જ જોઈએ. ગમે તેવા મનસ્વી ગવર્નરો અને વાઇસરૉયે ઠરાવેલી રાજ્યનીતિને અમલમાં ઉતારવાનું સરકારી નોકરવર્ગ શીખેલો છે. પ્રધાનો ઠીક ઠીક વિચાર કરીને ઘડેલી પણ નિશ્ચિત રાજ્યનીતિ નક્કી કરે, અને સરકારી નોકરવર્ગ તેના વતી આપાયેલાં વચનો સાચાં પાડે ને જે લૂણ ખાય છે તેને વફાદાર નીવડે.

પછી શિક્ષકોનો સવાલ રહે છે. વિદ્વાન પુરુષો અને સ્ત્રીઓ પાસેથી ફરજિયાત સેવા લેવી એવો જે વિચાર અધ્યાપક ખુશાલ શાહે પ્રગટ

કર્યો છે* તે મને ગમે છે. એમને અમુક — પાંચેક — વરસ લગી પોતે જે વિષયમાં યોગ્યતા મેળવી હોય તે ભણાવવા પાછળ આપવાની ફરજ પાડવી જોઈએ, અને તે મુદત દરમ્યાન દેશની આર્થિક સ્થિતિને છાજે એવા ધોરણે આજીવિકા માટે પગાર આપવો જોઈએ. ઊંચા શિક્ષણની સંસ્થાઓમાં શિક્ષકો ને અધ્યાપકો બહુ જ ઊંચા પગાર માગે છે એ પ્રથા નીકળી જવી જોઈએ. ગામડાંમાં અત્યારે જે શિક્ષકો છે તેમને બદલે બીજા કાબેલ માણસોને મૂકવા જોઈએ.

હ૦ બં૦, ૧–૮–'૩૭

## ૨

['કેળવણીનો કોયડો' એ નોંધમાંથી]

"નવા સુધારાની સૌથી મોટી વિપરીતતા તો એ છે કે, આપણાં બાળકોની કેળવણી આપવાને આપણી પાસે દારૂની આવક સિવાય બીજા પૈસા જ નથી રહ્યા. એ કેળવણીનો કોયડો છે. પણ આપણે એથી હાર ખાવાની જરૂર નથી. આપણે એ કોયડો ઉકેલતાં ગમે તેટલો ભોગ આપવો પડે તોયે આપણાથી આપણો દારૂની જડ નાબૂદ કરવાનો આદર્શ નીચો ન ઉતારી શકાય. આપણને દારૂમાંથી આવક ન મળે તો આપણાં બાળકો કેળવણી વિનાનાં રહે એ વિચારથી જ આપણને શરમ ને ભોંઠપ ઊપજવી જોઈએ. પણ એવો જ વખત આવે તો બેમાંથી એ ઓછી ખરાબ સ્થિતિ છે એમ સમજીને આપણે તે સ્વીકારવી જોઈએ. આપણે આંકડાના ચકરાવામાં પડી ન જઈએ, ને આજે બાળકોને અમુક જાતની કેળવણી મળવી જ જોઈએ એવી જે માન્યતા પ્રચલિત છે તેમાં ફસાઈ ન જઈએ, તો આ સવાલથી આપણને મૂંઝવણ નહીં ઊપજે."

કેળવણીને ખરચ વિનાની અને સાથે સાથે આપણી ગામડાંની વિશાળ વસ્તીની હાજતો પૂરી પાડે એવી કેળવણીની પદ્ધતિ ખીલવવાને આપણા કેળવણીકારોએ ભેગા મળીને વિચાર કરવો જોઈએ એ વાત પર ગાંધીજી ભાર શા સારુ મૂકે છે તે એમના ઉપરના ઉદ્‌ગારો પરથી સમજી શકાય છે.

---

* એ લેખ તા. ૮–૮–'૩૭ના હરિજનબંધુમાં જુઓ.

એક પ્રશ્નકર્તાએ આશ્ચર્યથી પૂછયું, "ત્યારે શું આપ હાઈસ્કૂલની કેળવણી કાઢી નાખશો ને મૅટ્રિક સુધીની આખી કેળવણી ગામઠી નિશાળોમાં આપશો?"

ગાંધીજી કહે, "જરૂર, તમારી હાઈસ્કૂલની કેળવણીમાં શું ભર્યું છે? જે વસ્તુ છોકરા પોતાની માતૃભાષામાં બે વરસમાં શીખી શકે તે પારકી ભાષામાં સાત વરસમાં શીખવાની ફરજ પાડવી એ સિવાય એમાં બીજું કંઈ છે ખરું કે? તમે જો બાળકો પરથી પરદેશી ભાષા દ્વારા ભણવાનો અસહ્ય બોજો કાઢી નાખવાનો નિશ્ચયમાત્ર કરો, ને એમના હાથપગનો ઉપયોગ કંઈક ફાયદો થાય એવા કામમાં વાપરતાં એમને શીખવો, તો કેળવણીનો કોયડો તો ઉકલી ગયો સમજો. દારૂની આખી આવક તમે વગર સંકોચે જતી કરી શકો છો. પણ તમારે પહેલાં એ આવક જતી કરવાનો વિચાર કરવો જોઈએ, ને પછી કેળવણી માટેના પૈસા ક્યાંથી મળી શકે એનો. આ એક મોટું પગલું ભરીને શરૂઆત કરો."

હ૦ બં૦, ૨૨-૮-'૩૭

# ૪

# નકામો ડર

## ૧

એક લિબરલ મિત્ર ત્રણ વરસમાં દારૂબંધી કરવાના મહાસભાના કાર્યક્રમની બહુ સ્તુતિ કર્યા પછી કેળવણી વિષે એમના મનમાં રહેલો ડર આ પ્રમાણે પ્રગટ કરે છે:

"મહાસભાના કેળવણી વિષેના કાર્યક્રમથી લોકોમાં કંઈક બેચેની ફેલાતી દેખાય છે. એક ડર એવો છે કે, આ નીતિને લીધે ઊંચી કેળવણીની પ્રગતિના કામમાં અંતરાય આવશે. હું આશા રાખું છું કે, જ્યાં લગી સારી રીતે વિચારપૂર્વક ઘડેલી યોજના નક્કી ન થાય ત્યાં લગી અને જે ફેરફારો સૂચવવાના હોય તેની પૂરતી ખબર અગાઉથી આપ્યા વિના ઉતાવળે કંઈ પણ પગલું ભરવામાં નહીં આવે."

આવો ડર રાખવાની બિલકુલ જરૂર નથી. કાર્યવાહક સમિતિએ કંઈ પણ વ્યાપક નીતિ ઘડી કાઢેલી નથી. મહાસભાએ કાશી વિદ્યાપીઠ, જામિયા મીલિયા, તિલક વિદ્યાપીઠ, બિહાર વિદ્યાપીઠ, ગૂજરાત વિદ્યાપીઠ અને એવી અનેક રાષ્ટ્રીય શિક્ષણની સંસ્થાઓ સ્થાપવા ઉપરાંત કેળવણીના આખા ક્ષેત્રને લાગુ પડે એવી કોઈ પણ જાતની જાહેરાત કરી નથી. મેં જે લખ્યું છે તે આ વિષયની ચર્ચામાં મારા પોતાના ફાળા તરીકે લખ્યું છે. કેળવણીની અત્યારની પદ્ધતિએ દેશના યુવકવર્ગને અને હિંદુસ્તાનની ભાષાઓને તેમ જ સર્વમાન્ય સંસ્કૃતિને જે પારાવાર નુકસાન પહોંચાડયું છે, તેની સામે મારા મનમાં ઘણી તીવ્ર લાગણી છે. મારા વિચારો બહુ મક્કમ છે. પણ સામાન્યપણે મહાસભાવાદીઓની પાસે હું મારા વિચારોનો સ્વીકાર કરાવી શકયો છું, એવો મારો દાવો નથી. જે કેળવણીકારો મહાસભાના વાતાવરણથી પણ અળગા છે ને જેમનો હિંદુસ્તાનની યુનિવર્સિટીઓ પર પ્રભાવ છે, તેમને વિષે તો કહી જ શું શકાય? એમના વિચારો બદલાવવા એ સહેલું કામ નથી. આ કાગળ લખનાર મિત્ર અને એમના જેવો ડર રાખનારાઓ એટલી ખાતરી રાખે કે, શ્રી શ્રીનિવાસ શાસ્ત્રીએ જે સલાહ આપી છે તે આ વિષય સાથે સંબંધ ધરાવનારાઓ હૈયામાં ઉતારશે, અને પૂરા વિચાર વગર અને કેળવણીના વિષયમાં જેમની સલાહ કીમતી ગણાય એવા માણસોની સાથે સલાહ મસલત કર્યા વગર કંઈ પણ ગંભીર પગલું ભરવામાં નહીં આવે. હું એટલું ઉમેરું કે, મેં ઘણા કેળવણીકારો સાથે પત્રવહેવાર કયારનો શરૂ કરી દીધેલો છે, અને મારી પાસે જે કીમતી અભિપ્રાયો આવવા લાગ્યા છે તે સામાન્યપણે મારી યોજનાની સાથે સંમતિ સૂચવે છે, એ કહેતાં મને આનંદ થાય છે.

હ૦ બં૦, ૨૯–૮–’૩૭

## ૨

['અક્ષરજ્ઞાનનું શું?' એ લેખ]

આ પત્રમાં મેં કેળવણી વિષે જે વિચારો પ્રગટ કર્યા છે, તેના પર ઘણા અભિપ્રાયો મારી પાસે આવ્યા છે. એમાં જે સૌથી અગત્યના

છે તેને હું આ પત્રમાં કદાચ આપી શકીશ. અત્યારે તો એક વિદ્વાન પત્રલેખકે એક ફરિયાદ કરી છે તેનો જવાબ દેવા ઇચ્છું છું. એમની કલ્પના પ્રમાણે મેં અક્ષરજ્ઞાનની ઉપેક્ષા કરવાનો અપરાધ કર્યો છે. મેં જે લખ્યું છે તેમાં આ માન્યતાને કારણ મળે એવું કશું જ નથી. કેમ કે મેં એમ નથી કહ્યું કે, મારી કલ્પના પ્રમાણેની નિશાળમાં બાળકોને જે હાથઉદ્યોગ શીખવવામાં આવે તેની મારફતે તેમને દરેક પ્રકારનું શિક્ષણ મળશે! એમાં અક્ષરજ્ઞાનનો સમાવેશ થઈ જાય છે. મારી યોજના અનુસાર હાથ ચિત્ર પાડે કે અક્ષર લખે તે પહેલાં ઓજાર વાપરવા લાગશે. આંખ જેમ જગતની બીજી વસ્તુઓને જુએ છે, તેમ અક્ષરો અને શબ્દોનાં ચિત્રો વાંચશે. કાન ચીજો અને વાકયોનાં નામ અને અર્થો ઝીલી લેશે. આ આખી શિક્ષણપ્રગતિ સ્વાભાવિક હશે, બાળકને રસ પમાડે એવી હશે, ને તેથી દેશમાં ચાલતી બધી પદ્ધતિઓના કરતાં એ વધારે વેગવાળી ને સસ્તી હશે. એટલે મારી નિશાળનાં બાળકો જેટલી ઝડપથી લખશે એના કરતાં ઘણી વધારે ઝડપથી વાંચશે. અને તેઓ લખશે ત્યારે હું અત્યારે પણ (મારા શિક્ષકોને પ્રતાપે) બિલાડાં ચીતરું છું તેમ તેઓ નહીં ચીતરે, પણ તેઓ જેમ પોતે જોયેલી ચીજોનાં યથાર્થ ચિત્રો દોરશે તેમ શુદ્ધ ને સુરેખ અક્ષરો પણ ચીતરશે. મારી કલ્પના પ્રમાણેની નિશાળો કદી પણ અસ્તિત્વમાં આવે તો હું કહેવાની હામ કરું છું કે, તેઓ વાચનની બાબતમાં સૌથી આગળ વધેલી નિશાળોની સાથે હરીફાઈ કરી શકશે: અને જો લેખન આજે ઘણીખરી જગાએ થાય છે તેમ અશુદ્ધ નહીં પણ શુદ્ધ હોવું જોઈએ એમ સૌ સ્વીકારે, તો મારી નિશાળો લેખનની બાબતમાં સુધ્ધાં કોઈ પણ નિશાળની બરોબરી કરી શકશે. સેગાંવની નિશાળનાં બાળકો જૂની રીત પ્રમાણે લખે છે એમ કહી શકાય. મારા ધોરણ પ્રમાણે તો તેઓ પાટી ને કાગળ બંને બગાડે છે.

હ૦ બં૦, ૨૯–૮–'૩૭

## ૫

# સ્વાવલંબી કેળવણી

મદ્રાસથી ડૉ. લક્ષ્મીપતિ લખે છે:

"મેં પાદરીઓની કેટલીક સંસ્થાઓ જોઈ છે ત્યાં નિશાળો ફક્ત સવારે જ ચાલે છે અને સાંજનો વખત ખેતીના કામમાં કે કંઈક હાથઉદ્યોગમાં વાપરવામાં આવે છે, ને એ કામને સારુ વિદ્યાર્થીઓએ કરેલા કામનાં જાત અને પ્રમાણ અનુસાર કંઈક મહેનતાણું અપાય છે. આ રીતે સંસ્થાને ઓછેવત્તે અંશે સ્વાવલંબી બનાવવામાં આવે છે; અને વિદ્યાર્થીઓ જ્યારે નિશાળ છોડે ત્યારે તેમને પોતાનું શું થશે ને ક્યાં જઈશું એવો ગભરાટ થતો નથી, કેમ કે એમને ઓછામાં ઓછું પોતાની આજીવિકા જેટલું કમાઈ લેવા જેટલું શિક્ષણ તો મળ્યું હોય છે. સરકારી કેળવણી ખાતાની એક જ ઘરેડવાળી નિશાળોમાં જે રગશિયું ગાડું ચાલે છે ને જે નીરસ રીતે કામ ચાલે છે, એના કરતાં જે વાતાવરણમાં આવી નિશાળો ચાલે છે તે છેક જુદું જ હોય છે. છોકરાઓનું આરોગ્ય વધારે સારું દેખાય છે, પોતે કંઈક ઉપયોગી કામ કર્યું છે એ વિચારથી તેઓ આનંદમાં હોય છે, ને એમના શરીરનો બાંધો પણ વધારે સારો હોય છે. ખેતીની મોસમમાં આ નિશાળો થોડોક વખત બંધ રખાય છે, કેમ કે તે વખતે એમની બધી શક્તિની ખેતીના કામમાં જરૂર પડે છે. શહેરોમાં પણ, જે છોકરાઓમાં વેપારધંધાનું વલણ હોય, તેમને તેમાં રોકવા જોઈએ, જેથી એમને કામની વિવિધતા મળી શકે. જે છોકરાઓ ગરજવાન હોય અથવા તો જેઓ નિશાળમાં જમવા માગતા હોય, તેમને સવારના વર્ગોના વખત દરમ્યાન અર્ધા કલાકની છુટ્ટીમાં એક ટંક ખાવાનું પણ આપવું. એમ કરવાથી ગરીબ છોકરાઓને નિશાળે દોડવાની હોંશ થશે અને તેમનાં માબાપ પણ એમને નિયમિત રીતે નિશાળે જવાનું ઉત્તેજન આપશે.

"આ અડધા દિવસની નિશાળની યોજના સ્વીકારવામાં આવે તો એમાંના કેટલાક શિક્ષકોનો ગામડાંમાં મોટાં માણસોનું શિક્ષણ

10341 TN3 GAN



વધારવામાં ઉપયોગ કરી શકાય, અને છતાં એ કામ માટે વધારાના કાંઈ પૈસા આપવા ન પડે. મકાનો અને બીજી સાધનસામગ્રીનો પણ એ જ રીતે ઉપયોગ કરી શકાય.

"હું મદ્રાસના શિક્ષણ ખાતાના પ્રધાનને મળ્યો છું, અને એમને એક કાગળ આપ્યો છે, તેમાં મેં જણાવ્યું છે કે, અત્યારની પેઢીની શરીરસંપત્તિ ઘટતી જાય છે એનું મુખ્ય કારણ એ છે કે, નિશાળના ભણતરના કલાકો અગવડભરેલા છે. મારો મત એવો છે કે, બધી નિશાળો ને કૉલેજો સવારે જ — ૬ થી ૧૧ સુધી — ચાલવી જોઈએ. નિશાળમાં ચાર કલાકનું ભણતર પૂરતું થઈ જવું જોઈએ. બપોરનો વખત છોકરા ઘેર ગાળે, ને સાંજે રમત કસરત વગેરે કરે. કેટલાક છોકરા આજીવિકા મેળવવાના કામમાં રોકાય, અને કેટલાક માબાપને તેમનાં કામમાં મદદ કરે. આમ કરવાથી વિદ્યાર્થીઓ માબાપના સંસર્ગમાં વધારે રહેશે; અને એ વસ્તુ કોઈ પણ ધંધાના શિક્ષણને માટે કે વંશપરંપરાગત કુશળતાના વિકાસને માટે જરૂરની છે.

"શરીરની સુદૃઢતા એ રાષ્ટ્રની સુદૃઢતા છે એમ આપણે સમજીએ તો મેં સૂચવેલો આ ફેરફાર, દેખીતો ક્રાંતિકારક લાગે છે છતાં, હિંદુસ્તાનના રીતરિવાજ અને આબોહવાને અનુકૂળ છે, અને ઘણાખરા લોકો એને વધાવી લેશે."

નિશાળનો ભણતરનો સમય સવારમાં જ રાખવાની જે સૂચના ડૉ. લક્ષ્મીપતિએ કરી છે તેની ભલામણ કેળવણી ખાતાના અધિકારીઓને કરવા ઉપરાંત હું ઝાઝું કંઈ કહેવા ઈચ્છતો નથી. ઓછેવત્તે અંશે સ્વાવલંબી સંસ્થાઓની વાત તેમણે કરી છે, એ સંસ્થાઓને જો પોતાનું અમુક ભાગનું કે આખું ખરચ કાઢવું હોય અને વિદ્યાર્થીઓને કંઈક ઉપયોગી નીવડે એવા બનાવવા હોય, તો તેઓ બીજું કરી જ ન શકે. છતાં મારી સૂચનાથી કેટલાક કેળવણીકારોને આઘાત થયો છે; એનું કારણ એ છે કે, એમને આજે ચાલે છે તે સિવાય બીજી કોઈ પદ્ધતિની ખબર જ નથી. કેળવણી સ્વાવલંબી હોય એ વિચારથી જ તેમને કેળવણીનું બધું મૂલ્ય હરાઈ જતું ભાસે છે. એ સૂચનામાં તેઓ કેવળ પૈસા મેળવવાનો હેતુ જ ભાળે છે. પણ હમણાં હું કેળવણીના વિષયમાં યહૂદીઓ તરફથી ચાલતા એક પ્રયોગ વિષેનું એક પુસ્તક વાંચું છું. એમાં યહૂદી

REFERENCE BOOK
12 SEP 1981

નિશાળોમાં અપાતા ઉદ્યોગધંધાના શિક્ષણ વિષે લેખકે આ પ્રમાણે કહ્યું છે:

> "એટલે હાથની મહેનત કરવામાં તેમને રસ પડે છે. સાથે સાથે બૌદ્ધિક પ્રવૃત્તિ ચાલે છે એથી એ મહેનત હળવી બને છે, અને એથી દેશભક્તિનો આદર્શ પોષાય છે એથી એ ઉદાત્ત બને છે."

યોગ્ય પ્રકારના શિક્ષકો મળી રહે તો આપણાં બાળકોને શરીર-શ્રમમાં રહેલું ગૌરવ શીખવવામાં આવશે, તેઓ શરીરશ્રમને બુદ્ધિના વિકાસનું એક અવિભાજ્ય અંગ અને એક સાધન માનતાં શીખશે, અને સમજતાં થશે કે, પોતે જાતે મહેનત કરીને પોતાના શિક્ષણની કિંમત આપવી એમાં દેશની સેવા રહેલી છે. મારી સૂચનાના સારરૂપ વાત એ છે કે, બાળકોને હાથઉદ્યોગ શીખવવાના છે તે કેવળ એમની પાસે કંઈક ઉત્પાદક કામ કરાવવાને સારુ નહીં, પણ એમની બુદ્ધિનો વિકાસ સાધવા માટે. બેશક, જો રાજ્ય સાત અને ચૌદ વરસની વચ્ચેનાં બાળકોને પોતાના હાથમાં લે, અને ઉત્પાદક શ્રમ દ્વારા એમનાં શરીર અને મનને કેળવે, તો નિશાળો સ્વાવલંબી થવી જ જોઈએ; ન થઈ શકે તો એ નિશાળો ધતિંગ હોવી જોઈએ ને શિક્ષકો બેવકૂફ હોવા જોઈએ.

ધારો કે દરેક છોકરો અને છોકરી યંત્રની પેઠે નહીં પણ એક બુદ્ધિમાન ઘટકની પેઠે કામ કરે છે, અને નિષ્ણાત માણસની દેખરેખ નીચે સમૂહમાં મળીને રસપૂર્વક કામ કરે છે; તો એ અભ્યાસક્રમના પ્રથમ વર્ષ પછી એ સમૂહગત શ્રમની કિંમત કલાકે એક આનો થવી જોઈએ. એટલે કે રોજના ચાર કલાક લેખે મહિનામાં ૨૬ દિવસ કામ કરીને દરેક બાળક મહિને રૂ. ૬–૮–૦ કમાશે. એકમાત્ર સવાલ એ છે કે, એવા લાભદાયક શ્રમમાં લાખો બાળકોને જોડી શકાય કે નહીં? આપણાં બાળકોની પાસેથી એક વરસની તાલીમ પછી કલાકના એક આનાની કિંમત જેટલો બજારમાં ખપાવી શકાય એવો શ્રમ મળી શકે એવી રીતે એ બાળકોની શક્તિને આપણે વાળી ન શકીએ, તો આપણે બુદ્ધિનું દેવાળું કાઢ્યું ગણાય. હું જાણું છું કે હિંદુસ્તાનનાં ગામડાંમાં ગ્રામવાસીઓ કલાકે એક આનો ક્યાંયે કમાતા નથી. એનું કારણ એ છે કે, તવંગર

અને ગરીબની વચ્ચે જે સાગર જેવડું અંતર પડી ગયું છે તેમાં આપણને કંઈ વિષમતા ભાસતી નથી, કે તે આપણને કઠતું નથી. અને બીજું કારણ એ છે કે, શહેરના લોકો, કદાચ અજાણ્યે, ગામડાંને ચૂસવામાં અંગ્રેજી સત્તાની સાથે સામેલ થયેલા છે.

હ૦ બં૦, ૧૨–૯–'૩૭

## ૬

# સ્વાવલંબન વિષે વધુ વિચાર

[શ્રી મ૦ હ૦ દે૦ના 'સ્વાવલંબી કેળવણી' નામના લેખમાંથી. — **સં૦**]

એક પ્રસંગે ગાંધીજીએ સ્વાવલંબી કેળવણીની કલ્પના સદંતર દારૂબંધી જલદી કરવાની જરૂરને લીધે ઊપજેલી છે એમ ન માની લેશો એમ કહીને કહ્યું,

"તમારે એટલી પાકી ખાતરી રાખીને જ શરૂઆત કરવાની છે કે, આવક થાય કે ન થાય, કેળવણી અપાય કે ન અપાય, તોયે સંપૂર્ણ દારૂબંધી તો કર્યે જ છૂટકો છે. એ જ પ્રમાણે તમારે એવી પણ પાકી શ્રદ્ધા રાખીને જ શરૂઆત કરવાની છે કે, હિંદુસ્તાનનાં ગામડાંની હાજતો જોતાં, આપણે ગામડાંની કેળવણી ફરજિયાત કરવી હોય તો તે સ્વાવલંબી કરવી જ જોઈએ."

એક કેળવણીકાર જે ચર્ચા કરતા હતા તેમણે કહ્યું: "પહેલી શ્રદ્ધા તો મારા મનમાં ઊંડી વસી ગયેલી છે, ને એને જ હું એક મોટી કેળવણી માનું છું. એટલે હું દારૂબંધીને સફળ કરવા માટે કેળવણીને છેક જ જતી કરવી પડે તોપણ કરું. પણ બીજી શ્રદ્ધા મારા મનમાં વસતી નથી. કેળવણીને સ્વાવલંબી બનાવી શકાય એ હું હજુ માની શકતો નથી."

"ત્યાં પણ તમે એ શ્રદ્ધા રાખીને જ શરૂઆત કરો એમ હું ઇચ્છું છું. તમે એને અમલમાં ઉતારવા માંડશો એટલે તમને એનાં સાધનો ને માર્ગો સૂઝી રહેશે. નહીં તો એ પ્રયોગ મેં જાતે જ કર્યો

હોત. હજુ પણ જો ઈશ્વરની કૃપા હશે તો કેળવણી સ્વાવલંબી કેમ થઈ શકે એ બતાવવાને હું મારાથી બનતું કરીશ. પણ આટલાં વરસ મારો વખત બીજાં કામોમાં રોકાઈ ગયો છે; એ કામો પણ કદાચ એટલાં જ અગત્યનાં હતાં. પણ આ સેગાંવના નિવાસથી એ વિષે મારા મનમાં છેક જ પાકી ખાતરી થઈ ગઈ છે. અત્યાર સુધી આપણે છોકરાંનાં મગજમાં બધી જાતની માહિતી ઠાંસી ઠાંસીને ભરવાનો જ પ્રયત્ન કર્યા કર્યો છે, ને એમનાં મગજ જાગ્રત થાય ને એનો વિકાસ કેમ થાય એનો વિચાર કદી કર્યો જ નથી. હવે આપણે 'રુક જાઓ'નો પોકાર કરીએ અને શારીરિક કામ દ્વારા બાળકને યોગ્ય કેળવણી આપવા પર આપણી બધી શક્તિ વાપરીએ. શારીરિક કામ એ ગૌણ પ્રવૃત્તિ ન હોય, પણ બૌદ્ધિક શિક્ષણનું મુખ્ય સાધન હોય."

"એ પણ હું સમજી શકું છું. પણ એમાંથી નિશાળનું બધું ખર્ચ નીકળવું જોઈએ એ શરત શા માટે?"

"એથી આ શારીરિક કામ કેટલું કીમતી છે એની ખરી કસોટી થશે. બાળક ચૌદ વરસની ઉંમરે, એટલે કે સાત વરસનું ભણતર પૂરું કર્યા પછી, નિશાળ છોડીને જાય ત્યારે તેનામાં કંઈક કમાવાની શક્તિ આવેલી હોવી જોઈએ. અત્યારે પણ ગરીબ લોકોનાં બાળકો આપોઆપ એમનાં માબાપને મદદ કરે છે—એમનાં મનમાં લાગણી એ હોય છે કે, હું જો માબાપની જોડાજોડ કામ નહીં કરું તો માબાપ ખાશે શું અને મને ખવડાવશે શું? એ જ એક કેળવણી છે. એ જ પ્રમાણે રાજ્ય સાત વરસની ઉંમરે બાળકને પોતાને હવાલે લે ને તેને કમાતું બનાવીને માબાપને પાછું આપે. આમ તમે કેળવણી આપવાની સાથે સાથે બેકારીના મૂળ પર ઘા કરો છો. તમારે છોકરાઓને એક યા બીજા ધંધાની તાલીમ આપવી જ રહી. આ ખાસ ઉદ્યોગની આસપાસ તમે એનાં મગજ, શરીર, અક્ષર, કલાવૃત્તિ વગેરેની કેળવણી ગોઠવશો. જે કારીગરી એ શીખશે તેમાં નિષ્ણાત થશે."

"પણ ધારો કે એક છોકરો ખાદી બનાવવાની કળા ને શાસ્ત્ર શીખવા માંડે છે. તો આપ એમ માનો છો કે એને એ કળામાં નિષ્ણાત થતાં પૂરાં સાત વરસ લાગશે?"

"હા. જો એ યાંત્રિક રીતે ન શીખે તો સાત વરસ લાગવાં જ જોઈએ. આપણે ઇતિહાસના અભ્યાસને માટે કે ભાષાઓના અભ્યાસને માટે વરસો શા સારુ આપીએ છીએ? અત્યાર સુધી આ જે વિષયોને કૃત્રિમ મહત્ત્વ અપાયું છે એના કરતાં આ ઉદ્યોગનું મહત્ત્વ કંઈ ઓછું છે શું?"

"પણ આપ તો મુખ્યત્વે કાંતણપીંજણનો વિચાર કરો છો, એટલે આપ આ નિશાળોને વણાટશાળાઓ બનાવવા માગો છો એમ જ લાગે છે. કોઈ બાળકને વણાટ પ્રત્યે વલણ ન હોય ને બીજી કોઈ ચીજ માટે હોય તો?"

"બરાબર છે. તો આપણે એને કંઈ બીજો ઉદ્યોગ શીખવીશું. પણ તમારે એટલું જાણવું જોઈએ કે, એક નિશાળ ઘણા ઉદ્યોગ નહીં શીખવે. કલ્પના એ છે કે, આપણે પચીસ છોકરા દીઠ એક શિક્ષક રાખવો જોઈએ, અને જેટલા શિક્ષકો મળે તેટલા પચીસ છોકરાંના વર્ગો કે નિશાળો રાખીએ, અને એ દરેક નિશાળમાં એક એક નોખા નોખા ઉદ્યોગનું — સુતારી, લુહારી, ચમારકામ કે મોચીકામનું શિક્ષણ આપીએ. માત્ર તમારે એટલી હકીકત ધ્યાનમાં રાખવાની છે કે, તમારે આ દરેક ઉદ્યોગ વાટે બાળકના મનનો વિકાસ સાધવાનો છે. તે ઉપરાંત બીજી એક વસ્તુ પર ભાર દેવા ઇચ્છું છું. તમારે શહેરોને ભૂલી જવાં જોઈએ ને બધી શક્તિ ગામડાં પાછળ વાપરવી જોઈએ. ગામડાં એ તો મહાસાગર છે. શહેરો એ તો સિંધુમાં કેવળ બિંદુવત્ છે. એથી જ તમે ઈંટો બનાવવા જેવા વિષયોનો વિચાર કરી શકતા નથી. છોકરાઓને ઇજનેર બનવું જ હોય તો સાત વરસના અભ્યાસ પછી તેઓ એ ઊંચા ને ખાસ અભ્યાસની કૉલેજોમાં જશે.

"બીજી એક વસ્તુ પર ભાર દઉં. આપણને ગામડાંના ઉદ્યોગને કશી વિસાતમાં ન ગણવાની ટેવ પડેલી છે, કેમ કે આપણે શિક્ષણ અને શારીરિક કામ બેને વિખૂટાં રાખેલાં છે. શારીરિક કામને કંઈક હલકું ગણવામાં આવેલું છે, અને વર્ણસંકર થઈ ગયેલો હોવાને લીધે આપણે કાંતનાર, વણનાર, સુતાર, મોચીને હલકા વર્ણના — વસવાયાં ગણતા થયા

છીએ. ઉદ્યોગને કંઈક હલકો, બુદ્ધિમાન લોકોને હીણપત લગાડે એવો માન્યો એટલે આપણે ત્યાં ક્રૉમ્પટન ને હારગ્રીવ જેવા યંત્રશાસ્ત્રીઓ પેદા થયા નથી. એ ધંધાઓને સ્વતંત્ર પ્રતિષ્ઠાવાળા માન્યા હોત તો આપણા કારીગરોમાંથી મોટા શોધકો જરૂર પેદા થયા હોત. યંત્રોની શોધ થતાં થતાં મિલો થઈ ને તેણે હજારોને બેકાર બનાવ્યા એ સાચું. એ આસુરી વસ્તુ હતી એમ હું માનું છું. આપણે આપણી બધી શક્તિ ગામડાંની પાછળ વાપરીને જોઈશું તો હાથઉદ્યોગના એકાગ્ર અભ્યાસથી જે શોધકબુદ્ધિ જાગ્રત થશે તે આખી ગામડાંની વસ્તીની જરૂરિયાત પૂરી પાડશે.

હ૦ બં૦, ૧૯–૯–'૩૭

## ૭

# 'એક અધ્યાપક'ની ગેરસમજ

['સ્વાવલંબી નિશાળો' એ લેખ]

"આપણી અત્યારની આર્થિક સ્થિતિનું મુખ્ય અંગ એ છે કે, આપણા દેશની સાધનસામગ્રી પર આધાર રાખનાર માણસોની સંખ્યાનો બોજો વધતો જાય છે. દાખલા તરીકે, હિંદુસ્તાનમાં ખેડયા વિનાની વિશાળ જમીનો પડેલી નથી, તેમ આપણે ત્યાં વસાહતોની કે મૂડીની છોળ નથી. એટલે આપણી સાધનસામગ્રીમાંથી માલ પેદા કરવાનું કામ એને માટે કેળવાયેલા લોકોને જ સોંપાવું જોઈએ. સો માણસો સો છૂટા છૂટા જમીનના ટુકડા ખેડે તો પચાસ માણસને પૂરો પડે એટલો ખોરાક પેદા કરે. પણ જો એ બધા ટુકડા ભેગા કરવામાં આવે અને વીસ નિષ્ણાત માણસો એના પર ખેતી કરે તો એ જ જમીન સો માણસોનો નિભાવ કરી શકે. અત્યારે એવી શોધો થઈ છે કે જેને લીધે મજૂરનું ગૃહજીવન અવ્યવસ્થિત ન થાય કે તેનું સ્વાતંત્ર્ય ન હણાય, છતાં તેની ઉત્પાદનશક્તિ વધે. એટલે હવે વધારેપડતા માણસોને કામ કરતા અટકાવવાની ચોક્કસ જરૂર ઊભી થઈ છે. માણસોને પચાસ વરસે પેન્શન આપવાના રિવાજથી ઘણો બગાડ થાય છે, કેમ કે સામાન્ય માણસની માનસિક ને શારીરિક શક્તિ એ ઉંમર પછી જ વધારેમાં વધારે ખીલે છે. યોગ્ય માર્ગ તો

એ છે કે, માણસો પૂરતી તાલીમ પામીને તૈયાર ન થાય ત્યાં લગી તેમને જીવનમાં પ્રવેશ કરવા ન દેવો.

"હિંદુસ્તાનની અવનતિનું મુખ્ય કારણ એ છે કે, તેના મજૂરો જિંદગીની શરૂઆત બહુ જ વહેલી કરે છે. સુતાર એના છોકરાને ધંધામાં એટલો વહેલો દાખલ કરે છે કે, છોકરો બાર વરસની ઉંમરે એની કમાવાની શક્તિની પરમ સીમાએ પહોંચે છે, તે પછી પરણે છે, ને થોડા જ વખતમાં આગવો ધંધો શરૂ કરે છે; અને તેથી ઉત્પાદન અને નવી વહેંચણીની નવી રીતો એના મગજમાં ઊતરી જ શકતી નથી. એની મજૂરીનું આર્થિક દૃષ્ટિએ શું મહત્ત્વ છે એની એને કશી ગતાગમ નથી હોતી. એવા કારીગરને કોઈ પણ માણસ છેતરી શકે ને એને શોષી શકે. એને પોતાની નાની સંકુચિત દુનિયામાં કૂવાના દેડકાની જેમ રહી માંડ રોટલો મેળવી જીવવામાં ને પરિવાર વધારવામાં સંતોષ રહે છે. હિંદુસ્તાનમાં સંકુચિતતા, સંતોષવૃત્તિ, દૈવવાદ, જ્ઞાતિપ્રથા, દારૂ અફીણનાં વ્યસનો એ બધાનું મૂળ આ જ છે. હું સિલોનના ચાના બગીચા જોવા ગયો, ત્યાં સૌથી વધારે દુઃખ મને ત્યાં બાળકોને મજૂરી કરતાં જોઈને થયું. નિશાળો તો ત્યાં હતી, પણ માબાપનું વલણ છોકરાંને મજૂરીએ વળગાડવા તરફ હોય છે. મોટેરાઓની પેઢી હંમેશાં ઊછરતી પેઢી તરફનું પોતાનું કર્તવ્ય માથેથી ઉતારી નાખવા મથે છે. રાજ્યનું કામ એ છે કે, જે પ્રવૃત્તિઓ વ્યક્તિઓને લાભકારક અને સમાજને હાનિકારક હોય તે એણે રોકવી. સિલોન જેવા દેશમાં, જ્યાં કુદરતની સામગ્રીના ભંડાર શોધી તેનો ઉપયોગ કરવાને પૂરતી વસ્તી નથી, ત્યાં પણ બાળકોને મજૂરીએ વળગાડવાની પ્રથાનો બચાવ થઈ શકે એમ નથી. ત્યારે હિંદુસ્તાનમાં, જ્યાં બાળકોને કામમાં લેવાથી મોટેરા બેકાર બને એમ છે, ત્યાં તો એનો બચાવ થઈ શી રીતે શકે?

"માલ તૈયાર કરીને બજારમાં વેચનારી કારખાના જેવી સ્વાવલંબી નિશાળો કેળવણી આપશે એવી ભ્રમણા આપણે ન રાખવી ઘટે. વ્યવહારમાં તો એ કાયદાએ માન્ય કરેલી બાળ-મજૂરી જ નીવડશે. દાખલા તરીકે, એક નિશાળ કાંતણનું કામ દાખલ કરશે તો રેંટિયો ફેરવવો એ એક યાંત્રિક ક્રિયા બની જશે. એક તાકા માટે કેટલું સૂતર જોઈએ એ ગણીને ગણિત શીખી શકાય, કે રૂનો વિકાસ અને સુધારો નિહાળીને વિજ્ઞાન અને ભૂગોળ શીખવી શકાય, એ વાત મારે ગળે ઊતરતી નથી. એ વસ્તુઓ મનને એકાદ બે વાર સતેજ કરે, પણ વરસો લગી એ ચાલુ રહે તો મન ઠીંગરાઈ જાય ને અમુક ચીલામાં જ કામ

કરતું થઈ જાય. આંખ, કાન, હાથની કેળવણી અતિ આવશ્યક છે અને અંગમહેનતને બધી નિશાળોમાં ફરજિયાત જરૂર કરવી જોઈએ; પણ આપણે એ ન ભૂલવું જોઈએ કે, જેને હાથની કેળવણી કહીએ છીએ તે વસ્તુતઃ મગજની જ કેળવણી હોય છે. કોઈ પણ નિશાળ કેળવણી આપવા માગતી હોય તો તેણે વેચી શકાય એવો માલ બનાવવાનો વિચાર છોડી જ દેવો જોઈએ. તેણે બાળકોને ભાત ભાતનો કાચો માલ ને યંત્રો આપવાં જોઈએ, તેના પર બાળક અખતરા કરીને ભલે બગાડે. બગાડ તો થવાનો જ. શ્રી નરહરિ પરીખે સાબરમતી હરિજન આશ્રમની બાળાઓના કાંતણના આંકડા આપ્યા છે તેનો કાળજીથી અભ્યાસ કરતાં દેખાઈ આવે છે કે, નિશાળ એક જ કામ લઈને બેસે છે અને તેમાં તાલીમ પામેલાં મોટી ઉંમરનાં બાળકો હોય છે તોપણ સારી પેઠે બગાડ થાય છે. ધંધાના શિક્ષણની નિશાળ એ, વિજ્ઞાનની કૉલેજની પેઠે, પ્રયોગો કરવાની અને સાધનસામગ્રી બગાડવાની જગા છે. હિંદુસ્તાન જેવા ગરીબ દેશે તો એવી નિશાળો જેટલી ઓછી ઉઘાડવી જરૂરની હોય તેટલી જ ઉઘાડવી જોઈએ, ને તે અમુક મોટાં મથકોમાં હોવી જોઈએ. ગોરખપુર કે અવધના છોકરાઓને પસંદ કરીને કાનપુર ચામડાં કેળવવાનું કામ શીખવા મોકલ્યા હોય તો તેથી રાષ્ટ્રને કશું નુકસાન ન થાય; પણ ધંધાદારી નિશાળો અગણિત કાઢવાથી બગાડ થવાનો જ.

"બીજી એક જાતનો બગાડ સામાન્ય રીતે ધ્યાનમાં આવતો નથી. એક રતલ રૂમાંથી જો પ્રૌઢ ઉંમરનો કુશળ મજૂર ચાર માણસને પહોંચે એટલાં કપડાં બનાવી શકશે, તો અણઘડ મજૂર માંડ બે માણસને થાય એટલાં કપડાં બનાવશે. આનો અર્થ એ છે કે, હિંદુસ્તાનને વસ્ત્ર પૂરાં પાડવાને સારુ અત્યારના કરતાં બમણી જગામાં કપાસનું વાવેતર કરવું પડશે. બીજા શબ્દોમાં કહીએ તો, અણઘડ મજૂરો મારફતે કામ લેવાય તો હિંદુસ્તાનને વસ્ત્ર પૂરાં પાડવાને પૂરતો કપાસ ઉગાડવાને સારુ જેટલી જમીન જોઈશે તેટલી જમીનમાં, જો કુશળ મજૂરો મારફતે કામ લીધું હોય તો, હિંદુસ્તાનને અન્ન અને વસ્ત્ર બંને પૂરાં પડે એટલા સારુ પૂરતાં અનાજ અને કપાસ બંને ઊગી શકે.

"આ બગાડની એક ત્રીજી બાજુ પણ ધ્યાનમાં લેવી જોઈએ. એમ કહેવામાં આવે છે કે, નિશાળનાં બાળકો ભાત ભાતની સુંદર ચીજો બનાવી શકે. થોડા દિવસ પર એક ઉદ્યોગશાળામાં ભણી આવેલા છોકરાને મેં 'પ્લાઇવૂડ'માંથી રમકડાં બનાવતાં જોયો હતો. એ જે લાકડું, નકૂચા અને ઓજારો વાપરતો હતો તે પરદેશથી આવેલાં

હતાં. આવા ઉદ્યોગો પરદેશી માલની ખપત આપણે ત્યાં ન હોય તે નવી પેદા કરે છે. કોઈ એમ કહેશે કે આપણે આપણું 'પ્લાઇવૂડ' પેદા કરી શકીએ. પણ અમેરિકામાં એ ઝાડ ઉગાડવા જેટલી વધારાની જમીન પડી છે તેવું હિંદુસ્તાનમાં નથી. કાચા માલનો ને મૂડીનો ઉપયોગ નકામી ચીજો પેદા કરવામાં થતો હોય તો તે રોકવો જોઈએ, તેને ઉત્તેજન ન આપવું ઘટે.

"નિશાળ કે કૉલેજમાં કુમળાં મગજો પૈસા અને નફાતોટાની નહીં પણ વિચારો અને આદર્શોની સૃષ્ટિમાં વસે છે. એવી કુમળી વયે જો એમની આગળ માલ પેદા કરવો, વેચવો ને તેના પૈસા પેદા કરવા એ આદર્શ મૂકવામાં આવે, તો તેથી બાળકનો વિકાસ રોકાશે; અને આજે જગતમાં ધનની છોળોની વચ્ચે માણસોને દારિદ્રયમાં વસવું પડે છે એ સ્થિતિ ઘણી વધી પડશે. શ્રી રામકૃષ્ણ ધંધાના શિક્ષણને કશું મહત્ત્વ આપતા નહોતા એ જાણવા જેવી વસ્તુ છે.

"આપણે શિક્ષણનો વેગ વધારી શકીએ અને આજે છોકરો જે વસ્તુ સાત વરસમાં શીખે છે તેને બે વરસમાં શીખવીએ એમ માનવું એ પણ એક વિચિત્ર ભ્રમણા છે. છોકરાનું મગજ એ કાંઈ ખાલી બરણી જેવું નથી કે એમાં જે કંઈ ભરવું હોય તે ભરી શકાય. બાળક જે વસ્તુ સોળમે વરસે જ શીખી શકે તે આઠમે વરસે શીખવાનો પ્રયત્ન ન કરી શકે, ન કરવો જોઈએ. વિદેશી ભાષાને લીધે વિલંબ થાય છે એવું નથી, અને લોકો માને છે એટલો બધો વખત પણ એ વિષયને અપાતો નથી. નિબંધલેખન એ મગજ અને લાગણીનું શિક્ષણ છે. એવું શિક્ષણ તો ધીમું હોય જ. મગજનો વિકાસ સાધવાને વાપરેલી રીતો અનુત્પાદક, બગાડવાળી અને ધીમી કદાચ લાગે; પણ એટલું યાદ રાખવું જોઈએ કે, કેળવણીનો ઉદ્દેશ મનને બળવાન બનાવવાનો અને જીવનમાં મનને જે જાતની માંડવાળો કરવી પડે છે તે કરતાં શીખવવાનો છે. નિશાળો માણસો જ નહીં પણ માલ પણ પેદા કરે એવી માગણી આપણે ન કરવી ઘટે.

"આ બધાનો સાર એ જ છે કે, નિશાળો સ્વધર ને રાષ્ટ્ર દેવાળિયું બને એવી ટૂંકી નજરવાળી નીતિ રાખવી એમાં ખોટું અર્થશાસ્ત્ર છે."

**'એક અધ્યાપક'**

આ લેખ એક જાણીતા વિશ્વવિદ્યાલયના એક અધ્યાપકનો છે. એની જોડેના કાગળ પર લેખકની સહી છે, પણ આ લેખ સહી વિનાનો

છે તેથી હું લેખકનું નામ આપતો નથી. વાચકને તો કામ લખાણ જોડે છે, એના લેખક જોડે નથી. ઊંડી જડ ઘાલીને બેઠેલી કલ્પનાઓથી માણસની દૃષ્ટિ કેવી રૂંધાઈ જાય છે એનો આ સચોટ દાખલો છે. આ લેખકે મારી યોજના સમજવાની તકલીફ લીધી નથી. મારી કલ્પનાની નિશાળના છોકરાઓને તે સિલોનના અર્ધગુલામીવાળા ચાના બગીચાના છોકરાઓ સાથે સરખાવે છે, એમાં તે પોતાની જ બુદ્ધિનું પ્રદર્શન કરે છે. તે ભૂલી જાય છે કે, એ બગીચામાં કામ કરતા છોકરાઓને વિદ્યાર્થી ગણવામાં આવતા નથી. એમની મજૂરી એ એમના શિક્ષણનું અંગ નથી. હું જે જાતની નિશાળોની હિમાયત કરું છું તેમાં તો, છોકરાઓ હાઈસ્કૂલોમાં અંગ્રેજી બાદ કરતાં જેટલું શીખે છે તે, અને તે ઉપરાંત કવાયત, સંગીત, આલેખન અને બેશક એકાદ ઉદ્યોગ એટલું શીખશે. આ નિશાળોને ‘કારખાના’નું નામ આપવું એ અનેક નરી હકીકતો સમજવાની ના પાડવા બરોબર છે. કોઈ માણસે વાંદરા સિવાય કોઈ પ્રાણી જોયું જ ન હોય, અને માણસનું વર્ણન — કેટલેક જ અંશે — વાંદરાના વર્ણનને મળતું આવતું હોય, એટલા માટે તે માણસનું વર્ણન વાંચવાની જ ના પાડે, એના જેવું આ છે. મેં મારી સૂચનામાંથી જેટલાં પરિણામ નિપજાવવાનો દાવો કરેલો છે તે બધાં પરિણામો મળી જશે એવી આશા ન રાખવાની ચેતવણી આ અધ્યાપકે લોકોને આપી હોત, તો એમના કહેવામાં કંઈક વજૂદ છે એમ લેખાત. પણ એ ચેતવણી અનાવશ્યક થાત, કેમ કે મેં પોતે જ એ ચેતવણી આપેલી છે.

મારી સૂચના નવી છે એ હું કબૂલ કરું છું પણ નવીનતા એ ગુનો નથી. એની પાછળ ઝાઝો અનુભવ નથી એ હું કબૂલ કરું છું. પણ મારા સાથીઓને જે અનુભવ મળેલો છે તે પરથી મને એમ માનવાને ઉત્તેજન મળે છે કે, જો આ યોજનાનો અમલ નિષ્ઠાપૂર્વક કરવામાં આવે તો તે સફળ થાય. એ અખતરો નિષ્ફળ જાય તોયે એ અજમાવી જોવાથી રાષ્ટ્રને કંઈ નુકસાન જવાનું નથી. અને જો એ અખતરો અમુક અંશે પણ સફળ થાય તો તેથી પારાવાર લાભ થશે. બીજી કોઈ રીતે પ્રાથમિક કેળવણી મફત, ફરજિયાત અને અસરકારક બનાવી શકાય એમ

છે નહીં. અત્યારની પ્રાથમિક કેળવણી તો એક જાળ અને ભ્રમરૂપ છે એ નિર્વિવાદ વાત છે.

શ્રી નરહરિ પરીખના આંકડા આ યોજનાને જેટલો ટેકો આપી શકે એટલો આપવાને માટે લખાયેલા છે. એ આંકડા પરથી જ આખરી નિર્ણય ન બાંધી શકાય. એ આંકડા પ્રોત્સાહન જરૂર આપે છે. ઉત્સાહી માણસને એ ઠીક ઠીક હકીકતનું ભાતું આપે છે. સાત વરસ એ મારી યોજનાનું અવિભાજ્ય અંગ નથી. એમ પણ બને કે, મેં ધારેલી બૌદ્ધિક ભૂમિકાએ પહોંચવાને માટે વધારે વખત લાગે. શિક્ષણનો સમય લંબાવવાથી રાષ્ટ્રને કશું જ નુકસાન થવાનું નથી. મારી યોજનાનાં આવશ્યક અંગો આ પ્રમાણે છે:

(૧) એકંદરે જોતાં કોઈ એક કે અનેક ઉદ્યોગ એ છોકરા કે છોકરીના સર્વાંગી વિકાસનું સારામાં સારું સાધન છે, અને તેથી આખો અભ્યાસક્રમ ઉદ્યોગશિક્ષણની આસપાસ ગૂંથાવો જોઈએ.

(૨) આ કલ્પના પ્રમાણેની પ્રાથમિક કેળવણી એકંદરે સ્વાવલંબી થવાની જ, જોકે પહેલા વરસના કે બીજા વરસના પણ અભ્યાસક્રમમાં તે કદાચ પૂરી સ્વાવલંબી ન બને. અહીં પ્રાથમિક કેળવણી એટલે જેનું ઉપર વર્ણન કર્યું છે તે.

ગણિત અને બીજા વિષયો ઉદ્યોગ દ્વારા શીખવવાની શકયતા વિષે આ અધ્યાપકે શંકા ઉઠાવી છે. એમાં તે અનુભવ વિના બોલે છે. હું અનુભવ પરથી બોલી શકું છું. દક્ષિણ આફ્રિકામાં ટૉલ્સ્ટૉય ફાર્મ પર જે છોકરાછોકરીઓના શિક્ષણ માટે હું સીધી રીતે જવાબદાર હતો તેમનો સર્વાંગી વિકાસ સાધતાં મને કશી મુશ્કેલી નડી નહોતી. ત્યાં શિક્ષણનું મધ્યબિંદુ તે આઠેક કલાકનો ઉદ્યોગ હતો. એમને એક કે બહુ તો બે કલાકનું અક્ષરજ્ઞાનનું શિક્ષણ મળતું. ઉદ્યોગમાં ખોદવું, રાંધવું, પાયખાનાંની સફાઈ કરવી, ઝાડુ વાળવું, ચંપલ બનાવવાં, સાદું સુતારી કામ, અને સંદેશા લઈ જવા લાવવાનું એટલાં કામો હતાં. બાળકોની ઉંમર છથી સોળ વરસ સુધીની હતી. એ પ્રયોગ ત્યાર પછી તો ઘણો ફૂલ્યોફાલ્યો છે.

હ૦ બં૦, ૩–૧૦–'૩૭

# ૮

# શહેરો માટે પણ એ જ

['મુંબઈમાં પ્રાથમિક કેળવણી' એ લેખ]

આત્યાર લગી મેં જે ચર્ચા કરી છે તે ગ્રામકેળવણી વિષે કરી છે, કેમ કે એ જ આખા હિંદુસ્તાનનો પ્રશ્ન છે. જો એનો ઉકેલ સીધી રીતે થઈ શકે તો શહેરોને વિષે મુશ્કેલી ન આવે, એમ સમજીને મેં શહેરો વિષે કંઈ નથી લખ્યું. પણ મુંબઈના કેળવણીમાં રસ લેનાર એક શહેરીનો નીચેનો પ્રશ્ન જવાબ માગે છે:

> "પ્રાથમિક કેળવણીના ભારે ખરચનો તોડ કાઢવામાં મહાસભાનું પ્રધાનમંડળ રોકાયું લાગે છે. કેળવણીનો ખરચ કેળવણીમાંથી જ નીકળી શકે એવી સૂચના થઈ છે. મુંબઈ જેવડા શહેરમાં એ દિશામાં કઈ રીતે અને કેટલે અંશે જઈ શકાય એ પ્રશ્નની ચર્ચા આવશ્યક લાગે છે. એમ કહેવાય છે કે, કેળવણી પાછળના મુંબઈ કૉર્પોરેશનના ખરચનો અંદાજ આ સાલ માટે પાંત્રીસથી છત્રીસ લાખ રૂપિયાનો છે; અને આખા શહેરમાં કેળવણી ફરજિયાત કરવા જતાં ખરચમાં બીજા કેટલાયે લાખનો વધારો થાય. શિક્ષકોના પગારમાં વીસ લાખથી અને ભાડામાં ચાર લાખથી વધારે રકમ ખરચાય છે. વિદ્યાર્થી દીઠ વાર્ષિક ખરચ સરેરાશ ચાળીસથી બેતાળીસ રૂપિયા આવે છે. આટલી રકમનું કામકાજ વિદ્યાર્થી કેળવણી લેતાં લેતાં આપે તો જ કેળવણીનો ખરચ કેળવણીમાંથી નીકળે. આ કેમ બને?"

મારો તો દૃઢ વિશ્વાસ છે જ કે, જો ઉદ્યોગનું તત્ત્વ મુંબઈની શાળાઓમાં પણ દાખલ થાય તો તેથી મુંબઈનાં બાળકોને અને તેથી મુંબઈ શહેરને લાભ જ થાય. શહેરમાં ઊછરેલાં બાળકો પોપટની જેમ કવિતાઓ ગોખશે ને સંભળાવશે, નાચી દેશે, બીજા હાવભાવ કરી દેશે, પડઘમ વગાડશે, કૂચ કરી જાણશે, ઇતિહાસ ભૂગોળના જવાબ આપશે, કોઈ થોડું અંકગણિત જાણશે; પણ તેથી આગળ નહીં વધે. હું ભૂલ્યો. થોડું અંગ્રેજી જરૂર જાણતાં હશે. પણ એક ભાંગેલી ખુરશી સમી કરવી હશે અથવા ફાટેલું કપડું સીવવું હશે, તો તેટલું નહીં કરી શકે. આપણાં

શહેરનાં છોકરાં આવી બાબતોમાં જેટલાં અપંગ જોવામાં આવે છે, એટલાં અપંગ કોઈ છોકરાં મેં દક્ષિણ આફ્રિકાના કે ઈંગ્લંડના ભ્રમણમાં જોયાં નથી.

તેથી હું તો માનું જ છું કે, જો શહેરોમાં પણ કેળવણી ઉદ્યોગની મારફતે જ અપાય તો બાળકોને પારાવાર લાભ થાય, ને પાંત્રીસ લાખ નહીં તો તેનો મોટો ભાગ તો બચે જ. બેતાળીસને બદલે બાળક દીઠ વરસના ચાળીસ જ રૂપિયા ખરચ ગણીએ, તો ૮૭,૫૦૦ બાળકોને મ્યુનિસિપાલિટી ભણાવે છે એમ કહેવાય. દસ લાખની વસ્તી હોય તો બાળકોની સંખ્યા ઓછામાં ઓછી દોઢ લાખ હોવી જોઈએ. એટલે લગભગ ૬૨,૦૦૦ બાળકો કેળવણી વિનાનાં રહેતાં હોવાં જોઈએ. આ બધાં ગરીબ ન હોય અને તેથી ખાનગી શાળાઓમાં જતાં હોય એમ માનીએ, તોયે ૫૬,૦૦૦ બાળક રહે. તેને સારુ હાલને હિસાબે બાવીસ લાખ ચાળીસ હજાર રૂપિયા બીજા જોઈએ. આટલા પૈસા મુંબઈ ક્યારે પેદા કરે ને ક્યારે બધાં બાળકોને ભણાવે? ને શું ભણાવે?

હું માનું છું કે, કેળવણી ફરજિયાત અને મફત હોવી જ જોઈએ. પણ બાળકોને ઉપયોગી ઉદ્યોગ આપી તે મારફતે જ તેમનાં મન ને શરીર કેળવવાં જોઈએ. હું અહીં પણ પૈસાની ગણતરી કરું છું તે અસ્થાને ન સમજવી જોઈએ. અર્થશાસ્ત્ર નૈતિક અને અનૈતિક હોય છે. નૈતિક અર્થશાસ્ત્રમાં બંને પાસાં સરખાં જ હોય. અનૈતિકમાં બળિયાના બે ભાગ તો હોય જ. એનું પ્રમાણ તેના બળ ઉપર આધાર રાખે છે. અનૈતિક અર્થશાસ્ત્ર જેમ ઘાતક છે તેમ જ નૈતિક આવશ્યક છે. તે વિના ધર્મની ઓળખ ને તેનું પાલન હું અસંભવિત માનું છું.

મારું નૈતિક શાસ્ત્ર મને એમ સૂચવે છે કે, મુંબઈનાં બાળકો હસતાં રમતાં દર માસે ત્રણ રૂપિયાનું કામ આપે. ચાર કલાક કામ કરે તો ને દર કલાકના બે પૈસા ગણીએ તો મહિનાના પચીસ દિવસની નિશાળમાં તે પચાસ આનાનું કામ આપે. એટલે રૂ. ૩—૨—૦ થયા.

જ્યારે શિક્ષણરૂપે ઉદ્યોગ શીખવવામાં આવે ત્યારે એમ માનવાનું કશું કારણ નથી કે, બાળકો કામના બોજામાં કચરાઈ જવાનાં છે. નામના

શિક્ષક ઇતિહાસ ભૂગોળ જેવા સહેલા ને રસિક વિષયો શીખવતાંય શિષ્યોને બોજારૂપ લાગે છે; કામના શિક્ષક હસતાં ખેલતાં પોતાના શિષ્યોને ઉદ્યોગ શીખવે છે એ મેં નજરે જોયું છે. એવા શિક્ષકો ક્યાંથી કાઢવા એવું તો કોઈ નહીં કહે. અમુક વસ્તુ કરવા યોગ્ય છે એમ માન્યા પછી એ કરનારાઓ તૈયાર કરવા એ તો સહેજે માનનાર વ્યક્તિ કે સંસ્થાનો ધર્મ થઈ પડે છે. એવા શિક્ષકોને તૈયાર કરતાં કંઈક વખત થશે જ. આજનું અયોગ્ય શિક્ષણ ઘડતાં, તેને સારુ શિક્ષકો તૈયાર કરતાં જેટલો સમય ગયો તેનો શતાંશ પણ આમાં નથી લાગવાનો. ખરચ તો પ્રમાણમાં થોડું જ લાગશે. જો મારા હાથમાં મુંબઈ શહેરસુધરાઈ હોય તો હું તો મારી કલ્પનામાં થોડીઘણી પણ શ્રદ્ધા રાખનાર શિક્ષણશાસ્ત્રીઓની નાની સમિતિ નીમી તેઓની પાસેથી એક માસની અંદર યોજના માગું ને તેનો અમલ શરૂ કરી દઉં. આમાં એ માન્યતા અવશ્ય આવી જાય છે કે, મને એ કલ્પનાની શકયતા વિષે અચલિત શ્રદ્ધા છે. પારકી શ્રદ્ધાથી આજ લગી કોઈ સારાં ને મહાન કામ નથી થયાં.

પ્રશ્ન એક રહે છે. કયા ઉદ્યોગ શહેરોમાં સગવડપૂર્વક શીખવી શકાય? મારી પાસે તો ઉત્તર તૈયાર જ છે. હું જે ઇચ્છું છું તે ગામડાંઓનું બળ. આજ ગામડાં શહેરો સારુ નભે છે, તેની ઉપર નિર્ભર છે. આ અનર્થ છે. શહેરો ગામડાં ઉપર નિર્ભર રહે, પોતાના બળનું સિંચન ગામડાંમાંથી કરે, એટલે કે ગામડાંઓને વટાવવાને બદલે પોતે ગામડાંને ખાતર વટાવાય તો અર્થ સિદ્ધ થાય ને અર્થશાસ્ત્ર નૈતિક બને. આવા શુદ્ધ અર્થની સિદ્ધિને સારુ શહેરોનાં બાળકોના ઉદ્યોગને ગામડાંના ઉદ્યોગો સાથે સીધો સંબંધ હોવો જોઈએ. આમ થવાને સારુ મને જે અત્યારે સૂઝે છે એ તો પીંજાણથી માંડીને કાંતણ સુધીના ઉદ્યોગો છે. આજે પણ એવું તો કંઈક થાય જ છે. ગામડાં કપાસ પૂરો પાડે છે અને મિલો તેમાંથી કપડાં વણે છે. આમાં આરંભથી અંત લગી અર્થનો નાશ કરવામાં આવે છે. કપાસ જેમ તેમ વવાય છે, જેમ તેમ વિણાય છે, ને જેમ તેમ સાફ થાય છે. એ કપાસને ખેડૂત ઘણી વાર ખોટ ખાઈને રાક્ષસી જિનોમાં વેચે છે. ત્યાં તે બીજથી છૂટો પડી, કચરાઈ, અધમૂઓ

થઈ મિલોમાં ગાંસડીબંધ જાય છે. ત્યાં તે વીંખાય છે, કંતાય છે, વણાય છે. આ બધી ક્રિયાઓ એવી રીતે બને છે કે કપાસના હીરને બાળે છે ને તેને નિર્જીવ કરે છે. મારી ભાષાનો કોઈ દ્વેષ ન કરે. કપાસમાં તો જીવ છે જ. એ જીવના પ્રત્યે કાં તો માણસ કોમળતાથી વર્તે, અથવા તો રાક્ષસની જેમ. અત્યારના વ્યવહારને હું રાક્ષસી વ્યવહાર ગણું છું.

કપાસની કેટલીક ક્રિયાઓ ગામોમાં તેમ જ શહેરોમાં થઈ શકે. આમ થતાં શહેર-ગ્રામનો સંબંધ નૈતિક ને શુદ્ધ થાય. બંનેની વૃદ્ધિ થાય ને આજનાં અવ્યવસ્થા, ભય, શંકા, દ્વેષ નિર્મૂળ થાય અથવા મોળાં પડે. ગામડાંઓનો પુનરુદ્ધાર થાય. આ કલ્પનાનો અમલ કરતાં જૂજ દ્રવ્યની જરૂર રહે છે. તે સહેજે સાધી શકાય છે. પરદેશી બુદ્ધિ કે પરદેશી યંત્રોની જરૂર નથી રહેતી. દેશની પણ અલૌકિક બુદ્ધિની ગરજ નથી પડતી. એક છેડે ભૂખમરો ને બીજે છેડે જે તવંગરી ચાલી રહ્યાં છે તે મટી બંનેનો મેળ સધાય, ને વિગ્રહ તથા ખુનામરકીનો જે ભય આપણને સદાય થથરાવી રહ્યો છે તે દૂર થાય. પણ બિલાડીને ગળે ટોકરી કોણ બાંધી શકે? મુંબઈની શહેરસુધરાઈનાં હૃદય મારી કલ્પના ભણી કઈ રીતે વળે? એનો જવાબ હું સેગાંવમાં બેઠો આપી શકું તેના કરતાં વધારે સારી રીતે તો મજકૂર કાગળ લખનાર મુંબઈના વિદ્યારસિક નાગરિક જ આપી શકે.

હ૦ બં૦, ૨૬–૯–'૩૭

૯

# રાષ્ટ્રીય શિક્ષકોને

૧

જેઓ કોઈ પણ પ્રકારની રાષ્ટ્રીય શિક્ષણસંસ્થાઓ ચલાવી રહ્યા છે તે શિક્ષકોને મારી એવી સૂચના છે કે, તેઓએ પ્રાથમિક શિક્ષણ વિષે આજકાલ હું જે લખી રહ્યો છું તે જો તેમને ગળે ઊતર્યું હોય તો તેનો યથાશક્તિ અમલ કરવો, અને પદ્ધતિસર હિસાબ રાખવો અને પોતાના અનુભવ મને મોકલવા. જેઓ મેં સૂચવેલી પદ્ધતિ પ્રમાણે શાળા ચલાવવા તૈયાર હોય, જેઓ હાલ નવરા હોય, અથવા જે બીજું કામ કરતા હોય તે છોડીને શાળા ચલાવવા તૈયાર હોય, તે મને લખે.

મારી માન્યતા એવી છે કે, પ્રાથમિક શાળાને સ્વાવલંબી કરવાનો તુરત નજરે ચડતો ઉદ્યોગ કંતામણ ઇત્યાદિ છે. એમાં રૂ વીણવાથી માંડીને ભાતીગર નકશીદાર ખાદી બનાવવા લગીની ક્રિયાઓનો સમાવેશ થાય છે. એમાં મજૂરી કલાકની ઓછામાં ઓછી બે પૈસાની ગણવી જોઈએ. શાળા પાંચ કલાક ચાલે તેમાં ચાર કલાક મજૂરી, અને એક કલાક જે ઉદ્યોગ શીખવવામાં આવે તેનું શાસ્ત્ર, અને બીજા વિષયો, જે ઉદ્યોગો શીખવતાં ન શીખવી શકાતા હોય તે, શીખવવામાં આવે. ઉદ્યોગ શીખવતાં શીખવવાના વિષયોમાં અમુક અંશે અથવા સર્વાંશે ઇતિહાસ, ભૂગોળ અને ગણિતશાસ્ત્ર આવે. ભાષાજ્ઞાન અને એના પેટામાં વ્યાકરણ તથા શુદ્ધ ઉચ્ચારણ તો આવે જ. કેમ કે શિક્ષક ઉદ્યોગને આ બધા જ્ઞાનનું એક વાહન ગણશે અને તેથી બાળકોની બોલી સ્પષ્ટ કરાવશે. એમ કરતાં સહેજે વ્યાકરણનું જ્ઞાન આપશે. પહેલેથી જ ગણવાની ક્રિયા તો બાળકોએ શીખવી જ જોઈશે. એટલે ગણિતથી જ 'ગણેશાય નમઃ' શરૂ થશે. સુઘડતા એક કંઈ નોખો વિષય હશે જ નહીં. બાળકોના દરેક કાર્યમાં સુઘડતા તો હોવી જોઈએ. તેઓનો શાળામાં પ્રવેશ જ સુઘડતાથી શરૂ થશે. એટલે અત્યારે મારી કલ્પનામાં એક પણ વિષય એવો આવતો

નથી કે જે ઉદ્યોગો શીખવતાં શીખવતાં બાળકને શીખવવાપણું નહીં હોય.

મારી કલ્પના એવી છે ખરી કે, જેમ મેં શીખવાના વિષયોને જુદા ગણ્યા નથી પણ બધા એકબીજામાં ઓતપ્રોત છે, અને બધાની ઉત્પત્તિ એક જ વસ્તુમાંથી થયેલી છે, તેમ શિક્ષકની કલ્પના પણ એકની જ છે. વિષયો પરત્વે નોખા શિક્ષકો નહીં, પણ એક જ. વર્ગો પરત્વે નોખા હોય. એટલે કે, સાત ધોરણ હોય તો સાત શિક્ષક હોય, અને એક શિક્ષક પાસે પચીસથી વધારે છોકરાં ન હોય. જો કેળવણી ફરજિયાત હોય તો પ્રથમથી જ બાળક ને બાળાઓના નોખા જ વર્ગ હોવાની આવશ્યકતા હું ગણું. કેમ કે છેવટે દરેકને એક જ ધંધા શીખવવાના નહીં હોય, તેથી પ્રથમથી જ નોખા વર્ગો હોય તો વધારે સગવડવાળા થશે, એવી મારી માન્યતા છે.

આ પદ્ધતિમાં, કલાકોમાં, શિક્ષકોની સંખ્યામાં, વિષયોની ગોઠવણીમાં ફેરફારને અવકાશ ભલે હોય; પણ જે સિદ્ધાંતને અવલંબીને શાળામાત્રને ચાલવું છે એ સિદ્ધાંત અચલિત સમજીને જ મારી કલ્પનાની શાળા ચાલી શકે. અત્યારે ભલે એ સિદ્ધાંતનો અમલ કરીને કોઈ પ્રકારનું પરિણામ ન બતાવી શકાયું હોય, પણ જે પ્રધાન આવા શિક્ષણનો આરંભ કરવા ઇચ્છે એને એ સિદ્ધાંતો વિષે શ્રદ્ધા હોવી જ જોઈએ અને આ શ્રદ્ધા બુદ્ધિ ઉપર રચાયેલી છે, તેથી આંધળી નહીં પણ જ્ઞાનમય હોવી જોઈએ. એ સિદ્ધાંતો બે છે:

૧. કેળવણીનું વાહન કોઈ પણ ગ્રામોપયોગી ઉદ્યોગ હોય.

૨. એકંદરે કેળવણી સ્વાવલંબી હોવી જોઈએ એટલે કે, ભલે એકબે વર્ષ થોડી સ્વાવલંબી ન હોય, પણ સાત વરસનું સરવૈયું કાઢતાં ઊપજ અને ખર્ચ સરખાં હોવાં જોઈએ. મેં આ કેળવણીનાં સાત વરસ ગણ્યાં છે એમાં વધઘટને અવકાશ છે.

હ૦ બં૦, ૧૯-૯-'૩૭

૨

['પ્રાથમિક શિક્ષક થવા ઇચ્છનારને' એ લેખ]

મેં રાષ્ટ્રીય શિક્ષકોને ઉદ્દેશીને જે લેખ લખ્યો હતો તેના જવાબમાં મારી પાસે દરરોજ અનેક કાગળો આવી રહ્યા છે, એ સંતોષની વાત છે. એ કાગળો પરથી હું જોઉં છું કે, તે લખનારાઓ મારી વિનંતીનો અર્થ સમજ્યા નથી. જેમને કંઈક લાભદાયક હાથઉદ્યોગ દ્વારા કેળવણી આપવા વિષે સંપૂર્ણ શ્રદ્ધા ન હોય અને જેઓ એ કામ કેવળ પ્રેમભાવે અને માત્ર આજીવિકા પૂરતા પૈસા લઈને કરવા તૈયાર ન હોય એવાની જરૂર નથી. એવા સૌને મારી સૂચના એ છે કે, તેમણે કાંતવાની કળા અને તેની અગાઉની સર્વ ક્રિયાઓમાં પૂરેપૂરા નિષ્ણાત બનવું. તે દરમ્યાન હું મારી પાસે આવેલાં બધાં નામો નોંધી રાખું છું. મેં ઘડેલી યોજનાની અમલમાં જે પ્રગતિ થશે તેની આ પત્રલેખકોને મારા તરફથી યથાકાળે ખબર મળશે. સાત પ્રાંતિક સરકારો જો મારી યોજના મંજૂર રાખવા ને તેનો પ્રયોગ કરવા પ્રેરાય, તો તેમની માગણીને પહોંચી વળવાને સારુ મારો આ પ્રયત્ન છે.

હ૦ બં૦, ૧૦-૧૦-'૩૭

૧૦

# રચનાત્મક કાર્યકર્તાઓને

['સ્વાશ્રયી કેળવણી' એ લેખ]

સરકારી એટલે સાત પ્રાંતોમાં મહાસભા-સરકારી સમજવું જોઈએ. પણ મહાસભા-સરકાર થઈ એટલે જે માનસ મહાસભાવાદી લોકોનું ન હતું એ કંઈ એકાએક થઈ જાય, એમ માનવાનું જરાયે કારણ નથી. જોકે મહાસભાનો રચનાત્મક કાર્યક્રમ ૧૯૨૦ના મહાપરિવર્તનકાળથી ચાલ્યો જ આવે છે, તોપણ એને વિષે મહાસભાવાદીઓમાં જીવતું વાતાવરણ પેદા થયું છે એમ નહીં કહી શકાય. પછી મહાસભાની બહારનાને વિષે પૂછવું જ શું? પણ જોકે ('સંહારક' એ વિશેષણ અહિંસક રચનાને

વિષે વાપરવું અયોગ્ય ન હોય તો) સંહારક અથવા નિષેધાત્મક ક્રમ જેટલો લોકપ્રિય થઈ પડયો એટલો રચનાત્મક અથવા ઉત્પાદક કાર્યક્રમ ન થઈ શકયો, તોપણ મહાસભા તેને ૧૯૨૦ની સાલથી સહન કરતી આવી છે. મહાસભાએ તેને કદી રદ કર્યો નથી, અને ઠીક સંખ્યામાં મહાસભાવાદી લોકોએ તેને અપનાવી લીધો છે. તેથી એ ક્ષેત્રમાં જે કંઈ થઈ શકયું છે, તે મહાસભાવાળાથી જ થઈ શકયું છે. અને પ્રગતિ થવાની આશા પણ જયાં મહાસભા-સરકાર થઈ છે ત્યાં જ રાખી શકાય. પણ મહાસભા-સરકાર થઈ તેથી રચનાત્મક કાર્યમાં શ્રાદ્ધા રાખનારાઓ મોળા ન પડે, ગફલતમાં ન રહે. મહાસભા-સરકાર થઈ એટલે તેઓનો ધર્મ વધારે જાગ્રત, વધારે ઉદ્યમી, વધારે અભ્યાસી થવાનો છે. અને એમ થાય તો જ મહાસભા-સરકારને વિષે આશા રખાયેલી હોય તે સફળ થાય. મહાસભા-સરકાર એટલે લોકતંત્રને જવાબદાર. એ સરકારને લોકતંત્ર આજે ઉઠાડવા ઇચ્છે તો ઉઠાડી શકે છે. લોકતંત્રની ઇચ્છા અને સત્તા ઉપર એ સરકાર નિર્ભર છે. એથી રચનાત્મક કાર્યક્રમનો સ્વીકાર અને અમલ પણ મહાસભાવાદી લોકો ધારે તો કરાવી શકે છે, અને તો જ થઈ શકે. સરકારની પાસે સ્વતંત્ર બળ એટલે તલવારબળ નથી. તેનો મહાસભાએ જ ઇચ્છાપૂર્વક ત્યાગ કર્યો છે. એ બળ બ્રિટિશ સરકાર પાસે છે. જ્યારે મહાસભાવાદી સરકારને બ્રિટિશ સત્તાનો એટલે કે તલવારબળનો ઉપયોગ કરવો પડે, ત્યારે ત્રિરંગી ઝંડો નીચે પડયો સમજવો; મહાસભા-સરકાર તે દિવસથી બંધ થઈ એમ સમજવું. પણ જો લોકો મહાસભાનું એટલે મહાસભા-સરકારનું ન માને અથવા તેઓમાં અહિંસાએ પ્રવેશ ન કર્યો હોય તો આજે તેજસ્વી લાગતી સરકાર કાલે નિસ્તેજ થઈ જશે.

એટલે રચનાત્મક કાર્યને વિષે શ્રાદ્ધા રાખનારા મહાસભાવાદીઓ સાવધાન થઈ જાય. મેં રજૂ કરેલો શિક્ષણક્રમ પણ રચનાત્મક કાર્યનો મોટો અંશ છે. જે રૂપ તેને હું અત્યારે આપી રહ્યો છું, એ મહાસભાએ અપનાવ્યું છે, એમ કહેવાનો મારો આશય નથી. પણ હું જે લખી રહ્યો છું તે ૧૯૨૦થી રાષ્ટ્રીય શાળાઓને વિષે જે કંઈ મેં કહ્યું છે ને લખ્યું છે તેના મૂળમાં છુપાયેલું જ હતું, એ મારી પાસે વખત આવ્યો એટલે એકાએક પ્રગટ થયું છે, એવો મારો દૃઢ વિશ્વાસ છે.

હવે જો પ્રાથમિક કેળવણી ઉદ્યોગ મારફતે જ આપાવાની છે, તો એ કામ મુખ્યત્વે રેંટિયા અને બીજા ગ્રામઉદ્યોગ વિષે જેને વિશ્વાસ છે તેઓનાથી જ અત્યારે તો થઈ શકવાનું છે; કેમ કે ગ્રામઉદ્યોગોમાં મુખ્ય વસ્તુ રેંટિયાના ઉદ્યોગમાં ચરખા સંઘે જ ઠીક માહિતી મેળવી છે ને બીજા ઉદ્યોગો માટે ગ્રામઉદ્યોગ સંઘ માહિતી મેળવી રહેલો છે. એટલે જે કંઈ તાત્કાલિક રચના થઈ શકે એવી છે, તે રેંટિયા વગેરેના ઉદ્યોગ મારફતે જ થાય એમ મને લાગે છે. પણ રેંટિયા વિષે જેમને શ્રદ્ધા છે એ બધા કંઈ શિક્ષક હોતા નથી. દરેક સુતાર સુતારીકામનો શાસ્ત્રી નથી. ઉદ્યોગનું શાસ્ત્ર ન જાણે તે ઉદ્યોગ માટે સામાન્ય શિક્ષણ નહીં આપી શકે. તેથી જેઓને શિક્ષણશાસ્ત્રમાં રસ છે ને રેંટિયા ઇત્યાદિમાં રસ છે, એવા જ માણસો પ્રાથમિક શિક્ષણમાં મેં સૂચવેલો ક્રમ દાખલ કરી શકે છે. એવા જે હોય તેઓને મદદ થઈ પડશે એમ માનીને નીચેનો શ્રી દિલખુશ દીવાનજીનો કાગળ જે મારા પર આવેલો છે તે અહીં રજૂ કરું છું :

"સ્વાશ્રય અને ઉદ્યોગ દ્વારા કેળવણી વિષે આપ હરિજન અને હરિજનબંધુમાં જે સુંદર વિચારો અને અનુભવો લખી રહ્યા છો તેથી મને મારા અહીંના એ દિશામાંના કાર્યમાં એટલું બધું પ્રોત્સાહન અને ઉત્તેજન મળે છે કે આ પત્ર લખવા હું પ્રેરાયો છું, અને આપની આખીયે યોજના કેટલી બધી યોગ્ય છે તે વિષેનો મારો ઉત્સાહ જણાવવા હું લલચાયો છું. બે વરસથી હું અહીં જે નાનકડી ઉદ્યોગશાળા ચલાવી રહ્યો છું, એના અનુભવો આપના વિચારોને ખૂબ સંમત થતા જાય છે, એથી મને બહુ હર્ષ થાય છે. આથી આપ જે ક્રાંતિકારક વિચારો દર્શાવી રહ્યા છો તે હું સંપૂર્ણ રીતે વધાવી લઈ એમાં મારી સો ટકા સંમતિ આપી શકું છું. એ મારી અંધશ્રદ્ધાનું પરિણામ નથી, પરંતુ અનુભવજન્ય શ્રદ્ધાનું એ પ્રતીક છે, એમ આપ સમજી શકશો. આપ આખા દેશને ઉપયોગી થઈ પડે એવી શાસ્ત્રીય અને પૂર્ણ યોજના વિચારી રહ્યા છો. હું અહીં જે કાર્ય કરી રહ્યો છું એમાં પૂર્ણતા અને શાસ્ત્રીયતાને પુષ્કળ અવકાશ છે, અને એ દિશામાં હું મથી રહ્યો છું. એમાં વધુ પૂર્ણ થવામાં ખૂબ જ હોંશ અને આનંદ મળે છે. પરંતુ બે વર્ષથી મને જે કંઈ અનુભવો થઈ રહ્યા છે, એ વિષે ઉત્પન્ન થતા પ્રશ્નો પર જે કંઈ ચિંતનો, વિચારો થઈ રહ્યાં છે, તે પરથી

મને આપના સ્વાશ્રયી અને ઉદ્યોગી શિક્ષણના વિચારો બહુ જ યોગ્ય અને અનુભવસિદ્ધ થઈ શકે એવા લાગે છે. હું આપના વિચારો અને મુદ્દાઓ સમજી શક્યો છું. એ પ્રમાણે મારો અનુભવ પણ એવો થતો જાય છે કે,

"૧. બધા જ પ્રકારની કેળવણીનું વાહન ઉદ્યોગ રાખવાથી સાચે જ વિદ્યાર્થીને સર્વોત્તમ કેળવણી મળી જ રહે છે. અને તેમાં પુરુષાર્થ અને ચારિત્રના સંસ્કારો તો આવા ઉદ્યોગમય શિક્ષણની મહામોંઘી બક્ષિસ જ થઈ પડે છે. એટલે હિંદ જેવા ગરીબ દેશની કેળવણીને સ્વાશ્રયી બનાવવાની એમાં જે અપાર શક્તિ પડેલી છે એ સિવાય કેળવણીના શુદ્ધ શાસ્ત્રની દૃષ્ટિએ પણ ઉદ્યોગને કેળવણીનું વાહન કરવાથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ બહુ જ સરળ થાય છે.

"૨. ઉદ્યોગને કેળવણીનું વાહન કરવાથી પ્રાથમિક કેળવણી જરૂર ખુશીથી સ્વાશ્રયી થઈ શકે છે. હિંદ જેવા ગરીબ દેશની કેળવણીનો પ્રશ્ન કેળવણીને સ્વાશ્રયી કરવાથી જ ઉકેલી શકાય. ઉપરાંત આપણી આર્ય સંસ્કૃતિને આ જ પદ્ધતિ અનુરૂપ થાય એમ છે. મને તો રેંટિયાનો ઉદ્યોગ જ ખૂબ ગમી ગયો છે. એ જ સર્વવ્યાપક થઈ શકે એમ લાગે છે. એટલે મારા બે વર્ષના અનુભવમાં રેંટિયાઉદ્યોગની પ્રાપ્તિના જ આંકડા મારી પાસે પડ્યા છે. આપે વિચાર્યું છે એટલું બધું વ્યવસ્થિત રૂપ મારા શિક્ષણકાર્યને હજુ નથી અપાયું, એટલે એમાં થયેલા અનુભવને પ્રગતિ માટે ખૂબ જ અવકાશ છે. એ આંકડાઓ અને તે વિષેની નોંધ આપની ઇચ્છા હોય તો મોકલીશ.

"૩. અંગ્રેજી રદ કરવાથી અને પ્રાથમિક કેળવણીને વધુ વ્યાપક દૃષ્ટિએ વિચારવાથી—અને વધુ સમય ઉદ્યોગમાં આપવા છતાં—આ પદ્ધતિથી થોડાં વર્ષોમાં વિદ્યાર્થીઓનો વધુ વિકાસ આપણે સાધી શકવાના છીએ, એ પણ મને તો બરાબર દેખાતું જાય છે. 'પંડિતાઈ', 'વિદ્વત્તા', 'કૌશલ્ય', વગેરેના કેળવણીના આજના અત્યંત ભ્રમભરેલા ખ્યાલો છોડીશું તો જ ઉદ્યોગકેળવણીમાં રહેલા સર્વગામી વિકાસની શક્તિની ઓળખ આપણે કરી શકીશું.

"૪. શાળાના કુલ સમયનો પોણા ભાગનો સમય ઉદ્યોગને આપવાની પ્રથમ ક્રાંતિ કરી બીજી ક્રાંતિ કેળવણીની પદ્ધતિમાં એ કરવાની રહે છે કે, વાચનલેખન, સમયપત્રક, પરીક્ષા, વિષયવાર શિક્ષણ વગેરે આજનાં સાધનો દૂર કરી ઉદ્યોગકેળવણી માટે આ નીચેનાં સાધનો જ બહુ ઉપયોગી અને સરળ નીવડતાં જાય છે.

"(અ) શ્રુતશિક્ષણ: પુસ્તકો પર આધાર રાખવાને બદલે શિક્ષક જ એના વિદ્યાર્થીઓ આગળ જીવંત પુસ્તક થઈ બેસી જાય તો હાલતાં-ચાલતાં વાતોમાં અને વ્યવસ્થિત રીતે વિદ્યાર્થીઓ થોડા સમયમાં એટલું બધું મેળવતા જાય છે કે, શિક્ષકની હોંશ અને વિદ્યાર્થીઓની જિજ્ઞાસાને પરિણામે એ જીવંત પુસ્તકમાં નિત્ય નવીન પ્રકરણો ઉમેરાતાં જ જાય છે. અને આવા શ્રુતશિક્ષણમાં પુસ્તકોના ખર્ચનો લગભગ છેદ જ ઊડી જાય છે.

"(આ) શિક્ષકનો સહવાસ: ઉદ્યોગકેળવણીનું આ તદ્દન અનિવાર્ય સાધન છે. શિક્ષકના અંતરમાં વિદ્યાર્થીઓ માટે પ્રેમ અને ઉત્સાહ ઊભરાતાં હશે, તો આ સહવાસ બહુ જ સરળ, રસિક અને પરસ્પર વિકાસસાધક નીવડે છે. આવો શિક્ષક શિક્ષક ઉપરાંત સનાતન વિદ્યાર્થી રહે છે.

"(ઇ) રાષ્ટ્રીય અને પ્રજાકીય પ્રવૃત્તિઓમાં સતત સહકાર આપવાનો ક્રમ ઉદ્યોગો દ્વારા તો બાળપણથી જ પ્રજા–સમાજ કે સરકારને વિદ્યાર્થીવર્ગ મદદ કરતો થઈ જ જાય છે. પરંતુ આપ લખો છો એમ દારૂનિષેધ જેવી, હરિજનસેવા અને ગ્રામસફાઈ જેવી પ્રવૃત્તિમાં સતત સહકાર આપવાનો ક્રમ પોતાની શાળામાં દાખલ કરી કુશળ અને હોંશીલો શિક્ષક જીવનની શરૂઆતમાં જ વિદ્યાર્થીઓને સેવા અને સમાજપરિચયની ઉત્તમ પ્રકારની વ્યવહારુ અને જીવંત કેળવણી આપી દે છે. આપણી ઉદ્યોગકેળવણીનું આ નવું સાધન આખીયે કેળવણીને અત્યંત વ્યવહારુ, જીવંત અને ફળદાયી બનાવી દે છે. આ વિષે હું વધુ ને વધુ વિચારું છું તેમ તેમ મને વધુ ને વધુ સ્પષ્ટ થતું જાય છે કે, સ્વરાજસાધના અને સ્વરાજસંચાલનની ખાદી, ગ્રામઉદ્યોગ, દારૂનિષેધ, હરિજનસેવા અને ગ્રામસફાઈની આપણી પ્રાણદાયક પ્રવૃત્તિઓને ઉદ્યોગપ્રધાન પ્રાથમિક શાળાઓ ખૂબ જ મદદરૂપ થઈ પડવાની છે. 'વિદ્યાર્થીઓ જ પ્રજાનું સાચું ઘડતર કરી શકે છે' એ સૂત્રનો આમાં કેટલો સુંદર પ્રયોગ થઈ રહેવાનો છે!

"(ઈ) માબાપ–વડીલો સાથે વધુ નિકટ — વધુ જીવંત સંબંધ: આપણી નવી પ્રાથમિક કેળવણીનું આ સાધન ભારે શક્તિશાળી થઈ પડવાનું છે. આજની કેળવણી તો માબાપ ને વિદ્યાર્થીઓ વચ્ચેનું અંતર વધાર્યા કરે છે. રજિસ્ટર પર સહી કરવી અને ફી આપવી એ સિવાય માબાપોને બાળકોની શાળાકેળવણીમાં કશો રસ નથી હોતો. શાળામાં મળતી કેળવણી પુસ્તકિયા હોવાથી ગૃહતંત્રના વહેવારથી દૂર જ ભાગે છે — કૌટુંબિક પ્રેમ તૂટતો જાય છે. વર્ણવ્યવસ્થામાં

રહેલી પરંપરાગત ખેતીઉદ્યોગની સાંકળોની કડીઓ પુસ્તકિયા કેળવણીમાં ખોવાઈ, અટવાઈ જવાથી શુદ્ધ વર્ણવ્યવસ્થાનો લોપ થઈ રહ્યો છે. પરિણામે દેશની ખેતી અને ગ્રામોદ્યોગો સુકાતા જાય છે. આપણી કેળવણી ઉદ્યોગમય હશે, એટલે ગામડાંના જ ઉદ્યોગો એટલે કે માબાપના ધંધાઓ સાથે એને સીધો સંબંધ હશે. એટલે માબાપોને એમાં ખૂબ રસ પડશે. એમને ખાતરી હશે કે, દીકરોદીકરી ભણીને ઉદ્યોગવિહોણાં ન થતાં ઘરકામમાં, ઘરધંધામાં મદદરૂપ થશે. આમ પ્રાથમિક કેળવણીને ફરજિયાત બનાવવાનો કોયડો વધુ સરળ થશે. ફરજિયાત શિક્ષણ પાછળનું બળ દંડ નહીં રહે. માબાપનો ઉત્સાહભર્યો સહકાર જ એનું સાચું બળ થશે.

"(૩) પ્રાથમિક શિક્ષણના ખ્યાલને આપ વ્યાપક કરવા ઇચ્છો છો એ બહુ જ યોગ્ય છે. ગુજરાતી ચાર ધોરણ પછીના વિદ્યાર્થીઓ મારી પાસે આવ્યા છે. એમના અનુભવો એવા મળી રહ્યા છે કે, ચાર ધોરણ પછીના ગામડાંના વિદ્યાર્થીઓનો આખોયે પ્રશ્ન નવીન અને ક્રાંતિકારી વિચારણા માગી લે છે. અનુભવ તો એ થાય છે કે, ચાર ધોરણ પછી અંગ્રેજીના મોહે શહેરની શાળાઓ તરફ જ ગામડાંના વિદ્યાર્થીઓ આકર્ષાય છે. તે કેળવણી ખર્ચાળ હોવાથી ઘણા માટે તેના દરવાજા બંધ રહે છે. તેમની કેળવણી અધવચમાં રખડી પડે છે. જેઓ મહામહેનતે જાય છે તે વિલાસી, પરોપજીવી કેળવણી લઈ પોતાને, માબાપને તેમ જ ગામનાં હિતને દગો જ દે છે. આ વર્ગને જો ગામડાંમાં ઉદ્યોગશાળા રાખી ભણાવીએ તો એમાં માબાપનું, વિદ્યાર્થીનું અને ગામનું પાર વિનાનું હિત થાય છે. વિદ્યાર્થીઓને વિનીત (મૅટ્રિક) સુધીનું જ્ઞાન બહુ જ થોડા વખતમાં ચાર કલાક ઉદ્યોગ અને બે કલાક અભ્યાસની શાળામાં બહુ ખુશીથી આપી શકાય, એવો મારો અનુભવ દૃઢ થતો જ જાય છે."

હ૦ બં૦, ૧૭–૧૦–'૩૭

# પાયાની કેળવણી

ખંડ ૨

વર્ધા શિક્ષણ પરિષદ

૧૧

# રાષ્ટ્રીય કેળવણીકારોને

['આગામી શિક્ષણ પરિષદ' એ લેખ]

વર્ધાના મારવાડી વિદ્યાલયે થોડા વખત પર નવભારત વિદ્યાલય એ નવું નામ ધારણ કર્યું છે. એ વિદ્યાલય એનો રજતઉત્સવ ઊજવે છે. વિદ્યાલયના સંચાલકોને વિચાર આવ્યો કે, એ પ્રસંગે રાષ્ટ્રીય વિચારવાળા કેળવણીકારોની એક નાની પરિષદ બોલાવવી, અને કેળવણીની જે યોજના હું આ પત્રમાં સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યો છું તેની ચર્ચા કરાવવી. વિદ્યાલયના મંત્રી શ્રી શ્રીમન્નારાયણ અગરવાલે આવી પરિષદ ભરવાની યોગ્યતા વિષે મારી સલાહ પૂછી, અને હું એ વિચાર પસંદ કરું તો મારે પ્રમુખ થવું એવી માગણી કરી. મને બંને સૂચનાઓ ગમી. એટલે આ પરિષદ વર્ધામાં ઑક્ટોબરની ૨૨મી અને ૨૩મીએ ભરાશે. જેમને પરિષદ માટે નિમંત્રણ ગયાં હશે તેઓ જ હાજર રહેશે. કોઈ કેળવણીકારો એવા હોય જેમને પરિષદમાં આવવાની ઇચ્છા હોય છતાં નિમંત્રણ ન મળ્યાં હોય તેઓ મંત્રીને વિનંતી કરે તેની સાથે પોતાનાં નામઠામ અને એવી બીજી વિગતો આપે, જેથી એમને નિમંત્રણ મોકલી શકાય એમ છે કે કેમ તે મંત્રી નક્કી કરી શકે. જેઓ આ પ્રશ્નમાં ઊંડો રસ લેતા હોય ને ચર્ચામાં ઉપયોગી ફાળો આપી શકે એમ હોય, તેવાઓની બહુ નાની સંખ્યાને માટે જ જોગવાઈ કરવામાં આવે છે.

પરિષદને અંગે કશો ઠાઠ કે મોટા દેખાવો જરાયે થવા દેવાનો ઇરાદો નથી. કોઈને પ્રેક્ષક તરીકે આવવા દેવામાં નહીં આવે. પરિષદ કેવળ કામકાજને સારુ જ ભરાવાની છે. છાપાંના પ્રતિનિધિઓને સારુ ગણીગાંઠી ટિકિટો જ કાઢવામાં આવશે. છાપાંવાળાઓને મારી સલાહ છે કે, તેઓ એકબે પ્રતિનિધિ ચૂંટી કાઢે ને તેમણે મેળવેલા હેવાલોમાં ભાગ પડાવે.

આ કામ મેં શ્રદ્ધાપૂર્વક છતાં અતિ નમ્રતાપૂર્વક માથે લીધું છે. મારા જ વિચારો સાચા છે ને બીજાના ખોટા છે એવો આગ્રહ મારા મનમાં નથી. જે કંઈ નવું શીખવા મળે તે શીખવાની, અને જ્યાં જરૂર જણાય ત્યાં મારા વિચારો ફેરવવાની ને સુધારવાની મારી ઇચ્છા છે.

પરિષદ આગળ જે સૂચનાઓ હું ચર્ચા માટે રજૂ કરવાનો છું તે, મને અત્યારે સૂઝે છે તે પ્રમાણે, આ છે:

૧. અત્યારની શિક્ષણપદ્ધતિથી દેશની જરૂરિયાત કોઈ પણ રીતે સંતોષાતી નથી. શિક્ષણની ઉપલી સર્વ શાખાઓમાં અંગ્રેજી દ્વારા શિક્ષણ અપાતું હોવાને લીધે ઊંચું શિક્ષણ પામેલા થોડાક લોકો અને નિરક્ષર બહુજનસમાજ એ બેની વચ્ચે કાયમનું અંતર પડી ગયેલું છે. એને લીધે જ્ઞાન જનસમૂહમાં વ્યાપતું અટક્યું છે. અંગ્રેજીને અપાયેલા આ વધારે પડતા મહત્ત્વને લીધે શિક્ષિત વર્ગ ઉપર જે બોજો પડ્યો છે, તેને લીધે તેઓમાં જીવનભરનું માનસિક અપંગપણું આવી ગયું છે, અને તેઓ સ્વદેશમાં જ પરદેશી જેવા બની ગયા છે. ઉદ્યોગશિક્ષણના અભાવે શિક્ષિત વર્ગને કંઈ પણ ઉત્પાદક કામ માટે લગભગ નાલાયક બનાવી મૂક્યો છે ને તેમનાં શરીરને ભારે હાનિ કરી છે. પ્રાથમિક કેળવણી પર ખરચેલા પૈસા એળે જાય છે, કેમ કે બાળકોને જે કંઈક થોડું શીખવવામાં આવે છે, તે તેઓ થોડા જ વખતમાં ભૂલી જાય છે; અને એ ભણતર ગામડાં કે શહેર એકેને માટે કંઈ જ ઉપયોગનું નીવડતું નથી. શિક્ષણની ચાલુ પદ્ધતિથી જે લાભ મળે છે તે પણ કર ભરનાર મુખ્ય વર્ગને મળતો નથી, કેમ કે એમનાં બાળકોને તો સૌથી ઓછું શિક્ષણ મળે છે.

૨. પ્રાથમિક શિક્ષણનો ક્રમ વધારીને ઓછામાં ઓછાં સાત વરસનો કરવો જોઈએ; મૅટ્રિકમાંથી અંગ્રેજી બાદ કરીએ અને ઠીક ઠીક ઉદ્યોગ-શિક્ષણ ઉમેરીએ એટલું સામાન્યજ્ઞાન એટલા વખતમાં અપાવું જોઈએ.

૩. બાળકો અને બાળાઓના સર્વાંગી વિકાસને સારુ સર્વ શિક્ષણ, બની શકે ત્યાં લગી, કંઈક લાભદાયક ઉદ્યોગો દ્વારા અપાવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, ઉદ્યોગો બેવડી ગરજ સારે — એક તો વિદ્યાર્થી પોતાના પરિશ્રામના ફળ દ્વારા પોતાના શિક્ષણનું ખરચ આપી શકે; અને બીજું સાથે સાથે નિશાળમાં શીખેલા ઉદ્યોગથી તેનામાં રહેલા પુરુષત્વ કે સ્ત્રીત્વનો સર્વાંગી વિકાસ થાય.

જમીન, મકાનો અને સાધનસામગ્રીની કિંમત વિદ્યાર્થીની મહેનતની કમાણીમાંથી નીકળે એવો ઇરાદો રાખેલો નથી.

૩. ઊન અને રેશમની બધી ક્રિયાઓ — વીણવું, સાફ કરવું, (કપાસને લોઢવો), પીંજવું, કાંતવું, રંગવું, કાંજી પાવી, તાણી કરવી; ભરત, સીવણ, કાગળની બનાવટ, ચોપડીઓ બાંધવી, સુતારી, રમકડાંની બનાવટ, ગોળની બનાવટ વગેરે અવશ્ય એવા ઉદ્યોગ છે જે ઝાઝી મૂડીના રોકાણ વિના સહેલાઈથી શીખી ને ચલાવી શકાય.

છોકરાછોકરીઓ જે ઉદ્યોગો શીખે તેમાં તેમને કામ આપવાની બાંયધરી રાજ્ય આપે, કે રાજ્યે ઠરાવેલી કિંમતે એમણે બનાવેલો માલ ખરીદી લે, તો આ પ્રાથમિક કેળવણી એ છોકરાછોકરીઓને આજીવિકા કમાઈ લેવા જેટલું શિક્ષણ જરૂર આપે.

૪. ઉચ્ચ શિક્ષણ ખાનગી સાહસ પર છોડી દેવું જોઈએ; એ શિક્ષણમાં અનેક ઉદ્યોગ, કારીગરીની કળાઓ, સાહિત્ય, અથવા લલિત-કળા વગેરેમાં રાષ્ટ્રને આવશ્યક એવું શિક્ષણ આપવાની ગોઠવણ કરી શકાય.

સરકારી વિદ્યાપીઠો કેવળ પરીક્ષા લેનારી સંસ્થાઓ જ રહે, અને પોતાનું ખરચ પરીક્ષાઓની ફીમાંથી કાઢી સ્વાવલંબી બને.

વિદ્યાપીઠો કેળવણીના આખા ક્ષેત્રની સંભાળ રાખશે, અને કેળ-વણીનાં વિવિધ ક્ષેત્રોમાં અભ્યાસક્રમો તૈયાર કરશે અને મંજૂર કરશે. કોઈ પણ ખાનગી નિશાળ તે પ્રાંતની વિદ્યાપીઠની અગાઉથી મંજૂરી લીધા વિના ચાલવી ન જોઈએ. વિદ્યાપીઠ (યુનિવર્સિટી)ના 'ચાર્ટર' સુપાત્ર અને પ્રામાણિક માણસોના કોઈ પણ મંડળને છૂટે હાથે અપાવા જોઈએ; માત્ર એટલી ચોખવટ હમેશાં રાખવી જોઈએ કે, એ વિદ્યાપીઠો પાછળ સરકારને કંઈ જ ખરચ નહીં કરવું પડે. સરકાર માત્ર એક મધ્યવર્તી કેળવણી ખાતું જ ચલાવશે.

રાજ્યની જરૂરિયાતો પૂરી પાડવા માટે જે કંઈ શાળાઓની જરૂર પડે, તે ચલાવવાની જવાબદારી રાજ્યને માથેથી, આ યોજના પ્રમાણે, ઊતરી જતી નથી.

મારો દાવો એવો છે કે, જો આ આખી યોજના સ્વીકારવામાં આવે તો રાજ્યને તેના ભાવિ સર્જકો, યુવાનોના શિક્ષણનો જે સૌથી મોટો ચિંતાનો પ્રશ્ન છે તે ઊકલી જશે.

હ૦ બં૦, ૩–૧૦–'૩૭

# ૧૨

# ચાલુ શિક્ષણપ્રથાવાળાઓને

['હવાઈ તરંગો નહીં પણ ક્રિયા' એ લેખ]

ડૉ. એરંડેલે એમનો એક લેખ ઓરિયેંટ ઇલસ્ટ્રેટેડ વીકલીમાં પ્રસિદ્ધ થવાનો છે, તેની નકલ મને અગાઉથી મોકલી છે, ને તેની સાથે નીચેનો કાગળ લખ્યો છે:

"આપે એવી ઇચ્છા પ્રગટ કરી છે કે, હવે આ દેશમાં કેળવણી સ્વાવલંબી થવા માંડવી જોઈએ, ને આટલાં વરસ જેવી કૃત્રિમ રહી છે તેવી ન રહેવી જોઈએ. મેં હિંદુસ્તાનમાં કેળવણીના ક્ષેત્રમાં ત્રીસથી વધારે વરસ કામ કર્યું છે. મારો એક લેખ ઓરિયેંટ ઇલસ્ટ્રેટેડ વીકલીમાં પ્રસિદ્ધ થવાનો છે, તે આપને મોકલું છું. કદાચ એમાં કંઈક અંશે આપના વિચારોને મળતા વિચારો હશે. મને એમ અવશ્ય લાગે છે કે કેળવણીની એક રાષ્ટ્રીય યોજના હોવી જોઈએ, ને તેને પોતાના પ્રાંતમાં અમલમાં ઉતારવાનો દરેક રાષ્ટ્રીય પ્રધાને બનતો પૂરો પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રશ્નને સહેજસાજ પહોંચી વળવાના છૂટાછવાયા પ્રયાસો તો ઘણા થયા છે. મને લાગે છે કે, શિક્ષણના મહાસિદ્ધાંતોની ઘોષણા તત્કાળ કરવાની ઘણી જરૂર છે, જેથી બધા પ્રાંતોની વચ્ચે એક સર્વસામાન્ય પ્રયત્ન રહે, જેમાં પ્રજા અને સરકાર બંને જોડાય."

પ્રસ્તુત લેખમાંથી સૌથી વધારે અગત્યના અને ઉપયોગી ઉતારા હું નીચે આપું છું. કેવી રીતે કામનો આરંભ કરવો એની ચર્ચા કર્યા પછી લેખક કહે છે:

"રાષ્ટ્રીય કેળવણીના મૂળમાં કેવા સિદ્ધાંતો હોવા જોઈએ એ કહેવા જેટલી જગા અહીં મારી પાસે નથી. પણ હું એટલી આશા તો રાખું છું કે, છોકરા તેમ જ છોકરીઓ બંનેના શિક્ષણમાં આપણે 'શાળા' અને 'કૉલેજ' એવો હાસ્યાસ્પદ ભેદ ધીમે ધીમે કાઢી નાખીશું. કંઈક કરવું એ આખા શિક્ષણનો પ્રધાન સૂર હોવો જોઈએ.

"વિચાર ગમે તેટલો જાગ્રત થાય તોપણ જ્યાં સુધી તેનું ક્રિયારૂપે ફળ ન આપે, ત્યાં સુધી તેની કશી કિંમત ન ગણાય. એ જ વસ્તુ ભાવનાઓના અને લાગણીઓના શિક્ષણ વિષે પણ કહી શકાય. આધુનિક શિક્ષણપ્રથાઓમાં એને વિષે બહુ જ દુર્લક્ષ કરવામાં આવેલું છે. હિંદુસ્તાનના જુવાનો કામ કરનારા થાય, અને કેળવણી દ્વારા એમનું ચારિત્ર એવું ઘડાય કે તેમાંથી કંઈક કર્મ, કંઈક વ્યવહારુ કાર્ય કરવાની શક્તિ, કંઈક સેવા કરવાની શક્તિ નીપજે. હિંદુસ્તાનને એવા જુવાન નાગરિકોની જરૂર છે કે જેઓ સંજોગો કે વારસાએ કરીને જે કંઈ ક્ષેત્રમાં પડ્યા હોય ત્યાં કંઈક સારું કરી બતાવે. અભ્યાસના દરેક વિષયનું ધ્યેય સદાચાર હોય. આપણા શિક્ષકોએ બધી હકીકતોનું શિક્ષણ એવી જ રીતે આપવું જોઈએ કે જેથી વિદ્યાર્થીના ચારિત્રનો વિકાસ થાય. ચારિત્ર એ જ વ્યક્તિ તેમ જ રાષ્ટ્ર બંનેને માટે જીવનનો એકમાત્ર સુરક્ષિત પાયો છે.

"અને એક વાર ચારિત્ર જાગ્રત થશે એટલે કંઈક કરવાની સંકલ્પશક્તિ બળવાન બનશે, અને સ્વાવલંબન અને સ્વાર્પણ બંને દિશામાં એ વેગથી કામ કરવા લાગશે. ધરતીમાતાની જેટલે નજીક આવી શકાય તેટલે આવવાની, ખેતી વાટે એની પૂજા કરવાની, અને સાદાઈ તથા શુદ્ધ આચરણ દ્વારા તેના પર જેટલા ઓછા બોજારૂપ થવાય એટલા થવાની ઇચ્છા પેદા થશે. હું તો ચોક્કસ માનું છું કે, ધરતીમાતાનું કોઈ પણ બાળક તેની પાસેથી સીધી રીતે કંઈક પણ પોષણ મેળવવા અસમર્થ ન હોવું જોઈએ; અને હું તો કેળવણીમાં ધરતી સાથેનો સીધો સંબંધ — શહેરોની શિક્ષણસંસ્થાઓમાં પણ — કંઈક અંશે જરૂર દાખલ કરાવું.

"શિક્ષણની જે રૂઢિઓને લીધે આજે શિક્ષણ મોટે ભાગે નકામું થઈ પડ્યું છે તેને આપણે ફગાવી જ દેવી જોઈએ. અત્યારે રાષ્ટ્રીય પ્રધાનમંડળો છે એવે શુભ અવસરે આપણે સાચી કેળવણીની પદ્ધતિનું મંગળાચરણ કરવું જોઈએ. એ કેળવણી એટલે કંઈ ભણતર નથી. આપણે જૂના જમાનાની કેળવણીની ઘરેડોમાં જકડાઈ ગયા છીએ, અને ગાંધીજીએ સ્વાવલંબી કેળવણીની જે યોજના કાઢી છે તેને હું હૃદયપૂર્વક ટેકો આપું છું. તેઓ સૂચવે છે એટલે સુધી આપણે જઈ શકીશું એવી મારી ખાતરી નથી. છોકરાને સાત વરસની કેળવણી પછી 'કમાણી કરી શકે એવો બનાવીને કાઢવો જોઈએ' એ વાતમાં મારી પૂરેપૂરી સંમતિ છે. મને પોતાને લાગે છે કે, દરેક જણને, અંશતઃ કેળવણી દ્વારા, પોતાની સર્જનશક્તિનું ભાન થવું

જોઈએ. કેમ કે દરેક જણ એ વિકાસ પામતો ઈશ્વરી અંશ છે ને ઈશ્વરની જે પરમ શક્તિ — સર્જન કરવાની — છે તે એનામાં પણ છે. એ શક્તિ જાગ્રત ન થાય તો કેળવણી શા કામની? તો એ ભણતર હોય, પણ કેળવણી તો નહીં જ.

"મગજ જેટલું માથામાં છે તેટલું જ હાથમાં પણ છે. દીર્ઘ કાળ સુધી આપણે માથામાંની બુદ્ધિને ઈશ્વર રૂપે માની છે. બુદ્ધિએ આપણા પર જાલિમપણું કર્યું છે, એના હાંક્યા આપણે હંકાયા છીએ. અત્યારે ઉપસ્થિત થયેલી નવી સ્થિતિમાં તે આપણા અનેક સેવકોમાંની એક બનવી જોઈએ; અને આપણે સાદાઈને, કુદરતની સાદી સુંદરતાને, હાથની કારીગરીને — કલાકાર, કારીગર, ખેડૂત સૌના હાથપગના પરિશ્રમને — ઉચ્ચ ઉન્નત માનતાં શીખવું જોઈએ.

"હું જાણું છું કે, મને આવી જાતની કેળવણી મળી હોત તો મારું જીવન વધારે સુખી ને વધારે સમર્થ બન્યું હોત."

હું જે વ્યવહારુ માણસ તરીકે, વ્યવહારુ વાચકને માટે કહેતો આવ્યો છું તે ડૉ. એરંડેલે કેળવણીકાર તરીકે, કેળવણીકારને તથા જેમના હાથમાં દેશના જુવાનોનું ઘડતર છે તેમને ઉદ્દેશીને કહ્યું છે. સ્વાવલંબી કેળવણીના વિચાર વિષે તેઓ જે સાવચેતી રાખે છે તેનું મને આશ્ચર્ય નથી થતું. મારે મન તો એ જ મુખ્ય પ્રશ્ન છે. મને દુઃખ માત્ર એક જ વાતનું છે કે, જે વસ્તુ મને ગયાં ચાળીસ વરસથી ઝાંખી ઝાંખી દેખાતી હતી, તે હવે સંજોગોને બળે દીવા જેવી દેખાવા લાગી છે.

૧૯૨૦માં મેં ચાલુ શિક્ષણપ્રથાની સામે સખત વચનો કાઢેલાં. હવે મને સાત પ્રાંતોના પ્રધાનો પર થોડી તોપણ કંઈક અસર પાડવાની તક મળી છે. એ પ્રધાનોએ દેશની આઝાદીની લડતમાં મારી સાથે કામ કર્યું છે ને મારી પેઠે જ કષ્ટો સહન કર્યાં છે. એટલે અત્યારની શિક્ષણ-પદ્ધતિ તળિયાથી મથાળા સુધી અતિશય દૂષિત છે એ આક્ષેપ સિદ્ધ કરી બતાવવાની તક સાધવાનું મને મન થઈ આવે છે, તેને હું રોકી શકતો નથી. અને જે વસ્તુ હું આ પત્રમાં બહુ અધૂરી ભાષામાં વ્યક્ત કરવા મથી રહ્યો છું, તેનું દર્શન મને એકાએક ઝબકારાની પેઠે થયું છે, અને એ સત્યની પ્રતીતિ મને દરરોજ વધારે ને વધારે થતી જાય છે. એટલે દેશના જે કેળવણીકારોને કશો સ્વાર્થ સાધવાનો નથી ને જેમનાં

મન નવો વિચાર ઝીલવાને તૈયાર છે, તેમને હું કહેવાની હિંમત કરું છું કે, તેઓ મારી બંને સૂચનાઓ પર વિચાર કરે, અને અત્યારની શિક્ષણ-પ્રથા વિષેના તેમના લાંબા વખતથી જામી ગયેલા વિચારોને તેમની બુદ્ધિના સ્વતંત્ર પ્રવાહની આડે ન આવવા દે. હું કેળવણીના શાસ્ત્રીય અને રૂઢિમાન્ય રૂપથી છેક જ અજ્ઞાન છું એટલા માટે હું જે કહું છું ને લખું છું તેની સામે તેઓ વહેમાઈ જાય નહીં ને તેને પૂરો વિચાર કર્યા વિના ફેંકી ન દે. કહેવત છે કે, સાન ઘણી વાર બાળકના મોઢામાંથી પણ પ્રગટ થાય છે. बालादपि सुभाषितम् એ કદાચ કવિની અતિશયોક્તિ હોય, પણ જ્ઞાન બાળકોનાં મુખમાંથી પ્રગટ થાય છે એ વિષે કશી શંકા નથી. નિષ્ણાત વિદ્વાનો એને ઢોળ ચડાવે છે, અને તેને શાસ્ત્રશુદ્ધ રૂપ આપે છે. તેથી મારી વિનંતી છે કે, મારી સૂચનાઓનો તેઓ કેવળ ગુણદોષની દૃષ્ટિએ જ વિચાર કરે. એ સૂચનાઓ અહીં ફરી આપી જાઉં. પહેલાં આ છાપામાં જે રૂપમાં આપી છે તે રૂપમાં નથી આપતો, પણ આ લીટીઓ લખાવતાં મને જે ભાષા સૂઝે છે તે ભાષામાં લખાવું છું:

૧. આજે પ્રાથમિક, મિડલ અને હાઈસ્કૂલની કેળવણીને નામે જે ચાલે છે, તેની જગા સાત કે વધારે વરસ પહોંચે એવી પ્રાથમિક કેળ-વણીએ લેવી જોઈએ. એ કેળવણીમાં અંગ્રેજીને બાદ કરતાં મૅટ્રિક લગીના સર્વ વિષયો, અને તે ઉપરાંત એકાદ ઉદ્યોગ, એટલાનું જ્ઞાન અપાય. ઉદ્યોગ એ જ્ઞાનનાં સર્વ ક્ષેત્રોમાં છોકરાછોકરીઓનાં મનનો વિકાસ સાધવાના સાધનરૂપ હોય.

૨. એવી કેળવણી, એકંદરે જોતાં, સ્વાવલંબી હોઈ શકે, હોવી જોઈએ જ; વસ્તુતઃ સ્વાવલંબન એ તેની યથાર્થતાની કસોટી છે.

હ૦ બં૦, ૩–૧૦–’૩૭

## ૧૩

# ઉદ્યોગ વાટે કેળવણી

[ગાંધીજીએ તેમનાં અનેક સંભાષણોમાં, એમના મનમાં નવી કેળવણીની યોજના કેવી રીતે ઉદ્‌ભવી, અને ઉદ્યોગ અને શિક્ષણનો સંયોગ કેવી રીતે કરવાનો વિચાર એમના મનમાં છે, તે વિસ્તારથી સમજાવ્યું છે. તે એમના જ શબ્દોમાં અહીં આપું છું. **—મહાદેવ દેસાઈ**]

કેળવણીમાં નવો ચીલો પાડવાની જરૂર મને ઘણો વખત થયાં સમજાઈ હતી, કેમ કે હું દક્ષિણ આફ્રિકાથી પાછો ફર્યો ત્યારે મને જે અનેક વિદ્યાર્થીઓ મળવા આવતા, તેમની મારફતે હું જાણી શકયો હતો કે, આધુનિક કેળવણી છેક જ નિષ્ફળ નીવડી છે. એટલે મેં આશ્રમની શાળામાં હાથઉદ્યોગનું શિક્ષણ દાખલ કર્યું. હકીકતમાં ત્યાં ઉદ્યોગશિક્ષણ પર વધારે ભાર દેવામાં આવેલો; એનું પરિણામ એ આવ્યું કે, બાળકો ઉદ્યોગશિક્ષણથી થોડા વખતમાં કંટાળી ગયાં અને એમને થયું કે એમને અક્ષરજ્ઞાન કંઈ જ આપવામાં આવતું નથી. એ એમની માન્યતા ખોટી હતી, કેમ કે એમને જે થોડુંક અક્ષરજ્ઞાન અપાતું હતું તે પણ જૂની ઢબની નિશાળોમાં બાળકોને સામાન્યપણે મળે છે તેના કરતાં વધારે હતું. પણ એ વસ્તુએ મને વિચાર કરતો કરી મૂકયો, અને હું એ નિર્ણય પર આવ્યો કે, ઉદ્યોગની સાથે અક્ષરજ્ઞાન નહીં પણ ઉદ્યોગ વાટે અક્ષરજ્ઞાન આપવું એ જ ખરો રસ્તો છે: તો ઉદ્યોગશિક્ષણ વૈતરું લાગતું મટી જશે, અને અક્ષરજ્ઞાન સંગીન અને નવી જ રીતે ઉપયોગી બનશે. મહાસભાએ હોદ્દા સ્વીકાર્યા એટલે મને મારો વિચાર દેશ આગળ મૂકવાનું સૂઝયું, અને એનો ઘણી જગ્યાએથી સત્કાર થયો છે એ જોઈને મને આનંદ થાય છે.

અંગ્રેજીને આ અભ્યાસક્રમમાંથી કાઢી નાખવાનો નિશ્ચય અમે એટલા માટે કર્યો છે કે, બાળકોનો ઘણોખરો વખત અંગ્રેજી શબ્દો ને પ્રયોગો ગોખવામાં ચાલ્યો જાય છે; અને તે છતાં તેઓ જે શીખ્યાં હોય

છે તે પોતાની ભાષામાં મૂકી શકતાં નથી, તેમ જ શિક્ષક જે શીખવે તે બરાબર સમજી શકતાં નથી. ઊલટું તેઓ પોતાની ભાષા કેવળ ઉપેક્ષાને લીધે જ ભૂલી જાય છે. આ બંને અનિષ્ટો ટાળવાનો એક જ રસ્તો તે ઉદ્યોગશિક્ષણ વાટે કેળવણી આપવાનો છે એમ મને દેખાયું.

હું પહેલે દિવસે શરૂઆત કરું એમાં એ જાણી લઉં કે, વિદ્યાર્થીઓની માનસિક શક્તિ કેવી છે — એમને લખતાં-વાંચતાં આવડે છે કે નહીં, ભૂગોળ આવડે છે કે નહીં; અને પછી તકલી દાખલ કરીને એમની એ આવડતમાં વધારો કરવાના પ્રયત્નથી શરૂઆત કરું.

હવે તમે મને પૂછી શકો છો કે, બીજા ઘણા હાથઉદ્યોગો છે તેમાંથી મેં તકલી જ શા માટે પસંદ કરી? કેમ કે તકલી પર કાંતવું એ આપણે માણસોએ શોધી કાઢેલા હાથઉદ્યોગમાંનો એક પ્રથમ ઉદ્યોગ છે ને તે યુગો થયાં ટકી રહેલો છે. છેક પ્રાચીન યુગમાં આપણું બધું કાપડ તકલી પર કાંતેલા સૂતરમાંથી બનતું. રેંટિયો તો પછી આવ્યો; અને ઝીણામાં ઝીણા આંકનું સૂતર રેંટિયા પર કાંતી શકાતું નહીં, એને માટે તો તકલી જ લેવી પડતી. તકલીની ખોળ કરવામાં માણસની શોધકબુદ્ધિ પહેલાં કદી પહોંચી નહોતી એટલી ઊંચાઈએ પહોંચી. આંગળીઓની કુશળતાનો સારામાં સારો ઉપયોગ એ કામમાં કરવામાં આવ્યો. પણ તકલી કેવળ અશિક્ષિત કારીગરોના હાથમાં રહી, એટલે એનો વાપર બંધ થઈ ગયો. આજે જો આપણે એની કીર્તિ સજીવન કરવી હોય, ગ્રામજીવનને સજીવન ને પગભર કરવું હોય, તો આપણે બાળકોની કેળવણીનો આરંભ તકલીથી કરવો જોઈએ.

એટલે બીજા પાઠમાં હું છોકરાઓને એ શીખવું કે, તકલીનું આપણા નિત્યના જીવનમાં કેવું સ્થાન હતું. તે પછી હું તેમને થોડોક ઈતિહાસ શીખવું ને તકલીનો અસ્ત કેવી રીતે થયો તેની વાત કહું. તે પછી હિંદુસ્તાનના ઈતિહાસનો થોડોક ક્રમ આવે — તેમાં ઈસ્ટ ઇંડિયા કંપનીથી કે તેથી પણ અગાઉના મુસલમાન સમયથી શરૂઆત થાય; અને ઈસ્ટ ઇંડિયા કંપનીએ આપણા દેશનું શોષણ કેવી રીતે કર્યું, આપણા મુખ્ય હાથઉદ્યોગને ઇરાદાપૂર્વક કેવી રીતે ગૂંગળાવી નાખવામાં ને છેવટે

મારી નાખવામાં આવ્યો, એનું વિગતવાર વર્ણન આવે. તે પછી યંત્રશાસ્ત્રની — તકલીની રચનાની થોડીક સમજ અપાય. તકલી એ શરૂઆતમાં તો માટીનો કે ભીંજવીને સૂકવેલા લોટનો નાનો ગોળો ને તેમાં વચ્ચે કાણું પાડીને ઘાલેલી વાંસની સળી એટલું જ હશે. બિહાર અને બંગાળના કેટલાક ભાગમાં આવી તકલી હજુ ચાલે છે. પછી માટીના ગોળાની જગા ઈંટના ચકતાએ લીધી હશે; અને હવે આપણા યુગમાં ઈંટના ચકતાની જગા લોખંડ કે પોલાદ કે પીતળના ચકતાએ અને વાંસની સળીની જગા લોખંડના તારે લીધી છે. આમાં પણ, ચકતું ને તાર અમુક કદનાં જ શા માટે છે, વધારે ઓછા કદનાં કેમ નથી, એ સમજાવવાથી બાળકને ઘણું જ્ઞાન આપી શકાય. તે પછી વિષે — તે ક્યાં ઊગે છે, તેની કઈ કઈ જાતો છે, તે અત્યારે દુનિયાના કયા કયા દેશોમાં ને હિંદુસ્તાનના કયા કયા પ્રાંતોમાં ઊગે છે, વગેરે વિષે થોડાંક વ્યાખ્યાનો અપાય. વળી એની ખેતીને વિષે, એને માટે કેવી જમીન સારામાં સારી ગણાય, વગેરે પણ સમજાવવામાં આવે. એને અંગે થોડુંક ખેતીનું જ્ઞાન પણ આપવું પડે.

તમે જોશો કે, આ જ્ઞાન શિક્ષક એના વિદ્યાર્થીઓને આપી શકે તે પહેલાં તેણે પોતે તે પચાવેલું હોવું જોઈએ. કાંતેલા તાર ગણવા, સૂતરનો આંક કાઢવો, આંટી બનાવવી, સૂતરને વણકરને ત્યાં મોકલવા તૈયાર કરવું, અમુક વીશીના કાપડમાં આડા ઊભા તાર કેટલા જોઈએ, વગેરે શીખવતાં આખું પ્રાથમિક ગણિત શીખવી શકાય. કપાસ ઉગાડવાથી માંડીને કાપડ તૈયાર થતાં સુધીની દરેક ક્રિયા — કપાસ વીણવો, લોઢવો, રૂ પીંજવું, કાંતવું, પવાયત કરવી, વણવું, — બધામાં રહેલાં યંત્રશાસ્ત્રનાં મૂળતત્ત્વો, અને એ વિષયને અંગેનાં ઈતિહાસ અને ગણિત, એ બધું શીખવી શકાય.

આમાં મુખ્ય વિચાર એ રહેલો છે કે, બાળકને જે હાથઉદ્યોગ શીખવાય તેની મારફતે તેને શરીર, મન અને આત્માની બધી કેળવણી આપી દેવી. હાથઉદ્યોગની બધી ક્રિયાઓ શીખવતાં શીખવતાં બાળકની અંદર જે હીર રહેલું હોય તે બહાર ખેંચી આણવાનું છે; અને ઈતિહાસ, ભૂગોળ, ગણિત વગેરેના પાઠ એ ઉદ્યોગના અનુસંધાનમાં શીખવવાના છે.

આવી કેળવણી અપાય તો તેનું સીધું પરિણામ એ આવે કે, તે સ્વાવલંબી બને. પણ એની સફળતાની કસોટી એ નથી કે તે સ્વાવલંબી બને; પણ શાસ્ત્રીય રીતે હાથઉદ્યોગનું શિક્ષણ આપતાં આપતાં બાળકની અંદર રહેલો સર્વાંગી મનુષ્ય બહાર આણેલો હોય, એ એની સફળતાની કસોટી છે. વસ્તુતઃ, જે શિક્ષક એને ગમે તેમ કરીને સ્વાવલંબી બનાવવાનું વચન આપે, તેને તો હું રાખું જ નહીં. શિક્ષણ સ્વાવલંબી નીવડે એ તો વિદ્યાર્થી પોતાની દરેક શક્તિનો ઉપયોગ કરતાં શીખ્યો હોય તેમાંથી ગૌણ રૂપે ફલિત થાય. જે છોકરો રોજના ત્રણ કલાક હાથઉદ્યોગનું કામ કરે, તે જો પોતાની આજીવિકા જેટલું કમાઈ શકે, તો જે છોકરો કામની સાથે સાથે મન અને આત્માનો વિકાસ પણ સાધે, તે તો કેટલું વધારે મેળવે!

હ૦ બં૦, ૧૨–૬–'૩૮

## ૧૪

# કેટલાક કીમતી અભિપ્રાય

['ઉદ્યોગ દ્વારા શિક્ષણને બે ટેકા' એ લેખ]

૧

જોકે વિનોબા અને હું માત્ર પાંચ માઈલના જ આંતરે પડ્યા છીએ, છતાં બંને કામમાં ગૂંથાયેલા હોવાથી ને બંનેની તબિયત જરા લથડેલી હોવાથી એકબીજાને ભાગ્યે જ મળીએ છીએ. તેથી કેટલુંક કામ પત્ર દ્વારા આટોપી લઈએ છીએ.

"આપના શિક્ષણ વિષેના છેલ્લા વિચારો મને બહુ જ ગમી ગયા છે. મારા વિચારો એ જ દિશાએ વહે છે. 'ઉદ્યોગ + શિક્ષણ' એ દ્વૈતી ભાષા મને ગમતી જ નથી. હું તો 'ઉદ્યોગ = શિક્ષણ' એવું અદ્વૈતી સમીકરણ માનું છું. શિક્ષણ સ્વાવલંબી થઈ શકે છે એ વિષે મને મુદ્દલ શંકા નથી. જેમાં સ્વાવલંબન નથી તેને ગામડાંની દૃષ્ટિએ 'શિક્ષણ' સંજ્ઞા જ ન આપી શકાય, એમ મને તો લાગે છે. આપના વિચારોની સાથે આ બાબતમાં હું સંપૂર્ણ સંમત હોવાથી તે વિષે

ખાસ લખવાની ઇચ્છા નથી થઈ. તેનો પ્રયોગ કરવાની ઇચ્છા થાય છે. થોડોક કર્યો પણ છે, અને ઈશ્વરની ઇચ્છા હશે તો આ વિષયનો નિર્ણય લાવવાની પણ ઉમેદ રાખીશ.”

મજકૂર વિચાર એવા એક કાગળમાંથી મેં ઉતાર્યો છે. એ વિચારને હું બહુ મહત્ત્વ આપું છું, કેમ કે એ દિશામાં કેટલાક પ્રયોગો વિનોબાએ કર્યા છે તેટલા મેં કે મારા બીજા સાથીઓમાંથી કોઈએ કર્યાનું મારી જાણમાં નથી. તકલીની ગતિમાં જે ક્રાંતિકારક વધારો થયો છે, તેના મૂળમાં વિનોબાની પ્રેરણા અને એમનો અથાગ શ્રમ છે. મોટી સંસ્થા ચલાવતાં છતાં એમણે આઠ આઠ ને દસ દસ કલાક રેંટિયો ને તકલી ચલાવ્યાં છે. અને શિક્ષણમાં આ ઉદ્યોગને પ્રથમથી જ એમણે મહત્ત્વનું સ્થાન આપ્યું છે. એટલે જેને હું મારી મૌલિક શોધ ગણું છું, એટલે કે ઉદ્યોગ દ્વારા સ્વાવલંબી શિક્ષણ, એની સાથે વિનોબા સહેજે સંપૂર્ણપણે સંમત છે એ મારે સારુ તો બહુ ઉત્તેજક વાત છે જ. અને જેઓ વિનોબાને ઓળખે છે તેઓ પણ તેથી પોતાની શ્રદ્ધા દૃઢ કરશે અથવા તો નહીં હોય તો શ્રદ્ધા લાવશે, એવી આશાએ એમનો મત મેં અહીં ઉતાર્યો છે.

૨

શ્રી વિનોબાનો ટેકો એ મારે સારુ નવાઈની વાત નથી, અને હરિજનબંધુના વાંચનારને પણ નવાઈ નહીં લાગે. પણ જો તેમનો ટેકો ન મળે તો મારે વિમાસણમાં પડવું જોઈએ. મારા જૂનામાં જૂના સાથીઓને જે વાત હું ન સમજાવી શકું એ પ્રજાને સમજાવવાની હામ ભીડું તે મૂર્ખાઈ ગણાય અથવા ધૃષ્ટતા તો ગણાય જ. પણ નીચેનો શ્રી મનુ સૂબેદારનો કાગળ મળ્યો તેથી મને અવશ્ય સાનંદાશ્ચર્ય થયું. એમની સાથે હું કેળવણી, મદ્યનિષેધ વગેરે પરના મારા વિચારો વિષે પત્રવ્યવહાર ચલાવી રહ્યો છું. તેને પરિણામે નીચેનો પત્ર આવ્યો છે. એ જોઈને વાંચનાર પણ રાજી થશે. તેમણે મજકૂર કાગળની સાથે અંગ્રેજીમાં કેટલીક સૂચના મોકલી હતી એ હું હરિજનમાં તો પ્રગટ કરી ચૂક્યો છું.

“કેળવણીનો બોજો વિદ્યાર્થીઓ કેટલે અંશે ઉપાડે, અને તેમના ભવિષ્યમાં સુધારો થઈને તુરતમાં શરીરને વ્યાયામ મળે, ઉદ્યોગના કાર્યમાં મળતી શિસ્ત વગેરેથી તેમના મનનો વિકાસ કેમ થાય, એ

વિચારો કરી રહ્યો હતો, ત્યાં આપ કેળવણીની પરિષદમાં પ્રમુખપણું સ્વીકારો છો એવા ખબર મળ્યા, એટલે આ વિષય ઉપર તૈયાર કરેલી નોંધો આપને તુરત મોકલી આપવી એમ લાગ્યું.

"ગૃહઉદ્યોગની યોજનાઓ અને શાળાઉદ્યોગની યોજનાઓમાં કાંઈ જ ફરક નથી. સિવાય કે શાળાઉદ્યોગને કાચો માલ પૂરો પાડવો જ જોઈએ; અને ગૃહઉદ્યોગને પાડચો હોય તો સારું, પણ હમેશ એ બની શકતું નથી.

"બધી જાતના સાંચા ('મોલ્ડ') અને હાથનાં યંત્રો ('પ્રેસીસ') બનાવનારી સંસ્થા કદાચ સરકારે ઊભી કરવી જોઈશે, કારણ કે ખરચમાં સંકુચિત રહેવાનું હજુ ઘણાં વરસ સુધી રહેશે. કદાચ જેલોનો ઉપયોગ આમાં થઈ જાય.

"સામાન્ય યોજના બનાવીને દરેક શહેર અને જિલ્લામાં મોકલવી જોઈશે, અને ત્યાં શી સગવડો છે અને કયો કાચો માલ સહેજે, સાવ મામૂલી કિંમતે મળે તે વિગતો મેળવવી જોઈશે. શહેરોમાં તો ઘણી સગવડ મળશે. ગામડાંમાં શું થઈ શકે તેનો વિચાર મારા કરતાં વધુ માહિતી ધરાવનારાઓ કરશે.

"જે ગામમાં નિશાળ જેવું કાંઈ નથી ત્યાં તો એ ઘણી સુગમ વાત છે કે, કામ કરી કરાવી શકે તેવી વ્યક્તિને પહેલેથી જ નીમવામાં આવે. ભણતર ભણાવે અને સાથે કામ કરાવે એ બંને ચીજો ભેગી થાય તો ઘણું જ સારું.

"આપે પ્રથમ કહ્યું ત્યારે જે ઘણું મુશ્કેલ લાગતું હતું તેનો થોડોક વિચાર થતાં, ઉદ્યોગહુન્નર, બેકારી અને કેળવણી એ ત્રણ મોટા સવાલોનો એકસાથે નિવેડો સંગઠન કરીને કેમ થાય તે દેખાવા માંડયું છે. ગઈ અઢારમીના हरिजनમાં एक अध्यापकનું લખાણ વાંચ્યા પછી મને લાગે છે કે, કેળવણીમાં પણ વેસ્ટેડ ઇંટરેસ્ટ (જામી ગયેલા સ્વાર્થો) જેવું કાંઈક છે, અને તે આપ કહો છો તેમ પ્રથમથી બંધાઈ ગયેલા ખોટા વિચારો છે. જ્ઞાનેશ્વર મહારાજ કહે છે કે પોપટ નળી પર બેસે છે ને પોતે તેને પકડી રાખે છે અને પછી કહે છે કે હું બંધાયેલો છું.

"ગરીબ દેશમાં કેળવણી અને ઉદ્યોગને છૂટાં પાડવાં પોસાય નહીં. થોડાંક કપડાંમાં અંગ ઢાંકવાનું રહ્યું, માટે જરાક વધુ તકલીફનો માર્ગ સ્વીકારવો જોઈએ. પરદેશી રાજ્યે તે તકલીફ લીધી નહીં.

'પૈસા ઓછા છે તો કેળવણી ઓછી આપો,' એમ વિદેશી જ કહી શકે. મહાસભાના રાજ્યમાં જેનાથી જે બોજો ખમાય તેણે ખમવો. વિદ્યાર્થીઓ કેટલો બોજો ખમી શકે તેની પાકી તપાસ થતાં દેખાશે કે, વ્યવસ્થા થઈ હોય તો ઘણો સારો ફાળો કેળવણીના ખરચમાં તેઓ આપે, અને ઊલટું મોટા થઈ પોતે રોજી મેળવે એવું પણ કાંઈક શીખે."

હ૦ બં૦, ૧૦–૧૦–'૩૭

## ૩

['એક અધ્યાપકનો ટેકો' એ લેખ]

"બાળકને કંઈ પણ ઉપયોગી હાથઉદ્યોગ શાસ્ત્રીય અને સંસ્કારી ઢબે શીખવવો અને તેના શિક્ષણનો આરંભ થાય તે ક્ષણથી જ એને કંઈક વસ્તુ પેદા કરતાં શીખવવું, એ આપની સૂચના સાથે હું સંમત છું, એટલું જ નહીં પણ એનું આગ્રહપૂર્વક સમર્થન પણ કરું છું. આ ક્રાંતિકારક સૂચના છે એમાં શક નથી, પણ હું એમાં સોએ સો ટકા સંમત છું. નીતિ, સંસ્કાર અને આર્થિક લાભની દૃષ્ટિએ એની કિંમત વ્યક્તિને તેમ જ રાષ્ટ્રને માટે પાર વિનાની છે. એથી શરીરશ્રમનું ગૌરવ સમજાશે, એટલું જ નહીં પણ સ્વાશ્રયની ભાવના કેળવાશે અને જીવનમાં સર્જનનું યોગ્ય સ્થાન શું છે એની બરાબર સમજ આવશે. બુદ્ધિ, શરીર, નીતિ અને ઉદ્યોગ એ બાબતોમાં બાળકની જરૂરિયાતો પૂરી પાડવી ને તેની શક્તિ વિકસાવવી એ આપણું ધ્યેય હોવું જોઈએ. ઉદ્યોગના શિક્ષણમાં બાળકને ઉત્પાદનની બધી ક્રિયાઓના સામાન્ય સિદ્ધાંતો શીખવાશે, અને તેની સાથે બાળક કે જુવાનને સર્વ ઉદ્યોગોનાં સાદામાં સાદાં ઓજારો વાપરવાનું વ્યવહારુ શિક્ષણ મળશે. આપણો આદર્શ એ હોવો જોઈએ કે, ઊછરતી પેઢીને ભણતરની સાથે સાથે જેમાં કંઈક સર્જનની જરૂર હોય એવું કામ શીખવવામાં આવે. એનો અર્થ એ છે કે, સામાન્ય કેળવણીની સાથે શારીરિક કામને જોડવામાં આવે; અને એનું ધ્યેય એ છે કે, જેની સાથે શારીરિક કામનો મેળ સાધી શકાય એવી ઉદ્યોગની સર્વ શાખાઓનો સાધારણ ખ્યાલ બાળકને મળે. બૌદ્ધિક અને નૈતિક પ્રયાસની સાથે જોડેલો શારીરિક શ્રમ એને આપણી કેળવણીમાં પ્રધાનપદ હોવું જોઈએ. મગજ અને હાથપગનાં કામને વિખૂટાં ન પાડવાં જોઈએ.

"આપણી પ્રાથમિક કેળવણીની પદ્ધતિમાં આપણે આટલી વસ્તુઓનો સમાવેશ કરવો જોઈએ.

૧. જન્મભાષા
૨. અંકગણિત
૩. પ્રાકૃતિક વિજ્ઞાન
૪. સમાજશાસ્ત્ર
૫. ભૂગોળ અને ઇતિહાસ
૬. અંગમહેનતનું અથવા હુન્નરઉદ્યોગનું કામ
૭. કસરત
૮. કળા અને સંગીત
૯. હિંદુસ્તાની

"અહીં સવાલ એ જ ઊભો થાય છે કે, બાળકની કેળવણીની શરૂઆત કઈ ઉંમરે થવી જોઈએ? પાંચ કે છ વરસની ઉંમરે કેળવણી શરૂ થાય, તો એ ઉંમરે કંઈક ઉપયોગી હાથઉદ્યોગની શરૂઆત કરી શકાય ખરી? એ શીખવવામાં જે ખરચ થાય તેનું શું? એ અક્ષર-જ્ઞાનના પ્રચાર કરતાં સહેલું ને ઓછું ખરચાળ નહીં થાય. હું આઠ કે દસ વરસની ઉંમરે હાથઉદ્યોગની શરૂઆત કરું, કેમ કે ઓજાર વાપરવામાં એને હાથની શક્તિ અને ધારણ જોઈએ જ. પણ પ્રાથમિક શિક્ષણની શરૂઆત તો ઓછામાં ઓછાં પાંચ કે છ વરસની ઉંમરે થવી જોઈએ. બાળકને એથી વધારે રાહ જોવડાવી શકાય નહીં. આપણે બાળકને જે ઉદ્યોગનું શિક્ષણ આપવાનો ઇરાદો રાખીએ છીએ, તે ઉપરાંત મૅટ્રિક જેટલા ધોરણે બાળકને લઈ જવા માટે આપણી પાસે દસ વરસનો અભ્યાસક્રમ હોવો જોઈએ. પણ આ બાળકોએ પેદા કરેલી ચીજો—ખાસ કરીને બહુ નાનાં બાળકો—ની આર્થિક કિંમત વિષે મને શક છે ખરો. જ્યાં વેપારમાં કશા પ્રતિબંધો નથી અને જાત જાતની નિતનવી ફૅશનો નીકળે છે એવા દેશમાં, અને વળી એ ચીજો પણ ટકાઉ કે સફાઈદાર ન હોય એવે વખતે, એ વેચાઈ નહીં શકે. રાજ્ય જો એ ખરીદી લે, અથવા તો કંઈક સેવા કે મદદ આપી તેના બદલામાં તે લે, તો એ ચીજોનું તે શું કરશે? રાજ્ય આમ કરે એના કરતાં તો કેળવણી પર સીધી રીતે પૈસા ખરચે એ વધારે સારું. બેશક, મોટી ઉંમરના, દાખલા તરીકે બારથી સોળ વરસના છોકરાઓએ બનાવેલી ચીજોને બજારમાં વેચી શકાય એવી બનાવી શકાય ખરી, અને તેથી એમાંથી ઠીક ઠીક આવક કરી શકાય ખરી.

"હું તો અક્ષરજ્ઞાનના પ્રશ્નનો વિચાર જુદી રીતે કરું, અને એને માટે કર નાખવાની ને ખરચ કરવાની જરૂર પડે તો તે ખુશીથી કરું.

"ઉપયોગી હાથઉદ્યોગનો વિચાર પ્રાથમિક કેળવણીનાં આગલાં (અથવા માધ્યમિક) ધોરણોમાં ઠીક ઠીક વિકસાવી શકાય. ઓછામાં ઓછું અમુક અંશે એને સ્વાવલંબી બનાવવાનો પ્રયત્ન તો કરવો જોઈએ; અને અનુભવ મળ્યા પછી, પેદા થયેલી ચીજોની કિંમતને ધોરણે તેને બની શકે તો પૂરેપૂરી સ્વાવલંબી બનાવવી જોઈએ. માત્ર એક જોખમની સામે રક્ષણ કરવું પડશે; તે એ કે, શરીર, મન અને આત્માના સંસ્કારની કેળવણી આર્થિક હેતુ અને નિશાળની આર્થિક વ્યવસ્થા આગળ છેક જ ગૌણ ન બની જાય.

"પ્રાથમિક કેળવણીને અત્યારના મૅટ્રિકમાંથી અંગ્રેજી બાદ કરીએ (અને, હું ઉમેરું કે હિંદુસ્તાની ઉમેરીએ) એટલા ધોરણે પહોંચાડવાની આપની સૂચના પણ મને કબૂલ છે. એનો અર્થ એ છે કે, આપ પ્રાથમિક કેળવણીમાં માધ્યમિક કેળવણીનો પણ સમાવેશ કરો છો. આપનો વિચાર નિશાળની કેળવણીને, કહો કે દસ વરસનો, એક સંપૂર્ણ ઘટક બનાવવાનો છે. હું એમાં એટલું ઉમેરું કે, એ કેળવણી સ્વભાષા દ્વારા જ અપાય ને બીજી કોઈ ભાષા દ્વારા નહીં. એથી બાળકનું મન સ્વતંત્ર થશે, એના મનમાં જ્ઞાન અને જીવનના પ્રશ્નો વિષે ઊંડો રસ પેદા થશે, અને બાળકમાં સર્જનની શક્તિ ને એની દૃષ્ટિ આવશે.

"હું કબૂલ કરું છું કે, મધ્યયુગમાં કેળવણી મોટે ભાગે સ્વાવલંબી હતી; અને જો આપણી સામાજિક, આર્થિક અને રાજકીય વ્યવસ્થા અને દૃષ્ટિ મધ્યયુગીન રહે તો કેળવણીને સામાન્યપણે સ્વાવલંબી બનાવી શકાય ખરી. મધ્યયુગીન એટલે કે વર્ગ અને વર્ણની અર્થ-વ્યવસ્થા, સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થાના જૂના ને સંકુચિત વિચારોને વળગી રહેનારી. પણ આજે જ્યારે આપણને લોકશાસન, રાષ્ટ્રવાદ અને સમાજવાદની કલ્પનાઓ વ્યાપી રહેલી છે, એવે વખતે કેળવણી સ્વાવલંબી નહીં બની શકે. સમાજમાં એકમાત્ર સંગઠિત અને શાસનબળ તથા સાધનસામગ્રીથી સંપન્ન એવી શક્તિ તે સરકાર જ છે. એટલે આ કામ એણે માથે લેવું જ રહ્યું. જૂના શક્તિ-સમૂહો—નાત, વર્ગ, મહાજન, પાઠશાળા, ધર્મસંઘ—માં શક્તિ, શાસનબળ કે સાધનસામગ્રી રહ્યાં નથી, અને જૂના જમાનામાં જે વિશાળ અર્થમાં એનું અસ્તિત્વ હતું એવું હવે રહ્યું નથી. લોકોને પણ એના પર આસ્થા રહી નથી. સામાજિક શક્તિ બધી રાજકીય સમૂહ પાસે

જતી રહી છે. અને હિંદુસ્તાનમાં પણ રાજકીય શક્તિ એ જ આર્થિક અને સામાજિક શક્તિ બની ગઈ છે. એટલે બે આદર્શો—એક મધ્ય-યુગીન ને બીજો અર્વાચીન—જોડાજોડ નહીં ચાલે. ભૂતકાળમાં નહોતી સાર્વત્રિક કેળવણી, નહોતું લોકશાસનવાળું એકતંત્રી રાજ્ય, કે નહોતી રાષ્ટ્રીય સમાનદર્શી દૃષ્ટિ.

"કેળવણીમાં જુવાનોની સેવા ફરજિયાત લેવી એ વિચાર હવે નવો નથી, પણ એ પ્રમાણે કરવા જેવું છે ખરું. મહાસભા અને તેના પ્રાંતિક પ્રધાનો તેમના અધિકારની રૂએ દેશના બુદ્ધિશાળી વર્ગને વિનંતી કરી જુએ; અને જેમને જનસમૂહની કેળવણી માટે દાઝ હોય એવા સહુ પ્રજામાં અક્ષરજ્ઞાન, સંસ્કાર અને શિક્ષણનો પ્રચાર કરવામાં સરકારની મદદે આવે એવી હાકલ એમને કરે. એથી જનસમૂહની સાથે નવી જ રીતનો સંપર્ક સધાશે—કેવળ આર્થિક કે રાજકીય વિષયનો જ સંબંધ નહીં રહે. પ્રજાની સામુદાયિક શક્તિ ને બુદ્ધિને જાગ્રત કરવી, સંગઠિત કરવી ને વ્યવસ્થિત કરવી એ ઉચ્ચતર હેતુ પણ એથી સધાશે."

મેં સ્વાવલંબી પ્રાથમિક કેળવણી વિષે પહેલી વાર લખ્યું ત્યારે શિક્ષણક્ષેત્રના સાથીઓને તેમના અભિપ્રાયો મોકલી આપવાની વિનંતી કરી હતી. સૌથી પ્રથમ અભિપ્રાયો મોકલનારમાં કાશી હિંદુ વિશ્વવિદ્યા-લયવાળા અધ્યાપક પુણતાંબેકર એક હતા. એમણે લાંબો, દલીલોથી ભરેલો જવાબ મોકલ્યો હતો. પણ જગાને અભાવે હું અત્યાર પહેલાં એ આ પત્રમાં આપી શક્યો ન હતો. ઉપર એમના અભિપ્રાયનો સૌથી વધારે પ્રસ્તુત ભાગ આપ્યો છે. સંક્ષેપને સારુ અક્ષરજ્ઞાન અને કૉલેજની કેળવણી વિષેના ભાગો કાઢી નાખ્યા છે. કેમ કે આ માસની ૨૨મી અને ૨૩મી તારીખે ભરાનારી પરિષદમાં ચર્ચાનો મુખ્ય વિષય ઉદ્યોગ દ્વારા સ્વાવલંબી પ્રાથમિક કેળવણી એ રહેશે.

હ૦ બં૦, ૨૪–૧૦–'૩૭

# ૧૫

# કેટલીક ટીકાઓ

['કેટલીક ટીકાનો જવાબ' એ લેખ]

સરકારી કેળવણી ખાતામાં ઊંચો હોદ્દો ધરાવનાર એક અમલદાર, જે પોતાનું નામ પ્રગટ થવા દેવા ઇચ્છતા નથી, તેમણે પ્રાથમિક કેળવણીની મારી યોજના પર વિસ્તૃત અને વિચારપૂર્વક કરેલી ટીકા, અમારા બંનેના મિત્ર એવી એક વ્યક્તિ મારફતે, મોકલી છે. જગાના અભાવે એ આખી દલીલ હું અહીં નહીં આપું. તેમ જ એમાં કંઈ નવું છે પણ નહીં. અને છતાં, લેખકે એમના લેખ પાછળ જે પરિશ્રમ લીધો છે એટલાને ખાતર પણ, એને જવાબ આપવો ઘટે છે.

મારી સૂચનાઓનો ભાવાર્થ લેખકે આ પ્રમાણે આપ્યો છે:

"૧. પ્રાથમિક કેળવણીનો આરંભ અને અંત હુન્નરઉદ્યોગથી થવો જોઈએ, અને સામાન્ય માહિતીનું શિક્ષણ આપવું પડે તે આરંભકાળમાં ગૌણ રૂપે અપાય; અને વાચનલેખન દ્વારા અપાતું ઇતિહાસ, ભૂગોળ અને ગણિતનું રીતસરનું શિક્ષણ છેક જ છેડે આવે.

૨. પ્રાથમિક કેળવણી શરૂઆતથી જ સ્વાવલંબી હોવી જોઈએ, અને રાજ્ય નિશાળો પાસેથી તૈયાર માલ વેચાતો લે ને તે લોકોને વેચે, તો નિશાળો સ્વાવલંબી બની શકે.

૩. પ્રાથમિક કેળવણીમાં છેક મૅટ્રિક સુધીનું ભણતર આવી જાય — બેશક એમાંથી અંગ્રેજી તો બાદ થાય જ.

૪. યુવકો અને યુવતીઓ પાસેથી પ્રાથમિક શાળાઓમાં ભણાવવાનું કામ ફરજિયાત કરાવવાનો જે વિચાર અધ્યાપક ખુશાલ શાહે કાઢ્યો છે તેની પૂરી તપાસ કરવી જોઈએ ને બને તો તેનો અમલ કરવો જોઈએ."

તે પછી લેખક તરત જ કહેવા લાગે છે:

"આપણે ઉપરના કાર્યક્રમનું પૃથક્કરણ કરી જોઈએ તો આપણને જણાશે કે, એના મૂળમાં રહેલા કેટલાક વિચારો મધ્યયુગના છે, અને કેટલાકની પાછળ જે માન્યતાઓ રહેલી છે તે ઝીણવટથી તપાસતાં

ટકી શકે એવી નથી. નં. ૩માં ભણતરનું જે ધોરણ બતાવ્યું છે તે કદાચ બહુ ઊંચું ગણાય."

લેખકે મારા લખાણનો ભાવાર્થ આપવાને બદલે મારા શબ્દો જ ટાંકયા હોત તો સારું થાત. કેમ કે એમણે આપેલા ભાવાર્થની પહેલી કલમમાં કરેલાં કથનોમાંથી એકેમાં સત્ય નથી. મેં એમ નથી કહ્યું કે, શિક્ષણની શરૂઆત ઉદ્યોગથી થવી જોઈએ અને બાકીની વસ્તુઓ ગૌણ રૂપે આવે. ઊલટું મેં તો એમ કહ્યું છે કે, આખી સામાન્ય કેળવણી ઉદ્યોગ દ્વારા અપાય અને ઉદ્યોગની જોડાજોડ આગળ વધે. આ વસ્તુ લેખકે મારા મોઢામાં મૂકેલા શબ્દો કરતાં છેક જ જુદી છે. મધ્યયુગમાં શું બનતું એ હું જાણતો નથી. પણ હું એટલું અવશ્ય જાણું છું કે, મધ્યયુગમાં કે બીજા કોઈ પણ યુગમાં ઉદ્યોગ વાટે મનુષ્યનો સર્વાંગી વિકાસ સાધવાનું ધ્યેય કદી રખાયું નહોતું. આ વિચાર નવો અને મૌલિક છે. એ ખોટો પુરવાર થાય એથી એની મૌલિકતામાં બાધ આવતો નથી. અને કોઈ મૌલિક વિચારને મોટા પાયા પર અજમાવી જોયો ન હોય ત્યાં લગી તેના પર સીધો ઘા કરવો ઉચિત નથી. અને અજમાવી જોયા વિના જ એ અશકય છે એમ કહી દેવું, એ કંઈ દલીલ નથી.

વળી મેં એમ પણ નથી કહ્યું કે, વાચનલેખન દ્વારા અપાનારું ભણતર છેક જ છેડે આવવું જોઈએ. ઊલટું ભણતર તો છેક શરૂઆતમાં જ આવે છે. એ તો બાળકના સર્વાંગી ઘડતરનું એક અવિભાજ્ય અંગ છે. મેં બેશક એમ કહ્યાં છે, ને અહીં ફરી કહું છું કે, વાચન જરાક મોડું આવે અને લેખન છેલ્લું આવે. પણ એ આખી ક્રિયા પહેલા વરસમાં પૂરી થવી જ જોઈએ; એટલે કે, મેં કલ્પેલી પ્રાથમિક શાળામાં બાળકને પહેલા વરસમાં આજની પ્રાથમિક શાળાના પહેલા વરસમાં મળે છે એના કરતાં ઘણી વધારે સામાન્ય માહિતી મળશે. એ બાળક શુદ્ધ ઉચ્ચાર સાથે વાંચી શકશે, અને આજે બાળકો ભમરડા જેવા અક્ષર કાઢે છે તેને બદલે શુદ્ધ અક્ષરો લખી શકશે. વળી એ બાળક સાદા સરવાળા, બાદબાકી ને સાદા આંક પણ જાણશે. અને આ બધું તે જે કંઈક હાથઉદ્યોગ — દા. ત. કાંતણ — સ્વેચ્છાએ શીખશે, તેની મારફતે અને તેની સાથે સાથે ભણશે.

બીજી કલમમાં આપેલો ભાવાર્થ પણ પહેલી કલમના જેટલો જ અધૂરો છે. કેમ કે મેં તો એમ કહ્યું છે કે, ઉદ્યોગ દ્વારા અપાતી કેળવણી મેં એને માટે રાખેલાં કુલ સાત વરસ દરમ્યાન સ્વાવલંબી બનવી જોઈએ. મેં સ્પષ્ટપણે કહ્યું છે કે, પહેલાં બે વરસમાં એમાં અમુક અંશે ખોટ પણ આવે.

મધ્યયુગ કદાચ ખરાબ હોય, પણ અમુક વસ્તુ મધ્યયુગની છે માટે જ હું એને વખોડી કાઢવાને તૈયાર નથી. રેંટિયો અવશ્ય મધ્યયુગનો છે, પણ એ કાયમ ટકવાનો છે એમ મને ભાસે છે. રેંટિયો તો જે અગાઉ હતો તેનો તે જ છે; પણ એક કાળે, ઈસ્ટ ઇંડિયા કંપનીના આગમન પછી, તે જેમ ગુલામીની મૂર્તિ બની ગયો હતો, તેમ હવે એ સ્વતંત્રતા અને ઐક્યની મૂર્તિ બન્યો છે. આપણા પૂર્વજોએ સ્વપ્ને પણ કલ્પ્યો હશે એના કરતાં વધારે ઊંડો અને સાચો અર્થ આધુનિક ભારતવર્ષને એમાં જડયો છે. એ જ પ્રમાણે, હાથઉદ્યોગ એ એક કાળે કારખાનાની મજૂરીના પ્રતીક રૂપ ભલે હોય, પણ હવે તે સંપૂર્ણ અને સાચામાં સાચા અર્થમાં શિક્ષણનું પ્રતીક અને સાધન બની શકે છે. જો પ્રધાનોમાં પૂરતી કલ્પનાશક્તિ અને હિંમત હશે, તો કેળવણી ખાતાના મોટા અમલદારો અને બીજાઓ, બેશક સદ્‌ભાવપૂર્વક, જે ટીકા કરે તે છતાં—અને ખાસ કરીને એ ટીકા જ્યારે કાલ્પનિક માન્યતાઓને આધારે કરેલી હોય ત્યારે—તેઓ આ વિચારને અજમાયશ આપ્યા વિના નહીં રહે.

અધ્યાપક ખુશાલ શાહની યુવાનો ને યુવતીઓ પાસે ફરજિયાત ભણાવવાનું કામ લેવાની યોજના સારી છે એમ આ લેખકે માન્યું તો છે, પણ એને માટે તે પાછળથી પસ્તાયા લાગે છે. કેમ કે એ કહે છે:

> "આમ શિક્ષકનું કામ ફરજિયાત કરાવવું એ અમારે મન એક અત્યાચાર છે. નિશાળોમાં, જ્યાં નાનાં બાળકો ભેગાં થાય છે ત્યાં, એવાં જ સ્ત્રીપુરુષો હોવાં જોઈએ જેમણે આ જગતમાં સ્વાર્પણ જેટલે અંશે શક્ય હોય એટલે અંશે, આ ધંધાને જીવન અર્પણ કરેલું હોય, અને જેઓ નિશાળમાં ઉમંગ અને ઉત્સાહનું વાતાવરણ ફેલાવે એવાં હોય. આપણે આપણાં યુવકયુવતીઓ પર ઘણા, વધારે પડતા, અખતરા કર્યા છે, પણ આ નવા અખતરામાંથી જે પરિણામો આવવાનો સંભવ દેખાય છે, તેમાંથી આપણે એવી પાયમાલીમાં

આવી પડીશું કે એમાંથી ઓછામાં ઓછાં પચાસ વરસ લગી છૂટવા આરો નહીં રહે. આ આખી વસ્તુની પાછળ કલ્પના એ રહેલી છે કે, અધ્યાપન એ એક એવી કળા છે જેને માટે જરા પણ પૂર્વતૈયારીની કે તાલીમની જરૂર નથી અને દરેક પુરુષ કે સ્ત્રી સ્વયંભૂ શિક્ષક કે શિક્ષિકા છે. ખુશાલ શાહ જેવા વિખ્યાત માણસ આવો વિચાર કેમ રાખતા હશે એ સમજી શકાતું નથી. આ વિચાર એક નરી ધૂન છે, ને એનો અમલ કરવામાં આવશે તો પરિણામ બહુ માઠાં આવશે. વળી દરેક માણસ બાળકોને ઉદ્યોગ વગેરેનું શિક્ષણ કેમ આપી શકે ?"

અધ્યાપક શાહ એમના કથનનો બચાવ કરવાને સમર્થ છે. પણ હું આ લેખકને એટલું યાદ દેવા ઇચ્છું છું કે, અત્યારના શિક્ષકો કંઈ સ્વયંસેવકો નથી. તેઓ આજીવિકાને અર્થે કામ કરનારા ભાડૂતી (આ શબ્દ એના સ્વાભાવિક અર્થમાં વાપરું છું) માણસો છે. અધ્યાપક શાહની યોજનામાં એવી કલ્પના તો અવશ્ય રહેલી જ છે કે, ફરજિયાત અધ્યાપનનું કામ કરવા માટે સ્ત્રીપુરુષોને લેવામાં આવે તે પહેલાં તેમનામાં સ્વદેશપ્રેમ, સ્વાર્પણની ભાવના, અમુક પ્રમાણમાં શુભ સંસ્કાર, અને હાથઉદ્યોગની તાલીમ, એટલું તો હોવું જ જોઈએ. એમની કલ્પના સંગીન છે, તદ્દન શકય ને વ્યવહાર્ય છે, અને એના પર પૂરેપૂરો વિચાર ચલાવવો ઘટે છે. આપણને સ્વયંભૂ શિક્ષકો મળી રહે ત્યાં સુધી આપણે વાટ જોવાની હોય તો એમને માટે જગતના અંતકાળ લગી વાટ જોતા આપણે બેસી રહેવું પડશે. હું એમ કહેવા ઇચ્છું છું કે, શિક્ષકો અને શિક્ષિકાઓને બને એટલા ઓછામાં ઓછા સમયમાં મોટા પ્રમાણમાં તાલીમ આપીને તૈયાર કરવાં પડશે. જ્યાં સુધી અત્યારનાં શિક્ષિત યુવક-યુવતીઓની સેવા એમને સમજાવીને આ કામ માટે ન લેવામાં આવે, ત્યાં સુધી એ બની ન શકે. એ વર્ગ તરફથી જ્યાં લગી સ્વેચ્છાએ જવાબ ન મળે ત્યાં લગી આ કામ બની શકે એવું નથી. સવિનય-ભંગની લડતમાં તેમણે, ગમે એટલો ઓછો પણ, જવાબ આપ્યો હતો. હવે જ્યારે કેવળ આજીવિકા જેટલા પૈસા લઈને રચનાત્મક કાર્યમાં સેવા આપવાની હાકલ થશે, ત્યારે શું તેઓ જવાબ આપવાની ના પાડશે?

પછી આ લેખક પૂછે છે:

"૧. કાચો માલ જ્યારે નાનાં છોકરાં વાપરે ત્યારે એમાંથી ઘણો બગાડ થવાની ગણતરી આપણે ન રાખવી ઘટે ?

૨. તૈયાર માલનું વેચાણ કોઈ મધ્યવર્તી સંસ્થા કરશે ? એના ખરચનું શું ?

૩. એવા ભંડારોમાંથી ચીજો લેવાની પ્રજાને ફરજ પાડવામાં આવશે ?

૪. જે વર્ગો અત્યારે આ ચીજો બનાવે છે તેમનું શું ? એમના પર આની શી અસર થશે ?"

મારા જવાબ આ પ્રમાણે છે:

૧. બેશક કંઈક બગાડ તો થશે જ, પણ પહેલા વરસની આખરે પણ દરેક બાળકે કંઈક નફો કર્યો હશે.

૨. આમાંનો ઘણો માલ રાજ્ય પોતાની જરૂરિયાતોને માટે રાખી લેશે.

૩. રાષ્ટ્રનાં બાળકોએ બનાવેલી ચીજો ખરીદવાની કોઈને ફરજ નહીં પાડવામાં આવે; પણ રાષ્ટ્ર પોતાનાં બાળકોએ બનાવેલી ચીજો પોતાના વાપરને માટે ગર્વભેર અને દેશપ્રેમભર્યા આનંદપૂર્વક ખરીદે એવી અપેક્ષા જરૂર રાખેલી છે.

૪. ગામડાંના હાથઉદ્યોગથી બનેલી ચીજોમાં હરીફાઈ ભાગ્યે જ હોય છે. અને કોઈ પણ ગામઠી બનાવટોની જોડે અઘટિત હરીફાઈમાં ન ઊતરે એવી જ ચીજો નિશાળોમાં બનાવવામાં આવે એવી કાળજી અવશ્ય રાખવામાં આવશે. દાખલા તરીકે ખાદી, ગામઠી કાગળ, તાડનો ગોળ વગેરેને કોઈ હરીફ છે જ નહીં.

હ૦ બં૦, ૧૭–૧૦–'૩૭

# ૧૬

# વર્ધા શિક્ષણ પરિષદ

[પ્ર. ૧૧માં જેનો નિર્દેશ છે તે પરિષદ તા. ૨૨, ૨૩મી ઑક્ટોબર, ૧૯૩૭, વર્ધામાં મળી હતી. જેને પછી 'વર્ધા શિક્ષણ યોજના', 'પાયાની કેળવણી' કે ત્યાર બાદ 'નઈ તાલીમ' કહેવામાં આવી, તેનો જન્મ આ પરિષદમાં થયો. 'ઉદ્યોગ વાટે કેળવણી'નો ગાંધીજીનો મૂળ વિચાર આ પરિષદે અપનાવ્યો અને દેશમાં તેનો પ્રયોગ પછી શરૂ થયો હતો. —સં૦]

## ૧

## પ્રમુખસ્થાનેથી પ્રારંભિક વિવેચન

[ગાંધીજીએ સૌથી પહેલાં તો નિમંત્રણને માન આપીને આવનારાં ભાઈબહેનોનો આભાર માન્યો, ને ત્યાર પછી જે વિવેચન કર્યું તેનો સાર અહીં આપેલો છે:]

હું અહીં પ્રમુખ હોઉં કે સામાન્ય સભ્ય હોઉં, મેં જે સૂચનાઓ* રજૂ કરી છે, તેને વિષે તમારો અભિપ્રાય અને તમારી સલાહ સાંભળવાને તમને સૌને અહીં બોલાવ્યાં છે. જેમનો એની સામે વિરોધ છે તેમના વિચાર મારે ખાસ કરીને સાંભળવા છે. અહીં છૂટથી વિચારોની આપલે થાય ને સહુ મન મોકળાં કરીને બોલે એમ હું ઇચ્છું છું, કેમ કે મારાથી તબિયતને કારણે આ મિત્રોને મંડપની બહાર નહીં મળી શકાય.

મારી સૂચનાઓમાં પ્રાથમિક કેળવણી તેમ જ કૉલેજની કેળવણી બંનેનો ઉલ્લેખ કરેલો છે. પણ આપણે મુખ્યત્વે વિચાર પ્રાથમિક કેળવણીનો કરવાનો રહેશે. મેં પ્રાથમિક કેળવણીમાં માધ્યમિક એટલે હાઈસ્કૂલની કેળવણીનો પણ સમાવેશ કર્યો છે, કેમ કે આપણાં ગામડાંમાં થોડાક મૂઠીભર લોકોને જો કેળવણી જેવું કંઈક મળતું હોય, તો તે પ્રાથમિક કેળવણી છે. ૧૯૧૫થી માંડીને કરેલાં મારાં અનેક ભ્રમણોમાં મેં સેંકડો ગામડાં જોયાં છે. ગામડાંનાં જે છોકરાછોકરીઓનો મોટો ભાગ નિરક્ષર

* આ સૂચનાઓ 'રાષ્ટ્રીય કેળવણીકારોને' (પ્ર. ૧૧)માં આપી છે.

છે તેમની જરૂરિયાતની જ હું વાત કરું છું. કૉલેજની કેળવણીનો મને કશો અનુભવ નથી, જોકે હું સેંકડો કૉલેજિયનોના સંપર્કમાં આવ્યો છું, મેં તેમની સાથે દિલ ખોલીને વાતો કરેલી છે, તેમની સાથે પત્ર-વહેવાર કર્યા છે, એમની હાજતો, ખામીઓ ને તેમનો વ્યાધિ પણ હું જાણું છું. પણ અહીં આપણે કેવળ પ્રાથમિક કેળવણીનો જ વિચાર કરીએ. કેમ કે જે ક્ષણે આ મુખ્ય પ્રશ્નનો નિકાલ આવશે, તે ક્ષણે જ કૉલેજની કેળવણીના પ્રશ્નનો પણ નિકાલ આવી જશે.

મારો તો દૃઢ અભિપ્રાય છે કે, અત્યારની પ્રાથમિક કેળવણીની પદ્ધતિમાં કેવળ બગાડ જ નથી પણ એથી ચોખ્ખી હાનિ થાય છે. ઘણાખરા છોકરા માબાપ સાથેનો સંબંધ છોડી દે છે ને માબાપના ધંધાને પણ તિલાંજલિ આપે છે. તેઓ અનેક કુટેવો શીખે છે, શહેરી ઢબે વર્તવા જાય છે, ને કંઈક જેવું તેવું શીખે છે એ બીજું ગમે તે હોય પણ કેળવણી નથી હોતી. મને લાગે છે, આનો ઈલાજ એ છે કે, એમને ઉદ્યોગ કે હાથપગની કેળવણી દ્વારા શિક્ષણ આપવું. મને એનો કંઈક અનુભવ છે, કેમ કે મેં દક્ષિણ આફ્રિકામાં મારા દીકરાને અને બીજાં છોકરાંને ટૉલ્સ્ટૉય ફાર્મમાં એવી કેળવણી આપી છે. એમાં બધી કોમનાં ને બધા ધર્મનાં છોકરાં હતાં; સારાંનરસાં બંને જાતનાં હતાં. તેમને હું સુતારી કે ચંપલ સીવવા જેવા કંઈક ઉદ્યોગ દ્વારા કેળવણી આપતો. એ ઉદ્યોગ હું કૅલનબૅકની પાસેથી શીખેલો ને તેઓ તે એક ટ્રૅપિસ્ટ સંપ્રદાયના ખ્રિસ્તી સાધુઓના મઠમાંથી શીખી લાવેલા. મને એવો વિશ્વાસ છે કે, મારા દીકરાઓને ને એ બાળકોને એથી કશું નુકસાન થયું નહોતું. જોકે મને પોતાને કે એમને સંતોષ થાય એવી કેળવણી હું આપી શક્યો નહોતો; એનું કારણ એ હતું કે, મારી પાસે વખત બહુ ઓછો હતો ને મારી પાસે કામો ઢગલાબંધ આવી પડેલ હતાં.

હું જે વસ્તુ પર ખાસ ભાર મૂકું છું તે ઉદ્યોગ નથી, પણ ઉદ્યોગ દ્વારા કેળવણી છે. અક્ષરજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન વગેરે બધાનું જ્ઞાન ઉદ્યોગશિક્ષણ વાટે અપાવું જોઈએ. કોઈ કદાચ એવો વાંધો ઉઠાવે કે, મધ્યયુગમાં ઉદ્યોગ સિવાય બીજું કશું શીખવાતું નહોતું. પણ

એ વખતે ઉદ્યોગશિક્ષણનો ઉદ્દેશ કંઈ કેળવણી આપવાનો નહોતો. આ જમાનામાં માણસો બાપદાદાના ધંધા ભૂલી ગયા છે, કારકુની કે ગુમાસ્તી કરતા થઈ ગયા છે, ને ગામડાંને એમનો કશો લાભ મળી શકતો નથી. એનું પરિણામ એ આવ્યું છે કે, ગમે ત્યાં જાઓ, પણ સામાન્ય ગામડામાં કુશળ સુતાર કે લુહાર મળવો અશક્ય થઈ ગયો છે; હાથના ઉદ્યોગો લગભગ ભૂંસાઈ ગયા છે; અને રેંટિયાની આપણે ત્યાં ઉપેક્ષા થઈ એટલે તેને લૅંકેશાયર લઈ જવામાં આવ્યો, અને ઉદ્યોગો ખીલવવાની અંગ્રેજોની કુશળતાને પ્રતાપે એનો વિકાસ આપણે આજે જોઈએ છીએ એટલો બધો થવા પામ્યો છે. આ કહું છું તેનો યાંત્રિક ઉદ્યોગો વિષેના મારા વિચારો જોડે જરાયે સંબંધ નથી.

આનો ઈલાજ એ છે કે, કોઈ પણ હાથઉદ્યોગની આખી કળા ને તેનું આખું શાસ્ત્ર વ્યવહારુ શિક્ષણ દ્વારા શીખવવાં, અને એ ઉદ્યોગ વાટે કેળવણી આપવી. દાખલા તરીકે, તકલી પર કાંતતાં શીખવવું હોય તો તેને અંગે રૂના અનેક પ્રકારો, હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોની જમીનના ભિન્ન ભિન્ન પ્રકારો, આ ઉદ્યોગના નાશનો ઈતિહાસ, એનાં રાજકીય કારણો (જેમાં હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્યનો ઈતિહાસ આવે), ગણિત વગેરેનું જ્ઞાન આપવું આવશ્યક થઈ પડે. આ અખતરો હું મારા પૌત્ર પર અજમાવી રહ્યો છું. એ બાળકને ભાગ્યે જ ખબર પડે છે કે એને શિક્ષણ અપાય છે, કેમ કે એ તો આખો વખત રમે કૂદે છે, હસે છે ને ગાય છે.

તકલીનું નામ હું એટલા સારુ દઉં છું કે, તમે મને એને વિષે સવાલો પૂછો. તકલી વિષે મને ઘણી ખબર છે; એની શક્તિ ને એમાં રહેલું કાવ્ય મેં નિહાળ્યાં છે. વળી વસ્ત્ર બનાવવાનો હાથઉદ્યોગ એવો છે જે બધે શીખવી શકાય. વળી તકલીમાં ખરચ કશું કરવું પડતું નથી. એની કિંમત સિદ્ધ થઈ ચૂકેલી છે. રચનાત્મક કાર્યક્રમનો જેટલો અમલ થયો તેને લીધે સાત પ્રાંતોમાં મહાસભાનાં પ્રધાનમંડળો રચાયાં છે, અને જેટલે અંશે એ કાર્યક્રમનો અમલ થશે તેટલે અંશે એ પ્રધાનમંડળોને સફળતા મળવાની છે.

મેં સાત વરસનો અભ્યાસક્રમ કલ્પેલો છે. એટલામાં તકલીનું શિક્ષણ વધતાં વધતાં વણાટના વહેવારુ જ્ઞાન સુધી (રંગાટ, ભાત પાડવી વગેરે સહિત) પહોંચ્યું હોય. આપણે જેટલું કાપડ પેદા કરીએ એટલાને માટે ઘરાકી તો તૈયાર જ પડેલી છે.

શિક્ષકનો ખરચ તેના વિદ્યાર્થીઓના ઉદ્યોગના ફળમાંથી નીકળે એ વસ્તુનો મને ઘણો આગ્રહ છે એનું કારણ એ છે કે, આપણાં કરોડો બાળકો સુધી કેળવણી પહોંચાડવા માટે બીજો રસ્તો જ નથી. આપણને એટલી આવક મળી રહે, વાઈસરૉય લશ્કરી ખરચ ઘટાડે, વગેરે વસ્તુઓ બને, ત્યાં સુધી રાહ જોતા બેસવું આપણને પાલવે નહીં. એટલું યાદ રાખવાનું છે કે, આ પ્રાથમિક કેળવણીમાં ઘર, આંગણાં ને રસ્તાની તેમ જ શરીરની સફાઈ, શરીરનું આહાર દ્વારા પોષણ વગેરેનાં મૂળતત્ત્વો, પોતાનું કામ જાતે કરી લેવાની ટેવ, ઘેર માબાપને મદદ કરવાની ટેવ, વગેરેનો સમાવેશ થશે. આજના જમાનાના છોકરાઓને સ્વચ્છતા કે સ્વાશ્રયનું ભાન નથી હોતું ને તેમનાં શરીર નમાલાં હોય છે. એટલે હું તો બાળકોને સંગીતમય કવાયત વગેરે વાટે ફરજિયાત શારીરિક કેળવણી આપું.

હું અક્ષરજ્ઞાનનો વિરોધી છું એવો આરોપ મારા પર મૂકવામાં આવ્યો છે. મારે તો ફક્ત અક્ષરજ્ઞાન કેમ અપાય એનો રસ્તો બતાવવો છે. મારી સૂચનામાંના સ્વાવલંબન વિષેના ભાગની સામે પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. એ આક્ષેપ કરનારા કહે છે કે, આપણે ખરું જોતાં કરોડો રૂપિયા પ્રાથમિક કેળવણી પાછળ ખરચવા જોઈએ તેને બદલે આપણે તો બાળકોનું શોષણ કરવા માગીએ છીએ. પાર વિનાનો બગાડ થશે એવી પણ બીક કેટલાકને છે. એ બીક અનુભવે ખોટી ઠરેલી છે. બાળકોનું શોષણ કરવાની કે તેમના પર બોજો નાખવાની વાત વિષે તો હું કહું કે, બાળકોને આફતમાંથી બચાવવું એનો અર્થ તેના પર બોજો નાખ્યો એવો થાય ખરો કે? તકલી એ તો એક રમકડું છે. એ ઉત્પાદક રમકડું છે એટલા માટે કંઈ રમકડું મટી નથી જતું. આજે પણ બાળકો તેમનાં માબાપને અમુક અંશે તો મદદ કરે જ છે. સેગાંવનાં બાળકો

ખેતીની વિગતો મારા કરતાં વધારે જાણે છે, કેમ કે તેઓ તેમનાં માબાપની જોડે ખેતરોમાં કામ કરે છે. બાળકને આપણે કાંતવાનું ને માબાપને ખેતીના કામમાં મદદ કરવાનું ઉત્તેજન આપીશું તેની સાથે તેનામાં એવી ભાવના પણ પેદા કરીશું કે, તે કેવળ એનાં માબાપનો જ નથી, પણ ગામનો અને દેશનો પણ છે, અને તેમને એણે કંઈક વળતર આપવું જ જોઈએ. પ્રધાનોને હું કહું કે, તેઓ બાળકોને કેળવણીની ભીખ આપશે તો તેમને અપંગ બનાવી મૂકશે. તેઓ પોતાની કેળવણીનું ખરચ જાતમહેનતથી આપે એવી ગોઠવણ કરીને પ્રધાનો એ બાળકોને આત્મશ્રદ્ધાવાળાં ને બહાદુર બનાવશે.

આ પદ્ધતિ હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી સૌને એકસરખી લાગુ પડશે. મને એક જણે પૂછ્યું છે કે, તમે ધાર્મિક શિક્ષણ કેમ દાખલ કરતા નથી? એટલા માટે કે, હું બાળકોને વહેવારુ ધર્મ—સ્વાવલંબનનો ધર્મ શીખવું છું.

આ રીતે શિક્ષણ પામેલા સર્વ વિદ્યાર્થીઓને નોકરીની જરૂર હોય તો તે આપવાને રાજ્ય બંધાયેલું છે. શિક્ષકો મેળવવા માટે અધ્યાપક શાહે ફરજિયાત સેવા લેવાનું સૂચવ્યું છે. ઈટલી અને બીજા દેશોના દાખલા ટાંકીને એમણે એ પદ્ધતિની ઉપયોગિતા સિદ્ધ કરી છે. મુસોલિની જો ઈટલીના જવાનોને એના દેશની સેવા માટે ફરજિયાત ભરતી કરી શકે, તો આપણે કેમ ન કરી શકીએ? આપણા જુવાનો શિક્ષણ લીધા પછી ધંધો શરૂ કરે તે પહેલાં એમની પાસેથી એક કે વધારે વરસ ફરજિયાત સેવા લેવી એને ગુલામી એ નામ આપવું ઉચિત છે ખરું? જવાનોએ ગયાં સત્તર વરસમાં સ્વાતંત્ર્યની હિલચાલને સફળ કરવામાં મોટો ફાળો આપ્યો છે, અને હું તો એમને જિંદગીનું એક વરસ રાષ્ટ્રની સેવામાં આપવાની વિનંતી જરૂર કરું. આ બાબતમાં કાયદો કરવાની જરૂર પડે તો તે બળાત્કાર નહીં ગણાય, કેમ કે એ આપણા પ્રતિનિધિઓના મોટા ભાગની સંમતિ વિના પસાર નહીં કરી શકાય.

એટલે હું તમને પૂછું છું કે, ઉદ્યોગ દ્વારા શિક્ષણ આપવાની કલ્પના તમને ગમે છે કે નહીં? હું તો એ સ્વાવલંબી થાય એને એની

સફળતાની કસોટી ગણું. સાત વરસની આખરે બાળકો પોતાની કેળવણી-નો ખરચ આપતાં ને કંઈક કમાણી કરતાં થવાં જોઈએ.

કૉલેજની કેળવણી એ મોટે ભાગે શહેરનો પ્રશ્ન છે. એ કેળવણી પ્રાથમિક કેળવણીની પેઠે સર્વથા નિષ્ફળ ગઈ છે એમ હું ન કહું, જોકે એનાં પરિણામ ઠીક ઠીક નિરાશાજનક ગણાય. એક પણ ગ્રૅજ્યુએટ બેકાર શા સારુ હોવો જોઈએ?

તકલીનો દાખલો મેં આપ્યો છે તે એટલા માટે કે, વિનોબાને એનો સૌથી વધારે વહેવારુ અનુભવ છે, ને એની સામે કંઈ વાંધા ઊઠશે તો તેનો જવાબ આપવાને વિનોબા અહીં બેઠેલા છે. કાકાસાહેબ પણ તમને કંઈક કહી શકશે, જોકે એમનો અનુભવ વ્યાવહારિક કરતાં તાત્ત્વિક વધારે ગણાય. કાકાસાહેબે જનરલ આર્મસ્ટ્રૉંગના પુસ્તક 'એજ્યુ-કેશન ફૉર લાઈફ' (જીવનની કેળવણી) તરફ, ખાસ કરીને એમાંના 'હાથની કેળવણી' વિષેના પ્રકરણ તરફ મારું ધ્યાન ખેંચ્યું હતું. સ્વ. મધુસૂદન દાસ વકીલ હતા, પણ એમને ખાતરી થઈ ગઈ હતી કે, આપણા હાથપગના વાપર વિના આપણાં મગજ જડ થઈ જવાનાં છે, અને કામ કરશે તોયે તે સેતાનના વાસ બની જવાનાં છે. ટૉલ્સ્ટૉયે આના અનેક વાર્તાઓ દ્વારા એ જ પાઠ શીખવ્યો છે.

[સ્વાવલંબી પ્રાથમિક કેળવણીની પોતાની યોજનાના પાયામાં રહેલું મૂળભૂત તત્ત્વ સમજાવતાં ગાંધીજીએ કહ્યું :]

આપણે ત્યાં કોમ કોમના ઝઘડા થાય છે—આપણે ત્યાં જ થાય છે ને બીજે નથી થતા એવું નથી. ઈગ્લંડમાં પણ 'ગુલાબોનાં યુદ્ધ' થયેલાં, અને આજે બ્રિટિશ સામ્રાજ્યવાદ જગતનો શત્રુ છે. આપણે કોમી વિખવાદ અને આંતરરાષ્ટ્રીય વિખવાદની જડ કાઢવી હોય, તો મેં બતાવી છે એવી કેળવણી પર નવી પેઢીને ઉછેરીને શુદ્ધ ને સબળ પાયાથી જ શરૂઆત કરવી જોઈએ. એ યોજનાનો ઊગમ અહિંસામાંથી છે. મ એ રાષ્ટ્રના સંપૂર્ણ દારૂબંધી કરવાના નિર્ધારને અંગે સૂચવેલી, પણ હું તમને કહેવા ઈચ્છું છું કે, આવકની ખોટ જવાની ન હોત ને આપણી તિજોરી ભરપૂર હોત તોપણ, જો આપણે આપણા છોકરાઓને શહેરી ન બનાવા દેવા હોય તો, આ કેળવણી અતિ આવશ્યક છે. આપણે એમને

આપણા સંસ્કારના, આપણી સંસ્કૃતિના, આપણા રાષ્ટ્રના સાચા પ્રાણના પ્રતિનિધિ બનાવવાના છે. એ આપણે એમને સ્વાવલંબી પ્રાથમિક કેળવણી આપ્યા વિના ન કરી શકીએ. યુરોપનો દાખલો આપણે માટે નથી. એ એના કાર્યક્રમો હિંસાની દૃષ્ટિએ ગોઠવે છે, કેમ કે એને હિંસા પર વિશ્વાસ છે. રશિયાએ જે સિદ્ધિ મેળવી છે તેને હું તો ન જ ઉતારી પાડું, પણ એ આખું મંડાણ બળજબરી ને હિંસા પર રચાયેલું છે. જો હિંદુસ્તાને હિંસાનો ત્યાગ કરવાનો નિરધાર કર્યો હોય, તો આ શિક્ષણપદ્ધતિ એ તેને માટેની સાધનાનું એક આવશ્યક અંગ છે. આપણને કહેવામાં આવે છે કે, ઇંગ્લંડ કેળવણીની પાછળ કરોડો રૂપિયા ખરચે છે, અમેરિકા પણ ખરચે છે. પણ આપણે ભૂલી જઈએ છીએ કે, એ બધી દોલત બીજાઓને લૂંટીને મેળવવામાં આવે છે. એ લોકોએ શોષણની કળાનું એક સંપૂર્ણ શાસ્ત્ર બનાવી મૂકયું છે, એટલે એમને એમના છોકરાઓને એવી ખરચાળ કેળવણી આપવી પોષાય. આપણે બીજાને ચૂસવાનો વિચાર કરી શકવાના નથી, કરવાના નથી, એટલે આપણી પાસે અહિંસા પર રચાયેલી આ શિક્ષણપદ્ધતિ સિવાય બીજો રસ્તો જ નથી.

## ૨

[ઠરાવ પર થયેલી ચર્ચામાં કેટલીક ટીકાઓના ગાંધીજીએ જવાબ આપ્યા, તેમાં કહ્યું:]

તકલી એ એક જ ઉદ્યોગ નથી, પણ એ એક જ ચીજ એવી છે ખરી જે બધે જ દાખલ કરી શકાય. કઈ નિશાળને કયો ઉદ્યોગ અનુકૂળ આવે છે એ જોવાનું કામ પ્રધાનોનું રહેશે. જેમને યંત્રોનો મોહ છે તેમને હું ચેતવણી આપવા ઇચ્છું છું કે, યંત્રો પર ભાર દેવાથી માણસોનાં યંત્ર બની જવાનું પૂરેપૂરું જોખમ રહેલું છે. જેઓ યંત્રયુગમાં વસવા માગતા હોય તેમને માટે મારી યોજના નકામી થશે, પણ એમને હું એટલું પણ કહું કે, ગામડાંની પ્રજાને યંત્રો વડે જીવતી રાખવી અશકય છે. જ્યાં ત્રીસ કરોડ જીવતાં યંત્રો પડયાં છે ત્યાં નવાં જડ યંત્રો લાવવાની વાત કરવી નિરર્થક છે. ડૉ. ઝાકિર હુસેને કહ્યું કે, આદર્શની ભૂમિકા ગમે તેવી હોય તોયે આ યોજના કેળવણીની દૃષ્ટિએ સંગીન છે.

એમનું એ કહેવું બરાબર નથી. એક બહેન થોડા દિવસ પર મને મળવા આવ્યાં હતાં, તેમણે મને કહ્યું કે, અમેરિકાની 'પ્રોજેક્ટ' પદ્ધતિ અને મારી પદ્ધતિ વચ્ચે ઘણો જ મોટો ભેદ છે. પણ તમારે ગળે મારી યોજના ન ઊતરે તોયે તમે એ સ્વીકારો એવું હું નહીં કહું. જો આપણા પોતાના માણસો ન્યાયથી વર્તે, તો આ નિશાળોમાંથી ગુલામો નહીં પણ સંપૂર્ણ કારીગરો પેદા થાય. બાળકો પાસેથી લીધેલી કોઈ પણ પ્રકારની મહેનતની કિંમત કલાકે બે પૈસા જેટલી તો થવી જ જોઈએ. પણ તમે મારા પ્રત્યેના આદરને લીધે કશું પણ ન સ્વીકારશો. હું મૃત્યુને દ્વારે બેઠેલો છું, અને કંઈ પણ વસ્તુ બળજબરીથી લોકો પાસે કબૂલ કરાવવાનો મને સ્વપ્ને પણ વિચાર ન આવે. આ યોજના પૂરા ને પાકા વિચાર પછી જ સ્વીકારાવી જોઈએ, જેથી એ થોડા વખતમાં છોડી દેવી ન પડે. હું અધ્યાપક શાહે કહેલી વાતમાં સંમત છું કે, જે રાજ્ય તેનાં બેકારોને માટે જોગવાઈ ન કરી શકે તેની કશી કિંમત નથી. પણ એમને ભીખનો ટુકડો આપવો એ કંઈ બેકારીનો ઈલાજ નથી. હું તો એમાંના દરેક જણને કામ આપું ને એમને પૈસા નહીં તો ખોરાક આપું. ઈશ્વરે આપણને સરજ્યા છે તે ખાઈપીને મોજ કરવા સારુ નહીં, પણ પરસેવો પાડીને આજીવિકા કમાવા સારુ.

### ૩

[ગાંધીજીની સૂચના પર ચર્ચા થઈ ને આખરે પરિષદમાં પસાર કરવામાં આવ્યા તે ઠરાવો આ પ્રમાણે હતા:]

"૧. આ પરિષદનો અભિપ્રાય એવો છે કે, સાત વરસ લગીની મફત અને ફરજિયાત કેળવણી રાષ્ટ્રવ્યાપી પાયા પર આપાવી જોઈએ.

૨. કેળવણી જન્મભાષા દ્વારા આપાવી જોઈએ.

૩. આ આખા સમય દરમ્યાન કેળવણીનું મધ્યબિંદુ કોઈ પ્રકારનું શારીરિક અને ઉત્પાદક કામ હોવું જોઈએ, અને બાળકનું વાતાવરણ લક્ષમાં રાખીને પસંદ કરેલા મધ્યવર્તી હાથઉદ્યોગની જોડે બને ત્યાં સુધી અનુસંધાન રહે એવી રીતે, તેની બધી શક્તિઓનો વિકાસ થવો જોઈએ કે શિક્ષણ આપાવું જોઈએ.

૪. આ પરિષદ અપેક્ષા રાખે છે કે, આ શિક્ષણપદ્ધતિમાંથી ધીરે ધીરે શિક્ષકોનો પગાર નીકળી રહેશે.''

આ પછી, આ ઠરાવોને ધોરણે અભ્યાસક્રમની યોજના,* પ્રાંતોના પ્રધાનો પરિષદના ઠરાવોનો અમલ કરી શકે એવી ઢબની, તૈયાર કરવાને અને પરિષદના પ્રમુખની આગળ એક મહિનાની અંદર હેવાલ રજૂ કરવાને નીચેના સજ્જનોની એક સમિતિ નિમાઈ:

ડૉ. ઝાકિર હુસેન (પ્રમુખ)
શ્રી આર્યનાયકમ્ (મંત્રી)
શ્રી ખ્વાજા ગુલામ સૈયદ્દીન
શ્રી વિનોબા ભાવે
શ્રી કાકાસાહેબ કાલેલકર
શ્રી કિશોરલાલ મશરૂવાળા
શ્રી જે. સી. કુમારપ્પા
શ્રી શ્રીકૃષ્ણદાસ જાજૂ
શ્રી અધ્યાપક ખુશાલ શાહ
શ્રીમતી આશાદેવી

બીજાં નામો ઉમેરવાની સત્તા સાથે.

## ૪

[પ્રમુખસ્થાનેથી ગાંધીજીએ પરિષદનો ઉપસંહાર કરતાં કહ્યું:]

તમે સૌ ભાઈબહેનો અહીં આવ્યાં ને મને આ કામમાં સાથ આપ્યો તેને સારુ હું તમારો આભારી છું. તમારી પાસે હજુ વધારે સહકારની આશા હું રાખીશ, કેમ કે આ પરિષદ તો હજુ પહેલી જ છે ને એવી તો ઘણી પરિષદો આપણે ભરવી પડશે. માલવીયજી મહારાજે મને ચેતવણીનો તાર મોકલ્યો છે, પણ એમને તો હું આશ્વાસન આપી ચૂક્યો છું કે, આ પરિષદમાં અંતિમ નિર્ણયો થવાના નથી, એ શોધકોની પરિષદ છે, અને દરેક જણને સૂચના અને ટીકા આપવાને નિમંત્રણ અપાયું

* આ યોજના હવે પુસ્તકાકારે બહાર પડી છે. (કિ. રૂ. ૧·૦૦ ટપાલરવાનગી ૦·૪૦). તેમ જ હરિજનબંધુના ૧૨–૧૨–'૩૭ના અંકથી તેમાં પણ અપાઈ છે.

છે. કોઈ પણ ચીજ ઝપાટાભેર પરાણે કરાવી નાખવાનો મારો જરા પણ વિચાર નથી. રાષ્ટ્રીય શિક્ષણ અને દારૂબંધીની કલ્પનાઓ અસહકારના જેટલી જૂની છે. પણ એ ચીજ એના અત્યારના રૂપમાં તો મને દેશના બદલાયેલા સંજોગોમાં સૂઝેલી છે.

હ૦ બં૦, ૩૧–૧૦–'૩૭

## ૧૭
## એક ડગલું આગળ

વર્ધામાં ગયે અઠવાડિયે મળેલી શિક્ષણ પરિષદે કરેલા કામકાજનો હેવાલ (ઉપર પ્ર. ૧૬માં) આપેલો છે. પ્રજા અને મહાસભાના પ્રધાનોની આગળ મારી યોજના રજૂ કરવાના કાર્યમાં આ પરિષદથી એક નવું ને અગત્યનું પ્રકરણ શરૂ થાય છે. એટલા બધા પ્રધાનો પરિષદમાં હાજર હતા એ શુભ ચિહ્‌ન હતું. પરિષદમાં મુખ્યત્વે જે વાંધા લેવાયા ને ટીકા થઈ તે શિક્ષણ સ્વાવલંબી હોવું જોઈએ એ વિચાર—મેં રજૂ કરેલા સંકુચિત રૂપમાં પણ —ની સામે હતાં. એટલે પરિષદે જે ઠરાવ કર્યા છે તેમાં બહુ સાવચેતી રાખેલી છે. પરિષદને અજાણ્યા સમુદ્રમાં નાવ હંકારવાનું હતું એ વિષે તો કશી શંકા નથી. એની નજર આગળ અગાઉનું એકે સંપૂર્ણ દૃષ્ટાંત ન હતું. મેં રજૂ કરેલો વિચાર જો સાચો હશે તો તેનો વ્યવહારમાં અમલ જરૂર કરી શકાશે. આખરે તો જેમને સ્વાવલંબનવાળા ભાગ પર શ્રદ્ધા હોય તેમણે એ વિચાર પ્રમાણે નિશાળો ચલાવીને એ વિચારનું સંગીનપણું પુરવાર કરી બતાવવાનું છે.

માધ્યમિક અભ્યાસક્રમમાંથી અંગ્રેજી બાદ કરીને બાકીના શિક્ષણ સહિતની પૂરી પ્રાથમિક કેળવણી કોઈ પણ ઉદ્યોગ દ્વારા આપાવી જોઈએ, એ પ્રશ્ન વિષે તો આશ્ચર્યકારક એકમતી હતી. છોકરા અને છોકરીઓમાં રહેલા પૂર્ણ પુરુષત્વ કે સ્ત્રીત્વનો વિકાસ ઉદ્યોગ દ્વારા સાધવાનો છે, એ હકીકત આપોઆપ નિશાળોને કારખાનાં બની જતી અટકાવે છે. કેમ કે છોકરાછોકરીઓને જે ઉદ્યોગનું શિક્ષણ મળે તેમાં તેઓ અમુક અંશે

નિષ્ણાત થાય, તે ઉપરાંત તેમને જે વિષયો શીખવાના હશે તેમાં પણ એટલા જ આવડત બતાવવાની રહેશે.

આ યોજનાનો વ્યવહારમાં અમલ કેમ થઈ શકે અને છોકરા-છોકરીઓને એક પછી એક વરસે શું શું શીખવાનું રહેશે, એ ડૉ. ઝાકિર હુસેનની સમિતિના પરિશ્રમ પરથી આપણે જાણી શકીશું.

એક વાંધો એવો ઉઠાવવામાં આવ્યો છે કે, પરિષદમાં શા ઠરાવો થવાના છે તે તો અગાઉથી નક્કી થઈ ચૂકેલું જ હતું. આ વાંધો છેક જ વજૂદ વિનાનો છે. આખા દેશમાંથી કેળવણીકારોને ગમે તેમ પસંદગી કરીને બોલાવવા અને તેમને મન જે યોજના બેશક ક્રાંતિકારક હતી તેના પર તેમને એકાએક મત પ્રદર્શિત કરવાનું કહેવું, એ વસ્તુતઃ અશક્ય હતું. એટલે જેમણે શિક્ષક તરીકે ઉદ્યોગશિક્ષણનો કંઈકે અનુભવ લીધેલો એવાઓને જ નિમંત્રણો મોકલવામાં આવ્યાં હતાં. રાષ્ટ્રીય શિક્ષણનું કાર્ય કરનારા સાથીઓ આ નવી કલ્પનાને સમભાવપૂર્વક ઝીલી લેશે એવો ખ્યાલ મને પોતાને જ નહોતો. આ યોજના જ્યારે ઝાકિર હુસેન સમિતિની મારફતે મૂર્ત અને વધારે પૂર્ણ રૂપે પ્રજાની આગળ આવશે, ત્યારે કેળવણીકારોના વિશાળ વર્ગને એના પર વિચાર કરવાનું નિમંત્રણ જરૂર અપાશે. જે કેળવણીકારો પાસે મદદગાર થઈ પડે એવી સૂચનાઓ હોય તેમને મારી વિનંતી છે કે, તેઓ એ સૂચનાઓ સમિતિના મંત્રી શ્રી આર્યનાયકમને વર્ધાને સરનામે મોકલી આપે.

પરિષદમાં એક વક્તાએ ભાર દઈને કહ્યું કે, નાનાં છોકરાછોકરી-ઓને શિક્ષણ આપવાનું કામ પુરુષો કરતાં સારી રીતે સ્ત્રીઓ કરી શકે; અને કુમારિકાઓ કરતાં સારી રીતે માતાઓ કરી શકે. બીજી દૃષ્ટિએ પણ, અધ્યાપક શાહની ફરજિયાત સેવાની યોજનામાં ભળવાની અનુ-કૂળતા એમને વધારે છે. જે દેશપ્રેમી મહિલાઓની પાસે ફુરસદનો વખત હોય તેમને આ એક સૌથી મોટા સત્કાર્યમાં પોતાની સેવા અર્પણ કરવાની આ સરસ તક છે, એમાં શંકા નથી. પણ તેઓ જો તૈયાર થાય તો તેમણે પૂરતી પ્રાથમિક તાલીમ લેવી પડશે. આજીવિકાની ખોળમાં પડેલી ગરજવાન બહેનો, જે આ પ્રવૃત્તિને એક ધંધો માનીને તેમાં જોડાવાનો

વિચાર કરતી હોય, તેમનાથી કશો અર્થ નહીં સરે. તેઓ જો યોજનામાં ભળે તો તેમણે શુદ્ધ સેવાભાવથી એમાં પડવું જોઈએ ને એને પોતાનું જીવનકાર્ય બનાવવું જોઈએ. તેઓ જો સ્વાર્થી વૃત્તિથી એમાં પડશે, તો તેઓ ધાર્યું કામ નહીં આપી શકે ને અતિશય નિરાશ થશે. જો ભારતવર્ષની સંસ્કારી મહિલાઓ ગામડાંની પ્રજા સાથે — અને તે પણ તેમનાં બાળકો મારફતે — એકતા સાધે, તો તેઓ ભારતવર્ષનાં ગામડાંના જીવનમાં શાંત અને ભવ્ય એવી ક્રાંતિ કરાવશે. તેઓ એને માટે તત્પર થશે ખરી?

હ૦ બં૦, ૩૧–૧૦–’૩૭

# પાયાની કેળવણી

ખંડ ૩

## વર્ધા શિક્ષણ યોજના

## ૧૮

# "પશ્ચિમની આયાત નથી"

[વર્ધા શિક્ષણ પરિષદે કરેલા ઠરાવો (જુઓ પ્ર. ૧૬માં તે આપ્યા છે)નો અમલ કરવો સરળ પડે તે સારુ ને આગળનાં પગલાં ભરવાની સુગમતા પડે તે ખાતર એક વ્યવસ્થિત શિક્ષણ યોજના તૈયાર કરવામાં આવે, એટલે "એ ઠરાવોને ધોરણે, પ્રાંતોના પ્રધાનો પરિષદના ઠરાવોનો અમલ કરી શકે એવી ઢબની, અભ્યાસક્રમની યોજના તૈયાર કરવા" પરિષદે એક સમિતિ નીમી હતી. આ સમિતિએ દોઢેક માસની અંદર પોતાનું નિવેદન બહાર પાડ્યું હતું; અને ત્યાર બાદ થોડા વખતમાં ભલામણ રૂપે સવિસ્તર એક અભ્યાસક્રમ રચી દેશ આગળ રજૂ કર્યો હતો. એ નિવેદન અને અભ્યાસક્રમ મળીને, જેને 'વર્ધા શિક્ષણ યોજના' કહેવાઈ હતી, તે થાય છે. એને પુસ્તકાકારે છપાવવામાં આવ્યું હતું. ગાંધીજીએ તેની પ્રસ્તાવના લખી હતી તે નીચે આપી છે. તેનું મથાળું તેમાં ગાંધીજીએ અંતે કહેલા નીચેના વાકય પરથી કર્યું છે: " . . . કોઈ પણ અર્થમાં, પશ્ચિમથી આયાત કરેલી એ વસ્તુ નથી." આ વાકયના સંદર્ભમાં એટલું અહીં કહેવાનું રહે કે, વર્ધા શિક્ષણ પરિષદ મળી તેમાં એવી એક ચર્ચા જાગી હતી કે, ગાંધીજીનો આ વિચાર નવો છે? કે તેને મળતા વિચાર પશ્ચિમના કોઈ કેળવણીકારોએ રજૂ કરેલા છે? ગાંધીજીએ નીચેની પ્રસ્તાવનામાં એ પ્રશ્ન અંગેની પોતાની સમજની કાંઈક ટકોર કરી છે; અને પોતાના વિચારના મુખ્ય મુદ્દા સાફ ગણી બતાવ્યા છે. —સં૦]

એક હજાર પ્રતની પહેલી (અંગ્રેજી) આવૃત્તિ વેચાઈ ગઈ એ બતાવે છે કે, ડૉ. ઝાકિર હુસેને અને એમની સમિતિએ જેને "पायानी राष्ट्रीय केळवणी" કહી છે, તે ચીજે હિંદમાં અને હિંદ બહાર ઠીક ઠીક રસ ઉત્પન્ન કર્યો છે. આ ચીજનું "गामडांना हाथउद्योगो मारफत गामडांनी राष्ट्रीय केळवणी" એવું નામ, ઉપરના નામ કરતાં ઓછું આકર્ષક હોવા છતાં, વધારે સાચું થાત. 'ગામડાંની' કહેતાં ઉચ્ચ કહેવાતું કે અંગ્રેજી શિક્ષણ બાદ થાય છે; 'રાષ્ટ્રીય' શબ્દ આ જ સત્ય અને અહિંસા એ અર્થ સૂચવે છે; અને "ગામડાંના હાથઉદ્યોગો મારફત" એ શબ્દપ્રયોગનો

અર્થ એ છે કે, યોજનાકારો શિક્ષકો પાસેથી એવી આશા રાખે છે કે, તેઓ, અમુક પસંદ કરેલા ગામડાંના હાથઉદ્યોગ મારફતે અને ઉપરથી લાદેલાં બંધનો તથા દખલગીરી વગરના સ્વતંત્ર વાતાવરણમાં, પોતાનાં ગામડાંના બાળકોની બધી શક્તિઓ ખીલી આવે એ રીતે, એમને કેળ-વણી આપશે.

આ પ્રમાણે વિચારતાં આ યોજના ગામડાંના બાળકોની કેળવણીમાં એક ક્રાંતિ છે. કોઈ પણ અર્થમાં, પશ્ચિમથી આયાત કરેલી એ વસ્તુ નથી. જો વાચક આ વસ્તુ ખ્યાલમાં રાખશે તો, જે યોજનાને તૈયાર કરવામાં દેશના કેટલાક ઉત્તમ કેળવણીકારોએ પોતાનું અનન્ય ધ્યાન અર્પેલું છે, તેવી આ યોજનાને તે વધારે સહેલાઈથી સમજી શકશે.

સેગાંવ, વર્ધા, ૨૮–૫–'૩૮

## ૧૯

## "તળિયું સાબૂત છે"

[વર્ધા શિક્ષણ યોજના બહાર પડી પછી આ. કૃપાલાનીએ તેના ભાષ્યરૂપે અંગ્રેજીમાં 'ધી લેટેસ્ટ ફેડ' (તાજેતરનું ઘેલું) એવું મજાકી છતાં આકર્ષક નામ આપીને પુસ્તક બહાર પાડયું હતું.* ગાંધીજીએ તેની પ્રસ્તાવના લખી છે, તે નીચે ઉતારી છે. —સં૦]

આ ચોપડી હું આથેતિ જોઈ ગયો છું. અનુભવમાં આવતી એક ઊણપ એનાથી પુરાશે. જેને મારું 'તાજેતરનું ઘેલું' કહેવામાં આવ્યું છે, — અને તેય વળી કેળવણીના ક્ષેત્રમાં ! — તે વિષે જિજ્ઞાસુઓને જે અનેક શંકાઓ પજવે છે, તે બધીનો જવાબ આપવાનો આ ચોપડીમાં પ્રયત્ન છે. આ. કૃપાલાનીએ ઘણાં વરસ કેળવણીકાર તરીકે કાઢયાં છે. તેમણે આ ચોપડીમાં એ બતાવવા પ્રયત્ન કર્યો છે કે, આ 'ઘેલા'નું તળિયું બરોબર સાબૂત છે.

---

* તેનો ગુજરાતી અનુવાદ 'સર્વોદયની કેળવણી' નામથી ગૂજરાત વિદ્યાપીઠે બહાર પાડયો છે તે જુઓ. કિ. રૂ. ૧.૨૫ ટપાલરવાનગી ૦.૩૦

## ૨૦

# યોજનાના ભીતરમાં

[ડૉ. જૉન ડી. બોઅર નામના એક અમેરિકન પાદરી (દક્ષિણ ભારતની એક કૉલેજના પ્રિન્સિપાલ)ને અને ગાંધીજીને થયેલી વાતચીતનો શ્રી મ૦ હ૦ દેસાઈના હેવાલ 'વર્ધાયોજનાનું વિવરણ'— એ લેખમાંથી નીચેનું છે.

—સં૦ ]

ડૉ. ડી. બોઅરે કહ્યું, "મને આ યોજના બહુ જ ગમે છે, કેમ કે એના મૂળમાં અહિંસા રહેલી છે. માત્ર અભ્યાસક્રમમાં અહિંસાને બહુ ઓછું સ્થાન આપાયું છે એટલી જ મુશ્કેલી મને લાગે છે."

ગાંધીજી કહે: "તમને એ યોજના ગમી એનું કારણ તો બરાબર છે. પણ આખા અભ્યાસક્રમની સંકલના અહિંસાને કેંદ્રમાં રાખીને ન કરી શકાય. એ યોજના અહિંસક મગજમાંથી ઉદ્‌ભવી છે એટલું જાણવું બસ છે. પણ જેઓ એ યોજના સ્વીકારે તેમણે અહિંસાનો પણ સ્વીકાર કરવો જ જોઈએ એવું નથી. દાખલા તરીકે, આ સમિતિના સર્વ સભ્યો અહિંસાને જીવનનો સિદ્ધાંત માનતા નથી. જેમ શાકાહારી માણસ અહિંસા-વાદી હોવો જ જોઈએ એવું નથી — તે આરોગ્યને કારણે પણ શાકાહારી હોઈ શકે, તેમ આ યોજનાનો સ્વીકાર કરનારા બધા અહિંસાવાદી હોવા જ જોઈએ એવું નથી."

ડૉ. ડી. બોઅર: "હું કેટલાક એવા કેળવણીકારોને ઓળખું છું જેઓ આ યોજના અહિંસાની ફિલસૂફી પર રચાયેલી છે એટલા માટે જ એ નાપસંદ કરે છે."

ગાંધીજી: "મને ખબર છે. એમ તો હું કેટલાક આગેવાનોને જાણું છું જેઓ ખાદીનો સ્વીકાર કરવાની એટલા જ માટે ના પાડે છે કે, એ મારી જીવનની ફિલસૂફી પર રચાયેલી છે! પણ એને હું શી રીતે રોકી શકું? અહિંસા એ આ યોજનાનું હાર્દ છે જ, અને એ હું સહેજે બતાવી શકું, પણ હું જાણું છું કે, હું એમ કરીશ તો પછી

એને માટે બહુ ઓછો ઉત્સાહ લોકોમાં રહેશે. પણ જેઓ આ યોજના સ્વીકારે છે તેઓ એટલી હકીકતનો સ્વીકાર કરે છે કે, કરોડો ભૂખ્યાં માણસોની ભૂમિમાં એમનાં બાળકોને બીજી કોઈ રીતે શિક્ષણ આપી જ ન શકાય; અને જો આ યોજના ચાલતી કરી શકાય તો એમાંથી નવી અર્થવ્યવસ્થાનો જન્મ થશે. એટલું મારે માટે બસ છે, જેમ મહાસભાવાદીઓ ભલે જીવનસિદ્ધાંત તરીકે નહીં પણ સ્વાતંત્ર્યપ્રાપ્તિના સાધન તરીકે અહિંસાનો સ્વીકાર કરે છે, એટલું મારે માટે બસ છે. આખું હિંદુસ્તાન જો અહિંસાને ધર્મ તરીકે એ જીવનસિદ્ધાંત તરીકે સ્વીકારે, તો તત્કાળ પ્રજાતંત્રની સ્થાપના કરી શકાય."

ડૉ. બોઅર: "સમજ્યો. હજુ એક વસ્તુ મારી સમજમાં નથી ઊતરતી. હું સમાજવાદી છું; અને અહિંસાવાદી તરીકે મને આ યોજના બહુ જ ગમે છે ખરી. છતાં સમાજવાદી તરીકે મને લાગે છે કે, આ યોજના હિંદુસ્તાનને જગતથી છૂટું પાડી નાખશે, જ્યારે આપણે તો આખા જગતની જોડે અનુસંધાન સાધવાનું છે. અને એ કામ સમાજવાદ જેવું કરે છે તેવું બીજી કોઈ ચીજ નથી કરતી."

ગાંધીજી: "મને કશી મુશ્કેલી નથી નડતી. અમે આખા જગતથી વિખૂટા નથી પડી જવા માગતા. અમે સર્વ પ્રજાઓની સાથે સ્વેચ્છાએ લેવડદેવડ કરીશું. પણ આજે જે પરાણે લેવડદેવડ થાય છે, તે તો જવી જ જોઈએ. અમે નથી કોઈના હાથે ચુસાવા માગતા, કે નથી કોઈને ચૂસવા માગતા. આ યોજના દ્વારા અમે સર્વ બાળકોને કંઈક ઉત્પાદન કરતાં બનાવવાની, ને એમ કરીને આખા રાષ્ટ્રની મુખમુદ્રા બદલવાની આશા સેવીએ છીએ, કેમ કે એ વસ્તુ અમારા આખા સમાજજીવનની રગેરગમાં ઊતરી જશે. પણ એનો અર્થ એ નથી કે, અમે આખા જગત જોડેનો સંબંધ તોડી નાખીશું. એવી પ્રજાઓ તો રહેશે કે જે પોતે અમુક માલ પેદા ન કરી શકે એટલા માટે બીજી પ્રજાઓની પાસેથી માલની લેવડદેવડ કરવા ઇચ્છશે. એવા માલ માટે તેઓ બીજી પ્રજાઓ પર જરૂર આધાર રાખશે. પણ એ માલ પૂરો પાડનાર પ્રજાઓએ એમને ચૂસવીં ન ઘટે."

"પણ તમને બીજા દેશો પાસેથી કશાની જરૂર જ ન પડે એટલું સાદું તમારું જીવન તમે બનાવી દો, તો તમે એમનાથી અળગા પડી જ જવાના; જ્યારે હું તો ઇચ્છું કે તમે અમેરિકાને માટે પણ જવાબદાર બનો."

"ચૂસવાનું ને ચુસાવાનું બંધ કરીને અમે અમેરિકા માટે જવાબદાર બની શકીએ, કેમ કે અમે એ પ્રમાણે કરીએ તો અમેરિકા અમારા દૃષ્ટાંતનું અનુકરણ કરશે, અને પછી આપણી વચ્ચે છૂટથી લેવડદેવડ થવામાં મુશ્કેલી નહીં આવે."

"પણ તમે તો જીવનને સાદું કરી નાખવા ને મોટા ઉદ્યોગોને કાઢી નાખવા માગો છો."

"મારા દેશને જરૂરની બધી ચીજો હું ત્રણ કરોડ માણસને બદલે ત્રીસ હજારની મહેનત વડે પેદા કરી શકું તો મને વાંધો નથી; માત્ર પેલાં ત્રણ કરોડ આળસુ ને બેકાર ન બનવાં જોઈએ. કામના કલાક ઘટાડીને રોજના એકબે કલાક કામ કરવાનું રહે એટલી હદ સુધી યાંત્રિક ઉદ્યોગો દાખલ કરવાનો સમાજવાદીઓનો વિચાર છે, એ હું જાણું છું; પણ મારે એ નથી જોઈતું."

"પણ એથી લોકોને ફુરસદ મળે ને?"

"ફુરસદ શાને માટે? હૉકી ખેલવા માટે?"

"એને જ માટે નહીં, પણ દાખલા તરીકે સર્જનાત્મક હાથ-ઉદ્યોગોને માટે."

"સર્જનાત્મક હાથઉદ્યોગોમાં રોકાવાનું તો હું એમને કહું છું, પણ તેઓ રોજના આઠ કલાક કામ કરીને હાથ વડે ચીજો પેદા કરશે."

"દરેક ઘરમાં રેડિયો હોય ને દરેક માણસ પાસે મોટર હોય એવી સમાજની સ્થિતિ તો તમે નથી જ ઇચ્છતા. એ પ્રેસિડન્ટ હૂવરનું સૂત્ર હતું: એને તો ઘેર ઘેર બે રેડિયો ને બે મોટર જોઈતાં હતાં."

ગાંધીજી: "એટલી બધી મોટરો અમારી પાસે થઈ જાય તો ચાલવાની જગા જ ન રહે."

"ખરી વાત છે. અમારા દેશમાં દર વરસે મોટરના અકસ્માતોથી ચાળીસેક હજારનાં મોત નીપજે છે અને એથી ત્રણ ગણાં માણસો ઘવાઈને લૂલાં પાંગળાં બને છે."

"હિંદુસ્તાનનાં બધાં ગામડાંમાં રેડિયો થાય એવો દિવસ જોવા હું તો નથી જીવવાનો."

"પંડિત જવાહરલાલનો વિચાર તો એવો લાગે છે કે, દેશમાં પુષ્કળ માલ પેદા થવો જોઈએ."

ગાંધીજી: "મને ખબર છે. પણ પુષ્કળ માલ એટલે શું? તમે અમેરિકામાં કરો છો એમ કરોડો ટન ઘઉંનો નાશ કરવાની શક્તિ તો નહીં ને?"

"હાસ્તો, એ મૂડીવાદનું બૂરું પરિણામ છે. હવે એ લોકો પાકનો નાશ નથી કરતા, પણ ઘઉંનો પાક ન કરે એટલા માટે એમને પૈસા આપવામાં આવે છે. ઈંડાંના ભાવ ગગડી ગયા હતા એટલે લોકો એક-બીજાની સામે ઈંડાં ફેંકવાની રમત રમતા હતા."

"એવું અમારે નથી જોઈતું. પુષ્કળ માલ હોવો જોઈએ એનો અર્થ જો તમે એવો કરો કે, દરેક માણસને પુષ્કળ અન્ન, પેય ને વસ્ત્ર મળવાં જોઈએ, મનને સુસજ્જ ને સુશિક્ષિત બનાવવાને માટે પૂરતી સાધનસામગ્રી મળવી જોઈએ, તો મને સંતોષ થાય. પણ પચે એના કરતાં વધારે ખોરાક પેટમાં નાખવો ને વાપરી શકાય એના કરતાં વધારે ચીજો ઘરમાં ખડકવી, એ મને ન ગમે. પણ બીજી બાજુ મારે દુ:ખ, દારિદ્ય, કંગાલિયત ને ગંદકી પણ હિંદુસ્તાનમાં નથી જોઈતાં."

"પણ પંડિત જવાહરલાલે તો એમની જીવનકથામાં કહ્યું છે કે, તમે દરિદ્રનારાયણને પૂજો છો ને ગરીબાઈને જ ખાતર ગરીબ રહેવાની સ્તુતિ કરો છો."

"મને ખબર છે," ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું.

**હ૦ બં૦, ૨૦, ૨૭–૨–'૩૮**

# ૨૧

# નવી કેળવણીનું નવાપણું

## ૧

[નવા સ્થપાયેલા હિંદુસ્તાની તાલીમી સંઘની બેઠક વર્ધામાં ૧૯૩૮ના મે માસના પહેલા અઠવાડિયામાં મળી હતી. તેની આગળ ગાંધીજીએ નવી કેળવણીનું રહસ્ય અને તેનું ધ્યેય સમજાવતાં કરેલા પ્રવચનના શ્રી મહાદેવભાઈએ આપેલા હેવાલમાંથી નીચેનું છે. —સં૦]

નવી કેળવણીની યોજનાનો આરંભ કર્યો ત્યારે મારામાં જે આત્મવિશ્વાસ ભરેલો હતો તે અત્યારે ઊડી ગયેલો લાગે છે. મારા શબ્દોમાં જે શક્તિ હતી તે આજે ક્ષીણ થઈ ગઈ લાગે છે. આ આત્મવિશ્વાસનો અભાવ એ બાહ્ય કારણોને લીધે નહીં પણ આંતરિક કારણોને લીધે છે. મારી ઇંદ્રિયો જડ થઈ ગઈ છે એમ નથી. મારી ઉંમરના પ્રમાણમાં મારી બુદ્ધિ મને સારું કામ આપે છે. અહિંસા ઉપરનો મારો વિશ્વાસ ઊઠી ગયો છે એવું પણ નથી. એ શ્રદ્ધા પહેલાંના કરતાં ઘણી વધારે સબળ બનેલી છે. પણ આ ક્ષણે મારો આત્મવિશ્વાસ ઊડી ગયેલો છે. એટલે મારી કહેલી એકે વાત તમે શ્રદ્ધાથી સ્વીકારી ન લેશો. જેટલું તમારે ગળે ઊતરે તેટલું જ કબૂલ રાખજો. પણ મારી ખાતરી છે કે આપણે ફક્ત બે નિશાળ પણ સાચી ઢબે ચલાવીએ તો હું આનંદથી નાચીશ.

[સાચી ઢબ કઈ એ એમણે આ પ્રવચનના આરંભમાં સમજાવ્યું હતું :]

આપણે આ અધ્યાપન મંદિરને સ્વાતંત્ર્ય અપાવનારી ને આપણાં સર્વ અનિષ્ટો દૂર કરનારી નિશાળ બનાવવાનું છે. એ અનિષ્ટોમાં સૌથી મોટું તે આપણા કોમી કલહો છે. એને સારુ આપણે અહિંસા પર જ આપણી સર્વ શક્તિ એકાગ્ર કરવી પડશે. હિટલર અને મુસોલિનીની નિશાળો હિંસાને પોતાનો મૂળ સિદ્ધાંત માને છે. આપણો મૂળ સિદ્ધાંત મહાસભાના આદેશ અનુસાર અહિંસા છે. એટલે આપણા સર્વ પ્રશ્નોનો

નિકાલ આપણે અહિંસક રીતે આણવાનો છે. આપણું ગણિત, આપણું વિજ્ઞાન, આપણો ઈતિહાસ એ સર્વમાં અહિંસા ઓતપ્રોત હશે અને એ વિષયના પ્રશ્નો અહિંસાના રંગથી રંગાશે. શ્રીમતી હાલીદા હાનુમે જ્યારે તુર્કી વિષે દિલ્હીમાં જામિયા મીલિયા ઈસ્લામિયામાં વ્યાખ્યાન આપ્યું ત્યારે મેં કહ્યું હતું કે, સામાન્ય રીતે ઈતિહાસ એ રાજાઓ અને તેમનાં યુદ્ધોની તવારીખ હોય છે, પણ ભવિષ્યનો ઈતિહાસ એ મનુષ્યની તવારીખ હશે; એ તો અહિંસક જ હોઈ શકે અથવા છે. વળી આપણે આપણી સર્વ શક્તિ શહેરી ઉદ્યોગો પાછળ નહીં, પણ ગામઠી ઉદ્યોગો પાછળ વાપરવી રહેશે. એટલે કે, જો આપણે આપણાં સાત લાખ ગામડાંમાંથી થોડાં જ નહીં પણ બધાંને જીવતાં રાખવાં હોય, તો આપણે આપણા ગામઠી હાથઉદ્યોગોને સજીવન કરવા પડશે. અને તમે ખાતરી રાખજો કે, જો આપણે નિશાળની કેળવણી એ હાથઉદ્યોગ વાટે આપી શકીએ તો આપણે ક્રાંતિ કરી શકીશું. આપણાં પાઠ્યપુસ્તકો પણ એ જ ઉદ્દેશથી તૈયાર કરેલાં હશે.

હું જે કહું છું તેના પર તમે ઊંડો વિચાર કરજો ને તમને વાત ગળે ન ઊતરે તે પડતી મૂકજો. હું કહું છું તે જો આપણા મુસલમાન ભાઈઓને ગળે ન ઊતરે તો તેઓ તેને તરત જ નાકબૂલ રાખે. મારે જે અહિંસા જોઈએ છે તે અંગ્રેજો સાથેની લડાઈ પૂરતી જ નથી, પણ આપણા સર્વ આંતરિક વ્યવહારો ને પ્રશ્નોને લાગુ પાડવાની છે. એ સાચી સક્રિય અહિંસા હશે, ને એમાંથી પરસ્પર ભય પર રચાયેલો, હિટલર ને મુસોલિનીની વચ્ચે થયો છે એવો, કરાર નહીં નીપજે, પણ સાચી જીવતી-જાગતી હિંદુમુસલમાન એકતા નીપજશે.

હ૦ બં૦, ૮–૪–'૩૮

## ૨

[વર્ધાથી પ્રગટ થયેલા હિંદુસ્તાની તાલીમી સંઘના માસિક 'નઈ તાલીમ' પર મોકલેલો સંદેશો આ છે. —સં૦]

નઈ તાલીમકા નયાપન સમઝના જરૂરી હૈ, પુરાની તાલીમમેં જિતના અચ્છા હૈ વહ નઈ તાલીમમેં રહેગા, લેકિને ઉસમેં નયાપન કાફી હોગા. નઈ તાલીમ અગર સચમુચ નઈ હોગી, તો ઉસકા નતીજા

(પરિણામ) યહ હોના ચાહિયે કિ, હમારે અન્દર માયૂસી (નિરાશા) હૈ ઉસકી જગહ ઉમ્મીદ હોગી, કંગાલિયતકી જગહ રોટીકા સામાન તૈયાર હોગા, બેકારીકી જગહ ધંધા હોગા, ઝગડોંકી જગહ એકા હોગા, ઔર હમારે લડકે લડકિયાં લિખનાપઢના જાનેંગે ઔર સાથ સાથ હુનર ભી જાનેંગે જિસકે મારફત વે અક્ષરજ્ઞાન હાસિલ કરેંગે.

ઉતમાનઝાઈ, ૧૪–૧૦–'૩૮

હ૦ બં૦, ૨૯–૧–'૩૯

## ૩

[પૂનામાં ઑક્ટોબર, ૧૯૩૯, માં ભરાયેલી બુનિયાદી તાલીમ પરિષદને* મોકલેલો સંદેશો આ છે. —સં૦]

મને આશા છે કે, પૂનાની પરિષદ જે કંઈ કરશે તેમાં નઈ તાલીમ (જે બુનિયાદી તાલીમ કે પાયાની કેળવણીને નામે ઓળખાય છે)નું નવાપણું હમેશાં ધ્યાનમાં રાખશે. જેમ કોઈ રાસાયણિક પ્રયોગમાં આપણે એક પણ દ્રવ્ય ઘટાડતા કે વધારતા નથી, તે જ પ્રમાણે આપણે વર્ધા-યોજનાનાં આવશ્યક અંગોમાં એકે ઉમેરવું કે એમાંથી એકે છોડવું ન જોઈએ. આ યોજનાની નવીનતા એમાં રહેલી છે કે, કેળવણી કોઈ ગ્રામઉદ્યોગ મારફતે આપવાની છે. એ હેતુ કેવળ ચાલુ ભણતરમાં એકાદ ગ્રામઉદ્યોગ ઉમેરવાથી સધાવાનો નથી.

સેગાંવ, ૨૮–૧૦–'૩૯

હ૦ બં૦, ૫–૧૧–'૩૯

---

* આ પરિષદના કામનો વિસ્તૃત હેવાલ હિંદી તથા અંગ્રેજીમાં 'One Step Forward' 'एक कदम आगे' નામે પ્રસિદ્ધ થયો છે. દરેકની કિં. ૧.૨૫ તાલીમી સંઘ, વર્ધા, પાસેથી મળી શકશે. તેની સમાલોચનાની નોંધ ગાંધીજીએ હ૦ બં૦ (૨૪–૮–'૪૦) માં લખતાં કહેલું, "જેમને કેળવણીમાં રસ છે તેમણે આ પુસ્તકની નકલ મેળવવાનું ચૂકવું ન જોઈએ. મારે માટે એ આશ્વાસનની વાત છે કે, મારા આ તાજેતરના—છેલ્લા એમ કદાચ ન કહી શકાય—પ્રયત્નને લગભગ સર્વ દિશાએથી સંમતિ મળી રહી છે. ગયા વર્ષમાં જે પ્રગતિ થઈ છે તે આ પ્રયોગને માટે ઉજ્જ્વળ ભાવીની સૂચક છે." —સં૦

૪

['રચનાત્મક કામ શાટે?' એ લેખમાંથી]

નવી (એટલે કે, પાયાની) કેળવણી વિના હિંદુસ્તાનનાં કરોડો બાળકોની કેળવણી લગભગ અસંભવિત છે એમ સર્વમાન્ય થયું ગણી શકાય. એટલે ગ્રામસેવકને તેનું જ્ઞાન હોવું જોઈએ. તે નવી કેળવણીનો શિક્ષક હોવો જોઈએ.

આ કેળવણીની પાછળ પ્રૌઢશિક્ષણ એની મેળે ચાલવાનું. જ્યાં નવી કેળવણીએ ઘર કર્યું હશે ત્યાંનાં બાળકો જ પોતાનાં માબાપનાં શિક્ષક બનવાનાં છે. ગમે તેમ હો, ગ્રામસેવકમાં પ્રૌઢશિક્ષણ આપવાની ધગશ હોવી જોઈએ.

સેવાગ્રામ, ૧૩–૮–'૪૦
હ૦ બં૦, ૧૭–૮–'૪૦

૨૨

# એક પ્રધાનનું સ્વપ્નું

"તમામ નિશાળોમાં છોકરા અને છોકરીઓ માટે કાંતણ અને વણાટ ફરજિયાત કરવાં જોઈએ એવો સંદેશો અથવા સૂચના આપ પ્રાંતિક સરકારોને અને લોકોને આપી શકો તો મારી ખાતરી છે કે ટૂંકા વખતમાં નિશાળોનાં બાળકો જાતે બનાવેલું કાપડ પહેરતાં થઈ જાય. એ પ્રથમ પગલું હશે. મેં આપના આદર્શો વિષેની શ્રદ્ધા ગુમાવી નથી, અને હું એવો દિવસ જોવાની આશા સેવું છું, જ્યારે દરેક ઘર પોતાનું ખપ પૂરતું કપડું બનાવી લેતું હોય અને દરેક ગામડું પણ આપની ગ્રામોદ્યોગની તેમ જ કેળવણીની યોજનાઓ અનુસાર કાપડની જ નહીં પણ દરેક આવશ્યક ચીજ બાબતમાં સ્વાવલંબી બનેલું હોય. આપની પેઠે હું પણ માનું છું કે આ દેશમાં સાચું સ્વરાજ ત્યારે જ સ્થપાઈ શકે જ્યારે પ્રાંતિક સરકારના અથવા હિંદુસ્તાન સરકારના અંદાજપત્રનાં પાસાં મળવાની સાથે—જે

મેળવતાં અનેક ચાલાકીઓ ને કરામતો કરવી પડે છે — ગ્રામવાસી પ્રજાના અંદાજપત્રનાં પણ પાસાં મળી રહે."

એક મહાસભાવાદી પ્રધાન ઉપર પ્રમાણે લખે છે. મારી પાસે આપખુદ માણસની સત્તા હોય તો હું ઓછામાં ઓછું પ્રાથમિક નિશાળોમાં તો હાથકાંતણ અવશ્ય ફરજિયાત કરું. જે પ્રધાનમાં શ્રદ્ધા હોય તેણે એમ કરવું જોઈએ. આપણી નિશાળોમાં કેટલીયે નકામી ચીજોને ફરજિયાત બનાવવામાં આવે છે. તો આ અતિઉપયોગી કળાને ફરજિયાત શા માટે ન બનાવવી જોઈએ? પણ લોકશાસનવાળા તંત્રમાં કોઈ વસ્તુ બહોળા પ્રમાણમાં લોકપ્રિય ન હોય તો તેને ફરજિયાત કરી શકાય નહીં. આમ લોકશાસનમાં ફરજિયાતપણું નામનું જ હોય છે. તે આળસને ઉડાડે છે, પણ લોકોની ઇચ્છા પર બળજબરી નથી કરતું. એવું ફરજિયાતપણું એ એક શિક્ષણની ક્રિયા છે. હું એના કરતાં હળવો એક પ્રારંભિક માર્ગ સૂચવું છું. સૌથી સારું કાંતનાર બાળક કે બાળાને ઇનામ અપાવાં જોઈએ. આ હરીફાઈથી બધાં નહીં તો ઘણાંખરાં તેમાં ભાગ લેવા પ્રેરાશે. કોઈ પણ યોજનામાં જો શિક્ષકોને પોતાને આસ્થા ન હોય તો તે સફળ થવાની નથી. પ્રાંતિક સરકારો જો પાયાની કેળવણીનો સ્વીકાર કરે તો હાથકાંતણ વગેરે અભ્યાસક્રમનાં કેવળ અંગ જ નહીં પણ શિક્ષણનું વાહન બને. પાયાની કેળવણી જો જડ ઘાલે તો આપણી આ પીડિત ભૂમિમાં ખાદી જરૂર સાર્વત્રિક અને પ્રમાણમાં સોંઘી થાય.

સેગાંવ, ૯–૧૦–'૩૯

હ૦ બં૦, ૧૫–૧૦–'૩૯

## ૨૩

# તકલી વિ૦ રમકડાં

['સેવાગ્રામ ખાદીયાત્રા' મથાળાવાળા શ્રી સુશીલા નય્યરના લેખમાંથી નીચેનો પ્રશ્નોત્તર છે. વર્ધા-પદ્ધતિમાં ક્રિયા કે પ્રવૃત્તિ ઉત્પાદક જોઈએ, રમકડાં ઇ૦ જેવી કેવળ ક્રીડાત્મક નહીં, એ એક મહત્ત્વનો મુદ્દો આ પ્રશ્નોત્તરમાં સમાયેલો છે, અને તે આ પદ્ધતિની એક મોટી નવીનતા અને ખાસિયત છે. —સં૦ ]

પ્ર૦ — પાયાની કેળવણીની યોજનામાં તકલી દાખલ કરવામાં આવી છે તે આર્થિક એટલે સ્વાશ્રયના હેતુથી કે કેળવણીના જ દૃષ્ટિબિંદુથી?

ઉ૦ — પાયાની કેળવણીના કાર્યક્રમમાં મૂકેલી કોઈ પણ વસ્તુ પાછળ એક જ હેતુ હોઈ શકે અને તે કેળવણીનો. પાયાની કેળવણીનો હેતુ હાથકારીગરીના વાહન દ્વારા બાળકોની શારીરિક, બૌદ્ધિક તેમ જ નૈતિક ખિલવણી સાધવાનો છે. છતાં હું એમ પણ માનનારો છું કે, જો કોઈ યોજના શિક્ષણદૃષ્ટિએ સંગીન હોય તેનો કુશળતાથી અમલ થાય, તો આર્થિક દૃષ્ટિએ પણ તે સંગીન નીવડે જ. દા. ત. આપણે આપણાં બાળકોને માટીનાં રમકડાં બનાવતાં શીખવીએ, જેને પાછળથી ભાંગી નાખવામાં આવે. એથી પણ એમની બુદ્ધિ તો ખીલશે; પણ એ રીતે કામ કરવામાં એક બહુ મહત્ત્વનો નૈતિક સિદ્ધાંત અવગણાય છે, અને તે એ કે, માણસની મહેનત અને સામગ્રી કદી પણ વેડફાવાં ન જોઈએ, અગર તો બિનઉત્પાદનની રીતે એ વપરાવાં ન જોઈએ. જીવનની એકેએક મિનિટ ઉપયોગી રીતે વીતવી જોઈએ, એ સિદ્ધાંત ઉપર ભાર મૂકવો એ ઉત્તમ નાગરિક તૈયાર કરનારી કેળવણી છે અને એવી પાયાની કેળવણી અનાયાસે સ્વાશ્રયી અને સ્વયંપૂર્ણ બની જાય છે.

હ૦ બં૦, ૧૯-૫-'૪૦

## ૨૪

# અંગ્રેજીને એમાં સ્થાન નથી

['ગ્રામશિક્ષણ વિ૦ શહેરી શિક્ષણ' એ મથાળાની નોંધ આ છે. —સં૦]

એક કેળવણીકાર લખે છે:

"જો તમે સાવધ નહીં રહો તો જોશો કે, શહેરોમાં દાખલ થઈ રહેલી પાયાની કેળવણી ગામડાંમાં દાખલ થઈ રહેલી કેળવણીના કરતાં જુદું જ સ્વરૂપ પકડશે. દા. ત. માતૃભાષાને ધક્કો પહોંચાડીને અંગ્રેજી દાખલ થશે અને પરિણામે એક જાતનું ગુમાન પોષાશે."

મારે કબૂલ કરવું જોઈએ કે મારી યોજના ગામડાંની પ્રજાની દૃષ્ટિએ ઘડાઈ છે. અને જ્યારે હું તે ખીલવી રહ્યો હતો ત્યારે મેં એમ કહ્યું હતું ખરું કે, શહેરોને તે લાગુ કરવામાં થોડાક ફેરફારો કરવા પડશે. આ ફેરફારોની કલ્પના શિક્ષણના માધ્યમ તરીકે જે ઉદ્યોગો પસંદ કરવાના તે પરત્વે જ માત્ર હતી. મને કદી ખ્યાલ નહોતો કે, પ્રાથમિક ધોરણોમાં અંગ્રેજીને સ્થાન આપવાનો ક્યાંયે પ્રયત્ન થશે. અને આ યોજના તો હજુ સુધી માત્ર પ્રાથમિક ધોરણોની જ કક્ષામાં રહી છે. અલબત્ત આ પ્રાથમિક મર્યાદા અંગ્રેજી વિનાના મૅટ્રિકના ધોરણની બરોબર પહોંચવા જાય છે ખરી. આ પાયરીએથી બાળકો ઉપર અંગ્રેજી લાદવું એ તો એમના સ્વાભાવિક વિકાસને ડામવા બરાબર અને કદાચ તેમનામાંની સ્વયંપ્રેરણાને મારી નાખવા બરાબર છે. ભાષા શીખવી એ મૂળે તો સ્મરણશક્તિ કેળવવાની જ તાલીમ છે. શરૂથી જ અંગ્રેજી શીખવું એ બાળક ઉપર એક સાવ બિનજરૂરી બોજો છે. બાળક માતૃભાષાને ભોગે જ તે શીખી શકે. હું તો માનું છું કે, ગામડાના બાળકના જેટલું જ શહેરી બાળકને માટે પણ એ જરૂરી છે કે તેના વિકાસનું ચણતર માતૃભાષાના સંગીન ખડક પર જ રચાય. આવી દેખીતી અને ખુલ્લી વાત કેવળ હિંદુસ્તાન જેવા દુર્ભાગી દેશમાં જ સાબિત કરવી પડે છે.

સેગાંવ, ૨–૯–'૩૯

હ૦ બં૦, ૧૦–૯–'૩૯

## ૨૫

# કેટલાક વાંધા

એક મુસલમાન પત્રલેખક લખે છે:

"ગયા ચાર મહિના થયાં ઉર્દૂ છાપાંમાં વર્ધાની શિક્ષણયોજના વિષે અભિપ્રાયો આવે છે. હમેશની પેઠે કોઈએ એ નિવેદન કાળજીથી વાંચ્યું હોય કે પાયાની કેળવણીના વિષય પર વિચાર કર્યો હોય એવું જણાતું નથી. એ લોકોના વાંધા મુખ્યત્વે ત્રણ મુદ્દાને વિષે છે:

(ક) ધાર્મિક શિક્ષણનો આ યોજનામાંથી બિલકુલ છેદ જ ઉડાવી દીધેલો છે;

(ખ) છોકરા છોકરીઓને જોડે ભણાવવાનાં છે;

(ગ) સર્વ ધર્મોને વિષે આદર કેળવવાનો છે.

"આ વાંધા ઉર્દૂ છાપાંમાંથી તારવેલા છે."

સાંપ્રદાયિક ધર્મના અર્થમાં ધર્મનું શિક્ષણ ઈરાદાપૂર્વક બાતલ રાખવામાં આવ્યું છે. રાજ્યનો કોઈ એક ધર્મ ન હોય તો ધાર્મિક શિક્ષણ આપવું અશક્ય નહીં તો બહુ મુશ્કેલ તો થઈ જ પડે છે; કેમ કે એનો અર્થ એ થાય કે, દરેક સંપ્રદાયને માટે એવા શિક્ષણની વ્યવસ્થા રાખવી જોઈએ. એવું શિક્ષણ સારામાં સારું તો ઘરમાં આપી શકાય. દરેક બાળકને માટે એવું શિક્ષણ ઘરમાં કે બીજી રીતે લેવાનો પૂરતો વખત રાજ્યે છૂટો રાખવો જોઈએ. એ પણ કલ્પી શકાય એવું છે કે, જે ધાર્મિક સંપ્રદાયો પોતાનાં બાળકોને નિશાળમાં ધાર્મિક શિક્ષણ આપવા માગતાં હોય, તેઓ ખાનગી રીતે શિક્ષણ આપે એવી સગવડ રાજ્યે કરી આપવી જોઈએ; માત્ર એવી કેળવણીનું ખરચ એ સંપ્રદાયોએ આપવું જોઈએ.

સહશિક્ષણ ઝાકિર હુસેન સમિતિએ ફરજિયાત બનાવ્યું નથી. જ્યાં છોકરીઓની નોખી નિશાળ માટે માગણી હશે ત્યાં રાજ્યને તેની સગવડ કરી આપવી પડશે. સહશિક્ષણનો સવાલ ખુલ્લો રાખવામાં આવ્યો છે. મારી જાણ પ્રમાણે, સમિતિના સભ્યો સૌ આ બાબતમાં એકમતના

નહોતા. હું પોતે કશા ચોક્કસ નિર્ણય પર આવ્યો નથી. હું માનું છું કે જેમ સહશિક્ષણની સામે તેમ તેની તરફેણમાં પણ એટલાં જ સબળ કારણો છે. અને જ્યાં એ પ્રયોગ થાય ત્યાં હું એનો વિરોધ નહીં કરું.

સર્વ ધર્મો વિષે સમાન આદર શીખવવાની બાબતમાં હું પોતે મક્કમ વિચાર ધરાવું છું. આપણે એ સુખી સ્થિતિએ ન પહોંચીએ ત્યાં સુધી તમામ ભિન્ન ભિન્ન કોમોની વચ્ચે સાચી એકતા થવાની કશી આશા મને દેખાતી નથી. પોતાનો જ ધર્મ બીજા બધા ધર્મ કરતાં ચડિયાતો છે અથવા એ જ એક સાચો ધર્મ છે એમ જો બાળકોને શીખવવામાં આવે, તો જુદાં જુદાં બાળકોની વચ્ચે મિત્રાચારી થઈ શકે જ નહીં એમ હું માનું છું. એવી સંકુચિત ભાવના રાષ્ટ્રમાં ફેલાય તો એમાંથી એ પરિણામ અવશ્ય ફલિત થાય કે, દરેક ધાર્મિક સંપ્રદાયને માટે જુદી નિશાળો હોવી જોઈએ ને એમને એકબીજાને ગાળ દેવાની છૂટ હોવી જોઈએ, અથવા તો ધર્મનું નામ જ દેવાની સખત મનાઈ કરવી જોઈએ. આવી નીતિનું પરિણામ એવું ભયંકર આવે કે એનો વિચાર જ થઈ શકતો નથી. નીતિ કે સદાચારના મૂળભૂત સિદ્ધાંતો સર્વ ધર્મમાં સમાન છે. એ બાળકોને જરૂર શીખવવા જોઈએ, અને વર્ધાયોજના પ્રમાણેની નિશાળોમાં એટલું ધાર્મિક શિક્ષણ પૂરતું ગણાવું જોઈએ.

હ૦ બં૦, ૧૭–૭–'૩૮

## ૨૯
# શિક્ષકોના કેટલાક પ્રશ્નો
### ૧

[અધ્યાપન મંદિર, હિંદુસ્તાની તાલીમી સંઘ, માં આવેલા શિક્ષકો જોડે થયેલા વર્તાલાપનો 'વર્ધા શિક્ષણયોજના' એ લેખમાં શ્રી પ્યારેલાલે આપેલો હેવાલ આ છે. —સં૦]

**વર્ધાયોજના અને યાંત્રિક ઉદ્યોગ**

શિક્ષકોનો પહેલો પ્રશ્ન એ હતો કે, "વર્ધાયોજના ચિરસ્થાયી નીવડે એવી છે કે માત્ર કામચલાઉ છે? ઘણા પ્રસિદ્ધ કેળવણીકારોએ એવો મત દર્શાવ્યો છે કે, થોડા વખતમાં હાથઉદ્યોગ નાબૂદ થઈ તેને ઠેકાણે સર્વત્ર મોટા યાંત્રિક ઉદ્યોગો સ્થપાવાના છે. વર્ધાયોજનાના ધોરણે કેળવાયેલો ને ન્યાય, સત્ય ને અહિંસાના પાયા પર રચાયેલો સમાજ મોટા યંત્રોદ્યોગોના ઘસારા સામે ઝીક ઝીલીને ટકી શકશે ખરો?"

ગાંધીજી કહે: "આ વહેવારુ પ્રશ્ન નથી; એની આપણા તાત્કાલિક કાર્યક્રમ પર અસર નથી પડવાની. આપણને નિસબત પેઢીઓ પછી શું બનવાનું છે તેની સાથે નથી, પણ આપણાં ગામડાંમાં વસતા કરોડો માણસોની ખરી જરૂરિયાત આ પાયાની કેળવણીની યોજનાથી પૂરી પડી છે કે નહીં એની સાથે છે. હું નથી માનતો કે, હિંદુસ્તાનમાં કોઈ પણ કાળે યાંત્રિક ઉદ્યોગો એટલા ફેલાઈ જશે કે ગામડાં બાકી રહેશે જ નહીં. હિંદુસ્તાનનો બહુ મોટો ભાગ હમેશાં ગામડાંનો જ રહેશે."

**મહાસભા અને વર્ધાયોજના**

બીજો પ્રશ્ન આ પુછાયો: "છેલ્લી પ્રમુખની ચૂંટણીને પરિણામે મહાસભાની નીતિ બદલાશે તો પાયાની કેળવણીની યોજનાનું શું થશે?"

ગાંધીજી: "આ ભય અસ્થાને છે. મહાસભાની નીતિમાં ફેરફાર થશે એની વર્ધાયોજના પર કશી અસર થવાની નથી. એની કંઈ પણ અસર પડશે તો મોટા રાજકારણ ઉપર જ પડશે. તમે અહીં ત્રણ અઠવાડિયાંની તાલીમ લેવા આવ્યા છો, જેથી તમે પાછા જઈને તમારા

વિદ્યાર્થીઓને વર્ધાયોજનાને ધોરણે શિક્ષણ આપી શકો. તમારામાં એટલી શ્રદ્ધા હોવી જોઈએ કે આ યોજનાથી ધાર્યો હેતુ સરશે.

"દેશમાં યાંત્રિક ઉદ્યોગો ફેલાવવાની યોજનાઓ ભલે રજૂ થતી હોય, પણ મહાસભાએ જે ધ્યેય અત્યારે નજર આગળ રાખ્યું છે, તે યાંત્રિક ઉદ્યોગોનો પ્રચાર કરવાનું નથી. મહાસભાએ મુંબઈમાં પસાર કરેલા ઠરાવ પ્રમાણે તેનું ધ્યેય ગ્રામઉદ્યોગોને સજીવન કરવાનું છે. તમે મોટા યાંત્રિક ઉદ્યોગોની વિશાળ યોજનાઓ ખેડૂતો આગળ મૂકીને જનસમૂહની જાગૃતિ સાધી શકવાના નથી. એથી એમની આવકમાં એક પૈસાનો પણ વધારો થવાનો નથી. પણ ચરખા સંઘ અને ગ્રામોદ્યોગ સંઘ એક વરસની અંદર તેમનાં ગજવાંમાં લાખો રૂપિયા મૂકશે. મહાસભાની કાર્યવાહક સમિતિનું કે પ્રધાનમંડળોનું ગમે તે થશે તોપણ મહાસભાની રચનાત્મક પ્રવૃત્તિઓને કશી આંચ આવશે એવી બીક મને પોતાને તો નથી. એ પ્રવૃત્તિઓ મહાસભાએ શરૂ કરેલી છે ખરી, પણ લાંબા વખતથી તેઓ સ્વતંત્ર હસ્તી ધરાવતી આવી છે ને પોતાની યોગ્યતા તેમણે પૂરેપૂરી સિદ્ધ કરી બતાવી છે. પાયાની કેળવણી એ એનો જ એક ફણગો છે. શિક્ષણ-પ્રધાનો કદાચ બદલાશે, પણ આ યોજના તો કાયમ રહેશે. એટલે જેમને પાયાની કેળવણીમાં રસ હોય તેમણે મહાસભાના રાજકારણની ફિકર કરવાની જરૂર નથી. નવી શિક્ષણયોજના જીવશે કે મરશે તે પોતાના જ ગુણે કે અવગુણે કરીને.

"પણ આવા પ્રશ્નોથી મને સંતોષ થતો નથી. એનો પાયાની કેળવણીની યોજના સાથે સીધો સંબંધ કશો નથી. એથી આપણે જરાયે આગળ વધતા નથી. હું તો ઇચ્છું છું કે, તમે મને આ યોજના સાથે સીધો સંબંધ ધરાવનારા પ્રશ્નો પૂછો, જેથી હું તમને નિષ્ણાત તરીકે સલાહ આપી શકું."

### કેન્દ્રવર્તી કલ્પના

સભામાં જતાં પહેલાં એક ભાઈએ પૂછેલું : "આ યોજનાની પાછળ કેંદ્રવર્તી કલ્પના એવી છે ખરી કે, જેનો તકલીની સાથે સંબંધ ન સાધી શકાય એવી એક પણ વાત શિક્ષકે વિદ્યાર્થીને ન કહેવી?"

આનો જવાબ સભામાં આપતાં ગાંધીજીએ કહ્યું :

"આ તો મારી નાલેશી છે. બધા શિક્ષણનો કોઈક પાયાના ઉદ્યોગ સાથે સંબંધ સાધવો જોઈએ એમ મેં કહ્યું છે એ સાચું છે. તમે જ્યારે કોઈ ઉદ્યોગ વાટે સાત કે દસ વરસના બાળકને જ્ઞાન આપતા હો ત્યારે, શરૂઆતમાં, એ વિષયની સાથે જેનું અનુસંધાન ન સાધી શકાય એવા બધા વિષયો તમારે છોડી દેવા જોઈએ. એમ રોજેરોજ કરવાથી, તમે શરૂઆતમાં છોડી દીધેલી એવી ઘણી વસ્તુઓનું અનુસંધાન ઉદ્યોગ જોડે સાધવાના રસ્તા તમે શોધી કાઢશો. આવી રીતે તમે શરૂઆતમાં કામ લેશો તો તમે તમારી પોતાની ને વિદ્યાર્થીઓની શક્તિ બચાવી શકશો. આજે તો આપણી પાસે જેનો આધાર લઈ શકાય એવાં પુસ્તકો નથી, આપણને રસ્તો બતાવે એવાં અગાઉનાં દૃષ્ટાંતો નથી. તેથી આપણે આસ્તે આસ્તે ચાલવું રહ્યું છે. મુખ્ય વસ્તુ એ છે કે, શિક્ષકે પોતાના મનની તાજગી સાચવી રાખવી જોઈએ. જેનું ઉદ્યોગની સાથે અનુસંધાન ન કરી શકાય એવો કોઈ વિષય તમારી આગળ આવે તો તમે એથી ખિજાશો કે નિરાશ થશો નહીં, એને છોડી દેજો ને જે વિષયોનું અનુસંધાન સાધી શકો તે આગળ ચલાવજો. સંભવ છે કે, બીજો કોઈ શિક્ષક ખરો રસ્તો શોધી કાઢશે ને એ વિષયનું ઉદ્યોગની સાથે અનુસંધાન કેમ કરી શકાય એ બતાવશે. અને તમે ઘણાના અનુભવનો સંગ્રહ કરશો પછી તમને રસ્તો બતાવવાને પુસ્તકો પણ મળી રહેશે, જેથી તમારી પછી આવનારાઓનું કામ વધારે સરળ થઈ પડશે.

"તમે પૂછશો કે, જે વિષયોનું અનુસંધાન ન સાધી શકાય તે ટાળી મૂકવાની ક્રિયા અમારે કેટલો વખત ચલાવવી? તો હું કહું કે જિંદગીભર. અંતે તમે જોશો કે, ઘણી ચીજો જે તમે પહેલાં શિક્ષણક્રમમાંથી બાતલ રાખેલી તેનો તમે સમાવેશ કર્યો હશે, જેટલી વસ્તુઓ સમાવેશ કરવા યોગ્ય હતી તે બધીનો સમાવેશ થઈ ચૂક્યો હશે, અને તમે આખર સુધી જે બાતલ રાખી હશે તે બહુ નિર્જીવ ને તેથી બાતલ રાખવા લાયક જ હશે. આ મારો જિંદગીનો અનુભવ છે. મેં ઘણી ચીજો બાતલ ન રાખી હોત તો હું જે ઘણી વસ્તુઓ કરી શક્યો છું તે ન કરી શક્યો હોત.

"આપણી કેળવણીમાં ધરમૂળનું પરિવર્તન થવું જ જોઈએ. મગજને હાથ વાટે કેળવણી અપાવી જોઈએ. હું કવિ હોત તો હાથની પાંચ આંગળીઓમાં રહેલી અદ્ભુત શક્તિ વિષે કવિતા લખી શકત. મગજ એ જ સર્વસ્વ અને હાથપગ કંઈ નથી એવું તમે શા સારુ માનો છો? જેઓ પોતાના હાથને કેળવતા નથી, જેઓ કેળવણીની સામાન્ય 'ઘરેડ'માં થઈને પસાર થાય છે, તેમનું જીવન સંગીતશૂન્ય રહે છે, તેમની બધી શક્તિઓ કેળવાતી નથી. કેવળ પુસ્તકિયા જ્ઞાનમાં બાળકને એટલો રસ નથી પડતો કે એનું બધું ધ્યાન એમાં રોકાઈ રહે. મગજ ખાલી શબ્દોથી થાકી જાય છે, અને બાળકનું મન બીજે ભમવા માંડે છે. હાથ ન કરવાનું કરે છે, આંખ ન જોવાનું જુએ છે, કાન ન સાંભળવાનું સાંભળે છે; અને તેઓ અનુક્રમે જે કરવું, જોવું ને સાંભળવું જોઈએ તે કરતાં, જોતાં ને સાંભળતાં નથી. તેમને સાચી પસંદગી કરતાં શીખવવામાં આવતું નથી, અને તેથી તેમની કેળવણી ઘણી વાર તેમનો વિનાશ કરનારી નીવડે છે. જે કેળવણી આપણને સારાનરસાનો ભેદ કરતાં, સારું ગ્રહણ કરતાં ને નરસું તજતાં શીખવતી નથી તે ખરી કેળવણી જ નથી."

### હાથ વાટે મનની કેળવણી

શ્રીમતી આશાદેવીએ કહ્યું : "હાથ વાટે મનને શી રીતે કેળવાય એ આપ સમજાવશો?"

ગાંધીજી : "નિશાળમાં ચાલતા સામાન્ય અભ્યાસક્રમમાં એકાદ હાથઉદ્યોગ ઉમેરી દેવો એ જૂની કલ્પના હતી. એટલે કે, હાથઉદ્યોગને કેળવણીથી છેક જ અલગ રાખીને શીખવવાનો હતો. મને એ ગંભીર ભૂલ લાગે છે. શિક્ષકે ઉદ્યોગ શીખી લેવો જોઈએ અને પોતાના જ્ઞાનનું અનુસંધાન એ ઉદ્યોગ જોડે કરવું જોઈએ, જેથી તે પોતે પસંદ કરેલા ઉદ્યોગ દ્વારા એ બધું જ્ઞાન પોતાના વિદ્યાર્થીઓને આપી શકે.

"કાંતણનો દાખલો લો. મને ગણિત ન આવડે ત્યાં સુધી મેં તકલી પર કેટલા વાર સૂતર કાંત્યું, અથવા એના કેટલા તાર થશે, અથવા મેં કાંતેલા સૂતરનો આંક કેટલો છે, તે હું કહી ન શકું. એ કરવા માટે મારે આંકડા શીખવા જોઈએ, અને સરવાળા, બાદબાકી, ગુણાકાર ને ભાગાકાર પણ શીખવા જોઈએ. અટપટા દાખલા ગણવામાં મારે અક્ષરો

વાપરવા પડશે, એટલે એમાંથી હું અક્ષરગણિત શીખીશ. એમાં પણ હું રોમન અક્ષરોને બદલે હિંદુસ્તાની અક્ષરોના વાપરનો આગ્રહ રાખીશ.

"પછી ભૂમિતિ લો. તકલીના ચકતા કરતાં વર્તુળનું વધારે સારું પ્રદર્શન શું હોઈ શકે? એ રીતે હું યુક્લિડનું નામ પણ દીધા વિના વિદ્યાર્થીને વર્તુળ વિષે બધું શીખવી શકું.

"વળી તમે કદાચ પૂછશો કે, કાંતણ મારફતે બાળકને ઈતિહાસ ભૂગોળ કેવી રીતે શીખવી શકાય? થોડાક વખત પર 'કપાસ—મનુષ્યનો ઈતિહાસ' (Cttoon — The Story of Mankind) એ જાતનું એક પુસ્તક મારા જોવામાં આવ્યું હતું. એ વાંચતાં મને બહુ જ રસ પડયો. એ નવલકથા જેવું લાગ્યું. એની શરૂઆતમાં પ્રાચીનકાળનો ઈતિહાસ આપેલો હતો; અને પછી કપાસ પહેલો કેવી રીતે ને કયારે વવાયો, એનો વિકાસ કેવી રીતે થયો, જુદા જુદા દેશો વચ્ચે રૂનો વેપાર કેવો ચાલે છે, વગેરે વસ્તુઓ વર્ણવેલી હતી. જુદા જુદા દેશોનાં નામ હું બાળકને સંભળાવું તેની સાથે સ્વાભાવિક રીતે એ દેશોનાં ઈતિહાસ ભૂગોળ વિષે પણ કંઈક કહેતો જાઉં. જુદા જુદા કાળમાં જુદી જુદી વેપારની સંધિઓ કોના અમલમાં થઈ? કેટલાક દેશોમાં બહારથી રૂ મંગાવવું પડે છે ને કેટલાકમાં કાપડ મંગાવવું પડે છે એનું કારણ શું? દરેક દેશ પોતપોતાની જરૂર પૂરતું રૂ કેમ ઉગાડી ન શકે? આ ચર્ચા મને અર્થશાસ્ત્ર અને કૃષિશાસ્ત્રનાં મૂળતત્ત્વો પર લઈ જશે. કપાસની કઈ જુદી જુદી જાતો છે, તે કેવી જાતની જમીનમાં ઊગે છે, તેને કેમ ઉગાડાય, તે કયાંથી મેળવાય, વગેરે માહિતી હું વિદ્યાર્થીને આપીશ. આમ તકલીકાંતણ પરથી હું ઈસ્ટ ઇંડિયા કંપનીના આખા ઈતિહાસ પર ઊતરું છું. એ કંપની અહીં કેમ આવી, તેણે આપણા કાંતણના ઉદ્યોગનો નાશ કેવી રીતે કર્યો, તેઓ આર્થિક ઉદ્દેશથી હિંદુસ્તાનમાં આવ્યા ને તેમાંથી રાજકીય સત્તા જમાવવાની આકાંક્ષા કેમ સેવતા થયા, એ વસ્તુ મોગલ અને મરાઠાની પડતીમાં, અંગ્રેજી રાજ્યની સ્થાપનામાં, અને પછી પાછા આપણા જમાનામાં જનસમૂહના ઉત્થાનમાં કારણરૂપ કેમ નીવડી છે, એ બધું પણ મારે વર્ણવવું પડશે. એમ આ નવી યોજનામાં શિક્ષણ

આપવાનો અપાર અવકાશ પડેલો છે. અને બાળક એ બધું એનાં મગજ અને સ્મરણશક્તિ પર અનાવશ્યક બોજો પડયા વિના કેટલું વધારે જલદી શીખશે!

"એ કલ્પના વધારે વિસ્તારથી વર્ણવી બતાવું. જેમ કોઈ પ્રાણીશાસ્ત્રીએ સારા પ્રાણીશાસ્ત્રી થવા માટે પ્રાણીશાસ્ત્ર ઉપરાંત બીજાં ઘણાં શાસ્ત્રો શીખવાં જોઈએ, તે જ પ્રમાણે પાયાની કેળવણીને જો એક શાસ્ત્ર માનવામાં આવે તો તે આપણને જ્ઞાનની અનંત શાખાઓમાં લઈ જાય છે. તકલીનો જ દાખલો વિસ્તારીને કહીએ તો, જે વિદ્યાર્થી શિક્ષક કેવળ કાંતણની યાંત્રિક ક્રિયા પર જ પોતાનું લક્ષ એકાગ્ર નહીં કરે (એ ક્રિયામાં તો બેશક એણે નિષ્ણાત થવું રહ્યું જ છે), પણ એ વસ્તુનું હાર્દ ગ્રહણ કરવા મથશે, તે તકલી અને તેનાં અંગઉપાંગોનો અભ્યાસ કરશે. તકલીનું ચકતું પિત્તળનું અને ત્રાક લોખંડની કેમ હોય છે એ પ્રશ્ન તે પોતાના મનને પૂછશે. અસલ જે તકલી હતી તેનું ચકતું ગમે તેવું બનાવાતું. એથી પણ પહેલાંની પ્રાચીન તકલીમાં વાંસની સળીની ત્રાક અને સ્લેટનું કે માટીનું ચકતું વપરાતાં. હવે તકલીનો શાસ્ત્રીય ઢબે વિકાસ થયો છે, અને ચકતું પિત્તળનું ને ત્રાક લોખંડની બનાવાય છે તે સકારણ છે. એ કારણ વિદ્યાર્થીઓએ શોધી કાઢવું જોઈએ. તે પછી વિદ્યાર્થીએ એ પણ તપાસ કરવી જોઈએ કે, એ ચકતાનો અમુક જ વ્યાસ કેમ રખાય છે ને ઓછોવત્તો કેમ રખાતો નથી. આ પ્રશ્નોનો સંતોષકારક ઉકેલ આણે ને પછી એ વસ્તુનું ગણિત જાણે એટલે તમારો વિદ્યાર્થી સારો ઇજનેર બને છે. તકલી એની કામધેનુ બને છે. એની વાટે પાર વિનાનું જ્ઞાન આપી શકાય એમ છે. તમે જેટલી શક્તિ ને શ્રદ્ધાથી કામ કરશો તેટલું જ્ઞાન એ વાટે આપી શકશો. તમે અહીંયાં ત્રણ અઠવાડિયાં રહ્યા છો. આ યોજના પાછળ મરી ફીટવા સુધીની તમારી તૈયારી થવા લગી તમારામાં એ યોજના વિષે આસ્થા આ નિવાસ દરમ્યાન આવી હોય તો તમારું અહીં રહ્યું સફળ ગણાશે.

"મેં કાંતણનો દાખલો વિસ્તારથી સમજાવ્યો છે એનું કારણ એ છે કે મને એનું જ્ઞાન છે. હું સુથાર હોઉં તો મારા બાળકને આ બધી

વસ્તુઓ સુથારી મારફતે શીખવું, અથવા કાર્ડબોર્ડનું કામ કરનાર હોઉં તો એ કામ મારફતે શીખવું.

"આપણને ખરી જરૂર તો એવા કેળવણીકારોની છે જેમનામાં નવું નવું સર્જવાની ને વિચારવાની શક્તિ હોય, સાચાં ઉત્સાહ અને ધગશ હોય, અને જેઓ રોજ રોજ વિદ્યાર્થીને શું શીખવવું એ વિચારી કાઢે એવા હોય. શિક્ષકને એ જ્ઞાન જૂનાં થોથાંમાંથી નહીં મળે. તેણે પોતાની નિરીક્ષણની ને વિચાર કરવાની શક્તિનો ઉપયોગ કરવાનો છે, અને હાથઉદ્યોગની મદદ વડે જીભ મારફતે બાળકને જ્ઞાન આપવાનું છે. આનો અર્થ એ છે કે, શિક્ષણપદ્ધતિમાં ક્રાંતિ થવી જોઈએ, શિક્ષકની દૃષ્ટિમાં ક્રાંતિ થવી જોઈએ. અત્યાર સુધી તમે નિરીક્ષકો (ઇન્સ્પેક્ટરો)ના રિપોર્ટોથી દોરાવાતા આવ્યા છો. નિરીક્ષકને ગમે એવું કરવાની ઇચ્છા તમે રાખી છે, જેથી તમારી સંસ્થા માટે તમને વધારે પૈસા મળે અથવા તો તમને પોતાને પગારમાં વધારો મળે. પણ નવો શિક્ષક એ બધાની પરવા નહીં કરે. તે તો કહેશે, 'હું જો મારા વિદ્યાર્થીને વધારે સારો માણસ બનાવું ને તેમ કરવામાં મારી સર્વ શક્તિ વાપરી નાખું તો મેં મારું કર્તવ્ય કર્યું ગણાશે. મારે માટે એટલું બસ છે.'"

૨૬-૨-'૩૯

## ૨

સ૦—આ અધ્યાપન મંદિરમાં આવનારા શિક્ષક વિદ્યાર્થીઓને પહેલાં કંઈક ઉદ્યોગ અલગ શીખવવામાં આવે, અને પછી એ ઉદ્યોગ વાટે શિક્ષણ કઈ રીતે આપી શકાય તેનું સંગીન વિવરણ તેમની આગળ કરવામાં આવે, તો સારું નહીં? અત્યારે તો એમને એમ કહેવામાં આવે છે કે, તમે પોતે સાત વરસના બાળક છો એમ કલ્પના કરો અને એકેએક વિષય ઉદ્યોગ વાટે ફરી શીખો. આ રીતે તો તેઓ નવી પદ્ધતિમાં નિષ્ણાત થાય ને કુશળ શિક્ષકો બને એને સારુ વરસો જોઈશે.

જ૦—ના, વરસો નહીં લાગે. આપણે કલ્પના કરીએ કે શિક્ષક જ્યારે મારી પાસે આવે છે ત્યારે તેને ગણિત, ઇતિહાસ અને બીજા વિષયોનું કામચલાઉ જ્ઞાન છે. હું એને કાર્ડબોર્ડની પેટીઓ બનાવતાં કે

કાંતતાં શીખવું છું. એ ઉદ્યોગ તે શીખે છે તે વખતે એ ઉદ્યોગ વાટે એ ગણિત, ઈતિહાસ અને ભૂગોળનું જ્ઞાન કેવી રીતે મેળવી શકચો હોત તે હું એને બતાવું છું. આમ પોતાના જ્ઞાનનું ઉદ્યોગની સાથે અનુસંધાન કેવી રીતે કરવું તે એ શીખે છે. એમ કરતાં એને લાંબો વખત લાગવો ન જોઈએ. બીજો દાખલો લો. ધારો કે હું સાત વરસના એક છોકરાની સાથે પાયાની કેળવણી આપનારી નિશાળમાં જાઉં છું. અમે બંને કાંતતાં શીખીએ છીએ, અને હું મારા બધા અગાઉના જ્ઞાનનું કાંતણની સાથે અનુસંધાન કરી લઉં છું. પેલા છોકરાને એ બધું નવેનવું છે. સિત્તેર વરસના પિતાને માટે એ બધી પુનરુક્તિ છે, પણ એ પોતાનું જૂનું જ્ઞાન નવા જડતરમાં ગોઠવશે. એ ક્રિયાને સારુ એને થોડાંક અઠવાડિયાંથી વધારે વખત ન લાગવો જોઈએ. આમ, શિક્ષક સાત વરસના બાળક જેટલી ગ્રહણશક્તિ ને ઉત્કંઠા ન કેળવે તો તે અંતે કેવળ યાંત્રિક કાંતનારો જ બની જશે, અને એટલાથી એનામાં નવી પદ્ધતિનો શિક્ષક થવાની લાયકાત નહીં આવે.

સ૦—મૅટ્રિક પાસ થનાર છોકરાને આજે કૉલેજમાં જવાની ઈચ્છા હોય તો તે જઈ શકે છે. જે બાળક પાયાની કેળવણીના અભ્યાસક્રમમાંથી પસાર થશે તે પણ એ પ્રમાણે કરી શકશે ખરો?

જ૦—મૅટ્રિક પાસ થનાર છોકરો અને પાયાની કેળવણીમાં થઈને પસાર થનાર છોકરો એ બેમાં બીજો વધારે સારું કામ બતાવી શકશે, કેમ કે એની શક્તિઓનો વિકાસ થયેલો હશે. કૉલેજમાં જતી વખતે મૅટ્રિક થયેલાઓને જેમ લાચારી લાગે છે તેમ એને નહીં લાગે.

સ૦—પાયાની કેળવણીની યોજનામાં દાખલ થવા માટે બાળકની ઉંમર ઓછામાં ઓછી સાત વરસની હોવી જોઈએ એમ કહેવામાં આવ્યું છે. એ ઉંમર તે કાલમર્યાદાથી માપવી કે માનસિક વિકાસથી?

જ૦—ઓછામાં ઓછી સરેરાશ ઉંમર સાતની હોવી જોઈએ. પણ કેટલાંક બાળકો એથી મોટી ઉંમરનાં અને કેટલાંક નાની ઉંમરનાં પણ હશે. શારીરિક તેમ જ માનસિક બંને પ્રકારની ઉંમરનો વિચાર કરવો રહે છે. એક બાળકનો સાત વરસની ઉંમરે એટલો શારીરિક વિકાસ થયો

હોય કે તે હાથઉદ્યોગ ચલાવી શકે. બીજું બાળક સાત વરસની ઉંમરે પણ કદાચ એટલું ન કરી શકે. એટલે આ બાબતમાં કશો ચોક્કસ નિયમ કરી ન શકાય. બધી વસ્તુઓનો વિચાર કરીને નિર્ણય કરવાનો રહેશે. તમે પૂછેલા ઘણા પ્રશ્નો ઉપરથી જણાય છે કે, તમારામાંથી ઘણાનાં મનમાં શંકા ભરેલી છે. એ કામ કરવાનો ખોટો રસ્તો છે. તમારા મનમાં દૃઢ શ્રદ્ધા હોવી જોઈએ. આપણાં કરોડો બાળકોને જીવનની કેળવણી આપવા માટે વર્ધાયોજનાની કેળવણી એ જ ખરી આવશ્યક વસ્તુ છે એવી જે પ્રતીતિ મારા મનમાં છે તે તમારા મનમાં હોય તો તમારું કામ દીપી નીકળશે. એવી શ્રદ્ધા તમારામાં ન હોય તો તમારા અધ્યાપકોમાં કંઈક ખામી હોવી જોઈએ. તેઓ તમને બીજું કંઈ આપે કે ન આપે તોપણ આટલી શ્રદ્ધા તમારા મનમાં પેદા કરવાની શક્તિ તો એમનામાં હોવી જોઈએ.

## શિક્ષણવિષયક કોયડા

સ૦ — પાયાની કેળવણીની યોજના ગામડાંને માટે છે એમ મનાય છે, ત્યારે શહેરવાસીઓને માટે કંઈ રસ્તો નથી શું? એમને જૂની ઘરેડમાં જ ચાલવાનું રહ્યું છે?

જ૦ — આ સવાલ પ્રસ્તુત છે અને સારો છે, પણ હું એનો જવાબ *હરિજન*માં આપી ચૂક્યો છું. જેટલું કામ હાથમાં લીધું છે તેટલું પાર પાડીએ તોપણ બહુ છે. આપણે જે કામ ઉપાડ્યું છે તે જ સારી પેઠે મોટું છે. સાત લાખ ગામડાંની કેળવણીનો પ્રશ્ન ઉકેલી શકીએ તો હાલ તરતને માટે એટલું બસ થશે. બેશક કેળવણીકારો શહેરોનો પણ વિચાર કરે છે. પણ આપણે ગામડાંની સાથે સાથે શહેરોનો પણ પ્રશ્ન ઉપાડીશું તો આપણી શક્તિ નકામી વેડફાઈ જશે.

સ૦ — ધારો કે કોઈ ગામડામાં ત્રણ નિશાળ હોય ને દરેકમાં જુદો જુદો ઉદ્યોગ શીખવાતો હોય, તો એક નિશાળમાં બીજાના કરતાં શિક્ષણનો વધારે અવકાશ રહે, તો બાળકે એમાંની કઈ નિશાળમાં જવું?

જ૦ — એક ગામડામાં અનેક ઉદ્યોગ ન શીખવવા જોઈએ, કેમ કે આપણાં ઘણાંખરાં ગામડાં એટલાં નાનાં છે કે તેમાં એકથી વધારે

નિશાળ રાખવી ન પોસાય. પણ મોટા ગામડામાં એકથી વધારે નિશાળ થઈ શકે ખરી. પણ ત્યાં બંને નિશાળમાં એક જ ઉદ્યોગ શીખવાવો જોઈએ. પણ આને વિષે હું અવિચળ નિયમ ઘડવા નથી માગતો. આવી બાબતોમાં જેવો અનુભવ થાય તે પ્રમાણે ચાલવું એ જ સારામાં સારો રસ્તો છે. જુદા જુદા ઉદ્યોગો વિદ્યાર્થીઓને કેટલા ગમે છે ને વિદ્યાર્થી-ઓની શક્તિ કેટલી ખીલવી શકે છે, તેનું નિરીક્ષણ કરવું જોઈએ. કલ્પના એ છે કે, તમે જે ઉદ્યોગ પસંદ કરો તેમાંથી બાળકની શક્તિઓ પૂર્ણ અને સમાન પ્રમાણમાં વિકસવી જોઈએ. એ ઉદ્યોગ ગામઠી હોવો જોઈએ અને ઉપયોગી હોવો જોઈએ.

સ૦ — બાળકનો મોટપણમાં ખરો વ્યવસાય જુદો જ થવાનો હોય તો તે સાત વરસ કોઈ હાથઉદ્યોગ શીખવામાં શા સારુ બગાડે? દાખલા તરીકે, શરાફનો છોકરો જે મોટપણે શરાફ થવાનો છે, તેણે સાત વરસ સુધી કાંતવાનું શા સારુ શીખવું જોઈએ?

જ૦ — આ સવાલ નવી શિક્ષણયોજના વિષેનું ઘોર અજ્ઞાન પ્રદર્શિત કરે છે. પાયાની કેળવણીની યોજનામાં છોકરો નિશાળમાં કેવળ ઉદ્યોગ શીખવાને જતો નથી. તે નિશાળમાં ઉદ્યોગ વાટે પ્રાથમિક કેળવણી મેળવવાને, પોતાના મનનો વિકાસ સાધવાને જાય છે. મારો દાવો એ છે કે, જે બાળકે સાત વરસનો પ્રાથમિક કેળવણીનો નવો ક્રમ પૂરો કર્યો હશે તે સામાન્ય નિશાળમાં સાત વરસ ભણેલા બાળકના કરતાં વધારે સારો શરાફ થઈ શકશે. સામાન્ય નિશાળમાં જનાર બાળક શરાફીની નિશાળમાં જશે ત્યાં તેને ગોઠશે નહીં, કેમ કે તેની બધી શક્તિઓ કેળવાઈ નહીં હોય. જે જૂના વહેમ ઘર ઘાલીને બેઠા હોય છે તે નીકળવા મુશ્કેલ થઈ પડે છે. આ નવી શિક્ષણયોજના એટલે થોડુંક અક્ષરજ્ઞાન અને થોડોક ઉદ્યોગ બેનું મિશ્રણ નથી એ કેન્દ્રવર્તી વસ્તુ હું તમારા મનમાં ઠસાવી શક્યો હોઉં તો મારું આજનું કામ સફળ થયું ગણાશે. ઉદ્યોગ વાટે પૂરી પ્રાથમિક કેળવણી આપવી એ આ નવી યોજનાનું ધ્યેય છે.

સ૦ — દરેક નિશાળમાં એકથી વધારે ઉદ્યોગ શીખવવા એ સારું નહીં? આખું વરસ એકનો એક ઉદ્યોગ કરતાં બાળકોને કંટાળો આવવા માંડે એ સંભવિત છે.

૪૦—કોઈ શિક્ષક એવો જોવામાં આવે કે જેના વિદ્યાર્થીઓનો મહિનો કાંત્યા પછી રસ ઊડી જાય, તો તે શિક્ષકને હું રુખસદ આપું. જેમ એક જ વાદ્ય પર સંગીતના નવા નવા સૂર નીકળી શકે છે, તેમ શિક્ષકના એકેએક પાઠમાં નવીનતા ભરેલી હોવી જોઈએ. એક ઉદ્યોગની પરથી બીજા પર એમ ફેરબદલ કર્યા કરવાથી બાળકની સ્થિતિ એક ડાળથી બીજે ડાળ કૂદનાર ને ક્યાંય ઠરીઠામ ન બેસનાર વાંદરાના જેવી થઈ જવાનો સંભવ છે. પણ મેં આપણી ચર્ચામાં બતાવ્યું છે કે, શાસ્ત્રીય રીતે કાંતણ શીખવતાં કાંતણ ઉપરાંત બીજા અનેક વિષયો શીખવવા પડે છે. શરૂઆત કર્યા પછી થોડા વખતમાં બાળકને પોતાની તકલી ને અટેરણ બનાવી લેવાનું શીખવવામાં આવશે. એટલે, મેં શરૂઆતમાં કહેલી તે જ વાત ફરીને કહું છું કે, શિક્ષક જો ઉદ્યોગ શીખવવાનું કામ શાસ્ત્રીય વૃત્તિથી કરશે તો તે પોતાના વિદ્યાર્થીઓને અનેક વિવિધ વસ્તુઓ શીખવશે અને એ બધી વિદ્યાર્થીઓની સર્વ શક્તિઓના વિકાસમાં ફાળો આપશે.

હ૦ બં૦, ૫-૩-'૩૯

## ૨૭

## વર્ધાપદ્ધતિના શિક્ષકોને

[વર્ધામાં ખોલવામાં આવેલા વર્ધાપદ્ધતિના અધ્યાપન મંદિરના ઉમેદવારોને હિંદુસ્તાનીમાં ગાંધીજીએ આપેલા ભાષણનો સાર 'વર્ધાનું અધ્યાપન મંદિર' એ શ્રી મહાદેવભાઈના લેખમાંથી નીચે આપ્યો છે. — **સં૦** ]

તમારું વ્રત અદ્‌ભુત છે. પાંચ હજાર અરજીઓ રાષ્ટ્રસેવા કરવાની ધગશની નિશાની નથી. હું ઇચ્છું કે એ હોય. એ તો શિક્ષિત અને અર્ધ-શિક્ષિતોની વિષમ બેકારીની નિશાની છે. વળી સરકારી નોકરી માટે રહેતી વૃત્તિની સાબિતી છે. મને ખબર છે કે, લોકો પોતાના પગારમાં ગેરકાયદેસર રીતે વધારો કરવા માટે સિપાઈગીરી અને શિક્ષકગીરી માટે અરજી કરે છે. હું માનું કે તમારામાં કોઈને આવી ઇચ્છા તો નથી. મારી આટલી

રાષ્ટ્રભાવના છતાં માસિક રૂપિયા પંદરમાં શિક્ષક તરીકે કામ કરવા હું બંધાઉં કે કેમ એ વિષે મને શંકા છે. તમારી નિશાળોમાંથી ફાયદો થશે અને તે તમને વહેંચી આપવામાં આવશે એવો વિચાર જો તમારા મનમાં હોય તો તે કાઢી નાખજો. તેથી જો તમારામાંથી કોઈને આ કરાર કરવામાં ભૂલ થયેલી જણાય, તો તમે પ્રધાનને તમને મુક્ત કરવા કહી શકો છો. હું તમારી વતીથી તેમને કહીશ. આ કહીને જેઓ આ કરારથી બંધાયા છે તેમને હું ધન્યવાદ આપું છું. હું આશા રાખું છું કે, ઈશ્વર તમને તમારું વ્રત પાળવાની તાકાત આપશે.

તમે જાણો છો કે, આ કેળવણીની યોજના મહાસભાના કાર્યક્રમને અનુસરીને કરવામાં આવી છે. મહાસભા અહિંસા અને સત્યથી સ્વરાજ લેવા બંધાયેલી છે. તેથી આ મુખ્ય ગુણોનું પાલન આ યોજનાનું મૂળ છે. અને તેથી જો આ તમે તમારા વિદ્યાર્થીઓ સાથેના રોજેરોજના વહેવારમાં નહીં બતાવો અને એને છાજતું ચારિત્ર્ય નહીં રાખો, તો તમે અને તમારી નિશાળ નિષ્ફળ જશે. હિટલર જર્મનીમાં શું કરે છે એની તમને ખબર છે. એનો સિદ્ધાંત હિંસા છે, અને તે એ છડેચોક જાહેર કરે છે. આપણને હમણાં જ કહેવામાં આવ્યું હતું કે, તલવાર એમનો આત્મા છે. છોકરા અને છોકરીઓને ત્યાં શરૂઆતથી જ હિંસા શીખવવામાં આવે છે. તેમના અંકગણિતમાં પણ દુશ્મનને ધિક્કારવાનું શીખવવામાં આવે છે. અને લશ્કરી વૃત્તિ તેમનામાં વધારવા માટે દાખલા પસંદ કરવામાં આવે છે. જો આપણે તેમનો સિદ્ધાંત માન્ય રાખીએ, તો બાલપણથી હિંસક વૃત્તિ ખીલવવાની જરૂરિયાત પણ આપણે કબૂલ રાખવી જોઈએ. એ જ વસ્તુ ઇટાલીમાં બને છે. તેમની માફક આપણે પણ પ્રામાણિક થવું જોઈએ. મને ખાતરી છે કે, જો આ યોજનાનો સાંગોપાંગ અમલ કરવામાં આવે અને જો તે હિંદુસ્તાનભરમાં પ્રચલિત થાય, તો એક શાંત ક્રાંતિ થશે અને સ્વરાજ આવતાં વાર નહીં લાગે.

હ૦ બં૦, ૮–૫–'૩૮

## ૨૮

# યોગ્ય શિક્ષકોની મુશ્કેલી

[એક ચીની અધ્યાપક તાઓ સાથેની વાતચીતના શ્રી મ૦ હ૦ દેસાઈએ 'વર્ધાયોજના અને ચીનની કેળવણી' એ મથાળેથી આપેલા હેવાલમાંથી આ છે. —સં૦]

અધ્યાપક તાઓને વર્ધા શિક્ષણયોજનામાં ઘણો રસ હતો. એમણે પૂછ્યું: "એ યોજનાના સારરૂપ વસ્તુ કઈ છે?"

ગાંધીજી: "એ યોજનામાં કેન્દ્રરૂપ વસ્તુ તે કોઈક ગામઠી ઉદ્યોગ છે, ને તે વાટે બાળકમાં રહેલા પુરુષત્વ કે સ્ત્રીત્વનો સંપૂર્ણ વિકાસ સાધવો એવી કલ્પના છે."

અધ્યાપક તાઓએ કહ્યું કે, એમને ત્યાં શિક્ષકોની મુશ્કેલી છે. એટલે ગાંધીજી હસ્યા. આપણે ત્યાં પણ એ જ મુશ્કેલી છે ને. અધ્યાપક તાઓએ પૂછ્યું, "આપ તાલીમ પામેલા શિક્ષકો કોઈ ઉદ્યોગ શીખે એમ ઇચ્છો, કે કારીગર અધ્યાપનની કળા શીખે એમ ઇચ્છો?"

ગાંધીજીએ લખીને જવાબ આપ્યો: "સામાન્ય શિક્ષિત માણસ કોઈ ઉદ્યોગ સહેજે હસ્તગત કરી લે એવી અપેક્ષા રાખી શકાય. દાખલા તરીકે તમારા જેવા સુશિક્ષિત માણસને સુથારી જેવો ઉદ્યોગ શીખતાં જેટલો વખત લાગે તેના કરતાં આપણા કારીગરોને આવશ્યક સામાન્ય શિક્ષણ મેળવતાં ઘણો વધારે વખત લાગે."

અધ્યાપક તાઓ કહે, "પણ અમારા કેળવાયેલા માણસોને તો મોટી મોટી નોકરીઓ ને પૈસાની લગની લાગેલી હોય છે. એમને આમાં રસ શી રીતે પડે?"

ગાંધીજી: "આ યોજના જો પાયાશુદ્ધ હોય અને કેળવાયેલા માણસોને ગમે તો એ આકર્ષક નીવડવી જ જોઈએ ને એ રીતે કેળવાયેલા જુવાનોને પૈસાની લાલચમાંથી ખેંચવાનું સામર્થ્ય એનામાં હોવું જોઈએ. એ જો

કેળવાયેલા જુવાનોમાં પૂરતી દેશદાઝ ન જગવી શકે, તો એ નિષ્ફળ જ નીવડવાની. અમારે ત્યાં એક લાભ છે. જેમને હિંદી ભાષાઓ મારફતે શિક્ષણ મળ્યું હોય છે, તેઓ કૉલેજોમાં દાખલ થઈ શકતા નથી. એમને આ યોજના આકર્ષક લાગે એવો પૂરો સંભવ છે.''

હ૦ બં૦, ૨૮–૮–'૩૮

## ૨૯
# શ્રદ્ધા જોઈએ

[મધ્ય પ્રાંત અને વરાડની મ્યુનિસિપાલિટીઓ અને જિલ્લા લોકલ બોર્ડોના પ્રતિનિધિઓની એક પરિષદમાં ભાષણ આપવા ગાંધીજીને વિનંતી કરવામાં આવી હતી. પરિષદના એક સભ્યે ગાંધીજીને એવો પ્રશ્ન પૂછ્યો હતો કે, ''પાયાની કેળવણીની વર્ધાયોજનાથી દેશની આર્થિક અને રાજકીય પ્રગતિ કઈ રીતે થવાની?'' ગાંધીજીએ એમનું ભાષણ આ પ્રશ્નને ઉપાડી લઈને કર્યું. તેનો શ્રી મહાદેવભાઈ દેસાઈએ 'વર્ધાયોજનામાં પહેલ' એ મથાળેથી આપેલો હેવાલ નીચે ઉતાર્યો છે. —સં૦]

તમે મને આ સવાલ પૂછયો છે તેથી હું રાજી થયો છું. એનો જવાબ આપતાં હું કહું કે, પ્રાથમિક કેળવણીની યોજના ઘડવામાં આ દેશની આર્થિક પ્રગતિનો કશો વિચાર કરવામાં આવ્યો ન હતો. દેશ પ્રાથમિક કેળવણી પાછળ જે પૈસા ખરચે છે તેનું તેને કશું જ વળતર મળતું નથી. ઊંચી કહેવાતી કેળવણીના ફળરૂપે શુક્લજી જેવા આંગળીને વેઢે ગણાય એટલા કુશળ રાજ્યકારભાર ચલાવનારા મળે છે એટલા પરથી પ્રાથમિક કેળવણી પાછળ થતી પૈસાની બરબાદી વાજબી ઠરતી નથી. એથી તો ઊલટું, અંગ્રેજી પદવી કે અંગ્રેજી ભાષાના જ્ઞાન ધરાવનારા માણસો વિના હિંદુસ્તાનનો કારભાર ચાલી જ ન શકે એવા જે વહેમે આપણા મનમાં જડ ઘાલી છે, તેનું જ દુ:ખદપણે દર્શન થાય છે. સરકારી કેળવણી ખાતાના વડા અધિકારીઓએ કબૂલ કર્યું છે કે, પ્રાથમિક કેળવણીની અત્યારની પદ્ધતિમાં પૈસાનો પારાવાર દુર્વ્યય થાય છે, વિદ્યાર્થીઓમાંથી બહુ જ ઓછું પ્રમાણ ઉપલા વર્ગો સુધી પહોંચે છે. જે

અક્ષરજ્ઞાન અપાય છે તે કાયમ રહેતું નથી. અને આવી ખામીભરેલી પ્રાથમિક કેળવણી પણ આપણાં લાખો ગામડાંમાંથી બહુ જૂજ ગામડાંને મળે છે. દાખલા તરીકે, મધ્ય પ્રાંતનાં કેટલાં ગામડાંમાં આવી પ્રાથમિક નિશાળો છે? અને ગામડાંમાં જે પ્રાથમિક નિશાળો છે તે ગામડાંને કોઈ પણ પ્રકારનું વળતર આપતી નથી.

એટલે તમે મને જે સવાલ પૂછયો છે તે ખરું જોતાં ઊભો થતો જ નથી. પણ આ નવી યોજના સંગીન આર્થિક પાયા પર રચાયેલી છે એવો મારો દાવો છે, કેમ કે એમાં બધી કેળવણી કોઈ પણ ઉદ્યોગ દ્વારા આપવાની ગોઠવણ છે. કેળવણી ઉપરાંત એકાદ ઉદ્યોગ શીખવવો એવું એ યોજનામાં નથી, પણ કેળવણી કોઈ પણ ઉદ્યોગ દ્વારા આપવાની ગોઠવણ છે. તેથી જે છોકરાને, દાખલા તરીકે, વણાટ મારફતે કેળવણી મળે તે નર્યા કારીગરના કરતાં વધારે સારો વણકર બનશે. અને વણકર એ આર્થિક દૃષ્ટિએ નકામો છે એમ તો કોઈ નહીં જ કહી શકે. આ નવો વણકર જુદાં જુદાં ઓજારોને ઓળખતો હશે, બધી ક્રિયાઓથી વાકેફ હશે, અને કારીગર વણકરના કરતાં તે વધારે સારાં પરિણામ બતાવી શકશે. ગયા થોડાક મહિનામાં આ પદ્ધતિનો જે અમલ થયો છે તેનો અભ્યાસ કરવો હોય તો શ્રીમતી આશાદેવીએ ભેગાં કરેલાં હકીકતો ને આંકડાનો અભ્યાસ કરવો જોઈએ. એ પરિણામ ધાર્યા કરતાં ઘણાં સારાં આવ્યાં છે. હું સ્વાશ્રયી કેળવણી કહું છું તેનો અર્થ આ છે. મેં ‘સ્વાશ્રયી’ શબ્દ વાપર્યો ત્યારે મારો આશય એવો ન હતો કે, કેળવણીને અંગેનો બધો — મકાન, સરસામાન બધાંનો — ખરચ એમાંથી નીકળી રહેશે; પણ મારી ધારણા એવી હતી કે, વિદ્યાર્થીઓએ બનાવેલી ચીજોના વેચાણમાંથી ઓછામાં ઓછો શિક્ષકનો પગાર તો નીકળી રહેશે. આમ પાયાની કેળવણીની યોજનાની આર્થિક બાજુ દીવા જેવી દેખાય છે.

તે પછી બીજી બાજુ છે તે રાષ્ટ્રીય જાગૃતિની. ગામઠી ઉદ્યોગો વિષેનો કુમારપ્પા સમિતિનો રિપોર્ટ તમે વાંચ્યો છે ખરો? હિંદુસ્તાનની માથા દીઠ વાર્ષિક આવક રૂપિયા સિત્તેર છે એમ અત્યાર સુધી મનાતું આવ્યું છે પણ કુમારપ્પાએ સાબિત કર્યું છે કે, મધ્ય પ્રાંતનાં ગામડાંમાં

માથા દીઠ વાર્ષિક આવક બારથી ચૌદ રૂપિયા કરતાં વધારે નથી. પાયાની કેળવણી માટે કાંતણ અને બીજા ગ્રામઉદ્યોગો એવી રીતે પસંદ કરવામાં આવ્યા છે કે જેથી ગામડાંની જરૂરિયાત પૂરી પડે. તેથી જે છોકરાઓને ગામઠી ઉદ્યોગો મારફતે કેળવણી મળે તેમણે પોતાનું જ્ઞાન પોતાનાં ઘરોમાં ફેલાવવું જોઈએ. હવે તમે જોશો કે, ગામડાંના ઉદ્યોગોને સજીવન કરવાથી ગામડાંના માણસની આવક સહેજે બમણી કરી શકાય એમ છે. તમે જો પ્રજાના સેવકો બનશો અને આ નવી શિક્ષણયોજનામાં સક્રિયપણે રસ લેતા થશો, તો જિલ્લા બોર્ડોમાંના ઘણાખરા વિખવાદ પણ મટી જશે. હું આ સભામાં આવતો હતો ત્યાં મને એક નિશાળનો કાગળ મળ્યો. એ નિશાળમાં બાળકોએ રોજના ચાર કલાક કાંતીને ત્રીસ દિવસમાં રૂપિયા પંચોતેરની કમાણી કરેલી છે. જો ત્રીસ બાળકો મહિનામાં રૂપિયા પંચોતેર કમાઈ શકયાં, તો હિંદુસ્તાનનાં પ્રાથમિક નિશાળનાં બાળકોની કમાણી કેટલી થાય, તેનો હિસાબ તમે સહેજે કાઢી શકશો.

વળી આ બાળકોમાં જે આત્મવિશ્વાસ અને સૂઝ પેદા થાય, અને પોતે દેશની આવકમાં વધારો કરી રહ્યાં છે ને અસમાન વહેંચણીના પ્રશ્નનો ઉકેલ આણી રહ્યાં છે એ ભાન એમનામાં જાગે, એનું શું પરિણામ આવે એની કલ્પના કરો. એને પરિણામે રાજકીય જાગૃતિ આપોઆપ થાય. હું તો આશા રાખું કે, એ બાળકો સ્થાનિક બનાવો વિષે બધું જાણે, લાંચરુશવત સડા વગેરેની વાત પણ જાણે, ને એ કેવી રીતે દૂર થાય એનો પણ વિચાર કરે. એ જાતની રાજકીય કેળવણી આપણા એકેએક બાળકને મળે એમ હું ઇચ્છું. એથી એમનાં હૃદય ને બુદ્ધિ અવશ્ય ખીલશે.

પાયાની કેળવણીની આ યોજનાથી દેશની આર્થિક અને રાજકીય પ્રગતિમાં મદદ અવશ્ય થવાની છે એમ બતાવવાને પૂરતો પુરાવો મેં આપ્યો છે, એમ હું માનું છું.

આટલું કહીને હું તમને એક વિનંતી કરવા ઇચ્છું છું. હવે તમે અહીં આવ્યા છો એટલે હું તમને કહું કે, તમે આ શિક્ષણપદ્ધતિનો અભ્યાસ કરો, અને શુકલજી અને આર્યનાયકમજીને કહો કે તમે એને

વિષે શ્રદ્ધા લઈને જાઓ છો કે નહીં. મારી ખાતરી છે કે, તમે જો એને પૂરતી અજમાયશ આપશો તો ત્રણ મહિનાની અંદર તમે કહી શકશો કે તમે નિશાળોમાં નવચેતન આણ્યું છે અને બાળકોમાં નવી સ્ફૂર્તિ ને નવો પ્રાણ રેડયાં છે. બીજને ઊગી ફૂલીફાલીને વૃક્ષ થતાં વાર લાગે, પણ તમે જે શિક્ષણરૂપી બીજ વાવશો તેનાં મર્યાદિત પરિણામ તમે થોડા મહિનામાં જ જોઈ શકશો. મેં હિંદુસ્તાનની પ્રજા આગળ સાદામાં સાદી ચીજો — ક્રાંતિકારક ફેરફારો કરે એવી સાદામાં સાદી ચીજો — મૂકી છે : જેવી કે ખાદી, દારૂબંધી, ગ્રામઉદ્યોગોનો પુનરુદ્ધાર, ઉદ્યોગ દ્વારા કેળવણી. પણ તમે ચાલુ અમલના કેફમાંથી નહીં નીકળો ત્યાં સુધી તમે સાદામાં સાદી ચીજો પણ જોઈ શકવાના નથી.

તમે જે કરવું હોય તે કરજો, પણ તમને પોતાને ને અમને છેતરશો નહીં. તમને આ પદ્ધતિ વિષે ઉત્સાહ ન ચડતો હોય તો એ પ્રમાણે સાફસાફ કહી દેજો.

હવે મકાન અને સરસામાનના ખરચ વિષે બે શબ્દ કહી લઉં. મકાનો જેવાની પાછળ ખરચ ન કરશો, કેમ કે એ ચોખ્ખી ખોટનો ધંધો થશે. ઓજારો ને કાચા માલ પાછળ તમારે ખરચ કરવું પડશે, પણ તે વરસો સુધી માલનું ઉત્પાદન કરવાના કામમાં આવશે. તમે જે રેંટિયા, સાળ ને પીંજાણો વસાવવા પાછળ પૈસા ખરચશો તે વિદ્યાર્થી-ઓના અનેક સમૂહોને કામ લાગશે. મોટા યાંત્રિક ઉદ્યોગોમાં યંત્રો ને બીજા સરસામાન પાછળ પુષ્કળ ખરચ કરવું પડે છે, અને એનો ઘસારો પણ ઘણો થાય છે. આ વર્ધાની યોજનામાં એવું કશું નથી, કેમ કે સારી રીતે યોજેલી ગ્રામીણ અર્થવ્યવસ્થામાં એવી કશી ચીજોની જરૂર પડવાની નથી.

એક છેવટની વાત. આપણી રાજકીય વ્યવસ્થામાં જે ફેરફારો ઝઝૂમી રહ્યા છે તેથી તમે અસ્વસ્થ ન થશો. પ્રધાનમંડળો તો જેવાં આવેલાં તેવાં જશે. તેઓ એવી સમજથી આવેલાં છે કે, એમને ટૂંકામાં ટૂંકી નોટિસે નીકળી જવું પડશે. એમને ખબર હતી કે પ્રસંગ આવશે તો એમને સેક્રેટરિયેટમાંથી ચાલીને જેલમાં જવું પડશે, ને તેઓ હસતે મોઢે ચાલીને જશે. પણ તમારા કામનો ને તમારા કાર્યક્રમનો આધાર

પ્રધાનમંડળો પર ન રહેવો જોઈએ. તમે જે કામની યોજના કરી છે તેનો પાયો જો સંગીન હોય તો ગમે તેટલાં પ્રધાનમંડળો આવે કે જાય તોપણ તે કાયમ રહેશે. પણ એનો આધાર તમને તમારા કામને વિષે કેટલી શ્રદ્ધા છે તેના પર રહેશે. કૉંગ્રેસ જ્યાં લગી તેની સત્ય-અહિંસાની ટેકને વફાદાર રહેશે ત્યાં લગી તે ને તેનું કામ કાયમ રહેશે. મેં કૉંગ્રેસની સખત ટીકા કરી છે ને તેની ખામીઓ બતાવતાં દયા નથી રાખી. પણ હું એ પણ જાણું છું કે, તે છતાં સરવૈયું કાઢતાં એના જમા પાસામાં ઠીક ઠીક બાકી રહે એમ છે.

એ બધા ઉપરાંત તમને કહું કે, બધાનો આધાર તમારી શ્રદ્ધા ને તમારા નિશ્ચય પર રહેશે. તમારો સંકલ્પ હશે તો રસ્તો તો નીકળશે જ. આ યોજના અમલમાં મૂકવી જ છે એવો તમે મન સાથે દૃઢ નિશ્ચય કરશો તો એકેએક મુશ્કેલી દૂર થઈ જશે. માત્ર એ શ્રદ્ધા તે જીવતી શ્રદ્ધા હોવી જોઈએ. ઈશ્વરને વિષે શ્રદ્ધા હોવાનો દેખાવ તો હજારો લોકો કરે છે, પણ જો તેઓ જરા સરખો ભય આવી પડતાં ડરીને નાસી જાય તો એમની શ્રદ્ધા નિર્જીવ શ્રદ્ધા છે, જીવતી શ્રદ્ધા નથી. જીવતી શ્રદ્ધા માણસને પોતાની યોજના પાર પાડવા માટે આવશ્યક જ્ઞાન અને સૂઝ આપે છે. તમે દરેક જણ એ શ્રદ્ધા તમારામાં હોવાનો દાવો કરો છો એ જાણીને હું રાજી થાઉં છું. ખરેખર, એમ હોય તો તમારો પ્રાંત બીજા પ્રાંતોને બહુ સુંદર દાખલો બેસાડશે.

હ૦ બં૦, ૨૯–૧૦–’૩૯

# ૩૦
# 'બૌદ્ધિક વિષયો' વિ૦ ઉદ્યોગ

શ્રી નરહરિ પરીખ લખે છે:

> "ખાદી વિદ્યાલયોમાં તથા નઈ તાલીમની શાળાઓમાં 'બૌદ્ધિક વિષયો' એ શબ્દપ્રયોગ બહુ ખોટી રીતે થાય છે. અક્ષરજ્ઞાન અથવા પુસ્તકના વિષયો ચાલે તે બૌદ્ધિક વિષયો કહેવાય છે. અમુક વખત ઉદ્યોગ માટે છે અને અમુક બૌદ્ધિક વિષયો માટે છે, એમ બોલવામાં આવે છે. કેટલીક શાળાઓમાં તો એમ પણ બોલાય છે કે, અમારે બે કલાક ઉદ્યોગ કરવાનો હોય છે અને ત્રણ કલાક ભણવાનું હોય છે. ચોપડીઓ ચાલે ત્યારે જ જાણે ભણતર ચાલ્યું એમ મનાય છે. આ વિષે પણ આપ લખી તો ચૂકયા જ છો, છતાં ફરી લખવાની જરૂર છે. ઉદ્યોગ કરતાં પણ બુદ્ધિ તો ખીલે જ છે. એટલે ઉદ્યોગ બૌદ્ધિક વિષય નથી એમ તો નથી જ. આ વિષે પણ આપ સ્પષ્ટતા કરો એ જરૂરનું છે."

શ્રી નરહરિની ફરિયાદ સાવ સાચી છે. અક્ષરજ્ઞાન બુદ્ધિનો વિષય નથી, એ સ્મરણશક્તિનો વિષય છે. પદાર્થનાં ચિત્રો ઓળખતાં શીખવું એ જેમ બુદ્ધિનો વિષય નથી, તેમ અક્ષરનાં ચિત્ર વિષે. પણ અક્ષરજ્ઞાનમાં અક્ષર ઓળખવા ઉપરાંત અર્થ સમાયેલો છે ખરો. અનેક વિષયોનાં પુસ્તકો વાંચવાં અને સમજવાં, એ પણ અક્ષરજ્ઞાનમાં સમાયેલું છે. એ જ રીતે ઉદ્યોગને વિષે સમજવું ઘટે છે. ઉદ્યોગજ્ઞાન એટલે માત્ર તે તે ધંધા શીખી લેવા એટલું જ નહીં, પણ તે બધાંને લગતાં શાસ્ત્રનો પણ સમાવેશ થાય છે. અને એમ સમાવેશ કરીએ એટલે બુદ્ધિનો વિકાસ તેમાં થાય છે એટલું જ નહીં, પણ અક્ષરજ્ઞાન કરતાં ઘણો વધારે થાય છે. અક્ષરજ્ઞાનમાં બુદ્ધિનો વિકાસ થવાને બદલે માત્ર સ્મરણશક્તિનો વિકાસ થાય છે, એમ આપણે હાઈસ્કૂલ અને કૉલેજમાંથી નીકળેલા સેંકડો વિદ્યાર્થીઓ વિષે કહી શકીએ છીએ. જ્યારે ઉદ્યોગના શાસ્ત્રજ્ઞાનને વિષે એવું દુષ્પરિણામ આવવાનો સંભવ જ નથી હોતો. તેથી આટલા

કલાક અક્ષરજ્ઞાનના અને આટલા ઉદ્યોગના એવો ભેદ પાડી ઉદ્યોગને ઉતારી પાડવાની પ્રથા દૂર થવી ઘટે. કેમ કે એ ભેદ ખોટો છે ને કેટલીક વાર નુકસાન કરે છે. વિદ્યાર્થીઓના મનમાં એ ભેદ ઠસે છે ત્યારે તેઓને ઉદ્યોગનો અણગમો પેદા થાય છે અને વાચનનો મોહ ઉત્પન્ન થાય છે. આથી બંને બગડે છે. વાંચ વાંચ કરવાથી કાંઈ બુદ્ધિનો વિકાસ નથી થતો. તેથી આંખ ને વિચારશક્તિ બંને બગડે છે. ઉદ્યોગનો અણગમો થતાં ઉદ્યોગનું જ્ઞાન ઉપરચોટિયું જ થાય છે. પ્રત્યેક વસ્તુ પોતાને સ્થાને શોભે છે. ઉદ્યોગના પૂર્ણ જ્ઞાનને સારુ વાંચવાની આવશ્યકતા રહે જ છે, અને તે તે અંગે જે વાંચવું પડે છે તે તો સમજપૂર્વક જ હોય. તેથી તેમાં નુકસાનને અવકાશ નથી. જેને હું સમજાવી શકું તેનો તો પૂર્ણ વિકાસ હું ઉદ્યોગ દ્વારા જ સાધું. આનું નામ જ નઈ તાલીમ અથવા ખરી તાલીમ છે. એ એને કાળે આવશે જ. પણ દરમ્યાન ઉદ્યોગ અને અક્ષરજ્ઞાનનો ભેદ તો મટવો જ જોઈએ. જેમ ગણિતનો, સાહિત્યનો ઈત્યાદિ વર્ગ હોય છે તેમ ઉદ્યોગનો વર્ગ. બધા કેળવણીના વિભાગ સમજવા જોઈએ. ઉદ્યોગ કેળવણીના ક્ષેત્રની બહારનો વિષય છે એ ભ્રમણા ટળવી જોઈએ. એ ન ટળે ત્યાં લગી વિદ્યાર્થીનો વિકાસ અટકવાનો સંભવ છે.

હ૦ બં૦, ૫–૪–'૪૨

## ૩૧

# અંગમહેનત અને બુદ્ધિનો વિકાસ

[વર્ધામાં તાલીમ લેવા આવેલા કેટલાક શિક્ષકો સાથેનો વાર્તાલાપ આપતા શ્રી પ્યારેલાલજીના ‘સાપ્તાહિક પત્ર’માંથી આ છે. —સં૦]

તમારામાંથી એક ભાઈએ મારા પર પત્ર લખ્યો હતો. તેમાં એવી ફરિયાદ કરવામાં આવી હતી કે, અહીં અંગમહેનત પર બહુ જ ભાર મૂકવામાં આવે છે. હું માનું છું કે, અંગમહેનત બુદ્ધિ ખીલવા માટેનું એક સારામાં સારું સાધન છે. આપણી આજની સ્કૂલ તથા કૉલેજો બ્રિટિશ સલ્તનતનું બળ જમાવવાને માટે છે. તમારામાંથી જેમણે એનો અનુભવ કર્યો હશે, તેમને એ જરૂર મીઠી લાગવાની. રસ્તો સાફ કરવાનું કે જાજરૂ-સફાઈનું કામ તમને આવડે છે ખરું, એવું ત્યાં વિદ્યાર્થીઓને થોડું જ કોઈ પૂછવાનું હતું? પણ અહીં તો સ્વચ્છતા અને સફાઈ એક પાયાની વસ્તુની પેઠે તમને શીખવવામાં આવે છે. ભંગીના કામમાં પણ કળા રહેલી છે. तद् विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया એટલે કે વારંવાર પૂછપરછ કરીને અને વિનયપૂર્વક તમારે એ શીખી લેવું જોઈએ. વારંવાર પૂછપરછ કરવામાં ઉદ્ધતાઈ પણ થઈ શકે છે. જ્ઞાન મેળવવા માટે જિજ્ઞાસાની સાથે અદબ એટલે કે નમ્રતા પણ હોવી જોઈએ. તો જ બુદ્ધિનાં દ્વાર ઊઘડે છે.

ઉપયોગી અંગમહેનત મારફત આપણી બુદ્ધિનો વિકાસ થાય છે. એ વિના પણ બુદ્ધિ વધી શકે છે, પણ એ બુદ્ધિનો વિકાસ નહીં, વિકાર થશે. એથી આપણે ગુંડા પણ બની શકીએ છીએ. બુદ્ધિની સાથે સાથે આત્મા અને શરીરનો પણ વિકાસ થવો જોઈએ. એટલા માટે અહીંની તાલીમમાં અંગમહેનતને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. બુદ્ધિની સાથે સાથે આત્માનો પણ વિકાસ થાય, તો જ બુદ્ધિનો સદુપયોગ થાય છે, નહીં તો બુદ્ધિ આપણને કુમાર્ગે લઈ જશે અને તે ઈશ્વરી બક્ષિસને બદલે શાપરૂપ બની જશે. તમે આટલી વાત સમજી લેશો, તો તમારી સંસ્થાઓએ તમારા પર ખરચેલાં નાણાં વ્યર્થ નહીં જાય અને તમે તમારું કામ શોભાવી શકશો.

હ૦ બં૦, ૮–૯–’૪૬

## ૩૨

# નવી તાલીમમાં દાક્તરીનું સ્થાન

આશાદેવી પોતાના કાર્યમાં મશગૂલ રહે છે અને મારો સમય બચાવવા ઇચ્છે છે. છતાં તેણે એક દિવસ મારી પાસે પાંચ મિનિટ માગી. તેમણે પૂછ્યું કે, નવી તાલીમવાળાઓને થોડું દાક્તરી જ્ઞાન પણ આપવું જોઈએ, એટલે હું દાક્તરી શીખવામાં ચારપાંચ વરસ આપું?

હું સમજી ગયો કે, ગમે તેટલી મહેનત કરવા છતાં જૂની કેળવણીની અસર હજી નાબૂદ નથી થઈ. તેમણે એમ. એ.ની ડિગ્રી તો અંગ્રેજોની બનાવેલી યુનિવર્સિટી પાસેથી જ મેળવી છે ને? મારી પાસે તો કોઈ ડિગ્રી નથી. હાઈસ્કૂલમાં જે થોડું જ્ઞાન મળેલું, તેની મારી દૃષ્ટિએ કશી કિંમત નહોતી. એક સમયે થોડી હતી, પણ તેયે વરસો પહેલાં જતી રહી. વળી કુદરતી ઉપચારનો રસ તો મેં ખૂબ પીધો છે. મેં તેને કહ્યું કે,

"તમે કહો છો કે, આપણાં બાળકોની પહેલી તાલીમ પોતાની તંદુરસ્તી સંભાળવામાં અને બધી જાતની સફાઈની તાલીમ લેવામાં છે. હું કહું છું કે, આમાં જ આપણી બધી દાક્તરી આવી ગઈ. આપણી તાલીમ ગામડાંના કરોડો લોકો માટે છે, તેમના કામની છે. તેઓ કુદરતની નજીક રહે છે, છતાં કુદરતી જીવનના કાયદા જાણતા નથી; જેઓ જાણે છે, તે પાળતા નથી. તેથી, તેમનું જીવન નજર સામે રાખીને આપણે નવી તાલીમ શરૂ કરી. આ તાલીમનું જ્ઞાન આપણને પુસ્તકોમાંથી ઓછું જ મળે છે? જે મળે છે તે કુદરતના પુસ્તકમાંથી મળે છે. એ જ રીતે કુદરત પાસે આપણે દાક્તરી પણ શીખવાની છે. આનો સાર એ કે, આપણે સ્વચ્છતાના નિયમો જાણી લઈને પાળીએ અને યોગ્ય ખોરાક લઈએ; તો આપણે પોતે આપણા દાક્તર બની ગયા. જે માણસ જીવવા માટે ખાય છે, પંચ મહાભૂતો, એટલે કે માટી, પાણી, આકાશ, સૂર્ય અને વાયુનો મિત્ર બનીને અને તેમના સરજનહાર પ્રભુનો દાસ બનીને રહે

છે, તે બીમાર નહીં પડે; પડે તોપણ ઈશ્વરને આધારે રહી શાંતિથી મરણને ભેટશે, પોતાના ગામના ખેતરની કોઈ ઔષધિ મળી તો લેશે. કરોડો માણસો આમ જ જીવે છે ને મરે છે. તેમણે દાક્તરનું નામ સુધ્ધાં સાંભળ્યું નથી, પછી મોઢું તો ક્યાંથી જ જોયું હોય? આપણે આવા બનીએ અને આપણી પાસે ગામડાંનાં બાળકો તથા તેમના વડીલો આવે છે તેમને પણ આમ જ રહેતાં શીખવીએ. દાક્તરો કહે છે કે, સોમાંથી નવ્વાણું જણ ગંદકીથી, ન ખાવાનું ખાવાથી, ખાવો જોઈએ તે ખોરાક ન મળવાથી અને ભૂખથી મરે છે. જો આ નવ્વાણુંને આપણે જીવનકળા શીખવીએ, તો બાકીના એકને આપણે ભૂલી શકીએ. અને તેને ડૉક્ટર સુશીલા નય્યર જેવાં કોઈ ડૉક્ટર જરૂર મળી રહેશે. તેની ફિકર આપણે કરવાની ન હોય. આજે તો આપણને નથી ચોખ્ખું પાણી મળતું, નથી ચોખ્ખી માટી મળતી, નથી ચોખ્ખી હવા મળતી. આપણે સૂર્યથી સંતાઈને રહીએ છીએ. આ બધાનો વિચાર કરીએ ને યોગ્ય ખોરાક યોગ્ય રીતે લઈએ, તો કેટલાયે યુગોનું કામ થયું સમજજો. તેનું જ્ઞાન મેળવવા માટે નથી ડિગ્રી જોઈતી, નથી કરોડો રૂપિયા જોઈતા; કેવળ ઈશ્વર ઉપર શ્રદ્ધા, સેવાની ધગશ, અને પંચ મહાભૂતોનો થોડો પરિચય તથા યુક્તાહારનું જ્ઞાન જોઈએ. આટલું તો આપણે શાળા કૉલેજના શિક્ષણ કરતાં ઓછી મહેનત અને ઓછા સમયમાં મેળવી શકીએ."

હ૦ બં૦, ૧-૯-'૪૬

# પાયાની કેળવણી

ખંડ ૪

## કેટલાક નોંધપાત્ર પ્રયોગો

10341

12 SEP 1981

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
૧૦૬-૧૩.

## ૩૩
# ઉદ્યોગ દ્વારા કેળવણી

શ્રીમતી આશાદેવી નીચેના રસપ્રદ આંકડા મોકલે છે :

“બિહારના ચંપારણ જિલ્લાના બેટિયા થાણાના એક નાનકડા વિભાગની પાયાની કેળવણીની ૨૭ શાળાઓએ ૧૯૪૨ની સાલના એપ્રિલ માસમાં ત્રણ વરસ પૂરાં કર્યાં. આ શાળાઓનો ૧૯૪૧–૪૨ સાલનો પહેલી, બીજી તથા ત્રીજી શ્રેણીનો વાર્ષિક આલેખ પાયાની કેળવણીમાં કામ કરનારાઓ માટે પ્રોત્સાહક અભ્યાસ થઈ પડે એમ છે. પાયાની કેળવણીના માસિક પત્ર નઈ તાલીમમાં એ આલેખ વિગતવાર પ્રસિદ્ધ કરવામાં આવશે. પાયાની કેળવણીના વિકાસમાં રસ ધરાવનારાઓને માટે એની મહત્ત્વની હકીકતોનો ટૂંક સાર અહીં આપીએ છીએ.

“આ ૨૭ શાળાની પહેલી, બીજી તથા ત્રીજી શ્રેણીની સરેરાશ હાજરી અનુક્રમે ૭૦, ૭૬ અને ૭૯ ટકા છે, તથા એ દરેક શ્રેણીની વ્યક્તિગત સરેરાશ કમાણી અનુક્રમે ૦–૧૧–૦, ૨–૪–૨ અને ૬–૧–૧ છે. પહેલી શ્રેણીના ૩૯૦ વિદ્યાર્થીઓની (આ સંખ્યા સરેરાશ હાજરી અનુસાર મુકરર કરવામાં આવી છે) કુલ ૧૦,૨૬૪ કલાકના કામની એકંદર કમાણી રૂ. ૨૬૭–૮–૬ છે; બધી શાળાઓના બીજી શ્રેણીના ૩૫૬ વિદ્યાર્થીઓની (આ સંખ્યા સરેરાશ હાજરી અનુસાર મુકરર કરવામાં આવી છે) કુલ ૧૯,૦૮૨ કલાકના કામની એકંદર કમાણી રૂ. ૮૦૪–૧૩–૮ છે; તથા ત્રીજી શ્રેણીના બધી શાળાના ૩૧૯ વિદ્યાર્થીઓની (આ સંખ્યા સરેરાશ હાજરી પ્રમાણે મુકરર કરવામાં આવી છે) કુલ ૧૪,૩૬૨ કલાકના કામની કમાણી રૂ. ૧,૯૩૫–૧૪–૧૧ છે. એટલે ૧,૦૬૫ બાળકોની આખા વરસની એકંદર કમાણી રૂ. ૩,૦૦૮–૫–૧ થઈ. આ શાળાઓના ત્રીજી શ્રેણીના વિદ્યાર્થીની વધુમાં વધુ વ્યક્તિગત કમાણી રૂ. ૧૫–૧૨–૦, બીજી શ્રેણીના વિદ્યાર્થીની રૂ. ૬–૨–૦, અને પહેલી શ્રેણીના વિદ્યાર્થીની રૂ. ૨–૧૦–૧ થઈ. ત્રીજી શ્રેણીના વિદ્યાર્થીની રેંટિયા ઉપર વધુમાં વધુ ઝડપ કલાકે ૪૮૦ તાર અને તકલી ઉપર ૨૮૧ તાર, બીજી શ્રેણીના વિદ્યાર્થીની રેંટિયા ઉપર

વધુમાં વધુ ઝડપ કલાકે ૩૫૦ તાર અને તકલી ઉપર ૨૪૨ તાર, અને પહેલી શ્રેણીના વિદ્યાર્થીની તકલી ઉપર વધુમાં વધુ ઝડપ કલાકે ૧૬૪ તાર છે.”

આ આંકડાઓ માલની પેદાશ કે કમાણી દર્શાવવા માટે નથી આપવામાં આવ્યા, જોકે એ રીતે પણ તે મહત્ત્વના છે. કેળવણીના આલેખમાં માલની પેદાશ અને કમાણીને ગૌણ સ્થાન હોય છે. પરંતુ યુવકની કેળવણીમાં ઉદ્યોગોનું શિક્ષણવિષયક ભારે મૂલ્ય દર્શાવવા ખાતર એ આંકડાઓ આપવામાં આવ્યા છે. ઉદ્યોગશીલતા, કાળજી અને ઝીણામાં ઝીણી વિગત ઉપર પણ લક્ષ આપ્યા વિના આ કાર્ય ન થઈ શક્યું હોત, એ સ્પષ્ટ છે.

હ૦ બં૦, ૨૮–૬–’૪૨

## ૩૪

# કાંતણ અને ચારિત્ર

ગુનેગાર ગણાતી કોમો માટેની વસાહતોમાં થયેલા કાંતણકામનો નીચેનો હેવાલ ચરખા સંઘ, કર્ણાટક શાખાના મંત્રીએ મોકલ્યો છે :

“હુબળીની વસાહતના સંચાલક રેવરંડ અશર વિલ્સને અને વસાહતમાંની પ્રમાણિત શાળાની મુખ્યાધ્યાપિકા મિસ બ્રિસ્કોએ જ્યારે અખબારોમાં વાંચ્યું કે, અખિલ ભારત ચરખા સંઘની કર્ણાટક પ્રાંતિક શાખાએ બિજાપુર અને ગદગની વસાહતોમાં વસતાં બેકાર માણસોને કાંતણપીંજણ શીખવવા માટે શિક્ષકો મોકલ્યા છે, ત્યારે હુબળીની વસાહતમાં એ અખતરો અજમાવી જોવાનો વિચાર એમને પણ આવ્યો. રેવરંડ વિલ્સન અને મિસ બ્રિસ્કોનાં ઉત્સાહ ને ઉત્કંઠા જોઈ શાખાને હુબળીની વસાહતમાં આ કામ ઉપાડવાનું મન થયું.

“છોકરાઓ માટેની કાચી કેદમાં અમે કામ શરૂ કર્યું. આ કાચી કેદમાં આઠ અને સોળની વચ્ચેની બધી ઉંમરના કુલ ૩૩ છોકરા છે. છોકરાઓને કાચી કેદમાં તેમનાં વાલી અથવા પોલીસ મૂકી જાય છે; એટલા માટે કે તેમના પર પાકી દેખરેખ રહે. છોકરાઓને ત્યાં

રાખવાનું કારણ સામાન્યપણે એમનું વિચિત્ર વર્તન અથવા તો નાની નાની ચોરીઓ કરવાની વૃત્તિ હોય છે. કાચી કેદના સંચાલકોને આ છોકરાઓને સખણા રાખવાનું કામ વસમું લાગતું હતું. ઘણા છોકરા નાસી જતા તેમનો પીછો પકડવો પડતો, ને તેમને શોધીને પાછા કાચી કેદમાં લાવવા પડતા. શહેરની કોઈ પણ પ્રાથમિક કે માધ્યમિક શાળામાં તેમને મોકલી શકાય એમ નહોતું, કેમ કે તેઓ રખેને નાસી જાય એવો ભય હમેશાં રહેતો. છોકરાઓનાં શરીર અને મનને કંઈક અનુકૂળ કામમાં રોકાયેલાં રાખવાનો કોઈ તરીકો વસાહતના અધિકારીઓને સૂઝ્યો ન હતો.

"ચરખા સંઘે એક શિક્ષક મોકલ્યો. તેણે છોકરાઓને શીખવવાનું કામ સાડા ત્રણ મહિના કર્યું છે. રૂ સાફ કરીને પીંજવાનું ને કાંતવાનું કામ આંધ્ર પદ્ધતિએ ચાલે છે. ચૌદ અને સોળ વરસની વચ્ચેના મોટા છોકરાઓને આ વર્ગમાં લીધા છે. દરેક છોકરો રોજનું ૨૫થી ૩૦ આંકનું ૧,૨૦૦થી ૧,૫૦૦ વાર સૂતર કાંતે છે. કાચી કેદના સંચાલક મને જણાવે છે કે, છોકરાઓ કંઈક મહેનતાણું મેળવીને નિયમિત કામ કરતા થયા ત્યારથી તેમનાં વર્તન અને રીતભાતમાં ઘણો સુધારો થયો છે. મિસ બ્રિસ્કોના કાગળમાં તેનું વર્ણન આપેલું હોઈ તે વાંચવા જેવું છે. એમાં મારે કશું ઉમેરવાનું નથી. એ કાગળ હું આ સાથે મોકલું છું."

મુખ્યાધ્યાપિકા મિસ બ્રિસ્કોનો રસપ્રદ કાગળ આ રહ્યો :

"અમારી પ્રમાણિત શાળામાં અમે જે કાંતણકામ ચલાવી રહ્યાં છીએ તેને વિષે મારે આપને લખવું એવી માગણી ચરખા સંઘે કરી છે.

"અમે ૧૯૪૦ના જાન્યુઆરીની ૧૫મીએ કાંતણવર્ગ શરૂ કર્યો.

"૨. એમાં લીધેલા છોકરા ચૌદથી સોળ વરસના છે, ને તેમને આ કામમાં કેટલો રસ પડતો લાગે છે તે જોઈને અમને વિસ્મય થયું.

"૩. પહેલાં તેઓ નવરા બેસી રહેતા, કેમ કે કંઈ પણ ખરચાળ ઉદ્યોગ શરૂ કરવાનું અમને પરવડતું નહોતું. હવે તેઓ મોજ કરે છે ને કામમાં રોકાયેલા રહે છે, ને એમને નાસી જવાનું મન થતું નથી.

"૪. તેઓ રોજના પાંચેક કલાક કામ કરીને માથા દીઠ બેથી સવા બે આના કમાય છે. આ કાંતણકામ શરૂ કરવાને જે પૈસા ખાનગી રીતે ધીરવામાં આવેલા, તે તેઓ ભરપાઈ કરી આપે છે. થોડાક પૈસા તેમના હાથમાં અપાય છે ને બાકીના તેમના ખાતામાં જમા કરવામાં આવે છે, જેથી કાચી કેદમાંથી બહાર જતી વખતે તેમની પાસે

કંઈક પૈસા હોય. છોકરાઓની બાબતમાં આ પ્રયોગ આટલો સફળ થયો, એટલે આ અઠવાડિયે અમે વસાહતની કન્યાશાળાની મોટી છોકરીઓને પણ આ કામ શીખવવું શરૂ કર્યું છે. અમને લાગ્યું કે, આ ખબર જાણીને આપને આનંદ થશે; તેથી હું આ કાગળ લખું છું ને કાંતતા છોકરાઓની છબી મોકલું છું. તેઓ કેવા મોજ કરે છે તે આપ જોશો.”

કાંતણની મનને સ્થિર કરનારી અસર વિષેના ઉપરના વર્ણનને ટેકો આપનારો પુષ્કળ પુરાવો છે. હું આશા રાખું છું કે, મિસ બ્રિસ્કો તેમના પ્રયોગની પ્રગતિ વિષે મને વખતોવખત અહેવાલ મોકલતાં રહેશે.

હ૦ બં૦, ૩–૮–’૪૦

## ૩૫
## બિહાર પ્રાંતની શાળાઓ

[‘રણમાં મીઠી વીરડી’ એ નોંધ]

પાયાની કેળવણી વિષેની સરકારી અધિકારીઓની વિરોધી પણ પૂરતા વિચાર વિના કરેલી ટીકાઓના રણમાં બિહારના ગવર્નરના સલાહકાર મિ. ઈ. આર. જે. આર. કઝિન્સે હિંદુસ્તાની તાલીમી સંઘના મંત્રી શ્રી આર્યનાયકમ્ ઉપર બિહારની પાયાની કેળવણીની શાળાઓની નીચે જણાવેલી કદર લખી મોકલી છે, તે ખરેખર આહ્લાદક છે:

“ધોધમાર વરસાદને કારણે પાયાની કેળવણીની શાળાઓનું નિરીક્ષણ કરવાના મારા કાર્યક્રમમાં વિક્ષેપ પડચો તેથી મને દિલગીરી થઈ. પરંતુ એવી ૨૭માંથી ૧૮ શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓને હું મળી શકચો — ૬ શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓને વૃંદાવન-રામપૂર્વામાં અને ૧૨ શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓને ચોબેતોલા-પરુકિયામાં. ત્યાં મેં જે કંઈ જોયું તેમાં મને ભારે રસ પડચો. અલબત્ત, એનાં સાતે-સાત ધોરણ પૂરાં થયાં વિના એ પ્રયોગની સાચી આંકણી આપણે કરી શકીએ એમ નથી. પરંતુ વિદ્યાર્થીઓની સ્વચ્છતા, બુદ્ધિમત્તા તથા તેમના કામમાં તેમને પડતો દેખીતો આનંદ જોઈને તેની મારા

ઉપર ઊંડી અસર થઈ. મને વિશ્વાસ છે કે, આપણે સાચી દિશામાં આગળ વધી રહ્યા છીએ, અને પાયાની કેળવણીનો આખો અભ્યાસક્રમ પૂરો કરનાર ચૌદ વરસનાં બાળકો ઇતર સામાન્ય શાળાના અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરનાર એટલી ઉંમરનાં બાળકો કરતાં સરખામણીમાં ઊતરતાં નીવડવાનાં નથી.

"જેના ઉપર હું સૌથી વધારે ભાર મૂકું છું એવું એક ખાસ આશાસ્પદ લક્ષણ એ છે કે, એ શાળાઓ ગ્રામવાસીઓની શુભેચ્છા અને રસ પ્રાપ્ત કરવામાં નિઃશંકપણે સફળ થઈ છે, અને જ્યાં સુધી એ ટકાવી રાખી શકાય ત્યાં સુધી પ્રયોગ સફળ થયા વિના રહે જ નહીં. ચોબેતોલા-પરુકિયામાં માલિકો તથા ગ્રામવાસીઓએ શાળાને માટે સુંદર ક્રીડાંગણની જોગવાઈ કરવામાં, રસ્તાઓ તૈયાર કરવામાં તથા બાલચમૂ—જે મેં જોયેલી બાલચમૂઓમાં સૌથી મોટી હતી—માટે જોઈતી સામગ્રી પૂરી પાડવામાં, અને ખાસ કરીને ગામનાં બાળકો નિયમિતપણે શાળામાં જાય એવો આગ્રહ રાખવામાં જે પ્રજાહિતની ભાવના બતાવી છે, એ અતિશય પ્રશંસાપાત્ર છે. વળી, મને ખાતરી આપવામાં આવી છે કે, જેની હું મુલાકાત નથી લઈ શક્યો તે બીજી શાળાઓને વિષે પણ એવા જ પ્રકારની પ્રજાહિતની ભાવના દર્શાવવામાં આવે છે. મને વિશ્વાસ છે કે, ગ્રામવાસીઓના પ્રયાસોનું યોગ્ય ફળ મળી રહેશે, અને ગામડાંનાં ભવિષ્યનાં બાળકો એ શાળાઓમાં સામાન્ય અર્થમાં જેને આપણે કેળવણી કહીએ છીએ તે ઉપરાંત, જેને લીધે ભૂતકાળના કરતાં ભવિષ્યનાં ગામડાંઓ વધારે તંદુરસ્ત, આકર્ષક અને સંસ્કારી થાય એવા માનસિક ચપળતા અને શારીરિક નિપુણતાના ગુણો તથા સ્વાસ્થ્ય અને સ્વચ્છતા પ્રાપ્ત કરશે."

હ૦ બં૦, ૧-૩-'૪૨

# ૩૬

# મારી અપેક્ષા

['એક હળવો પ્રસંગ' એ નોંધમાંથી].

શ્રી આર્યનાયકમ્ સેવાગ્રામની શાળાની સાતમી શ્રેણીના છોકરાઓને ગાંધીજી આગળ લાવ્યા. આ બધા છોકરાઓએ સેવાગ્રામની પાયાની શાળાનો અભ્યાસક્રમ લગભગ પૂરો કર્યો છે. એ બધા છોકરાઓ સેવાગ્રામ તથા આસપાસનાં ગામડાંના છે. એમાંના એક છોકરાએ તો ગાંધીજીને પૂછવાની હિંમત પણ કરી કે, સાત વરસ પાયાની કેળવણીની શાળામાં ભણ્યા પછી તેમાંથી ચૌદ વરસની ઉંમરના કેવા પ્રકારના છોકરાઓ નીકળવાની આપ અપેક્ષા રાખો ?

તેના ઉત્તરમાં ગાંધીજીએ કહ્યું :

શાળાએ જો વિદ્યાર્થીઓ પ્રત્યેની પોતાની ફરજ બરાબર બજાવી હશે, તો ચૌદ વરસની ઉંમરના છોકરાઓ સાચા, નિર્મળ અને તંદુરસ્ત હોવા જોઈએ. તેઓ ગ્રામવૃત્તિના હોવા જોઈએ. તેમનાં મગજ તથા હાથ સરખાં વિકસેલાં હોવાં જોઈએ. તેમનામાં છળકપટ નહીં હોય. તેમની બુદ્ધિ તીક્ષ્ણ હશે, પણ પૈસા કમાવાની ચિંતામાં તેઓ નહીં પડે. જે કાંઈ પ્રામાણિક કામ તેમને મળી આવે, તે તેઓ કરી શકે એવા હશે. તેઓ શહેરોમાં જવા નહીં ચાહે. શાળામાં સહકાર અને સેવાનો પાઠ શીખ્યા હોઈને પોતાની આસપાસના લોકોમાં તેઓ તેવી જ ભાવના પ્રગટાવશે. તેઓ ભિખારી કે પરોપજીવી કદી નહીં બને.

હ૦ બં૦, ૧૫–૯–'૪૬

# પાયાની કેળવણી

## ખંડ ૫

## આગળનું કામ

૩૭

# મ્યુનિસિપાલિટીઓ અને પ્રાથમિક કેળવણી

['મ્યુનિસિપલ કાયદા' એ પ્યારેલાલના લેખમાંથી]

મ્યુનિસિપાલિટી અને લોકલ બોર્ડની શિક્ષણ પ્રવૃત્તિ વિષે પ્રશ્નો પુછાયા ત્યારે ખેડા જિલ્લાના એક ભાઈએ ફરિયાદ કરતાં કહ્યું : "લોકલ બોર્ડ તરફથી ચાલતી પ્રાથમિક નિશાળમાં વર્ધાની યોજના દાખલ કરવાનું અમને તો બહુ ગમે. લોકલ બોર્ડો એ માટે રાજી છે. પણ ઈન્સ્પેક્ટરો અને કેળવણી ખાતાના મોટા અમલદારો હજુ જૂની ઘરેડમાં જ ચાલવા માગે છે. તેમને વર્ધાયોજનાના સિદ્ધાંત વિષે આસ્થા પેદા થઈ નથી. આ મુસીબત અમારે કેવી રીતે દૂર કરવી?"

ગાંધીજી : "એથી મને આશ્ચર્ય નથી થતું. કેળવણી ખાતાના મોટા અમલદારોને વર્ધાયોજના વિષે એકદમ આસ્થા બેસી જાય તો મને આશ્ચર્ય થાય ખરું. એ આસ્થા તો અનુભવે આવશે. તે દરમ્યાન હું એટલું જ કહી શકું કે જ્યાં ઇચ્છા હોય ત્યાં રસ્તો નીકળે જ. કેળવણી ખાતાના પ્રધાન કેળવણી ખાતાના વડાને વર્ધાયોજનાનો અમલ કરનાર સંસ્થાઓને બનતી મદદ કરવાનું ફરમાન આપે એમાં કશી કાયદાની મુશ્કેલી હોય એમ હું નથી માનતો. મધ્ય પ્રાંતના પ્રધાનમંડળને કેળવણી ખાતા પાસે ધાર્યું કરાવવા કશી મુસીબત આવી નથી. પણ કંઈ કાયદાની મુશ્કેલી દેખાઈ આવે તો તેનો કાયદેસર ઈલાજ થઈ શકે એમ છે."

સ૦—"આપણી પ્રૌઢશિક્ષણની યોજનાઓમાં ધ્યેય અક્ષરજ્ઞાનનો પ્રચાર કરવાનું હોવું જોઈએ કે 'ઉપયોગી જ્ઞાન' આપવાનું? સ્ત્રીઓની કેળવણીનું શું?"

ગાંધીજી : "જેઓ આધેડ વયના થયા છે ને કંઈક ધંધો કરે છે તેમને મુખ્ય જરૂર વાંચતાંલખતાં શીખવાની છે. જનસમૂહની નિરક્ષરતા એ હિંદુસ્તાનનું પાપ છે, શરમ છે, અને તે દૂર કરવી જ જોઈએ.

બેશક અક્ષરજ્ઞાનપ્રચારની પ્રવૃત્તિ મૂળાક્ષરના જ્ઞાનથી શરૂ થઈને ત્યાં જ અટકવી ન જોઈએ. પણ મ્યુનિસિપાલિટીઓએ એકીસાથે બે ઘોડે સવાર થવાનો લોભ ન કરવો, નહીં તો આઘા જઈને પાછા પડવા જેવું થશે. સ્ત્રીઓની નિરક્ષરતાનું કારણ પુરુષોની પેઠે કેવળ આળસ અને જડતા નથી. તેથી વધારે મોટું કારણ તે અનાદિકાળથી સ્ત્રીને હલકી ગણનારી સામાજિક રૂઢિ છે. પુરુષે તેને પોતાની મદદગાર અને સહધર્મિણી બનાવવાને બદલે તેને ઘરનું વૈતરું કરનારી અને પોતાના ભોગવિલાસનું સાધન બનાવી છે. તેને પરિણામે આપણા સમાજનું અર્ધું અંગ જૂઠું પડી ગયું છે. સ્ત્રીને પ્રજાની માતા કહેવામાં આવી છે એ વર્ણન સાચું છે. તેના પ્રત્યે આપણે જે મહાઅન્યાય કરેલો છે તે દૂર કરવો એ આપણું તેના પ્રત્યેનું તેમ જ પોતા પ્રત્યેનું કર્તવ્ય છે.”

કપડવંજના એક ભાઈએ પૂછ્યું : “આપે અમુક વિષયો વિષે જુદે જુદે પ્રસંગે જુદા જુદા અભિપ્રાયો બતાવેલા છે, એનો દુરુપયોગ કરીને અમારા વિરોધીઓ અમારી અત્યારની નીતિનો વિરોધ કરે છે. એ સ્થિતિમાં અમારે શું કરવું ?”

ગાંધીજીએ કહ્યું : “એ અભિપ્રાયોમાં જે પરસ્પર વિરોધ છે તે માત્ર આભાસ છે, ને એની વચ્ચે મેળ સહેજે સાધી શકાય એમ હોય છે. સુરક્ષિત નિયમ એ છે કે જે વચન કાળક્રમે છેલ્લું હોય તેને અગાઉનાં બધાં કરતાં વધારે પ્રમાણભૂત માનવું ને તેને અનુસરવું. પણ મારું કોઈ પણ વચન, પછી તે હમણાંનું હોય કે પહેલાંનું, પણ તમારાં હૃદય ને બુદ્ધિને ન ગમે ત્યાં સુધી એ તમને બંધનકર્તા ન ગણાવું જોઈએ. એનો અર્થ એવો નથી કે મારું દૃષ્ટિબિંદુ ખોટું હતું. પણ જે દૃષ્ટિબિંદુ તમે સમજી કે ગ્રહણ કરી ન શકો તેનો સ્વીકાર કરવો એ અયોગ્ય ગણાય છે.”

સેગાંવ, ૭–૨–’૩૯
હ૦ બં૦, ૨૬–૨–’૩૯

## ૩૮

# કૉંગ્રેસ પ્રધાનમંડળો અને નવી તાલીમ

[કેળવણી ખાતાના પ્રધાનોની પરિષદ જોડે ગાંધીજીને થયેલા વાર્તાલાપનો શ્રી પ્યારેલાલજીએ આપેલો હેવાલ આ છે. —સં૰]

૧૯૩૯ની સાલમાં મહાસભાની સરકારોએ સાત પ્રાંતોમાં રાજીનામાં આપ્યાં, ત્યાર બાદ તે તે પ્રાંતોમાં હિંદી રાજ્યબંધારણના ૧૯૩૫ની સાલના કાયદાની ૯૩મી કલમ મુજબના રાજ્યવહીવટનો અમલ ચાલુ થયો. તે અમલ દરમિયાન તે વહીવટ ચલાવનારા લોકોએ મહાસભાની સરકારોએ શરૂ કરેલા નવી તાલીમ, દારૂબંધી અને ગ્રામસુધારણા તેમ જ પાયાના ગ્રામોદ્યોગોના પુનરુદ્ધારના કાર્યક્રમોમાં વહીવટી રીતરસમોનો દારૂગોળો વાપરીને અંદરખાનેથી સારી જેવી ભાંગફોડ કરી મૂકી. મહાસભાની સરકારોએ રાજ્યવહીવટની લગામ પાછી હાથમાં લીધી, તેની સાથે જ તેમની પહેલી ફિકર પોતાના પ્રયોગોમાંથી પેલી ભાંગફોડ થયા છતાં, જે કંઈ રહી ગયું હતું તેને બચાવી લેવાની અને પોતે જ્યાંથી તે કાર્યક્રમોને લગતાં કામો છોડયાં હતાં ત્યાંથી પાછાં હાથ પર લેવાની હતી.

એ કામને માટે વિચાર કરવાને મહાસભાના વહીવટના પ્રાંતોમાંના કેળવણી ખાતાના પ્રધાનો, શ્રી બાળાસાહેબ ખેરના નિમંત્રણથી, તેમના પ્રમુખપણા નીચે પૂનાના કાઉન્સિલ હૉલમાં તા. ૨૯મી અને ૩૦મી જુલાઈના દિવસોએ એક પરિષદમાં ભેગા મળ્યા હતા. બધા પ્રાંતોના કેળવણી ખાતાના પ્રધાનોને બોલાવવામાં આવ્યા હતા. પણ બે પ્રાંતના પ્રધાનો આવી શકયા નહોતા. ગાંધીજી ૨૯મી તારીખે સાંજે પરિષદમાં કલાકેકથી વધારે વખત હાજર રહ્યા હતા. સરકારની અને સરકારે માન્ય કરેલી અથવા તેની સાથે જોડાયેલી સંસ્થાઓમાં નવી તાલીમના પ્રયોગનું કામ ખોટકાઈ પડયું હતું, છતાં તાલીમી સંઘને આશ્રયે તેનું કામ ચાલુ રહ્યું હતું અને ગાંધીજીની ભવિષ્યને ઓળખવાની દૃષ્ટિને લીધે સંઘની,

આજની કટોકટીની સ્થિતિને પહોંચી વળવાની, પૂરેપૂરી તૈયારી હતી. પહેલાં સાત વરસ પછી હવે નવી તાલીમ સગીર મટી પુખ્ત ઉંમરની થઈ ગણાય. ૧૯૪૪ની સાલમાં ગાંધીજી અટકમાંથી છૂટી તાલીમી સંઘના સભ્યોને પહેલવહેલા મળ્યા, ત્યારે તેમણે તેમને સમજાવ્યું કે, હવે તમારું કામ એવી મજલે પહોંચ્યું છે કે, ત્યાંથી તેનું ક્ષેત્ર વધારવું જોઈએ. તમારે તમારા કામની મર્યાદામાં હવે પાયાની કેળવણીની પછીની અને પાયાની કેળવણીની પૂર્વની તાલીમને સમાવી લેવી જોઈએ. પાયાની કેળવણી ખરેખરી જીવનને માટેની અથવા તેના ઘડતર માટેની કેળવણી બનવી જોઈએ. અહીંથી આગળ પોતાની દલીલનો તાર ઉપાડીને પોતાના ભાષણમાં ગાંધીજીએ પરિષદને પાયાની કેળવણીના ક્ષેત્રનો વિસ્તાર હવે કયે ધોરણે તેમ જ કઈ દિશામાં કરવો અને પોતાના અભિપ્રાય મુજબ તે બાબતમાં પ્રધાનોની શી ફરજ છે, તે બાબતોની સમજૂતી આપી. ડૉ. ઝાકિર હુસેને એક સવાલ પૂછી એવી ચિંતા બતાવી કે, નવી તાલીમનું કાર્ય કરનારા વધારેપડતા ઉત્સાહમાં આવી જઈ ગળે ઊતરે તેનાથી મોટો કોળિયો ભરી બેસે, એવો ભય નથી? પોતે જે કાર્યક્રમ માથે લે, તે ગજા ઉપરવટનો હોય અને તેને અમલમાં મૂકવાનાં નવી તાલીમનું કામ કરનારા લોકો પાસે સાધન ન હોય, તો તે એક જોખમકારક તેમ જ આગળ ઉપર ફસાવી દેનારી જાળ જેવો ન થઈ બેસે? આ સવાલના જવાબમાં ગાંધીજીએ બોલવાનું શરૂ કર્યું.

### હું પ્રધાન હોઉં તો?

ગાંધીજીએ કહ્યું કે, શું કરવાનું છે તેની મને બરાબર ખબર છે, પણ તે કેમ કરવું ને કરવા માંડવું તે બાબત મારા મનમાં હજી બરાબર ગડ બેસતી નથી. અત્યાર સુધી તમારો (એટલે કે, નવી તાલીમનું કાર્ય કરનારાઓનો) રસ્તો બરાબર અંકાઈ ચૂકેલો હતો, પણ હવે તમારે અજાણ્યા દરિયામાં સફર ખેડવાની છે. તમારી મુશ્કેલીઓ હું જાણું છું. જે લોકો (કેળવણીની) જૂની રૂઢિગત પરંપરામાં કેળવાયા છે ને ઊછર્યા છે, તે લોકો સહેજમાં એકે તડાકે તેનાથી તદ્દન જુદે રસ્તે ફંટાઈ ન શકે.

પછી ગાંધીજીએ જણાવ્યું કે, હું પ્રધાનના હોદ્દા પર હોઉં, તો એવી વ્યાપક સૂચનાઓ આપી દઉં કે, હવે પછી કેળવણીને લગતી સરકારની બધી પ્રવૃત્તિ પાયાની કેળવણીને ધોરણે તેની દિશામાં ચાલશે. પહેલાં ઘણા પ્રાંતોમાં પ્રૌઢશિક્ષણનો કાર્યક્રમ પુરજોસમાં શરૂ કરવામાં આવ્યો હતો. મારું ચાલે તો પ્રૌઢશિક્ષણના કાર્યક્રમો પણ હું એકાદ પાયાના ઉદ્યોગની મારફતે ચલાવું. મારો અભિપ્રાય એવો છે કે, રૂ કાંતવાની અને તેની સાથે સંકળાયેલી બીજી ક્રિયાઓ આ કાર્યને માટે સૌથી સારા અને સૌથી વધારે અનુકૂળ હાથકામના ઉદ્યોગો છે. પણ ઉદ્યોગોની પસંદગી હરેક દાખલામાં, જે કામ કરનારા લોકો આ કાર્યની સાથે જોડાયેલા છે, તેમના પર છોડી દેવાને હું તૈયાર છું, કેમ કે મારી એવી ચોક્કસ શ્રદ્ધા છે કે, આખરે તે ઉદ્યોગ જ આ કામમાં ટકશે, જેમાં આ કામને લાયકના જરૂરી ગુણો હશે. કેળવણી ખાતાના ઈન્સ્પેકટરો, એટલે કે નિરીક્ષકો, અને બીજા અમલદારોનું કામ લોકોમાં અને નિશાળોના શિક્ષકોમાં સીધા જઈ, તેમને દલીલથી અને સમજાવટથી સરકારની કેળવણી વિષેની નવી નીતિની કિંમત અને ઉપયોગિતાની કેળવણી આપવાનું રહેશે. લોકો પર અને શિક્ષકો પર અમલ બજાવવાનું નહીં, પણ આ તેમનું પહેલું કામ છે. હવે એ ઈન્સ્પેકટરો અને અમલદારોને આ નીતિ કે આ કેળવણી વિષે શ્રદ્ધા ન હોય, અથવા વફાદારીથી નવી નીતિનો અમલ કરી તેને પાર પાડવાની તેમની નામરજી હોય, તો તેમને હું રાજીનામું આપી સરકારની નોકરીમાંથી અળગા થવાની છૂટ આપું. પણ પ્રધાનો પોતાનું કામ બરાબર જાણતા હોય અને તેની પાછળ તન તોડીને હોંશથી તેમ જ ખંતથી મંડે, તો આવું કરવાની જરૂર પડે, એમ મને નથી લાગતું. પણ એટલું સાફ સમજાવું જોઈએ કે, ઑફિસની ખુરશીમાં બેઠે બેઠે એક પછી એક હુકમો છોડવાથી આ કામ બનવાનું નથી.

## યુનિવર્સિટી કેળવણીનું નવસંસ્કરણ

પુખ્ત ઉંમરનાં સ્ત્રીપુરુષોની કેળવણીની બાબતમાં મેં જે કહ્યું, તે જ યુનિવર્સિટી, એટલે કે વિશ્વવિદ્યાલયો અથવા વિદ્યાપીઠોની કેળવણીને લાગુ પડે છે. તે કેળવણીનો હિંદની ભૂમિની સાથે અથવા તેની

પરિસ્થિતિની સાથે જમીન અને તેમાંથી ઊગતાં ઝાડના જેવો સંબંધ હોય. તેથી વિદ્યાપીઠની કેળવણી પાયાની કેળવણીના અભ્યાસક્રમનો વિસ્તાર હોય. ધ્યાનમાં રાખવાનો અને સવાલના કેન્દ્રમાં રહેલો મુદ્દો જ આ છેઃ તમારા લોકોને મારી આ વાત ગળે ન ઊતરતી હોય, અથવા આ મુદ્દાની બાબતમાં તમે મારી સાથે સંમત ન થતા હો, તો મને લાગે છે કે, મારી સલાહ તમને ઝાઝા ખપમાં નહીં આવે. એથી ઊલટું, તમે મારી સાથે સંમત થતા હો કે, હાલની યુનિવર્સિટીની કેળવણીથી કેળવણી લેનારા વિદ્યાર્થીઓ પૂર્ણ સ્વરાજને લાયક બને એવા ઘડાતા નથી, ઊલટું તે કેળવણી તેમને કેવળ ગુલામીનું શિક્ષણ આપે છે ને ગુલામ બનાવે છે, તો તે પદ્ધતિને ધરમૂળથી સમારવાને અથવા તેને રદ કરી રાષ્ટ્રની જરૂરિયાતને અનુકૂળ થાય તેવા નવા ધોરણે ફરીથી રચવાને તમે પણ મારી માફક અધીરા થઈ જશો.

આજે આપણી યુનિવર્સિટીઓમાં ભણી નીકળતા જુવાનિયાઓ કાં તો સરકારી નોકરીની શોધમાં ફરતા રહે છે અથવા જૂનો ચીલો તદ્દન મૂકી દઈ, જાત જાતને નવે રસ્તે ચડી પોતાની વ્યર્થતાની ભાવનાને મોકળો માર્ગ આપવાને સમાજમાં બખેડો જગાડે છેઃ વળી, તેમને ભીખ માગવાની કે બીજાની કમાણી પર જીવવાની પણ શરમ આવતી નથીઃ તે બિચારાઓની આવી દયા ઉપજાવે તેવી દશા થાય છેઃ વિદ્યાપીઠની કેળવણીનું ધ્યેય પોતાના મુલકની આઝાદીને ખાતર જ જીવનારા અને જરૂર પડે તો તેને માટે મરી ફીટનારા પ્રજાના સાચા સેવકો પેદા કરવાનું હોય. તેથી મારો એવો અભિપ્રાય છે કે, વિદ્યાપીઠની કેળવણીને તાલીમી સંઘમાંથી શિક્ષકો લઈ પાયાની કેળવણીની સાથે એકસૂત્રે પરોવી, તેના ધોરણ પર લાવવી જોઈએ.

તમે પ્રધાનોએ પ્રજાના પ્રતિનિધિઓ તરીકે રાજ્યવહીવટ ચલાવવાને અધિકાર લીધો છે. તમે પ્રજાને તમારી સાથે રાખી નહીં શકો, તમારા વિચારોમાં અને કાર્યોમાં ભાગ લેતી નહીં કરો, તો તમારા હુકમો આ કાઉન્સિલ હૉલની બહાર કોઈ માનવાનું નથી. આજે મુંબઈમાં ને અમદાવાદમાં જે કાંઈ બની રહ્યું છે, તેનો અર્થ જો એવો થતો હોય કે,

કૉંગ્રેસે લોકો પરનો પોતાનો પ્રભાવ અથવા કાબૂ ગુમાવ્યો છે, તો તે એક અપશુકનિયાળ લક્ષણ છે. નવી તાલીમ હજી કુમળો છોડ છે, પણ તે મોટાં ફળની આશા આપનારો છે. પ્રજાના ટેકાને અભાવે કેવળ પ્રધાનોએ છોડેલાં ફરમાનોથી એ છોડનો વિકાસ જબરજસ્તીથી નહીં કરી શકાય. તેથી તેમને લોકોનો અથવા તેમની ભાવનાનો કે નિષ્ઠાનો આધાર નહીં મળે, તો મારી તમને સલાહ છે કે, તમારે તમારી જગ્યાનાં રાજીનામાં આપી દેવાં. એથી અહીં અંધાધૂંધી ફેલાશે એવો ડર ન રાખશો. તમારું કાર્ય તમને સૂઝે તેવી તમારી પોતાની ફરજ બજાવી છૂટવાનું અને બાકીનું બધું ઈશ્વરના હાથમાં સોંપી દેવાનું છે. આ અનુભવમાંથી પણ પ્રજા સાચી સ્વતંત્રતાનો પાઠ શીખશે.

એ પછી ગાંધીજીએ શ્રોતાઓને સવાલો પૂછવાને જણાવ્યું. પહેલો સવાલ આ હતો: "સ્વાવલંબનનું ધોરણ બાદ રાખીને પાયાની કેળવણી ચલાવી શકાય?"

ગાંધીજીએ જવાબમાં કહ્યું, "તમે જરૂર ચલાવી શકો. પણ મારી સલાહ પૂછો તો હું કહીશ કે, તો પછી તમે પાયાની કેળવણીની વાત જ તદ્દન ભૂલી જજો. સ્વાવલંબનનો, એટલે કે કેળવણીની પ્રક્રિયામાંથી જ તેનું ખર્ચ મેળવી લેવાનો સિદ્ધાંત પાયાની કેળવણીના સિદ્ધાંતની સાથે કાર્યકારણ ભાવે સંકળાયેલો નથી. પણ મારે મન એ તેની સાચી કસોટી છે. આનો અર્થ એવો કરવાનો નથી કે, પાયાની કેળવણી તદ્દન શરૂઆતથી પોતાનું ખર્ચ કાઢતી થઈ સ્વાવલંબી થાય. પણ પાયાની કેળવણીની યોજનાનો આખો સાત વરસનો ગાળો સળંગપણે લેતાં આવક અને ખર્ચનાં પાસાંનો મેળ મળી રહેવો જોઈએ. કેમ કે, નહીં તો એનો અર્થ એવો થાય કે, પોતાની કેળવણી પૂરી કર્યા પછી પણ નવી તાલીમમાં કેળવાનારા વિદ્યાર્થીઓ જીવનને માટે ઘટતી રીતે ઘડાતા નથી. એ તો પાયાની કેળવણીનો ઇનકાર થાય. એટલે સ્વાવલંબનના પાયા વગરની પાયાની કેળવણી ચેતન વગરના શરીર જેવી થઈ રહેશે.

ત્યાર બાદ બીજા સવાલજવાબ થયા.

૬૦—પાયાનો એકાદ હુન્નર લઈ તેની મારફતે કેળવણી આપવાનો સિદ્ધાંત અમે સ્વીકાર્યો છે. પણ કોઈક કારણસર મુસલમાનો રેંટિયાનો વિરોધ કરે છે. જે પ્રદેશમાં કપાસ થાય છે, તેમને માટે તમે કાંતવાના ઉદ્યોગ પર ભાર દો, તે બરાબર થાય. પણ જે પ્રદેશમાં કપાસ નથી થતો, તે પ્રદેશોને એ ઉદ્યોગ અનુકૂળ નથી, એ વાતમાં તમે સંમત કેમ નથી થતા? એવાં સ્થળોને માટે કાંતણની અવેજીમાં બીજો કોઈ હુન્નર ન ચાલે? દાખલા તરીકે, ખેતી ન ચાલે?

જ૦—આ સવાલ બહુ જૂનો થયો. કેળવણીના સાધન અથવા માધ્યમ તરીકે કોઈ પણ ઉદ્યોગ કામ આપે કે નહીં, તેની એક કસોટી છે. તે ઉદ્યોગ સાર્વત્રિક, એટલે કે સૌથી થાય તેવો હોવો જોઈએ. આજથી પહેલાં છેક ૧૯૦૮ની સાલમાં મેં એવો પાકો નિર્ણય બાંધ્યો હતો કે, હિંદુસ્તાનને સ્વતંત્ર કરવાને અને તેને પોતાની તાકાત પર ઊભું રહેતું કરવાને હિંદુસ્તાનના ઘરેઘરમાં રેંટિયો દાખલ કરવો જોઈશે. ઇંગ્લન્ડમાં કપાસનું એક પૂમડું ફૂટતું નથી અને છતાં તે હિંદુસ્તાનમાં, બલ્કે દુનિયાભરમાં સુતરાઉ કાપડની નિકાસ કરી શકે છે; તો પડોશના જિલ્લામાંથી કે બહુ તો પ્રાંતમાંથી કપાસ લાવવો પડશે તેટલા ખાતર આપણાં ઘરેઘરમાં આપણે કાંતણ શા સારુ દાખલ ન કરી શકીએ, તે મારી સમજમાં ઊતરતું નથી. હકીકતમાં હિંદુસ્તાનનો એકે વિભાગ એવો નથી, જ્યાં એક જમાનામાં કપાસની ખેતી નહોતી થતી. કપાસની ખેતીને અમુક અમુક વિભાગોમાં મર્યાદિત કરી તેમને 'કપાસના પ્રદેશો'ને નામે ઓળખાવવાની અકુદરતી વાતો છેક હમણાંની નીકળેલી છે; એને કપાસમાંથી બનતા સૂતરના તૈયાર માલમાં સ્વાર્થ ધરાવનારાં સ્થાપિત હિતોએ હિંદુસ્તાનના ગરીબ કર ભરનારા વતની તેમ જ તેમાં કાંતનારાં-ઓને ભોગે હિંદુસ્તાનને માથે મારેલી છે. આજેયે કપાસનાં છોડો પર ફૂટતો કપાસ તો હિંદુસ્તાનમાં બધે મળે છે. તમે જે દલીલ કરો છો, તે જાતની દલીલો આપણી પહેલ કરવાની અથવા નવું નવું કરવાની, સાહસ ખેડવાની અને નવાં નવાં સાધનો બેઠાં કરી લેવાની શક્તિને નામોશી લગાડે તેવી છે. બીજા કોઈક સ્થળમાંથી કાચો માલ આયાત કરવાની

જરૂરને ટાળી ન શકાય તેવી અડચણ લેખવામાં આવે, તો બધી જાતનો માલ તૈયાર બનતો અટકી જાય ને બધા ઉદ્યોગો માર્યા જાય.

વળી, નાગા ફરવાની દશામાંથી ઉગારો ન હોય, ત્યારે પોતાના હાથની મજૂરીથી કોઈ માણસને પોતાનાં કપડાં પહેરતો કરવામાં સાચે જ ઉત્તમ પ્રકારની કેળવણી રહેલી છે. બરાબર સમજીને રૂને કાંતીને તેનું સૂતર બનાવવાની અને તેને લગતી બીજી ક્રિયાઓ બુદ્ધિની કેળવણીની દૃષ્ટિથી બહુ કીમતી છે એટલું જ નહીં, બીજા કોઈ ઉદ્યોગમાં ન થતી હોય તેવી માણસની સંપૂર્ણ કેળવણી તે ક્રિયાઓ દ્વારા થાય છે. મુસલમાનોનો વહેમ આજે કદાચ આપણે ટાળી નહીં શકીએ, કેમ કે તે બધા વહેમનું મૂળ ભ્રમમાં રહેલું છે; અને ભ્રમની જાળમાં સપડાનારને મન ભ્રમ ટળે નહીં, ત્યાં સુધી તે ભ્રમના જેવી સત્ય વસ્તુ બીજી કોઈ લાગતી નથી. પણ આપણી શ્રદ્ધા ચોખ્ખી તેમ જ દૃઢ હશે અને આપણી પદ્ધતિની સફળતાનો આપણે અમલી પુરાવો આપીશું, તો ખુદ મુસલમાનો આપણને શોધતા આવશે અને આપણી સફળતાનું રહસ્ય પોતાને બતાવવાને આપણને જાતે થઈને કહેશે. ખુદ મુસ્લિમ લીગ અથવા બીજી કોઈ પણ મુસ્લિમ સંસ્થાના કરતાં રેંટિયાએ ગરીબમાં ગરીબ મુસ્લિમ આમજનતાની વધારે સેવા કરી છે, એ વાત મુસલમાનોને હજી સમજાઈ નથી. બંગાળના વણકરોમાંથી મોટો ભાગ મુસલમાનોનો છે. વળી એ પણ ન ભૂલશો કે, પોતાની શબનમોને માટે દુનિયાભરમાં પંકાયેલા ઢાકાની ખ્યાતિ તેના મુસ્લિમ કાંતનારાઓ અને વણકરોને આભારી છે.

મહારાષ્ટ્રનું પણ આમ સમજવું. ભ્રમ મટાડવાનો સૌથી શ્રેષ્ઠ ઈલાજ પોતપોતાની ફરજ બજાવવામાં એકાગ્રતાથી મંડી રહેવાનો છે. ટકનારું એક સત્ય છે, બાકી બધું કાળના જુવાળમાં ઘસડાઈ જવાનું છે. તેથી સૌ કોઈ મને છોડી જાય, તોયે મારે તો સત્યને જ પોકારી પોકારીને જાહેર કરવું રહ્યું. આજે મારો અવાજ અફાટ જંગલમાં એકલો હશે, તોયે તે જો સત્યનો અવાજ હશે, તો બાકી બધા અવાજો ચૂપ થઈ જશે ત્યારેયે તે સંભળાયા કરશે.

## કૂંડાળામાં ફરતી દલીલ

"નવી તાલીમ માટે પાવરધા શિક્ષકો નિપજાવવામાં વખત જશે તે દરમિયાન નિશાળોમાં આપાતી કેળવણીને સુધારવાને શું કરવું?" એવો સવાલ અવિનાશલિંગમ્ ચેટ્ટિયારે અંગ્રેજીમાં પૂછ્યો. સૌની હસાહસ વચ્ચે ગાંધીજીએ તેમની ઠેકડી ઉડાવતાં કહ્યું કે, તમારાથી હિંદુસ્તાનીમાં ન બોલાતું હોય, તો તમારે જે કહેવું હોય તે તમારી પાસે બેઠેલા ભાઈના કાનમાં કહો અને તે મારે માટે તમરા સવાલનું હિંદુસ્તાની કરી દેશે!

પછી ગાંધીજીએ આગળ ચલાવ્યું, "તમને સમજાયું હોય કે, ચાલુ કેળવણીની પદ્ધતિ હિંદુસ્તાનને સ્વતંત્રતા આપાવી શકે તેમ નથી, પણ ઊલટું તેની ગુલામીનાં બંધનોને મજબૂત કરે છે, તો તેની અવેજીમાં કેળવણીની બીજી કોઈ પદ્ધતિ મળવાની છે કે નથી તેનો વિચાર સરખો કરવાને ન થોભતાં, તમે ચાલુ પદ્ધતિને ઉત્તેજન નહીં આપો; નવી તાલીમના સિદ્ધાંતની મર્યાદામાં સમાયેલું જે કંઈ થઈ શકે, તે તમે કરવા માંડશો અને તેટલાથી સમાધાન માનશો. પ્રજાને પ્રધાનો આ શરતે ન જોઈતા હોય, તો પ્રધાનોએ બહેતર છે કે, પોતાની જગ્યાનાં રાજીનામાં મૂકી દેવાં. તમારાથી લોકોને જીવનને પોષક આહાર આપી શકાતો નથી, અથવા લોકોને તમારો આપેલો એવો ખોરાક ભાવતો નથી, તેટલા ખાતર તમે તેમને ઝેરી ખોરાક ખવડાવવાને તો તૈયાર નહીં થાઓ?"

સ૦—તમે કહો છો કે, નવી તાલીમને માટે આપણને પૈસો નહીં, માણસો જોઈએ છે. પણ માણસોને તૈયાર કરવાને સંસ્થાઓ જોઈએ અને તેથી નાણાં જોઈએ. આમ કૂંડાળામાં ફર્યા કરતી આ દલીલમાંથી રસ્તો કેમ કાઢવો?

જ૦—એનો ઈલાજ તમારા પોતાના હાથમાં છે. તમારી જાતથી શરૂઆત કરો. અંગ્રેજીમાં એક ડહાપણભરી કહેવત નથી કે, 'ઉદારતાની શરૂઆત પંડથી થાય છે?' પણ તમે સાહેબની માફક આરામખુરશીમાં પડયા પડયા આ કામને માટે તમે જેમને તમારાથી ઊતરતી જાતનાં પ્રાણીઓ માનો તે તૈયાર થઈ જાય એવી અપેક્ષા રાખો તો તમે છો ત્યાંના ત્યાં જ રહેશો. મારો રસ્તો એ નથી. છેક બચપણથી નાની સરખી કાં ન હોય, પણ

પંડથી જ અને મારી આજુબાજુના લોકોથી શરૂઆત કરવાનો મારો રિવાજ છે. આ વિષયમાં આપણે અંગ્રેજો પાસેથી ધડો લેવા જેવો છે. શરૂઆતમાં અહીં હિંદુસ્તાનમાં માત્ર મૂઠીભર અંગ્રેજો આવ્યા ને વસ્યા. અને પછી તેમણે પોતાને માટે અહીં એવું સામ્રાજ્ય ઊભું કર્યું, જે સંસ્કૃતિની અને રાજકીય દૃષ્ટિએ કેટલું ભયંકર નીવડયું તેનો વિચાર કરો. ગુલામ જેમ પોતાને જકડી રાખનારી બેડીને વળગી રહે છે ને તેને છોડવા માગતો નથી, તેમ આપણે આપણી માતૃભાષાને તરછોડી અંગ્રેજી બોલીને કોટે વળગાડી છે, ને તેને અળગી કરવા માગતા નથી. આ સલ્તનતના ઘડતરની પાછળ જે એકાગ્ર ભક્તિ, જે ત્યાગ અને જે એકધારી ખંત રહેલાં છે, તેનો વિચાર જરા કરી જુઓ. એનો અર્થ એક જ છે. જ્યાં કામ પાર પાડવાનો સંકલ્પ દૃઢ હોય, ત્યાં રસ્તો એની મેળે નીકળે છે. ગમે તે આવી પડે, તોયે આપણે ડગવાના નથી, હાથમાં લીધેલું કામ પાર પાડયા વિના છોડવાના નથી, એવો દૃઢ નિશ્ચય કરીને કામમાં મંડી પડો, એટલે એકેએક મુશ્કેલી ને અડચણ જોતજોતામાં ઓગળી જશે.

## અંગ્રેજીનું શું?

સ૦—આ કાર્યક્રમમાં અંગ્રેજીનું શું થવાનું? તેનું સ્થાન કેવું રહેશે? તેનું શિક્ષણ ફરજિયાત રહેશે કે બીજી ભાષા તરીકે મરજિયાત રહેશે?

જ૦—મારી માતૃભાષા ગમે તેવી અધૂરી હોય તોયે, માની છાતીએથી હું અળગો ન થાઉં તેમ માતૃભાષાથી પણ ન થાઉં. મારા જીવનને ઘડનારું દૂધ મને તેના સિવાય બીજે કયાંથી મળે? એને સ્થાને અંગ્રેજી બોલીનો હું આશક છું; પણ જે સ્થાન તેનું નથી તે પડાવી લેવાને તે નીકળે, તો હું તેનો કટ્ટો વિરોધી થાઉં. સૌ કોઈ સ્વીકારે છે કે, અંગ્રેજી આજે આખી દુનિયાની ભાષા બની છે. તેથી, હું તેને નિશાળના નહીં, પણ વિદ્યાપીઠના અભ્યાસક્રમમાં મરજિયાત શીખવાના વિષય તરીકે બીજી ભાષાનું સ્થાન આપું. અને તે પણ પસંદગીના થોડા લોકો માટે હોય; કરોડોને માટે તો કયાંથી હોય? આજે આપણી પાસે ફરજિયાત પ્રાથમિક કેળવણી દાખલ કરવાનાં પણ સાધન નથી, ત્યાં અંગ્રેજીના

શિક્ષણ માટેની જોગવાઈનાં સાધનો ક્યાંથી લાવવાં? રશિયાએ વિજ્ઞાનમાં પોતાની બધી પ્રગતિ અંગ્રેજી વગર જ કરી છે. આપણી મનોવૃત્તિ એવી ગુલામ બની ગઈ છે કે, અંગ્રેજી વગર આપણું ચાલે જ નહીં, એવું આપણને લાગ્યા કરે છે. કામ શરૂ કર્યા પહેલાં આગળથી હારી બેસવાની આવી માન્યતાને હું કદી નહીં સ્વીકારું.

હ૦ બં૦, ૨૫–૮–’૪૬

## ૩૯

## ગ્રામવિદ્યાપીઠ

ડૉ. કિની મૈસૂરમાં કેળવણી ખાતાના પ્રધાન હતા. તેમણે હરિજન માટે એક લાંબો લેખ લખ્યો છે. તેમના કહેવાની મતલબ એવી છે કે, હિંદુસ્તાન ગરીબ રહ્યું છે, તેનું કારણ રાજસત્તાએ ગરીબ ગામડાંને સાચી કેળવણીથી દૂર રાખ્યાં છે તે છે. તેઓ માને છે કે, આપણાં શહેરોમાં જે વિદ્યાપીઠો છે, તેમનાથી ગામડાંની સેવા નહીં થાય. કેમ કે, એ વિદ્યાપીઠમાં અંગ્રેજ સરકારે કેળવણીની જે વ્યવસ્થા કરી છે, તે બધી પશ્ચિમની વાતોને આગળ વધારવાને માટે જ છે, અને એ વિદ્યાપીઠોમાં ગામડાંને લાયકની કેળવણી દાખલ કરવી મુશ્કેલ છે.

ડૉ. કિની ઈચ્છે છે કે, ગામડાં માટે ગ્રામવિદ્યાપીઠો હોવી જોઈએ, જ્યાં સામાન્ય વિદ્યાર્થીઓ ઉપરાંત મોટી ઉંમરનાં માણસો પણ ભણી શકે.

કિનીસાહેબ કહે છે કે, ગ્રામવિદ્યાપીઠના અભ્યાસક્રમમાં ખેતીવાડી, ફળની ખેતી, રેશમ ઉત્પાદન, ગોપાલન, મરઘાં બતકાંની ઉછેર, મધમાખીની ઉછેર, મચ્છીનો ધંધો, ખાદીવિદ્યા, ગ્રામસફાઈ, ગ્રામવિદ્યુતવિદ્યા, ગ્રામ-રસ્તા, ગ્રામસ્થાપત્ય, ગ્રામકુંભારકામ, ગ્રામઅર્થશાસ્ત્ર, ગ્રામસમાજશાસ્ત્ર, ગ્રામરચના, ગ્રામવ્યાપાર તથા ગ્રામશરાફી વગેરે વિષયો હોવા જોઈએ.

લેખક જણાવે છે કે, હિંદનાં ગામડાંમાં આ બધી વસ્તુઓ શાસ્ત્રીય ઢબે શીખવવામાં આવે, તો ગામડાંની સિકલ બદલાઈ જશે અને ગામડાંને

આજે શહેરો તરફ જોઈ રહેવું પડે છે તે સ્થિતિ પલટાઈ જશે, બલ્કે શહેરોને ગામડાં તરફ વળવું પડશે.

ડૉ. કિનીના લેખનો મેં કેવળ સાર આપ્યો છે. મધ્યસ્થ સરકાર અને પ્રાંતીય સરકારો આ વાત સ્વીકારે, તો ઘણું કામ થઈ શકે. પોતાના વિચારોને અમલી ઘાટ આપવાને માટે ડૉ. કિનીએ ડૉ. ઝાકિર હુસેન અને આર્યનાયકમ્ દંપતી સાથે મસલત કરવી જોઈએ. હું માનું છું કે, ગામડાંની નવી વિદ્યાપીઠો કાઢવાને બદલે શહેરોની વિદ્યાપીઠોને પલટાવી શકાય.

નવી દિલ્હી, ૧૫-૯-'૪૬
હ૦ બં૦, ૧૩-૧૦-'૪૬

## ૪૦

# નવી વિદ્યાપીઠો

નવી વિદ્યાપીઠોનો વા દેશમાં ચાલી રહ્યો છે. ગુજરાતને ગુજરાતી ભાષા સારુ, મહારાષ્ટ્રને મરાઠી સારુ, કર્ણાટકને કાનડી સારુ, ઉત્કલને ઊડિયા સારુ, આસામને આસામી સારુ, મને લાગે છે કે આમ ભાષા પરત્વે વિદ્યાપીઠો હોવી જોઈએ.

પણ આ વિચારનો અમલ કરવામાં કંઈક ઉતાવળ થતી હોય એમ લાગે છે. પ્રથમ પગલા લેખે ભાષાવાર પ્રાંતો થવા જોઈએ. તેનું રાજ્યતંત્ર જુદું હોવું આવશ્યક છે. મુંબઈ પ્રાંતમાં ગુજરાતી, મરાઠી, કાનડી આવે છે. મદ્રાસમાં તામિલ, તેલુગુ, મલયાળી ને કાનડી છે. આંધ્ર વિદ્યાપીઠ નોખી છે. તેને કંઈ કાળ થઈ ગયો. પણ તે ખીલી નીકળી છે એમ ન ગણાય. અનામલી છે તે તામિલ સારુ હોય. તેથી તામિલ ભાષાનું પોષણ થાય છે અથવા તેનું ગૌરવ વધ્યું છે એમ નથી ગણતો. નવી વિદ્યાપીઠો થાય તેના પહેલાં તેની ભૂમિકા રૂપે તે ભાષા જ્યાં છેવટ લગી માધ્યમ હોય એવી છેવટ સુધીની કેળવણીવાળી શાળાઓ હોવી જોઈએ. તો જ

વિદ્યાપીઠનું વાતાવરણ જામ્યું કહેવાય. વિદ્યાપીઠ ટોચ છે. પાયો મજબૂત ન હોય તો મજબૂત ટોચની આશા ન રખાય.

વળી, હજુ આપણે પશ્ચિમના પ્રભાવમાંથી મુક્ત નથી થયા. જેઓ માનતા હોય કે પશ્ચિમમાં જ સર્વસ્વ છે ને જ્ઞાનમાત્ર ત્યાંથી જ મળે એમ છે, તેઓને મારે કંઈ કહેવાપાણું ન હોય. પશ્ચિમમાં કંઈ જ સાચું નથી અથવા ન મળે એમ મેં કદી નથી માન્યું. ત્યાં શું સારું છે ને શું નઠારું છે, એ સમજવા જેટલી આપણે પ્રગતિ નથી કરી. પરદેશી ભાષા કે વિચારના દબાણમાંથી આપણે છૂટયા છીએ એમ કહેવાય નહીં. તેથી ડાહ્યા માણસોનો ધર્મ છે કે, નવી વિદ્યાપીઠ સ્થાપવાની ખટપટમાં પડતા પહેલાં થોડો શ્વાસ લે. વિદ્યાપીઠો માત્ર પૈસાથી કે મોટાં મકાનોથી નથી બનતી. વિદ્યાપીઠોની પાછળ લોકમત હોવો જોઈએ. મોટું શિક્ષક-મંડળ હોવું જોઈએ; સૂક્ષ્મ વિવેક હોવો જોઈએ.

મારી દૃષ્ટિએ વિદ્યાપીઠોને સારુ દ્રવ્ય કાઢવાનો ધર્મ હકૂમતનો નથી. લોકમાં એ ધગશ હોય તો પૈસા લોકો જ કાઢે. આમ થયેલી વિદ્યાપીઠો શોભી નીકળે. જ્યાં તંત્ર પરાયું છે ત્યાં બધું ઉપરથી ટપકે છે, એટલે લોકો પરાધીન રહે છે. જ્યાં લોકનું તંત્ર છે ત્યાં બધું નીચેથી ઊંચે જાય છે ને તેથી તે ટકે છે, શોભે છે ને લોકોને પોષે છે. વિદ્યા-ધનમાં રેડાયેલું ધન સારી જમીનમાં વવાયેલા બીજની જેમ અનેક ગણું વળતર આપે છે. પરદેશી તંત્ર નીચે સ્થપાયેલી વિદ્યાપીઠે એથી ઊલટું કામ કર્યું છે. બીજું થવું અશકય હતું. એટલે ભારતવર્ષ જ્યાં લગી સ્થિર ન થાય ત્યાં લગી નવી વિદ્યાપીઠો કરવામાં હું બહુ ભય જોઉં છું.

વળી હિંદુમુસલમાન ઝઘડાએ એવું ભયાનક રૂપ પકડયું છે કે આપણે છેવટે કયાં જઈને બેસીશું એ કહેવું મુશ્કેલ છે. ધારો કે ન બનવા જેવી વસ્તુ બને ને હિંદુસ્તાનમાં કેવળ હિંદુ જ રહે ને પાકિસ્તાન-માં કેવળ મુસલમાન જ રહે, તો આપણી કેળવણી એક રૂપ લેશે ને તે ઝેરી હશે. જો હિંદુ, મુસલમાન ને બીજા ધર્મો હિંદુસ્તાનમાં ભાઈ ભાઈ બનીને રહેશે, તો કેળવણી બીજું ને સૌમ્ય રૂપ લેશે. કાં તો આપણે અનેક ધર્મના લોકોને પ્રેમથી ભેળવતા આવ્યા છીએ ને તેમાંથી જે સભ્યતા

પેદા થઈ છે તેને દૃઢ કરીશું ને વધારે સારું રૂપ આપીશું અથવા એવો કાળ શોધીશું કે જ્યારે કેવળ હિંદુધર્મી જ હિંદુસ્તાનમાં હતા. આવો કાળ મળવો કદાચ અશક્ય થઈ પડે. અને મળે ને તેને અનુસરીએ તો આપણે ઘણા સૈકા પાછા પડીશું ને જગતમાં અળખામણા થઈશું. દાખલા તરીકે, મુસલમાની કાળને ભૂલવા મથીએ તો દિલ્હીની જુમા મસ્જિદ, અલીગઢની વિદ્યાપીઠ, આગ્રાનો તાજમહાલ, દિલ્હી ને આગ્રામાં મુસલમાની જમાનામાં બંધાયેલા કિલ્લાઓ ભૂલવા જોઈશે. આ નિશ્ચયો લેવા જેવું આપણી પાસે વાતાવરણ નથી. સ્વતંત્રતા આપણે ઘડી રહ્યા છીએ. ક્યાં જઈને ઊભા રહીશું એ આપણે નથી જાણતા. એ ન જાણીએ ત્યાં લગી ચાલુ વિદ્યાપીઠોમાં જે ફેરફાર થઈ શકે તે કરીએ ને ચાલુ તાલીમી સંસ્થાઓમાં સ્વતંત્રતાનો પ્રાણ રેડીએ તો ઘણું થયું હશે; ને તેમ કરતાં મળેલો અનુભવ નવી વિદ્યાપીઠો સ્થાપવામાં મદદરૂપ નીવડશે.

રહી પાયાની કેળવણી. આ કેળવણીને વર્ષ તો ઘણાં નથી થયાં, એટલે અમલમાં ઓછી મુકાઈ છે, અનુભવ ઓછો થયો છે. છતાં મનમાં તેનો વિકાસ થયા જ કર્યો છે. અનુભવ પણ એટલો થયો ગણાય કે એને કોઈ કેળવણીકારે ફેંકી ન દેવી જોઈએ. તેની ઉત્પત્તિ આ મુલકના વાતાવરણમાંથી થઈ છે, તેથી તેને પહોંચી વળવા સારુ થઈ છે. આ વાતાવરણ હિંદનાં સાત લાખ ગામડાં ને તેમાં વસનારા કરોડો ગામડિયામાં છવાયું છે. તેને ભૂલો એટલે ભીંત ભૂલ્યા. હિંદ તેનાં શહેરોમાં નથી, તેનાં ગામડાંમાં છે. શહેરો પરદેશી તંત્રની હાજત હતાં. તેઓ જેવાં હતાં તેવાં નભે છે, કેમ કે પરદેશી તંત્ર ગયું પણ તેની અસર નથી ગઈ.

આ લેખ હું નવી દિલ્હીમાં લખી રહ્યો છું. અહીં બેઠો હું ગામડાંઓનો શો ખ્યાલ કરી શકું? જે મને લાગુ પડે છે તે આપણા પ્રધાનમંડળને પણ લાગુ પડે છે. ફેર એટલો કે તેઓને વિશેષે લાગુ પડે છે.

પાયાની કેળવણીના પાયા વિચારી જઈએ :

(૧) બધી કેળવણી સ્વાશ્રયી હોવી જોઈએ, એટલે કે સરવાળે મૂડી બાદ કરતાં બધું ખર્ચ પોતે ઉપાડે.

(૨) એ કેળવણીમાં છેવટ લગી હાથનો પૂરો ઉપયોગ થતો હોય, એટલે કે હાથ વડે કંઈક ઉદ્યમ છેવટ લગી થતો હોય.

(૩) કેળવણીમાત્ર પોતાના પ્રાંતની ભાષામાં અપાવી જોઈએ.

(૪) આમાં સાંપ્રદાયિક ધર્મને સ્થાન નથી. સાર્વજનિક નીતિને પૂરું સ્થાન હોય.

(૫) આ કેળવણી એવી છે કે જેને બાળક કે બીજા શીખે એટલે તે વિદ્યાર્થીના ઘરમાં ને ગામમાં પ્રવેશ કરે.

(૬) વળી, આ કેળવણી લેતા કરોડો વિદ્યાર્થીઓ પોતાને હિંદુસ્તાનનું અવિભાજ્ય અંગ ગણશે. તેથી બધા પ્રાંતના વિદ્યાર્થી સમજી શકે એવી એક ભાષા હોવી જોઈશે. આ ભાષા બંને લિપિ — નાગરી અને ઉર્દૂમાં લખાતી હિંદુસ્તાની જ હોઈ શકે.

આ પાયાનો વિચાર કર્યા વિના કે તેની અવગણના કરીને નવી વિદ્યાપીઠો થાય એ દેશને લાભ પહોંચાડે એમ હું માનતો નથી. નુકસાન જ કરે. તેથી બધું વિચારતાં સહુને લાગવું જોઈએ કે, નવી વિદ્યાપીઠ કાઢતાં અચકાવું ઘટે છે.

નવી દિલ્હી, ૨૬–૧૦–’૪૭
હ૦ બં૦, ૨–૧૧–’૪૭

## ૪૧

# તાલીમી સંઘના સભ્યો જોડે વાર્તાલાપ

[હિંદુસ્તાની તાલીમી સંઘની સભામાં ગાંધીજીએ બે દિવસ — ૨૨ ને ૨૩મી એપ્રિલ, ૧૯૪૭, એ બે કલાકનો સમય આપ્યો. જે સવાલ-જવાબ થયા તેનો હેવાલ શ્રી દેવપ્રકાશે આપેલો તે નીચે આપ્યો છે.

—સં૦]

### બજેટ

ઝાકિર સાહેબ : સવારની સભામાં પ્રાંતોની સ્થિતિ જણાવવામાં આવી, બજેટ પાસ થયું અને સરકાર પાસે કેટલી રકમ લેવી તેની ચર્ચા થઈ.

ગાંધીજી : સરકાર તો આપણે માગીએ તેટલી રકમ આપશે. પણ આપણે સરકારની મદદ પર ઊભા રહેવાની કોશિશ કરીશું તો આપણું કામ મરી જશે.

ઝાકિર સાહેબ : નહીં, એ તો ફક્ત વિદ્યાર્થીઓની ફીની વાત હતી. કેટલા વિદ્યાર્થીઓ લેવા એ સવાલ હતો. વધારે વિદ્યાર્થીઓ લેવાથી ખરચ તો નીકળી જાય, પણ ઘણા વધારે લેવાથી કામ બગડે.

ગાંધીજી : એ તો ઉઘાડી વાત છે. જેટલા વિદ્યાર્થીઓ લેવા માગતા હો તેટલા જ લેવા જોઈએ, વધારે નહીં. બજેટ વિષે મારે ઘણું કહેવાનું છે. તેને માટે આશાદેવી અને આર્યનાયકમ્ મારી સાથે બેસે અને જે ફેરફાર કરી શકાય તે કરે. ત્રણ વરસ પછી મારી પાસે કે બીજા કોઈ પાસે કશું લેવાનું ન હોય. એમ નહીં કરો તો નવી તાલીમ ચાલવાની નથી. તમે તેને સ્વાવલંબી બનાવવા માગતા હો તો એ રીતે બજેટ બનાવો. ત્રણ વરસ પછી એમાં સફળ ન થઈ શકો તો દેશની આગળ તમારે તમારી હાર કબૂલ કરવી જોઈએ. આપણે મેળવેલી આબરૂને ધક્કો પહોંચશે એવા ડરથી ચૂપ રહેવું ન જોઈએ. સાચી આબરૂ તો સફળતામાં રહેલી છે.

### ચાદર જોઈને સોડ તાણો

ઝાકિર સાહેબ : મદ્રાસમાં તાલીમી સંઘ તરફથી એક શાળા ચલાવવાની એ પ્રાંત તરફથી માગણી આવી છે. સરકાર ખર્ચ આપવા તૈયાર

છે; કેળવણી ખાતાના પ્રધાનના હાથ નીચે રહીને નવી તાલીમનું કામ ચલાવવાની જવાબદારી સોંપવા માટે તેમણે રામચંદ્રન્‌ની પણ માગણી કરી છે.

ગાંધીજી : રામચંદ્રન્ આવ્યા તો નથી ને? આ બાબતમાં મારે તેમની સાથે વાત કરવી જોઈશે. શાળાની બાબતમાં તો આપણામાં શક્તિ હોય તો જ એ કામ આપણે હાથમાં લેવું જોઈએ, નહીં તો આપણે તેમને (સરકારને) પણ ફસાવીશું. આજે આપણા હાથમાં સત્તા આવી છે. કરોડો રૂપિયા આપણા હાથમાં આવ્યા છે. એ પૈસા આપણે ઇચ્છીએ તે રીતે ખરચી શકીએ છીએ. એ બાબતમાં આપણું પોતાનું અંતર પૂછનાર ન હોય તો કદાચ બીજું કોઈ પૂછનારું નહીં હોય. એક બે વરસ એમ ચાલશે. પછી જો સંગીન કામ નહીં થાય તો એ વધારે વખત નભી નહીં શકે. એટલે મારી સલાહ છે કે, શક્તિ હોય તો જ આ કામ હાથ ધરજો. આપણી એટલી તૈયારી ન હોય તો કહેવું જોઈએ કે, અમે કેન્દ્રમાં શીખવી શકીશું, પ્રાંતો સુધી નહીં પહોંચી શકીએ; જોઈએ તો સેવાગ્રામમાં અમારું કામ ચાલે છે તે આવીને જોઈ જાઓ.

### ત્રણ પ્રકારની કેળવણી

આપણી કેળવણી ત્રણ પ્રકારની છે. એનાથી બુદ્ધિ, શરીર ને આત્મા ત્રણેનો વિકાસ થાય છે. બીજી કેળવણીથી કેવળ બુદ્ધિ વધે છે. તેમાં પણ મારો દાવો છે કે, નવી તાલીમમાં બુદ્ધિ શુદ્ધ થાય છે અને તેનો વિકાસ સપ્રમાણ થાય છે; આત્માને પણ ખોરાક મળે છે. ધાર્મિક શિક્ષણ નહીં હોય તેથી શું? આત્માને ધાર્મિક શિક્ષણ સાથે અને તે પણ પુસ્તકિયા શિક્ષણ સાથે જોડવાની જરૂર નથી. આપણે બધા ધર્મોના સારા સારા સિદ્ધાંતો જીવન મારફતે બાળકોને શીખવીશું.

કાંતવાનું અને ઝાડુ વાળવાનું શીખવવાથી જ નવી તાલીમનું ધ્યેય સિદ્ધ નથી થઈ જતું. કાંતવાનું ને ઝાડુ કાઢવાનું શીખવવાનું તો છે જ; પણ એટલું જ પૂરતું નથી. ઝાડુ વાળવામાં આત્મા ઉન્નત ન થાય તો તે છોડી દેવું જોઈએ. હું હમણાં બીજાં કામોમાં પડ્યો છું, પણ નવી તાલીમને કદી ભૂલતો નથી.

## નવી તાલીમમાં ખાદીનું સ્થાન

રેંટિયાની વાત નવી તાલીમની પહેલાંની છે. જ્યારે ૧૯૦૮માં દક્ષિણ આફ્રિકામાં મેં એની વાત છેડી ત્યારે એને વિષે હું કંઈ જ જાણતો નહોતો. એનું જ્ઞાન પાછળથી મળ્યું. પછી આવ્યો કાનૂનભંગ ને અલીભાઈઓનો જમાનો. તેમાં પણ રેંટિયાને મહત્ત્વનું સ્થાન હતું. મારી નજર આગળ ખાદીનું જે ચિત્ર છે તે મેં ગઈ કાલે પ્રાર્થનામાં વર્ણવ્યું હતું. મિલના બધાયે કાપડનું સ્થાન લઈ શકે તે ખાદી. નવી તાલીમમાં ખાદી જ રાખો એમ હું નથી કહેતો. પણ ગરીબોની ઉન્નતિ કરી શકે એવી બીજી કઈ ચીજ છે? એવી વસ્તુ મને બતાવો તો હું મારી ભૂલ કબૂલ કરી લઈશ. વિનોબા, કૃષ્ણદાસ તથા નારણદાસને મેં પૂછ્યું હતું. પણ મારી પાસે તો એક સાદો હિસાબ છે. સૌ હિંદીઓ એક કલાક કાંતે તો સૌને જરૂરી કાપડ પૂરું પડે. જરૂરી કાપડ માટે દરેકને છ કલાક કાંતવું પડે તો તો ખાદી મરી જ જાય, કેમ કે લોકોને બીજાં કામ પણ હોય છે—અનાજ પકવવાનું છે, બૌદ્ધિક કામ કરવાનું છે. અને નવી તાલીમમાં ક્યારેય ગધ્ધાવૈતરું કરવું પડે તો એ નકામી થઈ જશે. કાંતવામાં એક કલાક પણ જાય તો તેથી આત્માની ઉન્નતિ થાય છે, થવી જોઈએ.

## પાયાની કેળવણી પછીની કેળવણી

સૈયદેન સાહેબે કહ્યું કે, પાયાની કેળવણી પછીની કેળવણીમાં તો મિલના સાંચાનું કામ શીખવવું જ જોઈએ. હું એવું નથી માનતો. મારી દૃષ્ટિએ પાયાની કેળવણીનો પાયો ખાદી પર છે તે યોગ્ય હોય તો પછીની કેળવણીમાં પણ એ જ પાયો રહેવો જોઈએ. ગઈ કાલે દેવપ્રકાશે ઝાડુ ને તકલી વિષે લખેલો એક લેખ મને બતાવ્યો. તેમણે નવી તાલીમનું કંઈક કામ કર્યું છે. એ લેખમાં જણાવ્યું છે એ બધું ખરું હોય તો તેમાં ઘણી બાબતો આવી જાય છે. તેમાં ઊંચા દરજ્જાનું ઇજનેરી જ્ઞાન પણ આવે છે. પણ આપણે એ બધું હજમ કર્યું હોય તો જ તેનું શિક્ષણ આપી શકીએ. આપણે આ બાબતોનું શાસ્ત્ર નથી બનાવ્યું. અંગ્રેજોની મિલોનો પાયો આપણી તકલી ને સાળ પર મંડાયેલો છે. તેમણે મિલ આપણું શોષણ કરવાને બનાવી. આપણે એવું કરવા માગતા નથી, એટલે

આપણે મિલોની જરૂર નથી. આપણે તકલી ને સાળનું જ શાસ્ત્ર રચવું જોઈએ. હિંદુસ્તાન યુરોપને રસ્તે જશે તો હિંદુસ્તાનનો નાશ થવાનો છે, દુનિયાનો નાશ થવાનો છે. હા, જો તમારો વિચાર પાકો થઈ ગયો હોય તો પછી મિલોની જ વાત કરો.

ઝાકિર સાહેબ : આપણી શાળાઓમાં ભણીને છોકરાઓ મિલોમાં નોકરી શોધે છે!

ગાંધીજી : મારી શાળામાં ભણનારા છોકરા મિલ તરફ નજર નહીં કરે. મિલકાપડ ખાદીની જોડાજોડ ન વેચાવું જોઈએ. મિલો પોતાનું કાપડ હિંદુસ્તાન બહાર મોકલી શકે. લૅંકેશાયરનું કાપડ લૅંકેશાયરમાં નહીં મળે, બધું બહાર ચાલ્યું જાય છે. પણ આપણી મિલોનું કાપડ બહારના બજારમાં પણ કદાચ લાંબો સમય નહીં વેચી શકાય.

તમે કહો છો કે, ચારે તરફ મિલનું જ વાતાવરણ છે, આપણા પ્રધાનો પણ મિલો જ ખોલવા ઈચ્છે છે, એ સ્થિતિમાં અમે શું કરીએ? તમારી વાત સાચી છે. પણ આપણે આપણા ધ્યેયને માટે કામ કરતાં કરતાં મરીશું. ખાદી વિષે આપણી સાચી શ્રદ્ધા હોય તો આપણે એ ચલાવવી જોઈએ ને પ્રધાનોને બતાવી આપવું જોઈએ કે, આપણે કરીએ છીએ તે બરાબર છે ને એ પ્રમાણે કરતા રહીશું. આપણે હારવાના નથી. તાલીમી સંઘ કાઢયો કૉંગ્રેસે, પણ તેણે તેમાં રસ નથી લીધો. ચરખા સંઘ પણ કૉંગ્રેસે કાઢયો, પણ તેને તેણે અપનાવ્યો નથી. આજે આ સંસ્થાઓની કોઈ દરકાર કરે છે? કૉંગ્રેસવાળાઓ પાસે જ્યારે ઓછા પૈસા હતા, થોડો અનુભવ હતો, ત્યારે તેમણે રચનાત્મક કાર્ય તરફ કંઈક ધ્યાન આપ્યું, કંઈક કામ પણ કર્યું. હવે હાથમાં સત્તા આવી છે પણ એ પચી નથી. આસ્તે આસ્તે પચશે.

## તાલીમ સંઘનો રાજ્ય સાથે સંબંધ

ઝાકિર સાહેબ : આપણે બહુ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવાનો છે. નવી તાલીમની શાળા ચલાવવી એ એક નવી વ્યવસ્થા ઊભી કરવા બરાબર છે. અને બધી સત્તા તો પ્રધાનોના હાથમાં છે, જેઓ આપણી સાથે પૂરેપૂરા એકમત નથી.

ગાંધીજી : મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવાનો છે એમાં કંઈ શક નથી. નાગરિકો અમસ્તા થોડા જ ઘડાવાના છે!

ઝાકિર સાહેબ : કાં તો આપ તાલીમી સંઘના કામને સરકાર સાથે જોડી આપો, નહીં તો આપણે આપણો જુદો રસ્તો શોધી લેવો પડશે.

ગાંધીજી : હું કબૂલ કરું છું કે, આજે પહેલાંના જેટલી મારી શક્તિ નથી. એમાં સરકારનો દોષ નથી. તેમની પાસે સરકારનું તૈયાર તંત્ર આવ્યું છે. એ તેમણે ચલાવવાનું છે. હું પ્રધાન હોત તો હું પણ કદાચ એમ જ કરત. જોકે જવાહરલાલ વગેરે સાથે હું આ સંબંધમાં વાત કરું છું. કેળવણીનું કામ સમજાવવાનું જ છે ને? ભગવાનને પ્રાર્થના કરું છું કે, કાં તો તે મને ઉઠાવી લે અથવા મારી વાણીમાં એટલું બળ મૂકે કે જેથી હું લોકોને ને તેમના પ્રતિનિધિઓને સમજાવી શકું.

નવી તાલીમમાં તમામ શક્તિ ભરેલી છે. તમે એમ ન માનતા હો તો એને ફેંકી દો. કેટલાક લોકો મને કહે છે કે, હવે તમારું કામ પૂરું થયું. આજ સુધી અહિંસાથી કામ ચાલ્યું. હવે તમે ખસી જાઓ. અમે તમારું સાંભળવાના નથી.

ઝાકિર હુસેન : પરંતુ બાપુજી, કૉંગ્રેસે સરકારને કહેવું તો જોઈએ. કૉંગ્રેસે પોતાની કેળવણી વિષેની નીતિ શી છે તે પ્રધાનોને કહ્યું જ નથી. અહીં આવતાં પહેલાં હું મૌલાના સાહેબને મળ્યો હતો. તેમણે સહાનુભૂતિ બતાવી ને તાલીમી સંઘવાળાઓને પોતાને મળવા જણાવ્યું. હવે તાલીમી સંઘે તેમને મળવાનું ઠરાવ્યું છે.

ગાંધીજી : તેમણે તમને પહેલેથી જ બોલાવવા જોઈતા હતા. સારજન્ટ સાહેબ ભલે કામ કરે, પણ તેમણે તમારી સલાહ પ્રમાણે કામ કરવું જોઈએ. હું તો મૌલાના સાહેબને કહેતો આવ્યો છું કે ઝાકિર હુસેન સાહેબને બોલાવો. આ બધું સમજીને કામ કરો.

ઝાકિર સાહેબ : થોડાક પ્રયત્નથી કામ થઈ શકે એમ છે. આપણે પ્રયત્ન જ નથી કર્યો.

ગાંધીજી : આજે કૉંગ્રેસનું તંત્ર તૂટતું જાય છે. સૌને આ દેખાતું નથી, પણ મને તો દેખાય છે.

## ધાર્મિક શિક્ષણ

ઝાકિર સાહેબ : હું માનું છું કે, ધાર્મિક શિક્ષણને માટે શાળાઓમાં સગવડ કરી આપવી જોઈએ અને વખત આપવો જોઈએ. એ રીતે ધાર્મિક શિક્ષણ આપવામાં આવે તો જેઓ ધર્મ સમજે છે એવા લોકો શિક્ષણ આપી શકશે. પણ સરકાર આથી વધારે જવાબદારી માથે લેશે તો તેથી ગેરસમજ ને ઝઘડો વધશે. ધારો કે મૌલાના સાહેબ ધાર્મિક શિક્ષણ માટેનો અભ્યાસક્રમ તૈયાર કરે, પણ લોકો તેને માન્ય રાખશે ખરા?

ગાંધીજી : મૌલાના સાહેબ સાથે વાત કરો. હું નથી માનતો કે, સરકારે ધાર્મિક શિક્ષણ આપવું જોઈએ. માની લઈએ કે કેટલાક મુસલમાનો ખોટી રીતે ધાર્મિક શિક્ષણ આપવા માગે છે, પણ તેમને રોકશો કેવી રીતે? એવો પ્રયત્ન કરશો તો પરિણામ ખરાબ આવશે. જેઓ પોતાના તરફથી ધાર્મિક શિક્ષણ મફત આપવા માગે તેઓ ભલે આપે. આપણે તો સૌ ધર્મોના મુખ્ય મુખ્ય સિદ્ધાંતો પ્રમાણે નીતિશિક્ષણ આપીએ.

## પ્રમાણપત્ર

આર્યનાયકમ્ : એક બીજો સવાલ છે.

જે વિદ્યાર્થીઓનો સાત વરસનો અભ્યાસક્રમ પૂરો થયો છે તેમને પ્રમાણપત્ર આપવાનાં છે. એ પ્રમાણપત્ર કઈ દૃષ્ટિએ આપવું ને તેનું નામ શું રાખવું?

ગાંધીજી : પ્રમાણપત્ર હિંદુસ્તાનીમાં બંને લિપિઓમાં સૌ સમજી શકે તેવું હોવું જોઈએ. તેમાં વિદ્યાર્થી કઈ કક્ષાએ પહોંચ્યો છે તે બતાવવું જોઈએ. આપણે કહીએ કે આપણો વિદ્યાર્થી મૅટ્રિકના ધોરણ કરતાં વધારે જાણે છે, તો તે આપણે બતાવવું જોઈએ. નામ ને કામનો મેળ હોવો જોઈએ. નામ મોટું આપો ને તે પ્રમાણે કામ ન હોય તો શોભશે નહીં.

ઝાકિર સાહેબ : વિદ્યાર્થીએ પાયાની કેળવણી પૂરી કરી છે એટલું જણાવીએ તો?

ગાંધીજી : એને માટે, જેમ હિંદી સંમેલને પોતાની પરીક્ષાઓને માટે નામ રાખ્યાં છે, તેમ નામ હોવું જોઈએ.

## સહશિક્ષણ

અવિનાશલિંગમ્ : તાલીમી સંઘની નીતિ સહશિક્ષણની છે. અમે દક્ષિણમાં આ રિવાજ દાખલ કરવા માગતા નથી.

ગાંધીજી : તો તમે એમ પણ કહી શકો કે, અમે નવી તાલીમનો અમુક ભાગ જ લઈશું; સંપૂર્ણ નવી તાલીમ મદ્રાસને અનુકૂળ નથી. જો તમે શાળામાં સહશિક્ષણ રાખશો ને અધ્યાપન મંદિરોમાં નહીં રાખો, તો વિદ્યાર્થીઓ સમજશે કે દાળમાં કંઈક કાળું છે.

અવિનાશલિંગમ્ : જે ઉંમરે વિદ્યાર્થીઓ પોતાનું મન પારખી શકે તે ઉંમરે પહોંચ્યા પછી છોકરા છોકરીઓ સાથે ભણે તેમાં કંઈ નુકસાન નથી. પણ અધ્યાપન મંદિરોમાં ૧૫–૧૬ વરસની છોકરીઓ આવે છે. તેમને અલગ ભણાવવી સારી.

ઝાકિર સાહેબ : અધ્યાપન મંદિરોમાં સહશિક્ષણ રાખવાનું ફરજિયાત નથી.

ગાંધીજી : તમારી (અવિનાશલિંગમ્‌ની) દલીલોની મારા વિચારો પર કશી અસર નથી થતી. મારાં બાળકો ખરાબ હશે તોપણ હું તેમને જોખમમાં પડવા દઈશ. એક દિવસ આપણે આ કામવૃત્તિ છોડવી પડશે. હિંદુસ્તાન માટે આપણે પશ્ચિમના દાખલા ન શોધવા જોઈએ. અધ્યાપન મંદિરોમાં શિક્ષકો લાયક ને પવિત્ર હશે, નવી તાલીમની ભાવના તેમનામાં ભરેલી હશે, તો કશું જોખમ નથી. દુર્ભાગ્યે થોડા દાખલા એવા બની જાય તોયે ચિંતા નહીં. એવા બનાવો દરેક જગ્યાએ બનવાના.

ઝાકિર સાહેબ : મદ્રાસનો એમને અનુભવ નથી. ત્યાં વાતાવરણ ઠીક હોય તો તેની રાહ જુઓ. ત્યાં સુધી ત્યાંની છોકરીઓને સેવાગ્રામ મોકલો.

## પાયાની કેળવણીનું સાહિત્ય

અવિનાશલિંગમ્ : એક બીજી મુશ્કેલી છે. પાયાની કેળવણીનું સાહિત્ય નથી. એક જગ્યાએ પણ એવું સાહિત્ય તૈયાર થાય તો તેના પરથી અમે અમારા પ્રાંતની જરૂર પ્રમાણે તૈયાર કરી લઈએ. તાલીમી સંઘે આ કામ કરવું જોઈએ. એ સસ્તા બ્લૉક બનાવરાવી શકે, બધાં ચિત્રો તૈયાર કરાવી શકે, વગેરે.

આર્યનાયકમ્ : ગયે વખતે અધ્યાપન મંદિરોમાં સાહિત્ય તૈયાર કરી શકે એવા દસ જણ હતા. એમાંથી બે જણ મદ્રાસમાં છે. તેમને અમે આપી દઈએ.

અવિનાશલિંગમ્ : મારી સૂચના છે કે પુસ્તકો સુંદર રીતે છપાવવાં જોઈએ.

ગાંધીજી : પાયાની કેળવણીનો અર્થ હલકા પ્રકારનું કામ નથી.

અવિનાશલિંગમ્ : પુસ્તકોનો દેખાવ વગેરે એવાં હોય કે બાળકો પોતાની મેળે તેમના તરફ આકર્ષાય.

**લોકલ બોર્ડની શાળાઓ**

ઝાકિર સાહેબ : સંયુક્ત પ્રાંતનો હેવાલ વંચાયો. સૌને લાગ્યું કે, પાયાની કેળવણીની શાળાઓ લોકલ બોર્ડ પાસેથી લઈને સરકારે પોતે ચલાવવી જોઈએ. એક રીતે આવાં કામ કમિટીઓ કરે તે સારું છે. પણ ત્યાં કામ કેમ ચાલે છે તે તો તમે જાણો છો. હમણાં પણ કાર્યક્રમ તો સરકાર જ બનાવે છે, પણ તેનો અમલ લોકલ બોર્ડો કરે છે. તેઓ પૈસા ખાઈ જાય છે, શિક્ષકોને પગાર નથી મળતા, એટલે શાળાઓ સરકાર જ ચલાવે તો સારું.

ગાંધીજી : આજે તો મને કશી ખબર નથી. લોકલ બોર્ડો કેવું કામ ચલાવે છે તે જોઉં તો કંઈક કહી શકું. હમણાં નહીં કહું. એટલું કહી શકું કે, જો લોકલ બોર્ડો પોતાની શાળાઓ પોતાની રાજીખુશીથી સરકારને આપતી હોય ને સરકારને લાગે કે પોતે એ કામ કરી શકશે તો સરકાર તે લઈ લે.

ઝાકિર સાહેબ : પછી પાયાની કેળવણી પછીની કેળવણીનો અહેવાલ વંચાયો. એક મહિના પછી વિદ્યાર્થીઓ પાંચ કલાક કામ કરીને આઠ આના રોજ કમાઈ શકે છે. હજી તો કામની શરૂઆત છે. તેનો ખરો અંદાજ થોડા વખત પછી જ કાઢી શકાય. ત્રીજી વાત સ્વાવલંબન વિષે થઈ. એ જાજૂજી કહેશે.

**સ્વાવલંબન**

જાજૂજી : પાયાની કેળવણીને સાત વરસ થઈ ગયાં. તેમાંથી પસાર થયેલા છોકરાઓ પોતાના પગ પર ઊભા રહી શકે કે કેમ, એ આજે

પણ શંકાસ્પદ છે. જુદા જુદા હસ્તઉદ્યોગોમાં જુદી જુદી કમાણી થાય છે. સુથારીમાં વિદ્યાર્થી રોજ બેત્રણ રૂપિયા કમાઈ શકે છે; કાંતણમાં બહુ ઓછું મળે છે. આજના જમાનામાં મિલનું કામ હાથે કરવામાં મિલના પ્રમાણમાં કમાણી ઘણી ઓછી થાય છે. ચરખા સંઘના દર મુજબ તો તેમને છ આના કે આઠ આના રોજ મળે. પણ આખા પ્રાંતમાં પાયાની શાળાઓ ચાલવા માંડે, તો ચરખા સંઘ બધું સૂતર ખરીદી નહીં શકે. આજે પણ ઘણું સૂતર ચરખા સંઘથી ખરીદી શકાયું નથી અને બજારભાવે વેચતાં તો તેના ઘણા ઓછા પૈસા ઊપજે. થવું તો એમ જોઈએ કે શાળાઓનું બધું સૂતર સરકાર ખરીદી લે. આ સ્થિતિમાં કયો ઉદ્યોગ સ્વીકારવો જોઈએ?

ગાંધીજી: આપણે ખાદીનો રૂપિયા–આના–પાઈમાં હિસાબ કરીએ છીએ તે ભૂલી જવું જોઈએ. ખાદી આપણું મધ્યબિંદુ છે, કારણ કે આપણ સૌને કાપડની જરૂર છે. અને મારી આગળ તો હિંદુસ્તાનનાં છ લાખ ગામડાંનો પ્રશ્ન છે. આજે વણકરોને લાલચ આપીને વધારે ભાવ આપીને સૂતર વણાવવું પડે છે. દરેક માણસ કાંતતાં શીખે એ બાબત પર મેં જેટલો ભાર મૂક્યો તેટલો દરેક માણસ વણતાં પણ શીખે એ બાબત પર ન મૂક્યો એ મારી ભૂલ હતી. પણ લોકો પાસે જેટલો વખત ફાજલ રહેતો હોય તેના પ્રમાણમાં જ કાંતવા-વણવામાં વખત આપવો જોઈએ. એમાં બધો વખત ચાલ્યો જાય એમ હોય તો પછી મારે વિચાર કરવો જોઈશે. નવી તાલીમનો શિક્ષક પણ કારીગર હશે, કેવળ પગાર ખાનારો ભાડૂતી નહીં હોય. તેની પત્ની તથા બાળકોએ પણ તેના કામમાં સાથ આપવો જોઈશે. ત્યારે જ સાચો સહકાર પેદા થશે. આખા હિંદુસ્તાનમાં ગામેગામ નવી તાલીમ ચાલી શકે તો એક મોટું કામ થશે.

## નવી તાલીમમાં ખેતીનું સ્થાન

કેટલાક પૂછે છે કે, નવી તાલીમમાં ખેતીને મધ્યબિંદુ રાખી શકાય? ખેતીમાં હાથકળા શીખી ન શકાય, હાથની કેળવણી ન થાય. અને નવી તાલીમ કોઈ એક ધંધો શીખવવા માટે નથી. એ તો હાથને કેળવીને માણસનો વિકાસ કરવાને માટે છે. તેનું ધ્યેય વિદ્યાર્થીઓના જીવનમાં

રસ ઉત્પન્ન કરવાનું છે. નવી તાલીમ અપૂર્ણ માણસોને સંપૂર્ણ બનાવે છે.

આથી હું ખેતીથી શરૂઆત નથી કરતો; પણ કેળવણીમાં આખરે એ આવી જ જાય છે, તેના સિવાય ચાલતું નથી. ફળ ને શાકભાજીની ખેતીમાં તો બુદ્ધિને પણ સારી કેળવણી મળે છે. છોકરા-છોકરીઓને માટે ઘઉં તો પકવવાના છે જ, તેમને દૂધ પણ આપવાનું છે. આ બધું કામ જૂની પ્રણાલી પ્રમાણે નહીં થઈ શકે. નવી તાલીમનું ક્ષેત્ર બહુ વિશાળ છે. તેણે આખા જીવનનો સવાલ ઉકેલવાનો છે. નવી તાલીમનો શિક્ષક ઊંચા દરજ્જાનો કારીગર હશે. ગામડાંનાં છોકરાં સ્વાભાવિક રીતે ગામડાંમાં જ રહેશે અને શિક્ષક સાથે મળીને પોતાને આવશ્યક બધી વસ્તુઓ પેદા કરી લેશે. આમ સૌને મફત કેળવણી મળશે.

આજે હિંદુસ્તાનની સ્થિતિ એવી છે કે, ગામડાંમાં જે ફળ ને શાકભાજી થાય છે તે ગામડાંના લોકો ખાતા નથી. ત્રાવણકોરનાં ગામડાંમાં નારિયેળ થાય છે, પણ ત્યાંના લોકો તે ખાઈ શકતા નથી. બધાં નારિયેળ એક ઠેકાણે ભેગાં કરીને શહેરમાં મોકલી દેવામાં આવે છે. નવી તાલીમની શાળાઓ ઊઘડશે ત્યાં પહેલાં ત્યાંના લોકો નારિયેળ ખાશે, પછી બહાર મોકલશે: ફળ પહેલાં ગામના લોકો ખાશે પછી બીજા ખાશે. આજે આપણે જેમાંથી વધારેમાં વધારે પૈસા મળે એવી ખેતી કરીએ છીએ; જેમ કે તમાકુ, કપાસ, ગળી વગેરે. નવી તાલીમ મુજબ કેળવાયેલાઓ જીવનને માટે જરૂરી વસ્તુઓ પકવશે.

### કૉંગ્રેસની રચનાત્મક સમિતિ

ઝાકિર સાહેબ: અખિલ હિંદ કૉંગ્રેસ તરફથી એક રચનાત્મક સમિતિ નીમવામાં આવી છે. તેના સભ્યો આર્યનાયકમ્, જાજૂજી, કુમારપ્પા, શંકરરાવ દેવ, જુગલકિશોર, નિર્મળબાબુ, જયરામદાસ દોલતરામ અને સુચેતા કૃપાલાની છે. આ સમિતિની એક બેઠક અલ્હાબાદમાં થઈ હતી. તેમાં એમ ઠરાવવામાં આવ્યું છે કે, દરેક પ્રાંતના એક સુસંગઠિત વિસ્તારમાં એક અધ્યાપન મંદિર અને એક પાયાની કેળવણીની શાળા તાલીમી સંઘ તરફથી જ ચલાવવામાં આવે.

જાજૂજી: એક કાર્યક્રમ પણ તૈયાર કરવામાં આવ્યો છે. એ કાર્યક્રમ અનુસાર એમ નક્કી કરવામાં આવ્યું છે કે, પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ

મારફત કામ ચાલે; ફાળો ઉઘરાવીને પૈસા પણ તે જ આપે. એ રીતે આખા દેશમાં એક લાખ વસ્ત્રસ્વાવલંબી બનાવવાની યોજના છે.

ગાંધીજી : આજે કૉંગ્રેસનું તંત્ર બગડતું જાય છે. જ્યાં કૉંગ્રેસના હાથમાં સત્તા છે ત્યાં તો પ્રાંતિક સમિતિ ને સરકાર એક હોય. તેઓ એકબીજાને બળવાન બનાવે. આજે તો સૌ પોતપોતાનું હાંકે છે. કોઈ એકબીજાની પરવા કરતું નથી. તેમણે એકદિલ ને એકજીવ બનવું જોઈએ.

સંપૂર્ણાનંદ : આ વસ્તુ ચાલી ન શકે. કૉંગ્રેસ પ્રધાનમંડળો કામ કરવા માગે છે. આપ તેમની મારફતે કામ લો, પણ કૉંગ્રેસ સમિતિઓ મારફતે નહીં લઈ શકો. કૉંગ્રેસ સમિતિ આજે સરકારને હુકમ કરવા માગે છે. એ ન ચાલે.

10341

ગાંધીજી : એમ કહી શકાય કે, સરકારે પોતાની મર્યાદા આંકી લેવી જોઈએ. આજે આપણે લોકો પાસેથી ફાળો ન ઉઘરાવી શકીએ. લોકો કહેશે કે, અમે સરકારને પૈસા આપી દીધા, હવે તમને શાના આપીએ? એટલે આપણે પ્રધાનો પાસે માગણી કરવી જોઈએ કે, અમુક રચનાત્મક કાર્યને માટે અમુક રકમની જરૂર છે. તેઓ ન આપે તો આપણે તેમનો વિરોધ કરીએ અને લોકોને કહીએ કે આ સ્થિતિ છે. પરંતુ જે કામ સરકાર કરી શકે તેને માટે આપણે લોકો પાસે પૈસા ન માગી શકીએ.

અવિનાશલિંગમ્ : હરિજનો માટે તો આપણે ફાળો ઉઘરાવીએ છીએ.

ગાંધીજી : એ જુદી વાત છે. એ પ્રાયશ્ચિત્ત છે.

અવિનાશલિંગમ્ : બધું કામ સરકાર કરી શકે તેટલા પૈસા તેની પાસે નથી.

ગાંધીજી : હા, કોઈ એવું કામ હોય કે જે સરકાર ન કરી શકે તે લોકો કરે. તેને માટે ફાળો પણ ઉઘરાવી શકાય.

હ૦ બં૦, ૯–૧૧–'૪૭

# સૂચિ

અક્ષરજ્ઞાન ૭, ૯, ૧૫, ૬૮, ૧૧૨–૩
અનુસંધાન [અનુબંધ] ૯૬, ૯૭
અંગમહેનત ૧૧૪
અંગ્રેજી ૪૪, ૫૦, ૯૧, ૧૩૫
ઈંગ્લંડ ૮
ઉચ્ચ શિક્ષણ ૪૫
ઉદ્યોગ ૨૦-૧, ૩૫, ૫૨ ૯૫–૬; ૦અને અક્ષરજ્ઞાન ૧૫; ૦ઉત્પાદક જોઈએ, ક્રીડાત્મક નહીં ૯૦; ૦એક ગામમાં એક જ ૧૦૨–૩; ૦એક શાળામાં એક જ ૧૦૩–૪; ૦કાંતણ મારફતે ઇતિહાસ-ભૂગોળ ૯૮; ૦તરીકે કાંતણની યોગ્યતા ૧૩૩–૫; ૦તરીકે કાંતણ શ્રેષ્ઠ ૧૩૧; –થી બાળકમાં આત્મશ્રદ્ધા ને સૂઝ આવે ૧૦૯; ૦દ્વારા કેળવણી ૬૬–૭, ૧૦૮; ૦દ્વારા કેળવણીના આંકડા ૧૧૯–૨૦; ૦દ્વારા કેળવણી—શહેરોમાં પણ ૨૮–૩૧; ૦દ્વારા ગણિત ૨૭; (કાંતણ) દ્વારા મનની કેળવણી ૯૭–૯; –ના ઉત્પાદનનું વેચાણ ૬૪; –ની સાથે સાથે શિક્ષણ આગળ વધે ૬૧; ૦મધ્યબિંદુ ૨૭, ૧૦૬; –માં બગાડ ૬૪; ૦વાટે અક્ષરજ્ઞાન ૫૦; ૦વિ૦ બૌદ્ધિક જ્ઞાન ૧૧૨–૩
એરંડેલ, ડૉ. ૪૬–૮
કઝિન્સ, મિ. ઈ. આર. જે આર., બિહારના ગવર્નરના સલાહકાર ૦પાયાની કેળવણી વિષે ૧૨૨–૩
કિની, ડૉ. ૧૩૮
કુમારપ્પા સમિતિ ૧૦૮–૯
કેળવણી ૦આધુનિક ૩, ૪, ૭, ૧૪, ૨૦, ૪૪, ૬૬, ૯૭, ૧૦૭–૮, ૧૩૬; ૦કૉલેજની ૧૦–૧; ૦ગામડાંને લાભદાયી કેમ બને? ૫–૬; ૦ત્રિવિધ ૧૪૪; –નું મધ્યબિંદુ –ગ્રામઉદ્યોગ ૭; –નો આરંભ કેમ કરવો? ૬–૭; –નો આરંભ હાથઉદ્યોગથી ૯–૧૦; ૦પાયાની, જુઓ પાયાની કેળવણી; ૦પ્રાથમિક ૧૦; ૦પ્રાથમિક, માં કાંતણ ફરજિયાત ૮૯; ૦ફરજિયાત કરવાનો એક જ રસ્તો : ઉદ્યોગ ૨૬; ૦માટે પૈસા પર આધાર ન રખાય ૯; ૦યુનિવર્સિટીની ૧૩૧–૨; ૦સ્વાવલંબી ૯, ૧૬–૯; ૦હાઈસ્કૂલની ૧૨–૩
કૉંગ્રેસની રચનાત્મક સમિતિ ૧૫૨–૩
જેલમાં કાંતણ ૧૨૦–૨
ટૉલ્સ્ટૉય ફાર્મ ૨૭
દાક્તરી ૧૧૫–૬
દીવાનજી, દિલખુશ –નો પાયાની કેળવણીનો પ્રયોગ ૩૬–૯
ધાર્મિક શિક્ષણ ૯૨, ૯૩, ૧૪૭–૮
પાયાની કેળવણી ૦અને મહાસભા ૯૪–૫, ૦અને યાંત્રિક ઉદ્યોગ ૯૪; ૦અંગેની મૂળ સૂચનાઓ ૪૪;

૦આર્થિક પાયા પર છે ૧૦૮; ૦ઉદ્યોગ દ્વારા જુઓ, 'ઉદ્યોગ'; ૦કોમી ઝઘડાનો ઉકેલ ૭૦-૧; -થી જગતથી વિખૂટા પડાય? ૮૨-૩; -ના મુખ્ય મુદ્દા ૨૭, ૪૪-૫, ૪૯; -ના સિદ્ધાન્તો ૩૩, ૧૪૧-૨; -ની કેન્દ્રવર્તી કલ્પના ૯૫-૬; -ની નવીનતા ૮૭; -ની યોજનાનું મૂળ—અહિંસા અને સત્ય ૧૦૫; -ની શાળાઓ વિષે મિ. કઝિન્સ ૧૨૨-૩; -ની શાળા કારખાનું નથી ૨૬; -ની શાળામાં પસાર થયેલો બાળક ૧૨૪; -ની શાળા ૦સ્વાવલંબી કરવા કાંતણ ૩૨; -નું મધ્યબિંદુ ૭, ૧૦૬; -નું સાહિત્ય ૧૪૯; -નું હાર્દ —અહિંસા ૮૧-૨; -ને ટેકા ૫૩-૯; -નો આરંભ હાથઉદ્યોગથી ૯-૧૦; -નો દીવાનજીનો પ્રયોગ ૩૬-૯; -નો હેતુ ૯૦; ૦પછીની કેળવણી ૧૪૫-૬; ૦પશ્ચિમની આયાત નથી ૭૯-૮૦; ૦ફરજિયાત કેળવણીનો એક જ ઉપાય ૨૬; ૦બેટિયાના આંકડા ૧૧૯-૨૦; -માં અનુસંધાન ૯૬; ૯૭; -માં અંગ્રેજીનું સ્થાન જુઓ 'અંગ્રેજી'; -માં ઉદ્યોગ જુઓ 'ઉદ્યોગ'; -માં ખાદીનું સ્થાન ૧૪૪-૫; -માં ખેતીનું સ્થાન ૧૫૧-૨; -માં દાક્તરીનું સ્થાન ૧૧૫-૬; -માં ધર્મનું શિક્ષણ ૯૨, ૯૩, ૧૪૭-૮; -માં વર્ષવાર શિક્ષક ૩૩; -માં વાચનલેખન ૬૧, જુઓ 'અક્ષરજ્ઞાન'; -માં શિક્ષણની શરૂઆત કેમ કરવી? ૫૧-૨; -માં સર્વ ધર્મો પ્રત્યે આદર ૯૩; -માં સહશિક્ષણ ૯૨-૩; -માં સ્વાવલંબન જુઓ 'સ્વાવલંબન'; ૦વર્ધા શિક્ષણ પરિષદ ૬૫-૭૪; ૦વિષે વિનોબા ૫૩-૪; ૦શહેરો માટે પણ ૨૮-૩૧, ૯૧

પ્રૌઢશિક્ષણ ૭, ૧૩૧

બુદ્ધિ ૦અને હૃદય તથા શરીરના મેળનું પરિણામ ૩-૪; -નો વિકાસ ૩-૪; -નો વિકાસ અંગમહેનતથી ૧૧૪

બેટિયા ૧૧૯-૨૦

બ્રિસ્કો, મિસ ૧૨૦-૨૨

ભાગવત, શ્રી ૭

ભાવે, વિનોબા ૦પાયાની કેળવણી વિષે ૫૩-૪

યાંત્રિક ઉદ્યોગ ૯૪

લક્ષ્મીપતિ, ડૉ. ૧૬-૭

લોકલબોર્ડો ૧૪૯-૫૦

વર્ધા શિક્ષણ પરિષદ ૬૫-૭૪; ૦આગળ મુકાયેલી સૂચનાઓ ૪૪

વિદ્યાપીઠો ૪૫; ૦કાઢવી આવશ્યક છે? ૧૩૯-૪૨

શિક્ષકો ૧૧-૨, ૩૩, ૬૩, ૬૯, ૧૦૦-૧ ૧૦૪-૫, ૧૧૦-૧

સહશિક્ષણ ૯૨-૩, ૧૪૮-૯

સૂબેદાર, મનુ ૫૫-૬

સ્વાવલંબન ૯, ૧૬-૨૨, ૨૭, ૪૯, ૫૩, ૬૨, ૬૮-૯, ૧૦૮, ૧૩૩, ૧૫૦-૧

હાથઉદ્યોગ ૧૮

હિંદુસ્તાની તાલીમી સંઘ ૧૪૨-૫૩

10341

શ્રી સ્મારક સંગ્રહ